# સંસ્કાર જયોત

ભાગ ૧-૨



: પ્રવચનકાર :

પૂ. પંન્યાસપ્રવર શ્રી

યશોભદ્રવિજયજી ગણિ



सम्यग् दर्शन
જૈનધર્મનાં
સંસ્કૃત, પ્રાકૃત
હિંદી, ગુજરાતી
તમામ જાતનાં
પુસ્તકો માટે
પૂછાવો
જસવંતલાલ
૨૨૩૮, રૂપાસુરચંદની


त्राणि मोक्ष मार्गः
સ્વચ્છ છપાઇ
ટકાઉ બાઇન્ડીંગ
સસ્તુ પ્રકાશન.
Copy Right
રધરલાલ
અમદાવાદ.

ॐ अर्हँ नमः

सकललब्धि समन्वितास श्रीगौतमस्वामिने नमः

शासनसम्राट् विजयनेमिसूरीश्वरजी सद्गुरुभ्यो नमः

# સંસ્કાર જ્યોત

-: પ્રવચનકાર :-

શાસનસમ્રાટ્ સૂરિચક્રચક્રવર્તિ આબાલબ્રહ્મચારી પ્રખરપ્રતાપી
પરમપૂજ્ય આચાર્ય મહારાજાધિરાજ શ્રીમદ્ વિજયનેમિ-
સૂરીશ્વરજી મ. ના પટ્ટાલંકાર શાસનપ્રભાવક સમયજ્ઞ
શાંતમૂર્તિ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
વિજ્ઞાનસૂરીશ્વરજી મ. ના પટ્ટધર સિદ્ધાન્ત-
મહોદધિ પ્રાકૃતવિદ્વિશારદ પ. પૂ. આ. શ્રી.
વિજયકસ્તુરસૂરીશ્વરજી મ ના શિષ્યરત્ન
સમર્થ વ્યાખ્યાનકાર સદ્ધર્મદેશક કવિવર્ય
પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી

**યશોભદ્રવિજયજી મહારાજ**

卐

-: અવતરણકાર :-

**પૂ. મુનિપ્રવર શ્રી ભાનુચંદ્રવિજયજી મહારાજ**

ચીમનલાલ હીરાચંદ શાહ "પાલીતાણાકર"

: પ્રાપ્તિસ્થાન :

જશવંતલાલ ગીરધરલાલ : ૧૨૩૮, રૂપાસુરચંદની પોળ, અમદાવાદ.

મેઘરાજ પુસ્તક ભંડાર : ગોડીજીની ચાલ. પાયધુની, મુંબઈ નં. ૨

સંવત : ૨૦૧૨

વીર સં. : ૨૪૮૨

સન : ૧૯૫૬

પ્રત : ૧૨૫૦

કીંમત ૧-૧૨-૦

પ્રકાશક :

જશવંતલાલ ગીરધરલાલ

૧૨૩૮, રૂપાસુરચંદની પોળ

અમદાવાદ.

મુદ્રક :

મણીલાલ છગનલાલ શાહ

ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ

ઘીકાંટા રોડ : અમદાવાદ.

# પ્રારંભિક

માનવ પ્રજાને શાન્તિ અને સુખપૂર્વક જીવન જીવવા માટે સુઘડ રહેઠાણ, પૌષ્ટિક ખોરાક, ઋતુને અનુકુળ વસ્ત્રો તથા બીજા અનેક સાધનોની જેટલી જરૂરીઆત લાગે છે, તેથી વિશેષ સુખ અને શાન્તિપૂર્વક સાચી રીતે જીવન જીવવા માટે ધર્મની આવશ્યકતા છે. અને એ ધર્મને બતાવનાર-સમજાવનાર, સાચા ત્યાગી મહાપુરૂષોની સૌ પ્રથમ જરૂર છે.

આજ સુધી ભારતીય (આર્ય) સંસ્કૃતિ જો કોઈએ પણ ટકાવી રાખી હોય તો તે સાધુ પુરૂષોને આભારી છે.

ત્યાગીસંતોદ્વારા જ સમાજ અને સંસ્કૃતિ વ્યવસ્થિત રહી શકયા છે અને ટકી શકયાં છે.

એ ત્યાગીસંતોનો, સમાજ અને રાષ્ટ્રપ્રત્યે મહાન ઉપકાર છે. તેઓએ લોકોને શુદ્ધ પવિત્ર અને સદ્દાચરણીય જીવન જીવવા માટે ઉપદેશ આપ્યો છે. હિંસા ન કરવા. જુઠું ન બોલવા, ચોરી ન કરવા, અને સંયમી જીવન જીવવાનો ઉપદેશ આપી વિશ્વમાં સુખ શાન્તિ અને સમૃદ્ધિ જાળવી રાખી છે.


**"એ આભારી છે ત્યાગી સંત પુરૂષોને"**

તેઓએ પોતાનું સારૂંય જીવન પ્રાણી માત્રના કલ્યાણ માટે સમર્પિત કર્યું છે. અને તેમના જીવનની અહોનિશ

એક જ ભાવના છે કે–(માનવી) પ્રાણીમાત્ર સાચા સુખનો ભોક્તા બને કેમ ? તેને સાચી દિશાનું ભાન શી રીતે થાય ! અને જગતના માનવીઓ અહિંસા, સયમ અને સદાચાર યુક્ત શુદ્ધ જીવન જીવે, તે માટે લોકોને સતત્ પ્રેરણા અને ઉપદેશ આપતા રહ્યા છે.

એવા એક સાચા સંત સાધુ પુરુષ કે જેઓ સ્વ અને પરના આત્મ કલ્યાણ માટે ત્યાગ અને સંયમનો ભેખ લઈ, પાંચ મહાવ્રતોના પાલન પૂર્વક, છએકાયનાજીવોને અભય આપવા પૂર્વકનું વિશુદ્ધ જીવન જીવી રહ્યા છે. અને પોતાના જીવનની સુવાસ ચોતરફ ફેલાવી રહ્યા છે. તે શાસનસમ્રાટ અનેક તીર્થોદ્ધારક પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટાલંકાર, પ. પૂ. શાંતમૂર્તિ સમયજ્ઞ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય વિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટધર પ. પૂ. પ્રાકૃતવિદ્વિશારદ સિદ્ધાંત-મહોદધિ–આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય કસ્તૂરસૂરીશ્વરજી મ. સાહેબના પટ્ટધરશિષ્ય, કવિરત્ન, સમર્થ વ્યાખ્યાનકાર, પ. પૂ પંન્યાસપ્રવર શ્રીયશોભદ્રવિજયજી ગણિવર્યશ્રીએ મુલુંડના સંવત ૨૦૧૧ના ચાતુર્માસ દરમિયાન દર રવિવારે તથા બીજા જાહેર તહેવારે વિશાલ માનવ મેદની સમક્ષ આપેલા, માનવીના જીવનમાં **ધર્મ અને સંસ્કારની જ્યોત** પ્રગટાવતા જાહેર પ્રવચનોમાંના પ્રથમ સાત વ્યાખ્યાનો સંપૂર્ણપણે નોંધી લઈ. તે શબ્દ દેહને આ પુસ્તક સ્વરૂપે પ્રકટ કરવા પ્રયાસ કર્યો છે.

કોઈ પણ વિષયની છણાવટ કરવાની પૂ. મહારાજશ્રીની



પ. પૂ. સમર્થ વ્યાખ્યાનકાર કવિરત્ન
પંન્યાસપ્રવર યશોભદ્રવિજય ગણિ

સરલ શૈલી હોઇ નાના મોટા (આબાલવૃદ્ધ) સ્ત્રી પુરૂષો અને બાળકો સૌ તેમના તરફ આકર્ષાય છે. નિર્ણીત સમય ઉપરાંત વધુ વખત ચાલવા છતાં પણ સાંભળવાનું અધુરૂં મુકી ઉભા થવા કોઈ ઇચ્છા પણ કરતું નથી. જૈનો ઉપરાંત જૈનેતર સ્ત્રી પુરૂષો પણ ઘણી મોટી સંખ્યામાં હંમેશા લાભ લેતા. તે ઉપરાંત રાજપુરૂષો તથા નેતાઓ વિ. પણ પૂ. મહારાજશ્રીની વ્યાખ્યાનવાણી સાંભળવા ખાસ આવીને પોતાનું જીવન ધન્ય બન્યાના ઉદ્દગારો કાઢતા હતા. અને પૂ. મહારાજશ્રીના જીવનની અને ઉપદેશની મુક્તકંઠે પ્રશંસા કરતા હતા.

આજના યુગમાં આધ્યાત્મિક અને સિદ્ધાંતિક તત્ત્વોને અને એટલી સરળ શૈલીમાં સમજાવવાની અને માનવીના નૈતિક જીવન ઉત્થાન માટેના પ્રયાસો કરવાની જરૂર છે.

અને તે દિશામાં પૂ. મહારાજશ્રી. સબળ પ્રયાસો કરી રહ્યા છે આજના યુગમાં સાંભળવાનો અને વાંચવાનો શોખ વધ્યો છે. તેમાંય સાંભળવા કરતાંય વાંચનનો શોખ વધારે પ્રમાણમાં વધ્યો છે. થોડું પણ ભણેલ માનવી કંઇને કંઈ વાંચન કરતો જોવા મલે છે. પણ એવા પ્રકારના વાંચનની આજે જરૂર છે. કે જે વાંચનથી માનવીને પોતાના કર્તવ્યનું ભાન થાય, ઉન્માર્ગે ઘસડી જતી પોતાની દુષ્ટ વૃત્તિઓ પર કાબુ કેળવાય અને આદર્શ સંસ્કારમય જીવન જીવવા માટે બોધ પાઠ મલતો રહે.

આજ તો માનવી હાથમાં આવે તે ગમે તેવું વાંચી નાખે છે. વાંચીને કશોય વિચાર કરતો નથી અને કદાચ

વિચારે તો પણ મોટે ભાગે તેમાં રહેલી ઉલ્ટી વાતોને જ પોતાના જીવનમાં ઝડપભેર સ્થાન આપી દે છે.

કેવા પ્રકારનું વાંચન કરવું જોઇએ તેનું જ્ઞાન મોટા ભાગના વર્ગને બહુ ઓછું હોય છે.

પૂ. મહારાજશ્રીના વ્યાખ્યાનો જેને સાંભળવાનો યોગ મલી શકે તેને માટે સાંભળવા યોગ્ય છે. પણ જેને સાંભળવાનો લાભ ન મલી શકે તેવા સંયોગો હોય, તેઓને એક સારૂ વાંચન આપવા માટે પૂ. મહારાજશ્રીના વ્યાખ્યાનોનું અવતરણ કરી પ્રગટ કરવા પ્રયાસ કર્યો છે. વાંચન પ્રેમી જનતા ગમે તે પ્રકારનું વાંચીને પોતાના જીવનને બરબાદ ન કરતાં જીવનને લાભદાયી આવાં પુસ્તકોનું વાંચન કરી પોતાના જીવનનું સફળ ઘડતર કરશે, એ આશાએ આ પ્રયાસ કર્યો છે.

પ. પૂ. મુનિવર્યશ્રી ભાનુચંદ્રવિજયજી મ. સાહેબ અને મેં સાથે મળીને આ વ્યાખ્યાનો તૈયાર કરવા પ્રયત્ન કર્યો છે. પૂ. મહારાજશ્રીએ જે ઓજસ્વી શૈલીમાં વ્યાખ્યાનો આપ્યા છે અને જનતા ઉપર જે ધારી અસર નીપજાવી છે તેટલી અસર કદાચિત અમારા બન્નેનો આ પ્રથમ જ પ્રયાસ હોવાથી ન થઇ શકે, છતાંય એટલું તો જરૂર થઈ શકશે, કે આ વ્યાખ્યાનો વાંચવાથી વાંચક માત્રને પૂ. મહારાજશ્રીના દર્શન કરવાનો અને વ્યાખ્યાન સાંભળવાનો મનોરથ જરૂર થશે.

માનવીના નૈતિક જીવનના ઉત્થાન માટે સતત પ્રેરણા

અને ઉપદેશની જરૂર છે અને તે જરૂરીઆત સાચા ત્યાગી સંતપુરૂષોદ્વારાજ પુરી થઈ શકવાની છે.

સમાજ સાચા સંત પુરૂષોની મહામંગલવાણી શ્રવણ કરીને પોતાનું જીવન આદર્શ અને સંસ્કારમય બનાવે. અને ત્યાગી સંત, સાધુ પુરૂષો, પ્રત્યે સંપૂર્ણપણે પોતાનો આદરભાવ ટકાવી રાખે,

મતી કલ્પનાથી જે કંઇ વિતરાગની આજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તો તેને માટે મિચ્છામિદુક્કડં દઉં છું અને વાંચકો અમારૂં લક્ષ ખેંચી ઉપકાર કરશે.

જે વ્યાખ્યાનો શ્રોતાઓને પ્રિય થઈ પડયા છે. તે વ્યાખ્યાનો વાંચકોમાં પણ પ્રિય થઈ પડશે તેમાં અમને કશીય શંકા નથી.

ધર્મ પ્રભાવનાના ઉદ્દેશથી આ પ્રયાસ કર્યો છે. સૌ કોઇ તેને આવકારી અમોને વધુ પ્રોત્સાહિત કરશે એજ અભ્યર્થના.

૧૫ મી ઓગસ્ટ ૧૯૫૫
સોમવાર

ચીમનલાલ શાહ
" પાલીતાણાકર "


# પ્રકાશકીય

જે નામને સારૂં મુંબઈનગર ઓળખે છે. અને જેઓના પ્રવચનનો લાભ લેવા દૂરદૂરથી જૈન જૈનેતરોની વિશાલમેદની એકઠી થાય છે તે પૂ. સમર્થ વ્યાખ્યાનકાર, કવિરત્ન, વિદ્વાન પંન્યાસ **પ્રવરશ્રી યશોભદ્રવિજયજી ગણિવર્ય**ના મુંલુંડમાં થયેલ જાહેર પ્રવચનોનું અવતરણ પ. પૂ. મુનિ **પ્રવર ભાનુચંદ્રવિજય** મહારાજસાહેબ તથા શ્રીયુત **ચીમનલાલ શાહ "પાલીતાણાકર"** બંન્નેના પ્રયાસથી સર્વાંગ સુંદર રીતે થયું છે. તેને છપાવી પ્રસિદ્ધ કરવાની તક મને મલવાથી હું મારા જીવનને ભાગ્યશાળી સમજું છું પુસ્તિકા છાપવામાં જે કાંઈ પ્રેસદોષ રહી ગયો હોય તે બદલ હું મિચ્છામિદુક્કડં માગું છું. પ્રસ્તુત પુસ્તિકાનું પ્રુફ સંશોધન કાર્ય તથા પ્રેસ મૈટર **મુનિ શ્રી દેવચંદ્રવિજયજીએ** કરી આપવા બદલ તેઓશ્રીનો હું ઋણી છું. પ્રવચનોનું વાંચન, મનન, જનતાને ખુબજ ઉપયોગી થશે. જનતા વાંચીને પોતાના જીવનમાં ઉતારશે તો તેઓનું જીવન ધન્ય બનશે. તેમાં કોઈ શંકાજ નથી. આ પુસ્તિકાને જલ્દીથી છાપવા માટે નવપ્રભાત પ્રેસના માલીકનો હું આભાર માનું છું.

લી૦
પ્રકાશક
જશવંતલાલ ગીરધરલાલ
૧૨૩૮, રૂપાસુરચંદની પોળ,
અમદાવાદ.

ધર્મપ્રેમી સ્વ. શાહ : છોટાલાલ નથુરામ (વીસનગરવાળા)

જન્મ તા ૨૯-૫-૧૮૮૯ આંબેગાંવ (પુના).



સ્વર્ગવાસ તા ૪-૭-૧૯૫૬ આંબેગાંવ (પુના).

તેમના સુપુત્રો

**જયંતિલાલ,**

**મનસુખલાલ**

તરફથી સપ્રેમ ભેટ

# સત્તાનો મોહ

પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી યશોભદ્રવિજયજી ગણિવર્યશ્રીએ સંવત ૨૦૧૧ ના અશાડ વ. ૧૩ રવિવાર સ્ટા. ૯-૦ થી ૧૧-૦ સુધી વિશાલ મેદની સમક્ષ આપેલ મનનીય પ્રવચન

સ્થળ : જૈન ઉપાશ્રય મુલુંડ તા. ૧૭-૭-૫૫

## સંસારની ગહનતા

સંસારમાં રહેલા પ્રાણી માત્રનું જીવન અનેક પ્રકારના મોહપાસથી જકડાયેલું છે.

સંસારમાં ફસાઈ રહેવાનું જો કોઈ પણ કારણ હોય તો તે માત્ર એક મોહનાજ કારણે છે.

જ્ઞાની ભગવંતોએ મોહના બંધનો તોડવા માટે વારંવાર પોકારી પોકારીને કહ્યું છે. પણ આપણે એ મોહના બંધનો તોડવા માટે કોઇપણ પ્રકારના પ્રયત્નો કરતા નથી.

જંગલમાં સ્વતંત્ર ફરતા પ્રાણીને દોરડાંના બંધનથી બાંધીને એકાદ વરસ કોઈ સારી જગ્યામાં ખાવા પીવાની સંભાળ પૂર્વક રાખવામાં આવે અને ત્યારબાદ જો તેને મુક્ત કરવામાં આવે તો એ પ્રાણીને લાગે છે કે હું તો દોરડાના બંધનમાંજ સુખી હતો. વખત થયે ખાવા પીવાનું મલતું અને આખો દિવસ આરામથી ઉંઘી શકતો હવે તો મારે મારો ખોરાક શોધવા નીકળવું પડશે એવી જ સ્થીતિ આપણા માનવોની છે.

મોહના બંધનોએ બંધાયેલો માનવ! જાણતો નથી

કે પોતાની આત્મશક્તિનો વ્યય થઈ રહ્યો છે. સાચું સુખ અને શાંતિ ગુમાવી રહ્યો છે તેની સાચી સ્વતંત્રતા ઝુંટવાઈ રહી છે. અને તે પરાધીન અને પરવશ બનવા છતાં મોહને લઈને ક્ષણિક આનંદ માણી લે છે પણ! તે માનવ અગાધ દુઃખોને સહન કરવાની તૈયારીઓ કરી રહ્યો છે.

આ છે સંસારની ગહનતા.

## મોહના લોખંડી બંધન

માનવી અનેક પ્રકારના મોહની લોખંડી સાંકળના બંધનોથી ઝકડાએલો છે.

કોઈને ધન વૈભવનો મોહ છે, તો કોઈને કુટુંબ પરિવારનો મોહ છે, ઘણા માનવીઓને પુત્રનો મોહ તેમ ઘણાઓને સ્ત્રી ઉપરનો મોહ પણ રહેલો હોય છે તેમ માનવીને સત્તાનો મોહ પણ એટલો જ રહેલો છે.

**"સત્તા એટલે અધિકાર, હું કાંઈક છું, દુનીયામાં મારૂં કંઈક ચાલે છે. એ પણાનો જે અહંભાવ તે સત્તા કહેવાય છે."**

આજે સત્તા કોને પ્રિય નથી! દરેક આત્મા કોઈને કોઈ પ્રકારની સત્તા મેળવવા ઝંખે છે. પોતે આગળ આવવા માટે મનોરથોની ઈમારત રાતદિવસ ચણતો જ હોય છે. પણ તે માનવને ખ્યાલ નથી કે મારા મનોરથોની ઈમારત કેવલ રેતીથી ચણાઈ રહેલી છે, નાનાથી માંડી મોટા સુધી કોઈ પણ આત્માને જુઓ તો તેના જીવનમાં સત્તાની ભૂખ જાગેલી દેખાશે. જેમ કે

"સાસુને વહુ પર સત્તા ચલાવવાનો મોહ જાગે છે."

"પતિને પત્નિ પર સત્તા ચલાવવાનો મોહ જાગે છે."

"શિક્ષકોને વિદ્યાર્થીઓ પર સત્તા ચલાવવાનો મોહ જાગે છે."

"શેઠને નોકર પર સત્તા ચલાવવાનો મોહ જાગે છે."

"રાજાને પ્રજા પર સત્તા ચલાવવાનો મોહ જાગે છે."

સૌ કોઈ મનમાં એમ જ વિચાર કરતા હોય છે કે હું કયારે આ સ્થાન ઉપર આવું અને અમુક કરી નાખું.

અરે નાના બાળકોની વાતો સાંભળીએ છીએ, ત્યારે જાણવા મલે છે કે તેઓ માંહોમાંહે વાતો કરતા હોય છે કે હું મોટો થઈને રાજા થાઉં તો આમ કરૂં ને તેમ કરૂં, ફલાણાને મારી નાખું અને તેની સત્તા પડાવી લઉં.

માનવીને સત્તાની ઝંખના કેટલી લાગી છે! બાલપણથી આવા પ્રકારના સંસ્કાર તેના જીવનમાં પડી રહ્યા છે. અને સત્તાના મોહમાં એવો અંધ બની જાય છે કે પોતાનું શું કર્તવ્ય છે! તે પણ ભૂલી કેવલ મોહની ભૂલભૂલામણીના ચકાવામાં ચક્કરે ચઢે છે.

## દ્રષ્ટી બદલો

"સત્તા જમાવવાના સંસ્કાર પાડવા કરતાં સેવાના સંસ્કાર પાડો" હું તમોને પૂછું છું કે તમારા હૈયામાં કોઈ દિવસ એમ થાય છે કે

"હું જગતની સેવા શી રીતે કરૂં!"

દેવગુરૂ ધર્મની સેવા, મારા સાધર્મિકની સેવા, મારા માતપિતાની સેવા, દીનદુઃખી, અને રોગથી પીડાતા માનવીની સેવા, પશુપંખીઓની સેવા, અરે! જે ધરતી ઉપર

ચાલી રહ્યો છું તે ધરતીની અને તેની ઉપર વસતાં તમામ આત્માઓની સેવા શી રીતે કરૂં ?

આ બધા પર સત્તા ચલાવવાની મનોકામના પેદા થાય છે. પરંતુ સેવક બનીને સેવા કરવાની મનોભાવના પેદા થતી નથી. બીજાની ઉપર સત્તા ચલાવવાનો આત્માનો અનાદિ કાળનો સ્વભાવ છે સત્તાના મોહે જ આત્માએ પોતાના ઉત્તમ ભવોમાં પણ આજસુધી અધઃપતન જ કર્યું છે.

"બધી ચીજોનો મોહ છૂટવો કઠીન તો છે. પરંતુ સત્તાનો મોહ છૂટવો અતિ કઠીન છે."

માટે ઓ મહાનુભાવો ! તમે તમારી દ્રષ્ટીને "સત્તાના-મોહ" ઉપરથી ખસેડી લઇ સેવાના, સંયમના અને મરેલી માનવતાને સજીવન કરવા માટેના માર્ગ ઉપર સ્થીર કરો.

## બરબાદીના પંથે

"માનવી પોતાનું મહામુલું જીવન બરબાદ કરવા તૈયાર થાય છે પરંતુ સત્તા છોડવા તૈયાર થતો નથી."

પણ કદી વિચાર કર્યો છે કે સત્તા કોની સાથે આવી છે ! કોની સત્તા ટકી છે ! ભલભલા ચક્રવર્તિઓ થઈ ગયા, તેઓ પણ ઘડીના છઠ્ઠા ભાગમાં સત્તા મૂકીને ચાલ્યા ગયા, એની સત્તા ક્યાં ચાલી ! કેટલી ચાલી ! એ તો કહો ?

એ સત્તાએ માનવીનું કેટલું અધઃપતન નોતર્યું છે. એ ઘડીભર વીચારીશું તો જણાશે કે સત્તાના મદમાં આવી ભુતકાળમાં એ મહાનધાંતાઓએ કેવા ભયંકર કૃત્યો કર્યાં છે. કે જેનાથી દુનિયા જરાપણ અજાણ નથી. વર્તમાન યુગમાં પણ ઇતિહાસ તપાસસો તો જણાશે કે, રશીઆનો ઝાર,

જર્મનીનો હીટલર, ઈટાલીનો મુસોલીની, ફ્રાંસનો નેપોલીઅન, ઇજીપ્તનો રાજા ફારૂક આદિ અનેક મહાનધાતાઓએ પોતાની આજ્ઞા, સત્તા, ધરતીના છેડે સુધી જમાવવા મહાયુદ્ધો કરી નિરપરાધી માનવીઓના લોહીથી ધરતીને રક્તવર્ણી બનાવી મૂકી. પણ અંતે જુઓ તો એ સત્તાનાં ભૂખાળવા મહાનધાતાઓ પણ કંગાલ હાલતમાં મૃત્યુના મ્હોંમાં ઝડપાઈ ગયા. હું તમોને પૂછું છું કે વર્તમાન યુગમાં!, અણુબોમ્બ, એટમબોમ્બ અને હાઈડ્રોજન બોમ્બ આદિ અનેક પ્રકારના વિનાશકારી શસ્ત્રોની શોધ શા માટે થઈ?

તેનો જવાબ તમે જ કહેશો કે કેવલ સત્તાના મોહની લાલસા.

અરે! સુભુમ ચક્રવર્તિને અન્ય છ ખંડો જીતીને સત્તા વધારવાનો મોહ જાગ્યો એનું પરિણામ શું આવ્યું જાણો છો?

શાસ્ત્રો કહે છે કે એ મહારિદ્ધિ સિદ્ધિવાળો છ ખંડનો ભોક્તા સાગરના પેટાળમાં પોઢી ગયો, સત્તા વધારવાના મોહમાં અંધ બનેલો એ ચક્રવર્તિ નરકનો મહેમાન બની ગયો. આજે આપણે એના જીવનની દયા ચિંતવવી પડે છે. સત્તાના મોહમાં પડી જીવનને બરબાદીના પંથે ઘસડી જતા માનવીઓએ સંયમના પંથે, સેવાના પંથે, જીવનને લઈ જઇ આબાદી મેળવવા પ્રયત્નો કરવા જોઇએ.

## નમુચીનો પ્રસંગ

કેવલ સત્તાના મોહમાં અંધ બનેલો માનવી કેવા ભયંકર કૃત્યો કરી બેસે છે. અને કેવી રીતે તેના જીવનનું

અધઃપતન થાય છે તે વિશ્નુકુમાર મુનિ અને નમુચી મંત્રીનું જીવન ખુબ જ જાણવા જેવું છે.

નમુચી પદ્મોત્તર રાજાનો દિવાન હતો એકાદ પ્રસંગે રાજાએ નમુચી ઉપર પ્રસન્ન થઈ વરદાન આપ્યું, મંત્રીએ તે વખતે વરદાન ન માંગતાં પ્રસંગે માંગીશ એમ કહ્યું.

આ નમુચી મંત્રી જૈન ધર્મનો અતિ દ્વેષી હતો. જૈન સાધુને જોવામાં પણ પોતે પાપ માનતો (સમજતો).

એક વખત હસ્તિનાપુરમાં જૈન મુનિ મહારાજાઓ આવી ચાતુર્માસ રહ્યા, આ વાત નમુચીને ન ગમી. પ્રસંગ પામી રાજા પાસે વરદાન માંગ્યું અને કહ્યું કે ફક્ત ચાર માસ માટે મને રાજ્યની તમામ સત્તા સુપ્રત કરો વચનથી બંધાયેલ રાજવીએ સત્તા સોંપી. આ નમુચી પ્રધાને પોતાને મળેલ સત્તાનો કેવો દુરૂપયોગ કર્યો તે જુઓ.

સત્તા મલતાની સાથે જ સત્તાના મોહમાં પાગલ બનેલા નમુચીએ સત્તાનો કોરડો વિંઝવા માંડયો કે આ રાજ્યની હદમાં કોઈ પણ જૈન મુનિઓ જોઈએ નહિ. જે હોય તેમને મારા હુકમથી તરતજ રાજ્યની હદ છોડીને ચાલ્યા જવું નમુચીના હુકમની જૈન મુનિઓને ખબર આપવામાં આવી. આ આજ્ઞા સાંભળી સંઘ પણ મુંઝવણમાં મુકાયો કરવું શું !

પદ્મોત્તર રાજાને કહ્યું પણ તેણે તો કહ્યું કે મેં અગાઉ આપેલા વરદાનથી આજે હું ચાર માસ માટે રાજ-સત્તા તેને આપી ચુકયો છું. હવે તેમની આજ્ઞા સામે લાચાર છું.

મુનિઓ, મુંઝાયા, સંઘ મુંઝાયો, વિચાર કરતા વડીલ આચાર્ય મહારાજશ્રી સુવ્રતાચાર્ય મહારાજે કહ્યું કે કોઈ મુનિ વિષ્ણુકુમાર મુનિ પાસે જાય તો આ વિઘ્ન ટલી શકે. આ વાત સાંભળી એક તપસ્વી મુનીએ આ કામ કરવા ઈચ્છા દર્શાવી. ગુરૂએ તથા શ્રી સંઘે સમ્મતી આપી. મુનીશ્વર વિષ્ણુકુમાર મુનિ પાસે પહોંચ્યા, સર્વ હકીકત જણાવી. વિષ્ણુકુમાર મુનિ તરતજ આકાશગામિની વિદ્યા બળે આ નગરીમાં આવી પહોંચ્યા અને તેઓ તો તરતજ રાજદરબારે જ ગયા નમુચિએ મુનિને જોતાં જ કહ્યું કે મારી આજ્ઞા છે કે મારા રાજ્યની હદનો તુરતમાં જ ત્યાગ કરવો. વિષ્ણુકુમાર મુનિએ સાધુ ધર્મ સમજાવતા કહ્યું કેઃ–ચાતુર્માસના દિવસો શરૂ થઇ ચુકયા છે. હવે મુનિઓથી વિહાર ન થઇ શકે. તેનું શું ?

નમુચીએ કહ્યું કે જો તમારો એવો ધર્મ હોય તો માત્ર ત્રણ ડગલાં ચાતુર્માસ પુરતી જમીન આપું છું. તેમાં તમે રહો અને ચાતુર્માસ બાદ મારા રાજ્યની હદ છોડી ચાલ્યા જજો.

મુનીશ્વરે પોતાની વિદ્યાનાબળ (વૈક્રિયલબ્ધિ)થી શરીર વિકુર્વ્યું અને એક લાખ જોજનના જંબુદ્વીપની પૂર્વ દિશાની જગતી ઉપર એક પગ મૂકયો અને બીજો પગ પશ્ચિમની જગતી ઉપર મૂકયો. અને કહ્યું કે બોલ સત્તાંધ નમુચી હવે ત્રીજો પગ કયાં મૂકું ? જગ્યા બતાવ ! તેં આપેલા વચનનું પાલન કર ! તારા રાજાએ તને આપેલા વચનનું પાલન કરવા તને ચાર માસ માટે રાજ્યની સત્તા આપી તે આટલા માટે ! ઓ નમુચી ! સત્તાનો આ દુરૂપયોગ ? બતાવ ! જગ્યા બતાવ !

ત્રણ ડગલાની જગ્યા પુરી કર! ક્યાં છે તારી પાસે જગ્યા! કેટલે હદ સુધી તારી સત્તા છે, તે બતાવ! નહિ આપે તો આજે તારૂ આવી બન્યું સમજજે.

નમુચી નીચું મોઢું કરી બેસી ગયો. મુનિની આ મહાશક્તિ નિહાળી એને લાગ્યું કે આજ હવે મારૂં આવી બન્યું.

ક્રોધના આવેશમાં આવેલ આ મહા મુનીશ્વર વિષ્ણુકુમારે તુરતજ ત્રીજું ડગલું નમુચીના મસ્તક ઉપર મૂક્યું, અને નમુચી ભોંય ભેગો થઈ ગયો અને મૃત્યુના મ્હોંમાં સમાઈ ગયો.

જુઓ! સત્તાના મોહમાં અવિચારી કૃત્યોનો બદલો કેવો મલ્યો.

## મળેલી સત્તાનો સદુપયોગ કરો

તમારા હાથમાં સત્તા આવે તો, તમે તેનો સદુપયોગ કરો કે દુરૂપયોગ! તે તમે જ કહો! જરૂર! હું તમને તમારા ભલાના માટે અને આવતા ભવને સુધારવા માટે ભલામણ કરૂં છું કે તમને મળેલી સત્તાનો તમે સદ્-ઉપયોગ કરજો.

ઝાંઝવાના જલ જેવા માલા—મીલ—મોટરમાં આનંદ માનતો માનવી રૂ, શેર, સટ્ટો અને દલાલીનો ધમધોકાર વેપાર કરી. પૈસાના જોરે સત્તા પ્રાપ્ત કરી. દરેક જગ્યાએ પોતાની પાંગળી પકડને પકડી રાખવા રાત દિવસ અવિરત મહેનતમાં રાચ્યો માચ્યો રહે છે. પોતે પકડના મોહમાં

મશગુલ બનીને મહાલે છે તેને ખબર નથી કે આ જગત ઉપરથી ઘણા ગયા અને જશે. કોઈ સાથે લઈ ગયા નથી, લઈ જશે નહી પણ કેવળ, કુડ, કપટની કલા કેળવીને મેળવેલી લક્ષ્મીથી સત્તાની પકડ ટકાવવાના કોડમાં રાત દિવસ અશાંતિમય જીવન જીવતાં બાંધેલા મહાભયંકર કર્મો દુર્ગતીમાં જતી વખતે માનવી સાથે લઇને જ જાય છે.

મળેલી સત્તાનો સદ્દુપયોગ કરાય તો સ્વર્ગીય સુખો મલે અને જગતમાંથી જ્યારે તમો વિદાય લઈને ચાલ્યા ગયા હશો. ત્યારે પણ તમારી ગેરહાજરીમાં જગતના લાખો માનવીઓ તમારી યશઃ ગાથા (પ્રશંસા) મુક્તકંઠે કરતા હશે તેમાં જરા પણ શંકા નથી પણ! આ બધુ બને કયારે! કે મળેલી સત્તામાં સેવાનો સદ્દગુણ હોય ત્યારે! સેવાના સદ્દગુણ વિનાની સત્તા અવશ્ય નરકે જ લઈ જનારી છે તેમાં શંકાને કોઈ સ્થાન જ નથી.

"જેણે જેણે પોતાને મળેલી સત્તાનો દુરૂપયોગ કર્યો છે તેણે જગતની, સમાજની ઘણી હાની કરી છે."

"સત્તાનો સદ્દુપયોગ કરી જીવન જીવનારા જગતમાં બહુ ઓછા હોય છે. જ્યારે સત્તાનો દુરૂપયોગ કરી જીવનને કલંકીત કરનારા અને અનેક પ્રકારના નવા કર્મો ઉપાર્જન કરનારના આ દુનિયામાં તોટા પણ નથી."

## સત્તાના મોહાંધોને શાંતિ પણ નથી

સત્તાના મોહમાં અંધ બનેલો માનવી દારૂ પીધેલા માનવીની માફક સારાસારનો વિચાર કર્યા વિના અઘટિત

કાર્ય કરતા જરાપણ અચકાતો નથી અને શાંતિના માર્ગો ઉપર અવરોધો ઉભા કરી અશાંતિના માર્ગોને ખુલ્લા કરે છે.

સત્તાના મોહમાં કુમાર કોણીકે પોતાના પિતા શ્રેણિકને કેદખાનાના સળીઆ પાછળ ધકેલી દઈ કેદી બનાવ્યો. તેમ ઔરંગજેબ અને અલ્લાદ્દિન ખીલજી (ખૂની) એ પણ સત્તાના મોહમાંજ પોતાના પિતા-ભાઈઓ-અને બીજા સગાઓના ખુન કરતાં જરાપણ વિચાર કર્યો નથી.

સત્તાના જોરે મુસ્લિમ રાજવીઓએ હિંદુ પ્રજા પર ત્રાસ વર્તાવવામાં જરાય સંકોચ કે આંચકો અનુભવ્યો નથી.

દુનિયાનો મહાન વિજેતા ગણાતો સિકંદર જ્યારે દુનિયાના બધાજ દેશોપર વિજય મેળવીને સ્વદેશ પાછો ફરે છે ત્યારે રડે છે. દુનિયાના આ મહાન વિજેતાને બાળકની માફક રડતો જોઈને સૈનીકો, સાથીદારો, અને સેનાપતિઓ પૂછે છે કે, વિજય મેળવીને હર્ષ થવો જોઈએ તેને બદલે આપને રડવું કેમ આવે છે? તેનો જવાબ આપતા કહે છે કે, હવે હું શું કરીશ. દુનિઆના બધાંજ દેશો જીતાઈ ગયા. હવે કયો દેશ જીતીશ! યુદ્ધ કોની સામે કરીશ! હવે મારે શાંતિથી બેસવું પડશે તેથી રડી રહ્યો છું.

જુઓ મહાનુભવ! સત્તાના ભૂખ્યા માનવીને શાન્તિ ગમતી નથી એને તો હંમેશાં યુદ્ધોજ પ્રિય હોય છે.

એવોજ એક બીજો પ્રસંગ છેઃ—એક મહાન રાજવી દુનિઆને જીતવા માટે નીકળ્યો છે. તેને રસ્તામાં એક સંત

પુરૂષનો ભેટો થયો. સંતે રાજવીને પૂછ્યું કે આટલી મોટી સેના લઈ કયાં નીકળ્યા છો.

રાજાએ—દુનીઆ જીતવા.

સંત—દુનીઆ જીતી શું કરશો ?

રાજા—શાંતિ લઈશ.

સંત—તો હમણાંજ શાંતિ કરો તો શું ખોટું છે? અત્યારે તમારૂં રાજ્ય શું થોડું છે ! જેટલું છે તેમાં સંતોષ માનો તેમાંજ સાચી શાંતિ મલશે. દુનિઆ ઉપર સત્તા ચલાવવાના મનોરથો કરનારા પોતાના આત્મા ઉપર સત્તા ચલાવે તો તેનો બેડો પાર થઈ જાયને ? તમેજ તમારા અંતરને પૂછો કે પારકા ઉપર તમારી સત્તાની પકડ પકડવા માટે જેટલા તૈયાર છો તેટલીજ પકડ તમે તમારા આત્મા ઉપર પકડશો ત્યારેજ તમે મોક્ષ સુખના મહેલમાં મોજ કરી શકશો.

## વાલી મુનિ અને રાવણ

રાવણનું નામ કોણ નથી જાણતું એના કૃત્યોથી આજે પણ જગત અજાણ નથી. સત્તાના મોહમાં અંધ બનીને એણે પોતાના જીવનમાં કેવા અઘટિત કાર્યોની પરંપરા વધારી છે કે જેને લઈને તેનો આત્મા દુર્ગતિને પંથે જઇ પડયો.

રાવણની માતા પણ એટલી જ સત્તા લોલુપી હતી. તેણે જ રાવણના જીવનમાં બાલપણથી સત્તાના મોહના સંસ્કાર પાડયા હતા. બાળપણમાં પડેલા સારા કે ખરાબ સંસ્કારો જીવનમાં કદી જતા નથી. બાળકોના સંસ્કારનો બધો જ આધાર બાલ્યાવસ્થામાં મુખ્યત્વે માતાપર જ રહેલો છે.

પોતાના બાળકોને રામ જેવા બનાવવા માટે માતાઓએ સંસ્કાર પણ તેવા જ આપવા જોઈએ. ઉલ્ટા સંસ્કારો પાડવા અને પછી આશા રાખવી કે મારો પુત્ર રાજા રામ જેવો બને એ કદિ બનવાનું નથી.

રાવણ સત્તાલોલુપી બન્યો હતો એ જગજાહેર વાત છે રાવણને એકદા મનમાં વિચાર આવ્યો કે જગતના તમામ નાના મોટા રાજવીઓએ મારી આજ્ઞા માનવી જોઈએ અને મારો હુકમ થતાં જ મારી સેવામાં હાજર થવું જોઈએ. આ મનોરથોને પૂર્ણ કરવા તેણે પોતાની આજ્ઞા દરેક રાજવીને દુતદ્વારા જણાવી. નિર્બળ રાજાઓ તો આજ્ઞા સ્વીકારી સેવા કરવા રાવણના શરણે આવી પહોંચ્યા. પરંતુ વાનરદ્વીપના આદિત્ય રાજાના બળવાન પુત્ર વાલીકુમારે રાવણની આજ્ઞા લઈને આવેલા દુતને સંદેશો આપતાં કહ્યું કેઃ

“ સર્વજ્ઞ અર્હન્ત દેવ અને સુગુરૂ સાધુ ” વિના અન્ય કોઈ આ દુનિયામાં સેવા કરવા લાયક છે. એવું અમે જાણતા જ નથી. અત્યાર સુધી પરંપરાથી ચાલ્યો આવતો સંબંધ તે સ્વામિ સેવક ભાવથી ચાલી આવેલો નથી. પણ એક માત્ર સ્નેહને કારણે જ ટક્યો છે, પોતાને સેવ્ય અને અમોને સેવક માનતા એવા તમોએ આજે પરંપરાથી ચાલ્યા આવતા સ્નેહ સંબંધને ખંડિત કર્યો છે. માટે તમારી આજ્ઞા કે સેવા અમે કોઈ રીતે સ્વીકારી શકીએ તેમ નથી. બાકી પૂર્વના સ્નેહ રૂપ વૃક્ષને કાપી નાખવા માટે હું આગેવાન નહિ જ થાઉં તમારે તમારી શક્તિ પ્રમાણે જે કરવું હોય તે ખુશીથી કરજો.

વાલીકુમારનો સંદેશો લઈને દૂત રાવણુ પાસે આવી પહોંચ્યો. રાવણુની આજ્ઞા થતાં જ નાના મોટા દેશના તમામ રાજવીઓ પોતાની નિર્બળતાથી રાવણુની આજ્ઞા સ્વીકારી સેવા કરવા હાજર થઈ ગયા હતા. જ્યારે દુતને આવેલો જોયો અને તેના મુખે જ્યારે પોતાની ઈચ્છા વિરૂદ્ધનો વાલીકુમારનો સંદેશો સાંભળ્યો ત્યારે તેના રોમેરોમમાં ક્રોધાગ્નિ ભભૂકી ઉઠયો. અને તાડુકીને બોલી ઉઠયો!

વાલીકુમાર શું આટલો ગર્વ રાખે છે? એને શું પોતાની શક્તિનું આટલું અભિમાન છે? મારાથી વિશેષ શક્તિવાન હોવાનો દાવો રાખે છે! આ દુનિઆમાં મારાથી વધુ શક્તિવાન નર બીજો પેદા જ કોણુ થયો છે! હું એને બતાવી આપીશ કે મારી આજ્ઞા સ્વીકાર્યા વિના જીવી કેમ શકાય છે?

જુઓ! રાવણુનો ગર્વ! કેટલો છે સત્તાનો મોહ! કેટલું છે સત્તાનું અભિમાન! સત્તાના મોહમાં અંધ બનેલો રાવણુ વાલીકુમાર સાથે યુદ્ધ કરવા તૈયાર થયો. લાખોનું સૈન્ય લઈને રાવણુ પોતે વાનરદ્વીપ આવી પહોંચ્યો, અહીંઆ વાલીકુમારે પણુ બધી જ તૈયારી કરી હતી. સામસામા યુદ્ધ થયું નિરપરાધી લાખો સૈનિકોનો દરરોજ સંહાર થતો જોઈ વાલીકુમારનું હૈયું કંપતું હતું એક દિવસ રાવણુને તેણે કહેવડાવ્યું કે આપણા બેના ખાતર લાખો નિરપરાધી સૈનીકો અને પશુઓ માર્યા જાય છે. જો તમે ચાહતા હોતો આપણે જ પરસ્પર યુદ્ધ કરીએ રાવણે વાલીકુમારની વાતનો સ્વીકાર કર્યો બીજે દિવસે સમરાંગણુમાં વાલીકુમાર અને લંકાપતિ

રાવણનું તુમુલ યુદ્ધ થયું તેમાં બળવાન વાલીકુમારે મહાબલવાન અને શક્તિનો ગર્વ ધરાવતા ચંદ્રહાસ ખડ્ગ લઈને પોતાના ઉપર ધસી આવતા રાવણને વાલીકુમારે ખડ્ગ સાથે પોતાના બાહુવચ્ચે દબાવીને ચારે દિશાએ ઘુમાવ્યો ચારે દીશાએ ઘુમાવીને જ્યારે વાલીકુમારે તેને જમીન ઉપર મુકયો. ત્યારે તે શરમીંદો બનીને જમીન પર જોતો ઉભો રહ્યો.

વાલીકુમારને લાગ્યું કે આ દુનિયામાં રહેવાથી કોઈની આજ્ઞા માનવાના પ્રસંગો ઉભા થાય છે. તે માટે યુદ્ધો કરવા પડે છે, યુદ્ધોમાં લાખો નિરપરાધીનો સંહાર કેવળ મારી ખાતર થાય છે. આ બધાનું મુલ એક આ "રાજપદ" છે. આ રાજપદ મુકી મુનિપદ સ્વીકારૂં તો આવા ઘોર કર્મથી બચી જવાય મળેલો મોંઘો માનવ દેહ સફળ થાય.

વાલીકુમારે વૈરાગ્ય પામી આ સમરાંગણની ભૂમિપરજ પંચમુષ્ટિ લોચ કરી દીક્ષા અંગીકાર કરી. આ દ્રશ્ય જોઈને રાવણના આશ્ચર્યનો પાર ન રહ્યો.

વંદના કરી રાવણ પોતે પોતાના સ્થાનકે ગયો. વાલીકુમાર મટી બનેલા વાલીમુનિ સમરાંગણની ધરતી ઉપરથી પાદવિહાર કરી તેઓ સીધા અષ્ટાપદ પર્વત ઉપર પહોંચ્યા અને તપસ્યા પૂર્વક કાઉસ્સગ્ગ ધ્યાને મુનિ સ્થિર થયા.

એકદા રત્નાવલી નામની વિદ્યાધરની કન્યા પરણવા જવા માટે રાવણ નિત્યાલોક તરફ જઈ રહ્યો હતો. તેવામાં અષ્ટાપદગીરિ પર્વત ઉપર રાવણનું વિમાન અટકયું. રાવણે વિમાન અટકી પડતાં નીચે નજર કરી તો તેને એક મહામુનિ કાઉસ્સગ્ગ ધ્યાને સ્થીર રહેલા જોયા નીચે ઉતરી જોતાં

માલુમ પડયું કે આ તો મને યુદ્ધમાં પરાજય આપનાર વાલીમુનિજ છે. હજુ પણ મને ત્રાસ આપવા મુનિ પ્રયત્ન કરી રહ્યા છે. હવે તો વાલીમુનિનું શરીર ક્ષીણ થયું છે. મને તેઓ શું કરી શકવાના છે. મારા વિમાનને અટકાવનારની આજે તો પૂરેપુરી ખબર લઈ નાખું. રાજા રાવણ અનેક વિદ્યાનો સાધક હતો. "વજ્રદંડ" વડે ભૂમિ ખોદીને અષ્ટાપદગીરિના પેટાળમાં પેઠો. અને હજારો વિદ્યાઓનું સ્મરણ કરી અષ્ટાપદ પર્વત આખોય ઉંચકવા માટે પ્રયત્ન કર્યો. રાજા રાવણના આ કૃત્યથી પર્વત ઉપર હાહાકાર મચી ગયો. પર્વત ઉપરના વૃક્ષો તુટવા લાગ્યા. પશુપક્ષીઓ ક્ષણવારમાં મરી જાય તેવી પરિસ્થીતી સર્જાઈ. ભરત ચક્રવર્તિએ બંધાવેલા મંદીરોનો ઉચ્છેદ થાય તેવી પરિસ્થીતિ નીહાલી. તુરત જ વાલિમુનિએ માત્ર પોતાના જમણા પગના અંગુઠાવડે અષ્ટપદ પર્વતને સ્પર્શ કર્યો. વાલીમુનિના અંગુઠાના સ્પર્શથી પર્વત આખો દબાયો. અને પર્વતના પેટાળમાં રહેલો રાવણ ચીસ પાડી ઉઠયો. જ્યારે સ્પર્શ કરેલો અંગુઠો મુનીશ્વરે ઉંચો લઈ લીધો ત્યારે વાતાવરણ શાંત પડયું. રાવણ પેટાળમાંથી નીકળી મુનિ પાસે ક્ષમા માંગવા લાગ્યો. અહિં તેણે સાચા હૃદયે ક્ષમા માંગી. ક્ષમાવંત મુનીશ્વરે આટલા ભયંકર દુષ્કૃત્ય કરનારને પણ એક શબ્દ ઠપકાનો ન કહેતા અંતરના ઉમળકા પૂર્વક ક્ષમા આપી.

"ક્ષમા વીરસ્ય ભૂષણમ્"

મહા ભયંકર અપરાધીઓને પણ ક્ષમા આપવીએ વીર પુરૂષોનું લક્ષણ છે.

ત્યારબાદ રાવણુ અષ્ટાપદ ગીરિપર જઈને ત્યાં રહેલા ચોવીશે તીર્થંકર ભગવંતની પ્રતિમા સમક્ષ ભાવપૂર્વક વંદના સ્તુતિ કરી હૃદયના ઉલ્લાસપૂર્વક નૃત્ય કર્યું. નૃત્યના તાનમાં રોમોદ્ગમને ખડા કરતાં રાવણે એવી પ્રભુ ભક્તિ કરી કે અહિંઆં લંકાપતિ મહાબલવાન રાજા રાવણે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.

આ દ્રષ્ટાંત ઉપરથી જોવાનું એ છે કે "આત્મા ઉપર સત્તા ચલાવનાર જ મહાન વિજેતા કે સાચો વિજેતા છે."

અહીંતો રાજવીઓની સત્તા વિષે ઘણું વર્ણન થઈ ગયું પણ સામાન્ય માનવીના જીવનમાં ડોકીયું કરીશું તો પણ સત્તાના એટલા જ મોહથી ભરેલું તેનું જીવન આપણને દેખાશે.

## ધર્મસ્થાનોમાં જામેલી સત્તા

સત્તાએ ધર્મસ્થાનોમાં પણ પોતાનું સામ્રાજ્ય જમાવ્યું છે.

ધર્મસ્થાનો કે સમાજ કલ્યાણના સ્થાનોમાં પણ સત્તાનું જોર વધ્યું છે ધર્મસ્થાનોનો વહીવટ કરનાર વ્યક્તિઓમાં સેવાની ભાવના ઓસરી રહી છે અને સત્તાના સૂરો નીકળવા લાગ્યા છે. યાદ રાખો! ધર્મસ્થાનોના સિંહાસનો સત્તાના સૂરો કાઢવા માટે નથી. કે હકુમતો ચલાવવા માટે નથી. પણ તે સિંહાસન ઉપર બીરાજી દેવ ગુરૂ ધર્મ અને સાધર્મિકની સેવા કરવા માટે છે. આજે તો પરિસ્થિતી કેટલી

ગંભીર બની છે, કે તે સાંભળીને અમારા હૈયા કકળી ઉઠયા છે. તમે પણ સાચા ધર્મી હો, તો તમારા પણ હૈયા કકળી ઉઠવા જોઇએ. દેરાસર કે ઉપાશ્રયના ટ્રસ્ટી કે પ્રમુખ હોય પણ તે મહાશયને, તો વરસમાં એકે ય દિવસ દર્શને પણ આવવાનો વખત મલતો ન હોય

"ધર્મસ્થાનોના સિંહાસનો શોભા માટે નથી સત્તા કે હકુમત ચલાવવા માટે નથી પણ દેવ, ગુરૂ, અને ધર્મની તેમજ સમાજની સેવા કરવા માટે છે."

સત્તા ચલાવવામાં શામજી શેઠ અને કામ કરવામાં કાનીયો એવી પરીસ્થિતી પ્રર્વતી રહી છે આ પરિસ્થિતીએ સમાજમાં ભયંકરતા સર્જી છે. એ પ્રત્યે લક્ષ આપવામાં નહિ આવે તો આવતી કાલે આપણા ધર્મસ્થાનોની અને તેના વહીવટની શું સ્થિતિ હશે. તે કહી શકાય તેમ નથી. હું તમોને પૂછું છું કે તમો તમારા ઘરમાં આવી રીતે વર્તો તો તમને તમારા ઘરની રાણી ઘરમાં પ્રવેશ કરવા દેશે ખરી કે ! તેનો જવાબ તમે તમારા અંતરમાં સમજી ગયા હશો!

પૈસાદારોની જ પસંદગીનું ધોરણ જે આજે વધી પડયું છે તે ધોરણ બદલવામાં જ સમાજનું હિત છે સાચા ધર્મપરાયણ શ્રદ્ધાશીલ અને બે પૈસા ખરચી શકે તેવા શ્રાવકોને આ ધર્મસ્થાનોનો વહીવટ સોંપો અને સત્તાના ભૂખાવળા માનવીના હાથમાં આવો પવિત્ર વહીવટ ન સોંપતા સેવાભાવી, શ્રદ્ધાળુ શ્રાવકોને સોંપી સમાજની અને ધર્મની ખાનાખરાબી થતી અટકાવો.

"આકડાનું દૂધ જેમ માનવીને મારી નાંખે છે તેમ સત્તાના મોહ માનવીના જીવનને ઝેરી બનાવી નરકગતિમાં લઈ જાય છે." "ગાયનું દુધ જેમ માનવીને જીવાડે છે, તેમ સેવાનો મોહ, ત્યાગ, અને સંયમનો મોહ, જીવનને અમૃતમય બનાવે છે. ઓ મહાનુભાવો! સત્તાના મોહમાં ફુલાઈને ફસાઇને જીવનમાં ઝેર ભેળવ્યાં, ક્ષણીક સત્તાના મોહમાં પ્રભુને વિસાર્યાં, માનવતાને મીટાવી, દાનવતાને ઉભી કરી અને વૈભવના મોહ કે સત્તાના મોહ તમને વ્હાલા લાગ્યા.

ડુબે છે અને ડુબાડે છે

હે માનવ! વિચાર કર! તું કેવી ચેષ્ટા કરી રહ્યો છે જેમ એક પાગલ માનવી નદીના નીરમાં એક મજબુત ખીલો લઈને ઠોકવા પ્રયત્ન કરે છે, અને મનમાં ઇચ્છા કરે છે કે બસ! હવે હું અત્રે તંબુ નાંખીને રહીશ, ખીલો થોડો અંદર ઠોકાતો જોઈને ખુબ ખુશી થાય છે પણ પાણીનું એક જોરથી વહેણુ આવતાં જ ખીલો ઉખડી ગયો. ફરીથી પ્રયત્ન કરે છે પણુ તે ખીલો મજબુત ઠોકાતો નથી અને તંબુ તણાતો નથી. તે માનવી જેવી જ ચેષ્ટા આપણે કરી રહ્યા છીએ એવું તમને નથી લાગતું? રમવાના ગંજીપાના બનાવેલા બંગલામાં શું રહી શકાશે ખરૂં કે? તેમ આ તમારા સત્તાના મોહથી ભરેલા સંસારમાં તમારી સત્તા ટકી શકશે ખરી કે? તમારૂં જીવન ઉજ્જવલ બનશે ખરૂં કે! તમારા પુદ્ગલ ઉપર કે આત્મા ઉપર તમારી સત્તા છે ખરી કે!

અરે ! માનવ ! સત્તાના મોહ છોડી તું સેવાના મેવા ખાવા માટેનો સ્વાંગ સજી બહાર આવીશ તો તને મોક્ષ સુખની પ્રાપ્તિ થશે, તે બાબતમાં શંકા ધારણ કરીશ નહી.

સોપારી મેળવતાં કેટલી મુશ્કેલી પડે છે ખાતા ખાતા દાંત પણ તુટી જાય છે. છતાંય સોપારી ખાનારાઓને કહો તો ખરા, કે સોપારીથી તારૂં પેટ ભરાય છે !

તમે સોપારી ખાવાના મોહની જેમ ધન વૈભવનાં મોહથી શું લાભ છે તે કોઈ બતાવશે !

સત્તાના મોહમાં હાનિના તત્ત્વો સમાયેલા છે.

સત્તાના મોહમાં આપણે આપણું જીવન બરબાદ કરી રહ્યા છીએ સંસારને ઓછો કરવા સત્તાનો મોહ છોડવો પડશે.

સત્તાના મોહમાં પડેલો માનવી દરેક જગ્યાએ જયાં જાય છે ત્યાં ફીટકારના ફટકા ખાય છે અને સેવાના સદ્‌ગુણથી શોભતો માનવી જયાં જાય ત્યાં આશિર્વાદના અમૃત પામે છે માટે સત્તાનો અંચળો દૂર ફેંકી દઈને સેવાની ચુંદડી ઓઢો. બીજાઓ ઉપર અધિકારના હુકમો અને આદેશો ન કરતા તેના નમ્ર સેવક બની સેવા કરવા તત્પર બનો.

સત્તાના સિંહાસને આરૂઢ થયે નથી આત્મ કલ્યાણ થવાનું કે નથી બીજાનું ભલું કરી શકવાના, પણ નાની સરખી સેવા કરતાં, જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધનામાં અને આદર્શ જીવન જીવવામાં સ્વઅને પરનું આત્મ કલ્યાણ અવશ્ય સાધી શકાશે.

સત્તાના મોહ વિષે ઘણું કહી શકાય તેમ છે પણ

વખત ઘણો થઇ ગયો છે એટલે આપણે અહીં જ અટકવું પડશે.

## ઉપસંહાર

તમે જો આત્મકલ્યાણની ભાવના રાખતા હો ! જગતમાં તમારા આદર્શ જીવનની સુવાસ મુકી જવા માટેની ઈચ્છા ધરાવતા હો તો હું માલીક છું, અધિકારી છું, સત્તાધીશ છું એવો સત્તાપણાનો ગર્વ કાઢી નાખી, હું જગતના તમામ નાના મોટા પ્રાણીઓનો નમ્ર સેવક છું એવો ભાવ હૈયામાં હર હંમેશ રાખશો.

દુનીયામાંથી સત્તાનું સામ્રાજ્ય આથમી જાય અને સેવાનો સૂર્ય ઉગે એવી ભાવના હૈયામાં ભરીને ઘેર જજો

'શુભંભવતુ'



પ્રવચન બીજું

# હવે તો જાગો

વિ. સં. ૨૦૧૧ શ્રાવણ સુ. ૫ રવિવાર
તા. ૨૪-૭-૫૫ સવારે ૯ થી ૧૧
સ્થલ : જૈન ઉપાશ્રય. મુલુંડ:

પ. પૂ. પંન્યાસ પ્રવર યશોભદ્રવિજયજી ગણીવર્ય મહારાજ સાહેબના બીજા પ્રવચનનો ટુંક ભાવાર્થ "મુંબઈના સુપ્રસિદ્ધ વર્તમાન પત્ર મુંબઈ સમાચાર" દૈનીક પત્રમાં તા. ૨૮-૭-૫૫ ના અંકમાં ટુંક ભાવાર્થથી પ્રગટ થયો હતો આજે પણ જૈનજૈનેતરોની વિશાલ માનવ મેદનીથી હોલ ભરેલો હતો.

બીજા પ્રવચનનું નીચે સારભૂત અવતરણ કરવામાં આવેલ છે.

## જ્ઞાનીઓનું કથન

પુણ્યશાળી મહાનુભાવો !

ગયા રવિવારે "સત્તાનો મોહ" એ વિષય રાખવામાં આવ્યો હતો. માનવીને સત્તાના મોહ કેવા ઘેરા ઘેન ચડાવે છે અને એ ઘેનમાં માનવી પોતાના કર્તવ્યનું ભાન ભુલી જઇ કેવી રીતે જીવનનું અધઃપતન કરે છે તે વિષે વિવેચન કરી, સત્તાનો મોહ છોડવા, અને સેવાનો સ્વાંગ સજવા, સંયમનો મોહ રાખવા, ત્યાગ અને ભક્તિના મોહમાં મસ્ત બનવા કહેવામાં આવ્યું હતું.

આજે તે સેવા, સંયમ, ત્યાગ અને ભક્તિના મોહમાં મસ્ત બનવા "હવે તો જાગો" એ વિષય ઉપર કહેવાનું છે.

રાત્રીના છેલ્લા પહોરે કુકડો, કુકરે....કુક, કુકરે.... કુક, કરીને નિદ્રામાં પોઢેલા માનવીને જાગૃત કરે છે. જગાડીને પોત પોતાના કર્તવ્યમાં જોડાવે છે. તેમ મોહ મદિરાના પાન કરીને કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલા પ્રાણીઓને પરમ જ્ઞાની ભગવંતો પણ નિશદિન જાગ ! અને પ્રમાદ ત્યાગનો પુકાર કરે છે. અને પોતાના કર્તવ્યનું ભાન ભુલેલાઓને ભાન કરાવે છે,

હે મહાત્મન્ ! તું ઘોર નિદ્રામાં ઘોરી રહ્યો છે. આજ સુધીનો અનંતોકાલ તેં નિંદ્રામાં (પ્રમાદમાં) ગુમાવ્યો. "હવે તો જાગ !" દશ દ્રષ્ટાંતે દુર્લભ એવા આ માનવ જન્મને એળે કેમ ગુમાવે છે.

## પ્રમાદીની પ્રમોદતા

સ્વ કર્તવ્યનું સાચું ભાન માત્ર માનવભવમાં જ થઈ શકે છે.

વર્ષા ઋતુમાં ખેડુત ખેતી કરતી વખતે આળસ કરીને, પ્રમાદ કરીને, જો ઉંઘતો હોય અગર પડયો રહે કે ધંધાની ખરી તક વખતે વેપારી બેપરવાઈ બને, કે વિદ્યાર્થી પરીક્ષાના જ વખતે આળસુ બની ઉંઘ્યા કરે કે સેનાપતિ વિજયની વેળાએ પ્રમાદી બને કે પોતે ભાનભુલો બને, સ્ત્રી રસોઈ કરતી જ વખતે બેઠા બેઠા ઝોકાં ખાયા કરે તો એનું પરિણામ શું આવે !

સમય આવે સાવધાન રહેતા બેદરકાર બની ઉંઘનાર માનવીને તમે કેવો કહેશો !

**મૂર્ખ !**

જે સમયને ઓળખી શકતો નથી તે માનવી પોતાના જીવનમાં કદી આગળ વધી શકતો નથી. રાત્રિના સમયે કોઈ એક ઘરમાં ચોરો ચોરી કરવા દાખલ થયા હતા. થોડો એક ખળભળાટ થવાથી સ્ત્રી જાગી, તેણે ચોરને જોયો, પોતાના પતિને ઉઠાડતા કહ્યું કે ઉઠો ! જાગો ! જુઓ તો ખરા કે ચોર આવ્યા છે.

પતિએ કહ્યું. તું ફિકર ન કર હું જાગું છું હમણાં જ ઉઠું છું એમ કહેતો આળસ કરતો આંખો મીચીને ઉંઘતો રહ્યો. થોડીવાર પછી સ્ત્રીએ ફરી કહ્યું. અરે જાગો ! જુઓ તો ખરા ! આતો ગાંસડી બાંધી હમણાં ભાગી જશે. ત્યારે પણ આળસુ અને એદી શું કહે છે, અરે ! હું તો જાગું છું. હમણાં ઉઠીને એનો પીછો પકડીશ....ગુન્હો તો કરવા દે. પોલીસ પાસે પકડાવી રાખી શિક્ષા કરાવીશ....પેલો ઉંઘમાં બોલતો રહ્યો અને સ્ત્રી જાગો ઉઠો કહેતી રહી. અને પેલા ચોરો ઘરની તમામ સારી ચીજોની ગાંસડી બાંધી ચાલતા થયા.

આવી જ દશા આપણા માનવીઓની છે. પોતાનું આત્મિક ધન આજે છડે ચોક લુંટાઈ રહ્યું છે. જ્ઞાની ભગવંતો પુકાર કરી કરીને કહે છે જાગ ! ઓ માનવ જાગ ! ઉઠ, જાગૃત બન ! અને તારા કર્તવ્યમાં લીન બન ! છતાં પણ કુંભકર્ણની નિદ્રામાં ઘોરેલો માનવી હું જાગું છું કહેતો ઉંઘમાં ને ઉંઘમાં બકવાદ કરી રહ્યો છે.

**આત્માનો ભયંકર શત્રુ**

આત્માનો જો કોઈ ભયંકર શત્રુ હોય તો તે પ્રમાદ

છે. આળસ છે, જાગૃત દશાનો અભાવ છે. ભલભલા માનવીઓ અને મહાપુરૂષો આ પ્રમાદથી જ પટકાયા છે. પ્રમાદે જ જ્ઞાનીઓને શિથીલ બનાવ્યા છે. તપસ્વીઓને ક્રોધી બનાવ્યા છે. સંયમીઓને સંયમમાં શીથિલ કર્યાં છે.

પરમોપકારી ભગવંત મહાવીર પ્રભુએ ગણધર ભગવંત શ્રી ગૌતમસ્વામિને વારંવાર કોઈપણ વસ્તુનો ઉપદેશ આપ્યો હોય કે ટકોર કરી હોય તો તેજ માત્ર હતી કે "હે ગૌત્તમ ! એક સમય પણ પ્રમાદ કરીશ મા (નહિ)" જો એક સમય પણ પ્રમાદ થઈ ગયો તો તારો આત્મા ઊચ્ચ શિખરે પહોંચવા છતાં ગબડી જતાં વાર લાગશે નહિ.

પર્વતના શિખરે પહોંચવાની તમન્ના રાખવાવાળો માણુસ સાવધાન રહે તો, અથવા ચઢતી વખતે એકાદ ઉંઘનું ઝોકું ખાઈ જાય તો ઘડીકવારમાં પર્વતની ઉંડી ખાઈમાં ગબડી પડતાં વાર લાગતી નથી.

અગીયારમાં ગુણસ્થાનક સુધી પહોંચેલા આત્માઓને પણ પટકાવીને પહેલે, બીજે ગુણસ્થાનક પહોંચાડી દેનાર કોઇપણ હોય તો તે પ્રમાદ અવસ્થા છે, બીન જાગ્રત દશા છે.

## <u>ઘોર નિંદ્રા</u>

જાગ્રત રહેવાનું મહત્વ ઓછું નથી, થોડા અવાજ સાંભળતા જાગી જનાર આત્માના ઘરમાંથી ચોર ચોરી કરી શકતો નથી ત્યારે ઘસઘસાટ ઊંઘતા માનવીના ઘરમાંથી ચોરો સહેલાઈથી ચોરી કરી શકે છે. પહેરો ભરનાર સિપાઈ પણ રાત્રિના વખતે પહેરો ભરતી વખતે "જાગતા રહેજો"

ની બુમ મારે છે, એમ જ્ઞાની ભગવંતો પણ સંસારના પ્રાણીઓને "જાગતા રહેજો" નો પડકાર રોજ કરે છે, છતાંય માનવી ઘોર નિંદ્રામાં પોઢીને આનંદ માણી રહ્યો છે.

## આત્મિક સંપત્તિ

આજ સુધી મોહ નિંદ્રામાં આપણે કેટલું ગુમાવ્યું છે એનો કદી વિચાર કર્યો છે ખરો! આજે તમારી પાસે આત્મિક સંપત્તિ કેટલી છે! સંપત્તિ શું વસ્તુ છે તે બહુ ઓછા આત્માઓને ખબર હશે,

તમે સંપત્તિ માની છે કેવળ પૈસામાં, બંગલામાં, બગીચામાં, સ્ત્રી પુત્ર, ગાડી કે મોટરમાં, એ સંપત્તિ વધારવા માટે દિન રાત તમોને આરામ નથી, શાંતિ નથી, મગજ ચગડોળે ચઢે છે. નિંદ્રા હરામ થઇ જાય છે. તમે તમારી પુદ્ગલિક સંપત્તિઓને મેળવવા માટે કે મેળવીને ટકાવી રાખવા માટે અને તેને માટે આવતી આફતોનો સામનો કરવા માટે પહેલેથી જ વ્યુહરચના રચીને તૈયાર રાખો છો. કેમ! સાચી વાત છે ને!

પણ! યાદ રાખજો કે તમે તમારી સંપત્તિ જ્યાં માની છે ત્યાં જ રહેવાની છે, જેમકે બંગલાની બંગલામાં, બગીચાની બગીચામાં મોટરની મોટરમાં, પૈસાની પૈસામાં પણ! તમોને ખ્યાલ આવે છે કે આ આત્મા પ્રમાદને વશ પડી આત્મિક સંપત્તિને ગુમાવી બેઠો છે અને પાણીના રહેંટની જેમ ભવ-રણમાં ભમી રહ્યો છે.

તમે તમારી દ્રષ્ટિને ફેરવીને જોયું હોત તો તમોને

જરૂર લાગત કે હું પૌદ્ગલિક સુખોની પ્રાપ્તિ માટે મારી આત્મિક સંપત્તિ જે દાન, શિયલ, તપ, શુદ્ધભાવ, જ્ઞાન, સદાચાર, અને વિવેક છે તેને હું ભુલી ગયો છું માટે જ હું ભમી રહ્યો છું.

હું તમોને પૂછું છું કે : આ આત્મિક સંપત્તિ તમારી પાસે કેટલી છે! તે કોઈ બતાવશો ખરા! તમે કેટલા પૌદ્ગલિક સુખોની તિલાંજલી આપી! યાદ રાખજો આ જન્મ મરણના ભયંકર દુઃખોમાંથી છૂટવા માટે પૌદ્ગલિક સુખોની સંપત્તિ છોડી આત્મિક સંપત્તિને પ્રાપ્ત કરવા માટે જાગ્રત બનવું જ પડશે. "જાગશે તેજ પામશે"

## ગુણવાન બનો

તમારામાં દાનગુણ કેટલો છે! લાખોની મિલ્કત ધરાવવાથી સંપત્તિવાન નજ કહી શકાય, તમે તમારી સંપત્તિઓમાંથી બીજાઓને કેટલું આપ્યું, તમને દાનેશ્વરી કહેવડાવવાનો મોહ જાગે છે, કોઈ દાનેશ્વરી કહે તો તમને મજાનું લાગે છે. પણ દાનેશ્વરી બનવા માટે કે કહેવડાવવા માટે દાન કેટલું દીધું કે કેટલું દેવું છે. વિદ્વાન અને પંડીત બનવાના કોડ થઈ આવે છે પણ અભ્યાસ કર્યા વિના પંડીત ન થવાય.

તમોને કોઈ તપસ્વી કહે, ભક્તરાજ કહે, સજ્જન કહે, એ પસંદ છે. પણ એ તપસ્વી ભક્તરાજ કે સજ્જન કહેવડાવવા માટે કેટલાક ગુણો કેળવ્યા. ગુણથી જ વસ્તુની કિંમત છે ગધેડા રૂપાળો ઘણો છે, પણ ગુણનો અંશ પણ

નથી તેથી તેના રૂપમાં તમે અંજાઇ તેના પર સ્વારી કરશો ખરા કે ? જવાબમાં ના.

સોનું અને પિત્તળ એ બન્ને એક જ રંગના છે. છતાં ય બંન્નેમાં ભિન્નતા શાની છે! કહો કે-ગુણની જ.

માનવીમાત્ર સરખા જ છે તેમાં ભિન્નતા છે કે નહિ ! અને છે તો શાથી ભિન્નતા છે ? કહો કે ગુણની જ.

સદ્‌ગુણી કે સદાચારીનો સંગ તમે કરશો પણ દુરાચારી, દુર્ગુણી કે ચોર ડાકુનો સંગ કરવાનું કે તેની પડખે બેસવાનું પસંદ નહિ કરો એ સાચી વાત છે ને ? માટે જ્ઞાની ભગવંતો કહે છે-હે આત્મન્! તારામાં રહેલા બાહ્ય સુખોની પ્રાપ્તિના કારણરૂપ ગુણવાન બન ! અને તારા સુતેલા અંતરાત્માને જગાડ ! પ્રભુ ભક્તિમાં અને કર્તવ્યપરાયણુતામાં લીન બન.

## જગતમાં સારા કોણ !

શ્રમણભગવંત મહાવીરસ્વામી પ્રભુને એક વખત પર્ષદામાં ગણધર ભગવંત શ્રી ગૌતમસ્વામિજીએ પ્રશ્ન કર્યો કે "હે પ્રભુ! જગતમાં કોણ જાગતા સારા અને કોણ ઉંઘતા સારા."

પ્રભુએ જવાબ આપતાં જણાવ્યું કે હે ગૌતમ ! જે આ જગતમાં જાગીને સ્વપરના આત્માનું કલ્યાણ અને અભ્યુદય ચિંતે છે અને તેના માટે પ્રયત્નો કરે છે. અને પોતાના સદ્‌ગુણોની સુવાસ ફેલાવે છે. એવા આત્માઓ આ જગતમાં જાગતા સારા અને જે આત્માઓ જાગીને પારકાનું અહિત કરે છે અને અઢારે પાપસ્થાનકોને સેવવામાં લીન બને છે એવા આત્માઓ ઉંઘતા સારા.

માટે અમે પણ તમને બીજાનું હિત કરવા, સદ્ગુણોની સુવાસ ફેલાવવા જગાડીએ છીએ, જાગવાનું કહીએ છીએ.

જાગો ઉઠો! અને તમારા કર્તવ્યમાં લીન બનો.

## ભારતની સંસ્કૃતિ

ભારત દેશના માનવીઓ પૂર્ણ જાગૃત હતા. સાચી સંપત્તિને એ દેશના માનવીઓએ ખુબ સાચવી હતી, દાન, શીયલ, તપ અને શુદ્ધ સદાચારયુક્ત ભાવનામાં ભારતદેશ તમામ દેશોમાં શ્રેષ્ઠ સ્થાન ધરાવતો હતો.

રવિન્દ્રનાથ ટાગોર એક વખત ચીન ગયા, ત્યાંના લોકો ટાગોરની પ્રશંસા કરતા કહેવા લાગ્યા કે તમે તો જેવી પવિત્ર ભુમિના માનવી છો, જે ભૂમિમાં સદાચારનું સુંદર રીતે પાલન થાય છે. એવી પવિત્ર અને દેવતાઇ ભૂમિમાં જન્મેલા હે નરરત્ન! તમને ધન્ય છે.

આ સાંભળી ટાગોરની આંખમાંથી આંસુ ટપકયા તેમને લાગ્યું કે અહિંના લોકો ભારતના માનવીઓ માટે કેટલી શ્રદ્ધા અને સદ્ભાવ ધરાવે છે. આજતો એમાનું ભારતમાં કાંઇજ દેખાતું નથી.

ભારતમાં પણ આજે પાશ્ચાત્ય સંસ્કૃતિના પાપે હિંસા જુઠ–ચોરી વ્યભિચાર–વિશ્વાસઘાત ખુબજ પ્રમાણમાં ફેલાઈ ગયા છે.

ટાગોરે જયારે હિંદની ધરતી પર પગ મુકતા જ એકઠા થયેલા લોકોને સંબોધન કરતાં કહ્યું કેઃ–તમારા માટે અન્ય દેશોમાં કેવી શ્રદ્ધા, ભાવના, અને માન્યતા છે અને આજે આપણે કેવું વર્તન ચલાવી રહ્યા છીએ એનો વિચાર કરો.

આપણી આર્ય સંસ્કૃતિને અનુરૂપ જીવન જીવીને દુનિયાના બીજા દેશોમાં પડેલી આપણી સુંદર છાપને ભુંસાવી ન નાખતાં ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વધે તેવું જીવન જીવવા માટે તમો જાગ્રત દશાને પ્રાપ્ત કરો જે એક વખત ભારતનો માનવી કદી હિંસા કરતો નહિ. હિંસા કરવામાં ઘોર પાપ માનતો. તે આજે એવી ઘોર હિંસા કરી રહ્યો છે. અને વળી તેના અઘટીત કૃત્યોને પાપ માનવા પણ તૈયાર નથી.

માનવીના જીવનનું કેટલું અધઃપતન થયું છે તેનો જરા ખ્યાલ કરજો.

હે ભારતના ભડવીર ! તું જાગૃત બન ! અને મરી પરવારેલી માનવતા ફરી તારા જીવનમાં પ્રગટાવ.

તું માનવ મટી દાનવ બની રહ્યો છે. સદ્‌ગુણોને વિસારી દુર્ગુણોને અપનાવતો રહ્યો છે.

યાદ રાખજો ! આચરણાથી જ માનવી માનવ બને છે. માટે તમારૂં આચરણ શુદ્ધ રાખજો. તમારા દુરાચારી કૃત્યોથી જગતને કદાપી ઠગવાની કોશીષ કરશો નહિ.

## ખરાબ વૃત્તિઓને છોડો

એક બિલાડીની વાત છે વાત સાદી સીધી અને સરળ છે. પણ સમજો તો એમાં પણ ગંભીર ભાવ ભરેલો છે. એક વખત એક બિલાડી એક ઘરમાં પેઠી. દુધનો ઘડો તેની નજરે પડયો. એટલે દુધ પીવા ઘડામાં માથું નાખ્યું, એવામાં ખડખડાટ થવાથી ઘરનો માલીક જાગી ઉઠયો, અને લાકડી લઈને બિલાડી સામે ધસી આવ્યો, ઘડામાં માથુ ભરાવાથી

ઘડો લઈને બીલાડી નાસવા લાગી. એવામાં એક થાંભલા સાથે અફળાતા ઘડો તૂટી ગયો. બીલ્લીના ગળાનો કાંઠો કાઢવાની કોને પડી હોય કે કાંઠો બિલાડીના ગળામાંથી કાઢે. એટલે બિલાડી, કંકણધારી બીલ્લીબાઈના નામથી પ્રસિદ્ધ થયા.

બીલ્લીબાઈનો મુખ્ય ખોરાક ઉંદર....એટલે ઉંદર દેખેને રાજી થાય તેણે ઉંદરનું એક મોટું દર જોયું તેની સામે બીલ્લીબાઈ લપાઈને બેસી ગયા.

દરમાંથી ઉંદરો નીકળીને બીલ્લીબાઈને જોઇને ઉંદરો દરમાં દોડતા પાછા ચાલ્યા જાય. એ પ્રમાણે ઘણા વખત સુધી ચાલ્યું.

પણ એક વખત પ્રસંગ જોઈને બીલ્લીબાઇએ કહ્યું કે હે ઉંદર રાણાઓ! હું તમારી માસી છું. કેદારનાથ જઈને યાત્રા કરી પવિત્ર થઈને આવી છું. મેં તો હવે આ કેદારનાથજીનું કંકણ ધારણ કર્યું છે. હવે હું પહેલાં જેવી રહી નથી. એટલે તમે મારી પાસે ભય છોડીને આવો. આપણે સાથે રહીને ગેલ કરીએ. ભોળા ઉંદરો એ બિલાડીની માયાજાળમાં ફસાયા. ભોળપણમાં ઉંદરોને ન લાગ્યું કે મીનીમાસી કેદારનાથની યાત્રા કરી આવ્યા છે. માટે એ ધર્મિષ્ટ અને અહિંસક બન્યા હશે. એટલે હવે આપણને ખાશે નહિ.

ઉંદરો રોજ આવવા લાગ્યા. અને મીનીમાસીના શરીર ઉપર ચઢી કુદાકુદ કરી આનંદ માણે અને વખત થાય ત્યારે ઉંદરો પોતાના દરમાં ચાલ્યા જાય, મીનીમાસી કાંઈજ

બોલતા નથી, માત્ર છેલ્લો ઉંદર રહે તેને પકડીને ખાઈ જાય, ઉંદરો પોતપોતાના કાર્યક્રમ મુજબ મીનીમાસી પાસે આનંદ કરે છે. અને મીનીમાસી દરરોજ એક એક ઉંદરને ખાવા લાગ્યા, અને ઓછો કરવા લાગ્યા. આમ ઘણા દિવસો વહી ગયા બાદ એક વૃદ્ધ ઉંદરને લાગ્યું કે આપણી સંખ્યા ઘટતી જાય છે. જરૂર મીનીમાસી આપણને છેતરે છે. ભલે કેદારનાથજીની યાત્રા કરી આવ્યા પણ સ્વભાવ ગયો નથી. તુરત બધા ઉંદરોને ભેગા કરી કહ્યું કે, માનો કે ન માનો પણ મને લાગે છે કે આપણી સંખ્યા ઘટતી જાય છે.

જરૂર મીનીમાસી આપણામાંથી રોજ એકને મારી નાખી ખાઇ જાય છે. માટે આપણે આ બાબતની ચોકસાઇ કરવી જોઈએ. બીજે દિવસે મીનીમાસી પાસે જતા પહેલા, એક ઉંદરની પુંછડી થોડી કાપીને નીશાની કરી. અને તે ઉંદરને સૌની પાછળથી જ આવવાનું કહેવામાં આવ્યું જો એ કપાયેલી પુંછડીવાળો ઉંદર પાછો ન આવે તો સમજવું કે જરૂર મીનીમાસી આપણા ઉંદરને ખાઈ જાય છે. છેવટે સૌ ફરવા બહાર નીકળ્યા, મીનીમાસી પણ વખત થતાં આવી પહોંચ્યા સૌ આનંદનો ઉત્સવ ઉજવતા હોય તેમ ગેલ કરવા લાગ્યા. છેવટે વખત થતાં એક પછી એક ઉંદર દરમાં પેસી ગયા. છેલ્લો કપાયેલી પુંછડીવાળો ઉંદર રહ્યો, તેના પર ઝડપ મારી મીનીમાસીએ પોતાના નિત્યક્રમ મુજબ કોળીઓ કરી લીધો. અંદર જઇને ઉંદરોએ જોયું તો પેલો કાપેલી પુંછડીવાળો ઉંદર દેખાયો નહિ તેથી ઉંદરોને પાકી ખાત્રી થઈ ચુકી. બીજે દિવસે મીનીમાસીને જોઈને કોઈ ઉંદર બહાર આવ્યા

નહી. મીનીમાસી પણ સમજી ગયાં કે ઉંદરરાણાઓ મારી લુચ્ચાઈ જાણી ગયા છે હવે ઉંદરો બહાર આવશે નહિ માટે ખોટી રાહ જોઈ બેસી રહેવાનો અર્થ નથી. એમ સમજી એ દિવસથી ઉંદરોના દર પાસેથી મીનીમાસીએ વિલખાતા મૂખે વિદાય લીધી.

બીલાડી જેવી ઘણા માનવીઓની વૃત્તિથી સંસારના ઘણા આત્માઓ નાસભાગ કરી રહ્યા છે. બીલાડી જેવો સ્વભાવ પણ સંસારના ઘણા આત્માઓમાં રહેલો. શ્રાવકો શત્રુંજયની યાત્રા વૈષ્ણવો હરદ્વાર કે કેદારનાથની યાત્રા કરે કે મુસલમાનો મક્કા મદીના જાય પણ જો પોતાના દુષ્ટ સ્વભાવને પલ્ટે નહિ તો તે મીનીમાસી જેવું જ વર્તન કરી રહ્યા છે. એમ જ કહેવાય, કપાળમાં કેસરીઓ ચાંલ્લો કરવા માત્રથી શ્રાવક ન કહેવાય, જનોઈ ધારણ કરવા માત્રથી કે ત્રીપુંડ તાણવાથી બ્રાહ્મણ ન કહેવાય, પારકાની પીડાને હરે નહિ પારકાને દુઃખ આપે તે વૈષ્ણવ ન કહેવાય, મસ્જીદમાં જઈને અલ્લાહના નામની મોટી બાંગ પોકારનાર મુસલમાન પણ ન કહેવાય.

જે શ્રદ્ધા, વિવેક, અને ક્રિયા યુક્ત જીવન જીવે તેજ સાચો શ્રાવક છે. અખંડપણે બ્રહ્મચર્યનું પાલન કરનાર જ સાચો સંત છે બ્રાહ્મણ છે. એક વખત ભૂલ કર્યા બાદ ગુનો કબુલ કરીને ફરીથી તેવા પ્રકારની ભૂલ ન કરે તેજ પાક મુસલમાન છે. પારકાના દુઃખોનું નિવારણ કરવા યથાશક્તિ ભોગ આપે છે તે સાચો વૈષ્ણવ છે. એક બાજુ જીવનમાં તીર્થયાત્રાઓ કરવી તપ અને ક્રિયાઓ કરવી, સદ્‌ગુરૂઓનો સમાગમ કરવો અને બીજી બાજુ જે હિંસા, કુડ, કપટ,

મુક્ત જીવન જીવવું એ માનવ જીવનને લાંછન લગાડનારૂં છે અને તેવું જીવન જીવવું એ શોભાસ્પદ નથી.

આજે માનવીના જીવનમાં બાહ્યતપ અને ક્રિયા વિશેષ જોવામાં આવે છે પરંતુ તેનું ઉંડું આંતરિક જીવન તપાસીએ તો દુઃખ ઉત્પન્ન કરે તેવું હોય છે.

## તારી ફરજ શું ?

હે આત્મન્ ! તું વિચાર કર ! તું કોનો અનુયાયી છે. તું પોતે પોતાને ભગવંત મહાવીર પ્રભુનો અનુયાયી. હોવાનો દાવો કરે છે, પણ તેં પ્રભુ મહાવીરે બતાવેલા માર્ગના ગુણો કેટલા ધારણ કર્યા. તે ગુણોને તારા જીવનમાં ઉતારવા તેં કેટલા પ્રયત્નો આદર્યા. તેં પરમાત્માની આજ્ઞા શિરોમાન્ય કરી છે કે નહિ તે તું તારા અંતરાત્માને પૂછ ! તેમની આજ્ઞા અનુસાર તારા જીવનનું ઘડતર તેં કેટલું કર્યું.

જે પ્રભુએ ખોબે ખોબે દાન દઈને, અનેકના દુઃખો ટાળ્યા અને ભવ્યાત્માની પદવી આપી, એવા પ્રભુનો તું અનુયાયી થયો છે એમ તું પોતાને માને છે તો તેં કેટલું દાન આપ્યું, કેટલાના દુઃખો દૂર કર્યા.

હું તમોને પૂછું છું કેઃ—સવારના પથારીમાંથી ઉઠીને શું વિચાર કરો છો ! બોલો ! તમે જ બોલો ! કે પ્રથમ— બજારના ભાવો શું છે. કોને મલવું ! કયાં જવું ! શું કરવું ! એમ ગડમથલ ચાલતી હોય છે. ચાનો ગરમ પ્યાલો પીવાતો હોય, હાથમાં જીવતી ચિતા સમાન સીગારેટ કે બીડી સળગતી હોય છે આ છે તમારો સવારનો સદ્ વિચાર !

ઓ મહાનુભાવ! તું ઉંઘે છે જાગતો નથી, જાગતો હોય તો આવા બાહ્ય શાંતિને પણ સળગાવી મૂકનારા વિચારો તને પ્રભાતના સમયમાં આવે નહિ, જાગતો માનવી તો પથારીમાંથી ઉઠતાં જ સામાયિક-પ્રતિક્રમણની વિચારણા કરે. પ્રભુદર્શને જવાની વિચારણા, ગુરૂદેવના દર્શન અને વ્યાખ્યાન શ્રવણ કરવાની વિચારણા કરે, અરે! લોકોનું ભલું થાય તેવા કામ કરવાની વિચારણા કરે, માટે જાગ્રત બનીને જીવનને મંગલમય બનાવવાની તારી ફરજને અદા કર.

<u>વિચાર કરો</u>

આજનો માનવી સ્વાર્થમય જીવન જીવનારો અને એકલપેટો બની રહ્યો છે. તેની દૃષ્ટિ અને ભાવનાઓ ટુંકી બની રહી છે. તે પોતે પોતાના માનેલા સંસારમાં જ રાચ્યો માચ્યો રહેવા માંગે છે આવા આત્માઓને જાગતા છે એમ કેમ કહેવાય!

તમો ઉંઘમાંથી જાગો છો ત્યારે દુનીયાના કેટલા પદાર્થો તમને સુખ આપવા માટે તમારી સામે આવીને ખડા થાય છે. અને તમે જાગીને કેટલાને સુખ આપવા તૈયાર છો અરે! સુખની વાત જવા દો. દુઃખ કેટલાને આપો છો તે વિચાર કર્યો! પ્રથમ ઘરના માણસો સાથે તમારી વર્તણુક કેવી! કેટલો ગરમ મિજાજ! તમારી પાસે મદદ માટે આવેલાને તરછોડી તિરસ્કાર કરવાની તમારી આસુરી-વૃત્તિ, તમારો જો કોઈએ થોડો પણ અવિવેક કર્યો હોય તો તેની સામે તમે શું કરો એ ખ્યાલ તો છેને!

પૂર્વકાલના લોકો જાગીને કેવા રૂડા કામો કરતા. એ કોઇ દિવસ વિચાર્યું છે? આજે તો પ્રભુની પ્રાર્થના પણ ચાલી ગઈ. અને નાના બાળકોથી માંડી મોટી ઉમરના વૃદ્ધો સુદ્ધાંના મુખમાં વિલાસના ગીતોએ વાસ કર્યો છે, આજે તમોને સવારમાં "સકલ તીર્થની વંદના" નું સુત્ર ગમતું નથી પણ ગોવા અને સીલોન રેડીઓના ગીતો ગમે છે. આ તમારી મનોદશા, આ પરિસ્થિતી માનવીને કયાં ઘસડી જશે તેનો જ વિચાર કરો.

જગતના તમામ સાધનો માનવીને મોહનાપાન કરાવીને ઉંઘાડે છે જ્યારે જાગૃત બનાવવાના સાધન તરીકે ફક્ત દેવ, ગુરૂ અને ધર્મ, ત્રણ છે. એક બાજુ ઉંઘાડનારા ઘણા સાધનો છે, ત્યારે જગાડનાર ત્રણ સાધનો છે તો તમોને કયા સાધનની જરૂર છે તેનો તમે અવશ્ય વિચાર કરજો.

## જીવન શુદ્ધ બનાવો

ઉંઘવું એટલે તળાઈમાં લાંબા થઇ રેશમી રજાઇ ઓઢીને ઘસઘસાટ ઉંઘવું તે નહિ પણ પોતાના કર્તવ્યનું ભાન ભૂલી જવું તે છે. આજના માનવીઓ મોટા ભાગે પોતાના કર્તવ્યનું ભાન ભુલી રહેલા જણાય છે અને તેના જ પરિણામે માનવી સુખી નથી, આબાદ નથી, સમૃદ્ધિવાન નથી.

વિષયોના ઘેનમાં ઉંઘ્યા છો, આસુરી વૃત્તિથી તમે ઘેરાયેલા છો, લાલ પીળા હીરાના કાચના ટુકડામાં તમે મોહાંધ છો. દુનિયાના રંગરાગમાં આકર્ષાયેલા છો દુનિયાની

કહેવાતી નશ્વર સત્તાના મોહના સાણસામાં સપડાઈને કર્ત-વ્યની કેડીને ચુકી ગયા છે. અને આ બધી વસ્તુના જ પરિણામે સાચી વસ્તુનું ભાન થતું નથી અને થવા દેતું પણ નથી.

એક વખત જીવનમાંથી વિષયોના, આસુરીવૃત્તિની સંપત્તિના ઝેર કાઢો, એટલે જીવન શુદ્ધ થશે, અને જ્યારે જીવન શુદ્ધ થશે ત્યારે જીંદગી જીતી જવાશે અને મોક્ષના પંથે પગલા મંડાશે.

## આદર્શના શિખરે પહોંચો

યાદ રાખજો જીવન શુદ્ધ કર્યા વિનાનું બધું જ નકામું. વ્યવહારમાં પણ કહેવત છે કે "પહેલાં ભૂમિ શુદ્ધ થવી જોઈએ" શુદ્ધ ભૂમિ કર્યા વિના કોઈ સારો સંસ્કાર કે સદ્દગુણ આવે નહિ.

ગયા વખતના સત્તાનામોહ વિષેના વ્યાખ્યાનમાં મહામુનિ વાલીકુમાર અને રાવણ રાજાના પ્રસંગ વિષે વર્ણન કર્યું હતું આજે પણ એજ રામાયણમાંથી મહાસતી અંજના અને પવનજય કુમારના વિષે કહેવાનું છે. રામાયણ સંસ્કૃતિનો ખજાનો છે. તેનુ એક એક પાત્ર આદર્શથી ભરેલું છે. રામાયણ એ સમગ્ર હિંદુ પ્રજાનું ઘર ઘરમાં વંચાતુ અને સંભળાતું માનીતું પુસ્તક છે અને એ રામાયણના અધ્યયન દ્વારા ભારતમાં આર્યસંસ્કૃતિ આજ સુધી પણ ટકી રહેલી છે. રામાયણનો એક એક પ્રસંગ ખુબ સમજવા જેવો છે. વિચારવા જેવો છે. અને વિચારીને તે પ્રકારે જીવન જીવવામાં આવે તો આપણે પણ જરૂર આદર્શના શિખરે પહોંચી શકીએ.

## પવનજય અને અંજના સુંદરી

પવનજય કુમાર પોતાના કર્તવ્યનું ભાન ભુલી જઈ અંજના જેવી મહાસતી પ્રત્યે કેવો વર્તાવ કરે છે. એ જો સાંભળશો તો ખ્યાલ આવશે કે આજે આપણે પણ શું કરી રહ્યા છીએ.

ભરતક્ષેત્રમાં વૈતાઢ્યગિરિ ઉપર આવેલા આદિત્યપુર નામના નગરમાં પ્રલ્હાદ નામના રાજાને ઇષુમતિ નામની પ્રિયા હતી તેને પવનજય નામનો પુત્ર થયો.

ભરતક્ષેત્રમાં સાગરના તટ ઉપર રહેલા દંભનામના પર્વત ઉપર માહેન્દ્રપુર નામે નગરમાં મહેન્દ્ર નામનો વિદ્યાધરનો ઈન્દ્ર હતો. તેને હૃદયસુંદરી નામે રાણી હતી. તેને અરીદમન આદિ સો પુત્રો ઉપર અંજના નામે એક પુત્રી થઈ.

અંજના જ્યારે યુવાવસ્થાને પામી ત્યારે તેના પિતાને તેના માટે વરની ચિંતા થવા લાગી. રાજ્યના અનેક મંત્રીઓ અને દુતો જુદા જુદા દેશોના રાજકુમારોના ચિત્રો લાવીને બતાવવા લાગ્યા. તેમાં એક પણ મહેન્દ્રરાજાને અંજના સુંદરી માટે પસંદ ન પડયો. એક વખત મંત્રીએ બે ચિત્રો રાજાને બતાવતા તે ઉપર રાજાની નજર ઠરી. અંજનાને માટે આ બંન્ને વર યોગ્ય લાગ્યા. એ બંન્નેમાંથી કોની પસંદગી કરવી એ નિમીત્તિઆઓને પુછતા કહ્યું કેઃ-

પહેલું ચિત્ર જેનું છે તે વિદ્યુતપ્રભ અઢાર વર્ષના આયુષ્યવાળો છે, અને તે મોક્ષમાં જનાર છે. આ કારણથી આ વર અંજનાસુંદરી માટે યોગ્ય ન કહેવાય.

બીજું ચીત્ર જેનું છે તે–પવનજ્ય દીર્ઘ આયુષ્યવાળો છે માટે યોગ્યવર છે. માટે અંજના સુંદરી પવનજયને આપો.

નિમીત્તિઆ અને રાજા વચ્ચે આ પ્રકારની વાત ચાલી રહી છે તેજ વખતે બધા વિદ્યાધરો પોતાના પરિવાર સાથે નંદીશ્વર દ્વીપે યાત્રા માટે જતા હતા. એ બધામાં પ્રલ્હાદ રાજા પણ પવનજ્ય વિગેરે સાથે આવેલા હતા.

પ્રલ્હાદ રાજાએ અંજનાસુંદરીને જોઈને મહેન્દ્રરાજા પાસે પોતાના પુત્ર પવનજય માટે માગણી કરતાં કહ્યું કેઃ–

"તમારી પુત્રી અંજના સુંદરી મારા પુત્ર પવનજયને આપો."

પ્રલ્હાદ રાજાની માંગણીને મહેન્દ્ર રાજાએ સ્વીકારી લીધી. મહેન્દ્ર રાજાની તો ઇચ્છા અગાઉથીજ હતી જ પરસ્પર ઈચ્છાથી એકજ ભાવનાવાળા બન્યા. છેવટે ત્રીજે દિવસે માનસ સરોવર પર લગ્ન કરવું તેમ નક્કી કરી પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

બીજે દિવસે બંન્ને રાજવીઓ પોતપોતાના પરિવાર સાથે માનસ સરોવર પર આવી વસ્યા. પવનજ્ય પોતાના મિત્ર પ્રહસિત સાથે આરામ ખંડમાં બેઠો છે

પવનજય પ્રહસિતને કહે છે કે :– હે મિત્ર! શું તેં અંજનાસુંદરીને જોઇ છે? જો તેં જોઈ છે તો કહે તો ખરો કે તે કેવી છે?

પ્રહસિતે કહ્યું : અંજનાસુંદરી રંભાદિક અપ્સરાઓ કરતાં પણ અધિક સુંદર છે. તેની સુંદરતાનું વર્ણન વાચાળ આદમી પણ કરી શકતો નથી.

પ્રહસિતના મૂખે અંજનાના રૂપની આટલી પ્રશંસા સાંભળી પવનજયને અંજનાને જોવાની તિવ્ર ઈચ્છા થઈ અને પ્રહસિતને કહેવા લાગ્યો કે, મિત્ર વિવાહના દિવસો તો હજુ દૂર છે મારે તો તે અંજનાને આજેજ જોવી છે.

ભલે તમારી જોવાની ઈચ્છા હશે તો તે પણ થશે. અત્યારે તો ત્યાં જઇ શકાય નહિ, રાત્રિના સમયે તેના મહેલ ઉપર આપણે બન્ને જઈશું અને તમોને અંજના· સુંદરી બતાવીશ.

અંજના જોવાની ઈચ્છાવાળો પવનજય રાત્રિ આવવાની રાહ જોતો વ્યાકુળતાથી સમય પસાર કરવા લાગ્યો. એના મગજમાં એકજ વિચાર ઘુમી રહ્યો છે કે બસ! અંજનાને જોવી.......અને મધ્યરાત્રીએ પવનજય તથા પ્રહસિત બંન્ને ગુપ્તપણે અંજનાસુંદરીના મહેલ પર આવીને બારીકાઇથી નિરીક્ષણ કરવા લાગ્યા. તે સમયે અંજનાસુંદરી પોતાની વસંતતિલકા અને મિશ્રિકા નામની સખીઓ સાથે વિનોદ કરી રહી છે. એ વિનોદમાં વસંતતિલકા અંજનાસુંદરીને કહી રહી છે. કે હે અંજના સખી! તને ધન્ય છે! જે તું પવનજય જેવા પતિને પામી છો.

ત્યારે બીજી સખી મિશ્રિકાએ વસંતતિલકાને ઉદ્દેશીને કહ્યું કે તું આ શું બોલે છે! તેજ ભવમાં મુક્તિ પામનાર એવા વિદ્યતપ્રભ જેવા પરમ પવિત્ર વરને છોડીને બીજા વરની પ્રસંસા કોણ કરે!

વસંતતિલકાઃ–હે સખી! વિદ્યુતપ્રભ ચરમ શરીરી છે.

એ વાત સાચી છે અને એ દ્રષ્ટિએ તે ઘણા જ પ્રશંસા પાત્ર છે. પણ તે ઘણા જ ઓછા આયુષ્યવાળા છે. માટે તે ગમે તેવા ઉત્તમ હોવા છતાં અંજના માટે કઈ રીતે યોગ્ય હોઇ શકે ?

મિશ્રિકા—થોડું પણ અમૃત કલ્યાણને કરનારૂં છે જ્યારે થોડું ઝેર હોય તો પણ કલ્યાણકારી નથી. એટલું જ નહિ પણ પ્રાણનો સંહાર કરે છે. એટલે સ્પષ્ટ છે કે અલ્પ-આયુષ્યવાળા પણ વિદ્યુતપ્રભ ચરમ શરીરી હોવાના કારણે અમૃત સમાન છે. અને દીર્ઘ આયુષ્યવાળા પવનજય વિષના ભારા જેવા છે. એટલે કે વિદ્યુતપ્રભ આગળ પવનજય કોઈ પણ રીતે પ્રશંસાને પાત્ર નથી.

આ બંને સખીઓ અંજનાસુંદરીની સાથે વિનોદમાં વાર્તાલાપ કરી રહી છે. પોતાના પતિના વિષેની વાત હોવાથી અંજના આ બાબતમાં મૌન બેઠી છે. એક શબ્દ પણ બોલતી નથી.

ગુપ્તપણે ઉભેલા પવનજય કુમારને આ દ્રશ્ય જોઈ, વાર્તાલાપ સાંભળીને ઉલટી અસર થઈ. તેને લાગ્યું કે અંજના મૌન બેઠી છે. તેથી ચોક્કસ લાગે છે કે હું તેને પસંદ નથી પણ તેને તો વિદ્યુતપ્રભજ પસંદ છે. નહિતર તેની સખીઓ આટલું બોલે છે છતાં તે એક શબ્દ પણ કેમ બોલે નહિ.

પવનજયના અંગેઅંગમાં ક્રોધ વ્યાપ્ત થયો, નસેનસમાં લાવારસ વહેવા લાગ્યો. અને અંજના અને મિશ્રિકાના હૃદયમાં વિદ્યુતપ્રભની લાગણીઓ રહેલી છે. તે બન્નેને તલ-વારથી છેદી નાંખવા તત્પર થયો.

મિત્ર પ્રહસિતે પવનજયને ખુબ જ સમજાવ્યો, કહ્યું કે :–આપણે અહિંઆ ગુપ્તપણે આવેલા છીએ. અને જો આ કાર્ય કરતાં આપણે પ્રગટ થઈ જઈશું, તો અહિંના માણસોના હાથમાં પકડાઈશું, તો આપણી શી વલે થશે. માટે પછી જે કરવું હોય તે કરજો, હવે એક મિનીટ પણ અહિં થંભ્યા વિના નીકળી જઈએ.

મિત્રની શિખામણથી પવનજય ચૂપ રહ્યો. ક્રોધથી ધુંધવાયેલો પવનજય ત્યાંથી નીકળીને મિત્રની સાથે પોતાના સ્થાને પાછો ફર્યો, પણ દુઃખી એવા તેને લેશ પણ નિંદ્રા આવી નહિ તેણે તે આખી ય રાત્રિ દુઃખમાં જ પસાર કરી.

સવારના પહોરમાં જ પોતાના મિત્ર પ્રહસિતને બોલાવી કહેવા લાગ્યો કે હે મિત્ર ! આવી સ્ત્રીને પરણવાથી શું ! જો રાગ વિનાનો નોકર દુઃખને માટે થાય, તો રાગ વિનાની પત્નિ પણ દુઃખના માટે કેમ ન થાય ? માટે હે મિત્ર તું ચાલ ! આપણે બન્ને ય જણા આપણી નગરીમાં જતા રહીએ. જે સ્ત્રી પોતાને ન રૂચે તેને પરણવાથી શું ? આથી મારે તો પરણવું જ નથી.

પ્રહસિત શાંતિપૂર્વક પવનજયને સમજાવવા લાગ્યો કે આ રીતે સ્વછંદપણું કરવાથી મહાન પુરૂષ તરીકે પ્રસિદ્ધ એવા તારા માતા પિતાને અને અંજનાસુંદરીના માતા પિતાને પણ શું તું લજ્જિત નથી કરતો ?

મિત્રના કથનથી પવનજય પણ વિચારમાં પડી ગયો. વિચાર કરતાં તેને પણ ચાલ્યા જવું ઠીક ન લાગ્યું. તેથી

તે ચિત્તમાં શલ્યવાળો બન્યો, અને મુશીબતે રહ્યો. નીર્ણિત થયેલ દિવસે લગ્ન થયા. અને પ્રલ્હાદ રાજા પોતાના કુટુંબ સાથે પોતાના પુત્રને તથા પુત્રવધુને લઈને ઘણા આનંદ પૂર્વક પોતાની નગરીમાં આવ્યા.

પ્રલ્હાદ રાજાએ અંજના સુંદરીને રહેવા માટે વિમાન જેવો સાત માળનો પ્રાસાદ આપ્યો, પરંતુ પવનજયે તો લગ્ન કરીને આવ્યા પછી એક દિવસ વચન માત્રથી પણ ખબર લીધી નહિ.

આ બનાવ અશુભોદયનો સારો ખ્યાલ આપે છે. અંજના સુંદરીના અશુભોદયે એવું નિમિત્ત ઉભું કર્યું કે જેથી પોતાને પ્રાણથી પણ અધિક માનનાર પવનજય ખેદવાળો બની ગયો. અને જે પ્રસંગને માટે પ્રેમથી તલસી રહ્યો હતો તે પ્રસંગને શલ્યમાં પલટાવી નાખ્યો. અને ઘેર આવ્યા પછી પણ પોતાના પર આધાર રાખતી અંજનાસુંદરીને વચનથી પણ આશ્વાસન આપતો નથી.

આ સમયે અંજનાસુંદરીની કેવી દુઃખદાયક સ્થીતિ હશે તે વિચાર કરો. માતાપિતાને મૂકીને, સ્નેહની સાંકળો તોડીને, જેના ખાતર આ અપરિચિત સ્થળમાં આવી તેના તરફનો આવો વર્તાવ એ કેવી દશા ?

પતિને ઘેર આવી દુઃખમય જીંદગી ગાળે છે. છતાં પણ તેના અંતરમાં અન્ય દુષ્ટ ભાવનાનો સંચાર પણ નથી, પવનજય સિવાય અન્ય પુરૂષને એના હૈયામાં સ્થાન પણ નથી મલતું. એને મારી દરકાર નથી તો મારે એની દરકાર શી! આવી

ભાવના પણ એ મહાસતીને નથી આવતી, આવી રીતે એક બે દિવસ કે મહીના અથવા વર્ષ નહિ પણ બાવીસ બાવીસ વર્ષ વહી ગયાં છતાં પણ પોતાના પતિ પવનજય તરફ દુર્ભાવના, દુષ્ટ વિચાર, કે તિરસ્કાર બુદ્ધિ તેના અંતરમાં પ્રગટ થતી નથી, માત્ર તે પોતાના કર્મનો અને ભાગ્યનો જ દોષ કાઢે છે. મેં પૂર્વ ભવે કોઈ એવા કાર્યો કર્યા હશે કે જે અત્યારે મને ભોગવવા પડે છે. આમ અંજનાસુંદરી પોતાના દિવસો પસાર કરે છે.

એક દિવસે પ્રલ્હાદ રાજા પાસે રાવણનો દુત આવ્યો અને કહેવા લાગ્યો કે—આજ્ઞા માનવાનો ઈન્કાર કરતો વરૂણ મહારાજા રાવણ સાથે નિરંતર વેર ધરાવ્યા કરે છે માટે કોપાયમાન થયેલા રાવણે તેની સામે ચઢાઈ કરી છે. અને તે માટે દરેક વિદ્યાધરેન્દ્રોને બોલાવવા માટે પોતાના દૂતોને મોકલ્યા છે અને આજે મને આપની પાસે મોકલ્યો છે.

દુતનાદ્વારા રાવણનો સંદેશો સાંભળી પ્રલ્હાદ રાજા સહાય કરવા માટે રાવણ તરફ પ્રયાણ કરવાની તૈયારી કરવા લાગ્યા. તે વખતે પવનજય પોતાના પિતાને કહેવા લાગ્યો કે હે પિતાજી ! આપ અત્રે બિરાજો, હું રાવણના મનોરથોને પૂર્ણ કરીશ. કારણ કે હું આપનોજ પુત્ર છું. આપ જે ઈરાદે જવા તૈયાર થયા છો. તે ઈરાદાને હું સંપૂર્ણપણે સફળ કરીશ માટે આપ નિશ્ચિંતપણે અત્રે જ બિરાજો.

પુત્રના આગ્રહથી પિતાએ આજ્ઞા આપી.

પવનજય યુદ્ધમાં જવા માટે તૈયાર થયા. સઘળા

સ્વજન પરિવારની શુભાશિષ પૂર્વકના આશિર્વાદ લઈને વિદાય લીધી.

યુદ્ધમાં જતી વખતે પણ પવનજય અંજનાસુંદરીને મલતો નથી. બોલાવતો પણ નથી. પણ બીજા માણસો દ્વારા અંજનાસુંદરીને પવનજય યુદ્ધ માટે જાય છે તે ખબર પડે છે. તેથી તે પોતે સામે આવીને યુદ્ધમાં જતા પવનજયના દર્શન કરી પવનજય પ્રત્યે હાથ જોડી કહી રહી છે હે નાથ! માર્ગમાં આપનું કલ્યાણ થાવ, અને આપની ધારેલી ધારણાઓ પાર પાડીને પાછા વ્હેલા પધારજો.

આવી શુભ લાગણી દર્શાવતી અંજનાસુંદરી પ્રત્યે પવનજય દ્રષ્ટિ પણ ન કરતાં, આ ક્યાં વચ્ચે આવીને ઉભી છે તેવો વિચાર કરતો અણગમો દર્શાવી ચાલતો થયો.

અંજના ઓઠીગણે ઉભી ઉભી પોતાના પતિને દ્રષ્ટિ પડે ત્યાં સુધી જોઈ રહી.

દીન બનેલી તથા નિઃકલંક ચારિત્રવાળી મહાસતીની અવગણના કરીને પવનજય ચાલ્યો ગયો, તે છતાં મહાસતી કંઈપણ બોલ્યા વિના વિનયપૂર્વક પતિને નમસ્કાર કરી પાછી ઉપર ચાલી ગઈ.

રવાના થયેલો પવનજય માનસ સરોવરે ગયો. અને રાત્રિની શરૂઆતમાં ત્યાં વસ્યો. અહીં જ તેને અંજના સુંદરી પ્રત્યે સખીઓના વિનોદી વાર્તાલાપ દ્વારા અણગમો પેદા થયો હતો. તેજ જગ્યાએ તે આવેલો છે.

પ્રાસાદની અગાસીમાં બેઠા બેઠા પવનજય બહારના

દ્રશ્યો નિહાળી રહ્યો છે. તેમાં તેણે એક અદ્દભુત દ્રષ્ય જોયું; તે દ્રશ્યે તેના જીવનનો પલ્ટો આણ્યો-વિચાર ધારા બદલાઈ ગઈ.

એ દ્રષ્ય હતું એક ચક્રવાકીનું પોતાના પતિ ચક્રવાકના વિયોગની પીડાથી દુઃખ પામતી ચક્રવાકી ખાવા પીવાનું છોડી વિરહાગ્નિમાં બળતી કરૂણસ્વરે આક્રંદ કરી રહી છે. આ જોઈને પવનજય વિચારવા લાગ્યો કે, ચક્રવાકી જેવા પક્ષીઓ પણ આખોય દિવસ પતિની સાથે રમે છે. તે છતાં રાત્રિના પણ પતિના વિરહને સહન કરવા માટે શક્તિમાન થતા નથી તો જેણીને મેં પરણીને તરત જ છોડી દીધી છે. કદી મેં બોલાવી નથી, તથા જેમ એક પરનારીની અવજ્ઞા કરે તેવી રીતે આવતાની સાથે મેં પણ જેણીને અવગણી છે. એથી શરૂથીજ પર્વતના જેવા દુઃખના ભારથી દબાઇ ગયેલી અને નથી જોયું મારા સંગમનું સુખ જેણીએ, એવી તે અંજનાસુંદરી કેવી રીતે રહી શકતી હશે ? ખરેખર મને ધિક્કાર હો ! ધિક્કાર હો ! મારા રોષથી ગરીબડી તે મરી રહી છે તેણીની હત્યાના પાપથી દુર્મુખ એવો હું કયાં જઈશ ! આ પ્રમાણે વિચાર કરતો પવનજય પોતાના મિત્ર પ્રહસિતને બોલાવીને પોતાના હૈયાની અકથ્ય વેદના કહે છે.

આ ચક્રવાકી આખો દિવસ ચક્રવાકની સાથે રહી છે માત્ર થોડા વખતથી વિખૂટી પડી છે. છતાં આટલો કલ્પાંત કરે છે. તો લગ્ન દિવસથી મેં જેને ચાહી નથી. જેની સાર સંભાળ તો શું પણ જેને મેં બોલાવીય

નથી. પ્રયાણ વખતે જે આવીને પગે પડી, છતાં જેનું મેં અપમાન કર્યું છે પરનારીની જેમ મેં તેને તરછોડી છે. તે અંજના ને મારા વિયોગથી વિરહનું કેટલું અકથ્ય દુઃખ થતું હશે !

પ્રહસિતે કહ્યું કે હે મિત્ર ! સારૂં થયું કે આટલા લાંબા સમયે પણ તું આ પ્રમાણે સમજ્યો માટે હવે તારે ત્યાં જઇને તેણીને આશ્વાસન આપવું યોગ્ય છે.

અહીં પવનજયને ખરૂં ભાન થયું, સતીને સંકટ આપવા માટે તેનો આત્મા અત્યંત દુઃખ પામ્યો. અને તે પોતાના આત્માને ધિક્કારવા લાગ્યો.

આ પ્રસંગ તો અતિ લાંબો છે. પવનજય અંજનાસુંદરીના આવાસે આવે છે. ખરા અંતઃકરણ પૂર્વક પોતે દર્શાવેલા અમાનુષિ વર્તાવ બદલ માફી માગે છે. પ્રેમથી અંજનાને સંબોધે છે અને અંજનાની સાથે રાત્રિ નિર્ગમન કરી, રાત્રિના છેલ્લા પહોરે અંજનાની પ્રેમ અને લાગણી ભરી વિદાય લઈ પવનજય માનસ સરોવરે પાછો ફરે છે.

પવનજયના હૈયાનો પલ્ટો તો થયો. પોતાની પત્નિ પ્રત્યેની ફરજોને સમજ્યો અને એ ફરજ સમજી ને અંજનાને સુખ આપવા માટે યુદ્ધમાં જતાં જતાં પણ પાછો આવ્યો. એક રાત્રિ સુખમાં નિર્ગમન કરી પવનજય અંજના પાસેથી રૂડી રીતે લાગણી ભરી વિદાય લઈ પાછો ફર્યો. આથી પણ અંજનાને વધારે ઉલ્ટું થયું.

એક દિવસ પતિનું સુખ મેળવતાં કોઈ અશુભ કર્મોના ઉદયે અંજનાસુંદરીને કારમાં દુઃખો ભોગવવા પડે છે.

કેવા દુઃખો પડે છે. અને એ દુઃખોનો સતી સ્ત્રી કેવો ગંભીરપણે, અને હીંમતથી સામનો કરે છે. તેમાં કેટલી અડગતા ધારણ કરે છે. એ અંગેનું વિશેષ વર્ણન આવતા વ્યાખ્યાનમાં કહેવાશે.

**ઉપસંહાર:**

અહિં તો આપણે "હવે તો જાગો" એ વિષય ઉપર કહેવાનું છે. આ પ્રસંગમાંથી આપણને કેટલો બોધ પાઠ મલે તેમ છે તે વિચારવાનું છે.

તમે પણ કર્તવ્યના પંથ ઉપરથી ઉતરી ગયા હો, અથવા ઉંઘતા હો, તો ઉઠો! જાગો!

પૌદ્ગલિક સુખોમાં રાચવાનું છોડી, આત્મિક સુખોની પ્રાપ્તિ માટે જાગો.

જાગતા હો તો ઉભા થાવ, ઉભા હો તો ચાલતા થાવ, ચાલતા હો તો ઝડપી ચાલો, પણ! ઝડપી ચાલતા હો તો સુયોગ્ય પંથે દોડીને યોગ્ય સ્થાને જલ્દી પહોંચવા પ્રયત્ન કરો.

પ્રભાતના કુકડાની માફક મહાવીર પ્રભુની આજ્ઞા મસ્તકે ચઢાવી તેનો મહામૂલો સંદેશો જગતમાં અમે પણ સુણાવી રહ્યા છીએ.

"હવે તો જાગો અને પ્રમાદ ત્યાગો" અને કર્તવ્યના પંથ ઉપર આવો, પરમ કૃપાળુ પરમાત્માનું શરણું સ્વીકારો, ધર્મની સાચી આરાધના કરો, અને તમારા જીવનને ઉજ્જવલ્ બનાવો.

શુભંભવતું

## પ્રવચન ત્રીજું

# " કરમ તારી કળા ન્યારી "

સં. ૨૦૧૧ ના શ્રાવણ સુદ ૧૨ રવિવાર
તા. ૩૧-૭-૫૫ સ્ટા. ટા. ૯ થી ૧૦-૩૦ સવારના
સ્થળ. શ્રી જૈન ઉપાશ્રય મુલુંડ

તા. ૩૧-૭-૫૫ રવિવાર સવારના સ્ટા. ટા. ૯-૦૦ વાગે પૂ. પ્રવચનકાર મહારાજશ્રીનું ત્રીજુ પ્રવચન હતું " મુંબઈ સમાચાર "ના તંત્રીશ્રીએ પોતાના " દૈનિકમાં " પ્રસ્તુત પ્રવચનની નોંધ લેતા જણાવ્યુ હતું કેઃ-મુલુંડમાં ચાતુર્માસ બીરાજમાન પંન્યાસ પ્રવર શ્રી યશોભદ્રવિજયજી ગણીવર્યની દર રવિવારે તથા તહેવારના દિવસો માટેની ખાસ સળંગ પ્રવચનમાલા જનતાને અપ્રતિમ પ્રેરણા આપી રહી છે. તેઓશ્રીના પ્રવચનને સાંભળવા જૈન જૈનેતરોની મોટી ઠઠ જામે છે. ઉપાશ્રયનો વિશાલ હોલ અને તેની વિસ્તૃત ગેલેરીઓમાં તલપુર પણ જગ્યા રહેતી નથી એટલી માનવ મેદની જામે છે. આટલી મોટી માનવ મેદની થવા છતાં પ્રવચનનો એકએક શબ્દ શ્રોતાઓ સાંભળી શકે છે. એ પ્રમાણેની નીરવ શાંતિ ત્યાં પ્રસરેલી રહે છે. તેઓશ્રીનું પ્રવચન સર્વેને મંત્રમુગ્ધ કરી મૂકે છે. તેની એ પ્રતિતી આપે છે. તે દિવસે " મુંબઈના પોલીશ કમીશનર શ્રી કે. ડી. બીલીમોરીઆ " આવેલા હતા. પૂ. પંન્યાસજી મહારાજની સાથે અનેક પ્રકારની ધર્મચર્ચાઓ થઈ હતી, અને આનંદ અનુભવ્યો હતો. પ્રવચનનું સારભૂત અને લગભગ સંપૂર્ણ અવતરણ નીચે કરવામાં આવ્યું છે.

પુન્યશાળી મહાનુભવો;

આજના જાહેર વ્યાખ્યાનનો વિષય " કરમ તારી કળા ન્યારી " એ રાખવામાં આવેલ છે.

આજના વ્યાખ્યાનમાં કર્મનું સ્વરૂપ, આત્મા સાથે કર્મનો સંબંધ કયારથી થયો, કેવી રીતે થયો, તેના સંબંધથી આત્માની શું સ્થિતિ થઇ, કર્મોએ જીવોને કેવા કેવા નાચ નચાવ્યા, અને દુઃખો આપ્યા છે. એ કર્મોના બંધનો તોડવા માટે શું પ્રયાસો કરવા જોઇએ. કર્મોના બંધન તૂટે તો આત્માની કેવી ઉચ્ચગતિ થાય, અને કેવા સુખો પ્રાપ્ત થાય એ વિષે વિવેચન કરવાનું છે.

જીવ બે પ્રકારના કહ્યા છે. એક મુક્ત અને બીજા સંસારી, જે જીવો કર્મોથી મુકત થઈ સિદ્ધિપદને પામ્યા છે. તેને મુકતના જીવો કહેવાય છે. અને જે જીવો કર્મોવડે બંધાઈને સંસારમાં રઝળી રહેલા છે તેને સંસારી જીવો કહેવાય છે. આપણા બધાનો સમાવેશ બીજા પ્રકારના સંસારી જીવોમાં થાય છે.

સંસારમાં નજર નાંખતાં જણાય છે કે કોઈ ધન-વૈભવ અને કુટુંબાદિ પરિવારથી સુખી દેખાય છે તો કોઈ તેના અભાવે દુઃખી દેખાય છે. કોઈ અનેક પ્રકારના મહા ભયંકર રોગથી પીડાઈ રહેલો હોય છે. જ્યારે કોઈ સંપૂર્ણ તંદુરસ્ત માલુમ પડે છે. કોઈ સત્તાધિશ બની રાજવૈભવો ભોગવે છે. તો કોઈ દીન અને કંગાળ બની આજીજી કરતો ભીખ માંગતો નજરે પડે છે. એકને આવો પધારો એમ કહેવા વડે પ્રેમપૂર્વક આવકાર મળે છે. જ્યારે બીજાને તિરસ્કાર પૂર્વક જાકારો મલે છે, એક જ્ઞાની મહાન વિદ્વાન પંડીત દેખાય છે ત્યારે બીજો મૂર્ખ-બુદ્ધિહીન જેવો દેખાય છે. જ્યારે કોઈ પાંચ ઈન્દ્રીઓથી પરિપૂર્ણ સુંદર સ્વરૂપવાન અને સશક્ત દેખાય છે. ત્યારે કોઇ આંખે આંધળા, કાને

બ્હેરા, જીભે મુંગા, કે તોતડા, હાથે ઠુંઠા, પગે લંગડા, શરીરે બેડોળ અને કદરૂપા, અને તદ્દન દુબળા ( નિર્બળ ) દેખાય છે........આ છે સંસારની વિચિત્રતા.

આ સંસારની વિચિત્રતા શાથી ?

કહેવું જ પડશે કે વિચિત્રતાનું કારણુ માત્ર જ કર્મ છે, કર્મો વડે આ જીવ સંસારમાં રઝળી રહ્યો છે. ભટકી રહ્યો છે, અનેક પ્રકારના દુઃખો ભોગવી રહ્યો છે આત્મા સાથેનો કર્મનો સંબંધ અનાદિ કાળનો છે. આત્માની આદિ કહી શકાતી નથી. તેમ કર્મની પણુ આદિ કયારે થઈ તે પણુ કહી શકાતું નથી. પણુ આત્મા અનાદિ અનંત છે. જ્યારે કર્મ અનાદિ શાંત જરૂર છે.

કર્મ એ સારા નરસા પુદ્દગલોનો સમૂહ છે આત્મા જ્યારે સારા ( શુભ કરણી ) કૃત્યો કરે છે. ત્યારે શુભ કર્મના પુદ્દગલોનો સમૂહ આત્મા સાથે લાગે છે. ( બંધાય છે. ) અને આત્મા જ્યારે અશુભકૃત્યો ( કરણી ) કરે છે ત્યારે અશુભ કર્મોના પુદ્દગલોનો સમૂહ આત્મા સાથે લાગે છે. શુભ કર્મોના બંધથી આત્મા સુખી થાય છે. અશુભ કર્મોના બંધથી આત્મા દુઃખી થાય છે.

આજે પ્રાણી માત્ર શું ચાહે છે ?

સુખ જ

સુખ....સુખને....સુખ જ

નામનું ય દુઃખ ગમતું નથી એનું સુખ પણુ કેવા પ્રકારનું–કદી ય પાછું ચાલ્યું જાય નહિ તેવું, વળી એ શું ચાહે ? પોતાને ( મળતું ) મળેલું સુખ બીજા કોઈને ય મલે નહિ. આવી છે પ્રાણીની મનોકામના. પણુ સુખ મેળ-

વવા માટે કોઇને ય ધર્મકરણી કે સત્યાચરણ કરવું નથી, અને દુઃખ ટાળવા માટે દુષ્ટ પ્રવૃત્તિઓ કે અનાચાર છોડવા નથી. તો સુખ મળે કયાંથી, અને દુઃખ ટળે કયાંથી.

સુખની માન્યતા પણ તમારી ખોટી છે. તમે સુખ શેમાં માન્યું છે ? ધનમાં, સ્ત્રીમાં, પુત્રોમાં, બંગલા અને બગીચામાં, મોટરો અને સારા વસ્ત્રોમાં, ખાવા–પીવામાં કે મોજ માનવામાં....પણ બધામાં કયાંયે સુખ નથી....સુખ તો છે કોઈ બીજી ચીજોમાં.

સાચા સુખી થવું હોય તો શુભ કરણીઓ કરો, આજે માનવી માત્ર બુમ મારતો હોય છે કે અમે દુઃખી છીએ, દુઃખીઆરા માનવીને જ્ઞાની ભગવંતો એમ કહે છે કે–ભાઈ દુઃખી હો તો ધર્મ કરણી કર....ધર્મ કરણી કરીશ તો સુખી થઈશ પણ જ્ઞાની ભગવંતોના વચનો સાંભળવા છે કોને ? કે એ પ્રમાણે વર્તન કરવું છે કોને ?

ડૉકટર કે વકીલના પાસે જઈએ અને તેની સલાહ ન માનીએ તો આપણું કાર્ય થઈ શકે ખરૂં કે ? ન જ થઇ શકે. તેમ સુખી થવા માટે જ્ઞાની ભગવંતોની સલાહ ન માનો તો સુખી થઈ શકાય નહિ. એ યાદ રાખજો.

પ્રાણી માત્ર શુદ્ધ આત્માની દ્રષ્ટિએ સરખા છે. તેમાંય કાંઈપણ ભેદ નથી પણ માત્ર કર્મો વડે જ ભિન્નતા લાગે છે. કોઈ સ્ત્રી બને છે. કોઇ પુરૂષ બને છે. કોઈ પશુ બને છે. તો કોઈ પંખી કે માનવ બને છે. કોઇ દેવતાઈ સ્વર્ગીય સુખો ભોગવે છે. તો કોઈ નરકના કઠીન અસહ્ય દુઃખો સહન કરે છે. જે શુભ કરણી કરશે તે સુખી થશે. સ્વર્ગના સુખો પામશે, સ્વર્ગના સુખો પામશે કે ઉત્તમ માનવ જીવન

પામી, કર્મોનો સમુળગો નાશ કરી સિદ્ધિ પદને પણ પામશે. જે અશુભ કરણી કરશે તે દુઃખી થશે, નરક અને તિર્યંચ ગતિના અસહ્ય દુઃખનો ભોક્તા થશે.

તમને સુખી થવું છે કે દુઃખી ?

સુખી............

સુખી થવું હોય તો જ્ઞાની ભગવંતો ઢોલ પર દાંડી પીટી પીટીને કહે છે. કે આત્મા સાથે લાગેલાં કર્મોનો નાશ કરો. નવા કર્મો ઉપાર્જન ન થાય તે માટે ખુબ કાળજી રાખો.

અત્યારે શરીરે સશક્તવાન છો. એ પૈસે સુખી છો. માતપિતા આદિ પરિવારથી યુક્ત છો. વળી જ્યાં જાવ છો ત્યાં આવકાર પામો છો. તે બધું તમારા પૂર્વભવોની શુભ કરણીનું પરિણામ છે. તે આજે તમે બધું ભોગવો છો. (પામો છો)

હવે અત્યારે ધર્મ કરણી શું કરો છો ? કેટલી કરો છો ? આવતા ભવમાં સુખી થવું છે કે દુઃખી........? સુખી ?......સુખી થવું હોય તો આ ભવમાં ધર્મ–સત્કાર્ય કરવા જોઇશે ને ? ધર્મ કર્યા વિના આવતા ભવમાં સુખ મળશે ખરૂં ?

અત્યારે પણ કંઇક પ્રાણીઓ દુઃખી છે એ શાથી ? કહેવું જ પડશેને કે એણે પૂર્વભવોમાં કોઈ ધર્મકરણી નહિ કરી અને પાપ કરતાં પાછું વાળીને જોયું નહિ એનું આ પરિણામ છે.

કોઇ છોકરો બાપની મુડી પર તાગડધીન્ના કરતો હોય તો તમે તેને કહેવો કહેશો ? અક્કલહીન....શા માટે ?.... નવી કમાણી ન કરે તે માટે ને ? બાપની મુડીથી કંઈ આખો જન્મારો નીકળવાનો છે ! પિતાની લાખોની સંપત્તિ ધરાવ-

નાર છોકરાને પણ મહેનત કરવી જોઇએ. કમાવું જોઈએ. વધુ પૈસાની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ. તે રીતે સુખી અવસ્થામાં પણ ભવિષ્યનો ખ્યાલ કરી દુઃખી ન થવાય અને સુખ ચાલ્યુ ન જાય, તે માટે ધર્મ કરણી કરવી જોઈએ.

સુખી કે દુઃખી પ્રાણી પોતાની કરણી પ્રમાણે થાય છે. ઈશ્વર કોઈને સુખ આપતો નથી, કે કોઈને દુઃખ પણ આપતો નથી. ઈશ્વર સુખ આપે અને દુઃખ આપે એવી માન્યતા સાચી સમજણના અભાવે લોકોમાં ફેલાયેલી છે.

સુખ મળે તો આપણે આપણી બહાદુરીના ગુણગાન ગાવા લાગી જઈએ છીએ. અને દુઃખ આવી પડે ત્યારે આપણે ઈશ્વરને બદનામ કરવા લાગીએ છીએ.

તમે બુરી કરણી કરો તેમાં ઈશ્વર શું કરે ?

પાપ કરતી વખતે શુરવીરની માફક કોઈ જાતનો વિચાર કરતા નથી અને પછી જ્યારે એનું પરિણામ ભોગવવાનો વખત આવે ત્યારે રાંકડા થવું તે કેમ પાલવે.

યાદ રાખજો ! કોઈપણ નાનું કે મોટું પાપ અહિંઆ કદાચ છૂપાવી શકશો. અશુભ કર્મનો ઉદય થશે ત્યારે તમે છૂપાવી શકશો નહિ. દબાવી શકશો નહિ. કોટી ઉપાયો કરશો પણ ખુલ્લુ થયા વિના રહેશે નહિ.

પાપ કરતાં પહેલાં વિચાર કરજો. જ્યારે ભોગવવાનો વખત આવે ત્યારે સમભાવે સહન કરજો. જો તે વખતે દુર્ધ્યાન થઇ ગયું તો બીજા અનેક નવાં કર્મો ઉપાર્જન કરી બેસસો.

કર્મરાજાએ કોને છોડયા છે !

ભલભલા સત્તાધિશોને, કે તીર્થંકરાદિ મહાપુરૂષોને

પણ કર્મરાજાએ છોડયા નથી. એ કર્મરાજ શું મારા કે તમારા જેવાને છોડશે ખરા કે ?

આજે દુનિઆ પર એક એવી સત્તા છે કે જે રાજસત્તા કરતાં એ અધિક કામ કરી રહી છે. રાજસત્તાને પહોંચી તેની સામે પડકાર કરી શકાશે પણ આ કર્મસત્તાને પહોંચી નહિ શકાય. તેની સામે પડકાર નહિ થઈ શકે.

જેમ રાષ્ટ્રનું આખુય તંત્ર રાજસત્તાના બળે ચાલી રહ્યું છે. કલાકની એકાદ મીનીટ રાષ્ટ્રપરથી જો રાજસત્તા ઉઠાવી લેવાય તો રાષ્ટ્રમાં અંધાધુધી કેવી થાય ! તે તો તમે સમજી શકતા હશો તેમ સંસારનું આખુ ય તંત્ર કર્મ-સત્તાના બળે જ ચાલી રહ્યું છે. અને તે કર્મસત્તા ગુપ્તપણે કાર્ય કરી રહી છે. જ્યારે એના પરિણામ ભોગવાય છે ત્યારે જ ખબર પડે છે કે, આ કર્મરાજા તરફથી શિક્ષા થઈ.

શ્રમણ ભગવંત મહાવીર પરમાત્માનું આખુંય જીવન જોઈએ તો તેમાં ડગલે અને પગલે કર્મની જ કહાની આવે છે.

આત્માનો ભયંકરમાં ભયંકર જો કોઇ શત્રુ હોય તો તે કર્મ જ છે. કર્મ જ સંસારમાં પ્રાણીઓને રઝળાવનાર છે. ભટકાવનાર છે. રખડાવનાર છે. અસાધ્ય દુઃખો, અને ઘોર કારમા કલંકો આપનાર છે. એ કર્મે જ આત્માનું સાચું ભાન થવા દીધું નથી. ધર્મ કરણી કરવા દીધી નથી.

એ કર્મે જ આત્માને શાશ્વત સુખનો ભોક્તા હજુ સુધી આપણને થવા દીધો નથી.

અનાદિ કાળથી રઝળી રહ્યા છીએ તે કર્મના જ પરિણામ છે. કર્મને ભાંગીને ભૂક્કો કરી નાંખો, બાળીને ખાખ કરી નાખો. આત્માને નિર્મળ બનાવી, સોવનવર્ણો બનાવો. આત્મા સ્વતંત્ર છે. સ્વતંત્ર રહેવા સર્જાયેલો છે. અને તેને સ્વતંત્રતા જ પ્રિય છે. પણ આજ અનાદિ કાળથી કર્મોની પરતંત્રતાની બેડીઓમાં જકડાઈ ગયો છે. અને તેથી પરવશ બની ગયો છે, આત્માની અનંત શક્તિ હણાઈ રહી છે.

અનંત શક્તિનો ધણી, શાશ્વત સુખનો ભોક્તા, પરમપદે બીરાજવા લાયક આત્મા આજે કર્મના પ્રતાપે ગંધાતી ગટર જેવા અને સળગતા સંસારમાં હોમાઈ રહ્યો છે.

હે આત્મન્! તું વિચાર કર! તું અનંત શક્તિનો ધણી છે. સંસારના ભોગવિલાસમાં શક્તિનો દુરૂપયોગ કરે છે. તેના કરતાં પ્રભુના બતાવેલા પંથે અનંત શક્તિનો વ્યય કરી અક્ષય સુખની પ્રાપ્તિ કર! જ્ઞાનદર્શન અને ચારિત્રરૂપી શક્તિને સ્ફુરાયમાન કરી કર્મના બંધનથી મુક્ત થા.

હવામાં ઉડતા કિલ્લોલ કરતા અને ખીલખીલાટ હસતા પોપટને કોઇ માનવી પકડીને પાંજરામાં પુરે કે કોઈ જંગલમાં સ્વતંત્ર વિહરતા વનકેસરી સિંહને પકડીને પાંજરામાં પુરે તો તેની કેવી શક્તિ બદલાઈ જાય છે, હણાઇ જાય છે, તેમ કર્મથી બંધાયેલા અને સ્વપ્નમય સંસારના પાંજરામાં પુરાયેલા આત્માની શક્તિ પણ તેવી જ રીતે હણાઇ રહી છે, દબાઈ રહી છે.

પોપટને મુક્ત કરવામાં આવે તો તુરત પોતાની બે પાંખો ફફડાવતો, આકાશમાં કીલ્લોલ કરતો ઉડવા લાગે, કે પાંજરામાંથી સિંહને મુક્ત કરવામાં આવે તો તે મોટી ગર્જના

કરતો પડકાર કરી સામો ધસી આવે. તેમ હે આત્મન્! તું કર્મોરૂપી પાંજરામાંથી મુક્ત થા, અને કીલકીલાટ કરતો તારા પરમ એવા શાશ્વત સ્થાનમાં ચાલ્યો જા.

લોખંડની વજનદાર સાંકળો તોડવા માટે શરીરમાં જેમ બળ જોઇશે. બળ વિના સાંકળ તોડી શકાશે નહિ. તેમ આઠે કર્મના આંકડાથી બનેલી આ મજબુત સાંકળને તોડવા માટે આત્મામાં બળ જોઇશે.

પણ એ બળ કયું!

તો જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્રનું,........અહિંસા સંયમ તપનું બળ જોઇશે.

આંખની ગરમી દૂર કરવા જેમ ત્રિફળાના ચૂર્ણનું પાણી છાંટવું એ અમોઘ ઉપચાર છે. તેમ આ પૌદ્ગલિક સુખમાં રાચતા આત્માને ચઢેલું કર્મોનું જે ઝેર, તેને ઉતારવા માટે, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપી ત્રિફળા એ રામબાણ ઉપાય છે.

શરીર ઉપર મેલ ન ચડે તેની કાળજી રાખીએ છીએ. આપણા કપડાંને ડાઘ ન પડે તેની પણ પુરેપુરી ચીવટ રાખીએ છીએ. પણ આત્મામાં મેલનાં થોકેથોક લાગી જાય તેનો આપણે વિચાર કરતા જ નથી.

આજના યુગનાં કેટલાક આત્માઓ, આત્મા છે કે નહિ, તે વિષેના મતભેદમાં મુંઝાય છે એ કેટલું ઘોર અજ્ઞાન છે.

શરીર દ્વારા ક્રિયા કરો છો, વિચાર કરો છો, બોલો છો, એ બધું કોણ કરે છે? શરીરમાં રહેલો આત્મા નામનો એક

પદાર્થ, એ પદાર્થ જેના શરીરમાં ન હોય તેને તમે શું કહેશો ? કહો કે મુડદું,

મુડદું........મુદડું કદાપિ બોલે છે, ચાલે છે, ખાય છે, પીએ છે ! ના. તો એ વસ્તુ પ્રત્યક્ષ છે બોલતા–ચાલતા શરીરમાં આત્મા છેજ.

અત્તરનો ડાઘ સુગંધ આપે છે. અને મુત્રનો ડાઘ દુર્ગંધ આપે છે. તેમ અત્તર જેવી શુભ કરણી આત્માને આલ્હાદ પમાડે છે. અને વિષ્ટા તથા મુત્ર જેવી અશુભ કરણી આત્માને ખેદ પમાડે છે.

આરીસો ચકચકીત શામાટે રાખો છો. એમાં એક પણ ડાઘ હોય કે દેખાય તે તમોને ગમે છે ! નથી ગમતું. તરત જ કપડું લઈને ડાઘ દૂર કરવાનો પ્રયત્ન કરો છો. આરીસા પ્રત્યે પણ આટલી કાળજી લોછો ત્યારે આરીસા કરતાં તમોને આત્માની કિંમત ઓછી આગે છે કેમ ! કદાચ તમો કહેશો કે આરીસાના ડાઘ. પ્રત્યક્ષ દેખાય છે જ્યારે આત્મા ઉપરના કર્મોના ડાઘ પ્રત્યક્ષ દેખાતા નથી. પણ !

દેખાય છે હો !

તમે અજ્ઞાનના અંધારામાં અથડાઈ રહ્યા છો. તમારા આત્મા ઉપર લાગેલા ડાઘાઓના પરિણામે તમારી શક્તિ હણાઈ રહી છે. રોગી, કલીષ્ટ, બેડોળ બની રહ્યા છો એ બધું તમોને દેખાય છે કે નહી !

શરીર ઉપર ચાંદુ પડે કે મોઢામાં ચાંદી પડી ત્યારે શું માનો ! માનોને કે પેટમાં કબજીઆત થઈ છે.

પેટમાં પેસીને તમે થોડાક જ જોવા ગયા છો કે તેમાં કચરો ભરાઈ ગયો છે. પણ આવા પ્રકારના ચિન્હો ઉપરથી

કહો છો ને, કે કબજીઆત થઈ છે અને તે સાચું હોય છે. તેમ જીવનમાં અજ્ઞાનતા, રોગીપણું, ગરીબાઈ આ બધુ જે દેખાય છે તેથી માલુમ પડે છે કે આત્માની સાથે કર્મોને‌ા કચરો વધી ગયો છે અને તેનું આ પરિણામ છે

કબજીઆત દૂર કરવા માટે તમે જુલાબ લોછો, પેટ સાફ કરો છો, ખાવાનું બંધ કરો છો, કામ ધંધો બંધ કરી આરામ લો છો, બોલવાનું બંધ કરીને મગજને આરામ આપો છો. આવું તમે ઘણું ય કરો છો.

પણ !

આત્માના કચરાને સાફ કરવા એકે ય દિવસ રેચ લીધો છે, આત્માનો કચરો સાફ કરવા માટેનું જો કોઈ અદ્‌ભૂત ઔષધ હોય તો તે તપસ્યા, વીતરાગ પ્રભુની ભક્તિ, દેવ, ગુરૂ, અને ધર્મની ઉપાસના, અહિંસા, સંયમ અને તપનું શુદ્ધ હૃદયપૂર્વકનું પાલન–આ બધું કરવા માટે તમોને ફુરસદ નથી. સમય નથી. વિચારો ! વિચારો ! ઓ મહાનુભાવો ! આત્માનું કેટલું ઘોર અધઃપતન થઈ રહ્યું છે.

આજે કેટલાક આત્માઓ પેટ સાફ કરવા માટે અઠ-વાડીએ જુલાબ લેનારાઓ છે, પણ–તેઓને આત્માનો કચરો સાફ કરવા માટે પખવાડીએ એક પૌષધ કરી ધર્મારાધન પૂર્વક દિવસ વિતાવવા ભાવના પણ થતી નથી.

ચાતુર્માસના દિવસો છે, તેમાં શારીરીક પ્રકૃતિને માટે તમો કેટલું ધ્યાન રાખો છો. સુસ્ત શરીરને સ્ફુર્તિવાન કરવા કઈંક પ્રયત્નો કરો છો. પણ ! ધર્મની આરાધના કરવા માટે આ ચાતુર્માસની મોસમ છે તેમાં સુસ્તી ન ચાલે. પ્રમાદ ન ચાલે, સુસ્ત શરીરને તાબે ન થતાં, આત્માને તાબે

થઇ કાર્ય કરો, આ આત્માને તો અનંતી વખત શરીર મલ્યું, અનંતી વખત માતા પિતા મલ્યા, કુટુંબીઓ સ્નેહીઓ મલ્યા, કુટુંબીઓએ અને સ્નેહીઓએ ભેગા મલી આ શરીરને અનંતી વખત બાળીને રાખ કરી નાખ્યું,

જેમ ચોમાસામાં વરસાદ આવે અને રસ્તાનો તથા ગટરનો કચરો સાફ કરી નાખે છે. તેમ અમે પણ પ્રભુ મહાવીરની વાણીનો અસ્ખલીત વરસાદ વરસાવીને તમોને ધર્મ કરણીમાં વધારે ઉદ્યમવંતા બનાવી તમારા આત્માને લાગેલો કર્મ રૂપી કચરો સાફ કરવાની ઉદ્ઘોષણા કરીએ છીએ.

એક વખત બે મિત્રો સાગરના કિનારે ફરવા ગયા, ઘુંઘવાતા સાગરને જોઈને એક મિત્રે કહ્યું કેઃ-સાગર તો રત્નોનો નિધિ છે. એના પેટાળમાંથી અનેક પ્રકારના ઉત્તમ રત્નો નીકળે છે.

જ્યારે બીજાએ કહ્યું કે સાગર તો મીઠાનો ભંડાર છે. તૃષાથી અતિ પીડાતા માનવીને એનું પાણી પીવાને પણ કામ આવતું નથી.

એક જણે સાગરને રત્નોનો ભંડાર કહી તેની ઉપયોગીતા બતાવીને મહત્તા સમજાવી.

જ્યારે બીજાએ સાગરને મીઠાનો ભંડાર કહી તેને બીન ઉપયોગી બનાવ્યો........

આવું જ આપણા માનવ જીવનનું છે-આપણે આપણા માનવ જીવનમાં શુદ્ધ ધર્મ કરણી કરીએ, સદાચારી રહીએ, પરમાત્માની આજ્ઞા અનુસાર જીવન જીવીએ, પરોપકાર અને પરહિત કાજે જીવનને સમર્પણ કરીએ તો આપણું માનવ જીવન રત્નોના ભંડાર એવા સાગર સમાન ઉપયોગી થાય.

અને એજ માનવ જીવનમાં જો પારકાને દુઃખ આપીએ, હિંસા, જુઠ, ચોરી વિગેરે અનાચારો સેવીએ, દગો પ્રપંચ કરીએ, લોકોના પરસેવાની માલમિલ્કત હજમ કરીએ, પારકાનું અહિત કરવા દિનરાત મહેનત કરીએ. તો આપણું જીવન સાગરના પાણી જેવું બીન ઉપયોગી પણ છે.

કીંમતી ઘડીઆળમાં જો કાંટા ન હોય તો તે ઘડીઆળની કીંમત ફૂટી કોડીની છે તેમ માનવીના જીવનમાં અહીંસા, સંયમ, અને તપરૂપી કાંટા ન હોય તો તેની કીંમત ફૂટી કોડીની છે.

હું તમોને પૂછું છું કે તમારી સૌની પાસે ઘડીઆળ છે. તે ઘડીઆળમાં કેટલા કાંટા છે! અને તે શું બતાવે છે! કહો કે ત્રણ પ્રકારના કાંટા છે અને તે સેકન્ડ, મીનીટ, અને કલાકના આંકડા દર્શાવતા હોય છે. એ કાંટા સુચવે છે કે તમારા મન, વચન, અને કાયારૂપ જીવનના ત્રણ કાંટા બરાબર ચાલે છે કે નહિ.

જ્યારે ઘડીઆળમાં એક વાગે છે ત્યારે બતાવે છે કે હે આત્મન્ ! તું જગતમાં એકલો જ આવ્યો છે. તું કોઇનો નથી અને તારૂં કોઈ નથી.

બે વાગે ત્યારે બતાવે છે કે ઓ માનવ ! તું રાગ-દ્વેષનો ત્યાગ કર, ત્રણનો કાંટો બતાવે છે કે રત્નત્રયીનું આરાધન કરવા તૈયાર થા, ચાર વાગે ત્યારે ચારે કષાયોનો ત્યાગ કર, પાંચ વાગે ત્યારે દર્શાવે છે આ ભવ સાગરને તરવા માટે, અને જન્મ મરણના ભયંકર દુઃખોને દુર કરવા માટે પાંચ મહાવ્રતને ધારણ કર, છ વાગતા બતાવે છે હે વિવેકી આત્મા ! તું છકાયના જીવોનું તારા ભોગે પણ રક્ષણ

કર, ( છકાયને અભયદાન આપ ) સાત વાગે ત્યારે કહે છે સાત મહાભયને દુર કર, આઠ વાગે ત્યારે કહે છે હે માનવ! આત્માને જયોતિ સ્વરૂપ બનાવવા માટે આઠ કર્મના આંકડાની બનેલી સાંકળને તોડવા માટે તૈયાર બન! નવ વાગે ત્યારે કહે છે કે નવવાડપૂર્વક બ્રહ્મચર્યનું પાલનકર, દશ વાગે ત્યારે જણાવે છે કે હે મોક્ષપંથના મહાન મુસાફર! જગતની નશ્વર આળપંપાળને છોડીને તું દશ પ્રકારે યતિ ધર્મનું આરાધન કર, અગીયાર વાગે ત્યારે જણાવે છે કે શ્રાવકની અગીયાર પડીમાનું વહન કરવા મજબુત બન! બાર વાગે ત્યારે તે બતાવે છે કે શ્રાવકના બાર વ્રતને ગ્રહણ કરવા માટે તો તું કટીબદ્ધ બન.

તમે જેને જડ કહો છો તે જડ ઘડીઆળ પણ તમોને રાત દિવસ ઉપદેશ આપવા અવિરતપણે કલાકે કલાકે ટકોરા વગાડીને તમોને જગાડે છે.

માનવીએ કેવું જીવન જીવવું તે તેના પોતાના હાથની વાત છે. સારૂં જીવન જીવવા માટે સુગુરૂઓનો સમાગમ, તેમના વચનોનું શ્રવણ અને સારા પુસ્તકોનું વાંચન આજના યુગના માનવીને વધારે જરૂરી છે.

આજે તો તમોને વારંવાર પરદેશ જવાની ભાવનાઓ થાય છે. પણ તમોને ત્યાં પણ સુખ નથી બે ત્રણ માસ કે એકાદ વરસે પણ તમારો પાસપોર્ટ પુરો થતાં પહેલાં જ તમારે તમારા દેશમાં પાછું આવવું પડે છે પણ તમે એવો પાસપોર્ટ કઢાવો કે જે સ્થાને ગયા પછી તમારે પાછા આવવું પડે જ નહિ.

પણ તે પાસપોર્ટ મલશે ક્યારે, કે કર્મોનો કચરો દૂર થશે એટલે તરત જ તે પાસપોર્ટ તમોને મલી જશે. પણ સાથે એટલું જરૂર યાદ રાખજો કે તે પાસપોર્ટ મેળવવાની ઓફીસ તો માનવ જીવન જ છે. માટે માનવ જીવન રૂપી પાસપોર્ટ મેળવવાની ઓફીસ મલી ગઈ છે, પાસપોર્ટ મેળવવાના સાધનો તરીકે સુદેવ, સુગુરૂ, સુધર્મ પણ તમોને મલ્યા છે તો હવે તમો પ્રયત્ન કરો કે તમોને જલ્દીથી પાસપોર્ટ મલી જાય.

આજે તો માનવીના જીવનમાંથી સંતોનો સમાગમ ગયો. સારા સાહિત્યનું વાંચન ગયું, સારી અને ઉચ્ચ ભાવનાઓ નષ્ટપ્રાયઃ થઈ ગઈ.

માનવીના જીવનનું કેટલુ અધઃપતન થયું છે. તે નજરમાં કે કલ્પનામાં પણ આવી શકતું નથી.

ગયા રવિવારના "હવે તો જાગો" એ વિષયના જાહેર વ્યાખ્યાનમાં મહાસતી અંજના સુંદરી અને કુમાર પવનજયના વિષે વિવેચન કરવામાં આવ્યું હતું-પત્નિ પ્રત્યેની પોતાની ફરજને ચુકી ગયેલા પવનજય કુમારને એક ચકવાકીના પ્રસંગથી પોતાની ફરજનું ભાન થયું અને તે જાગ્યો, અને રણસંગ્રામ તરફ જતાં જતાં માનસ સરોવરથી પાછો ફરીને પત્નિના આવાસે આવી પોતાના અઘટિત વર્તાવની સાચા હૃદયપૂર્વક ક્ષમા માગી, તેને એક રાત્રિ સંસારના નશ્વર સુખોથી આનંદ આપી કુમાર પોતાની ફરજ અદા કરવા માટે રણસંગ્રામ પર પાછો ચાલ્યો ગયો. પૂર્વે અહીં સુધી વાત કહેવાઈ ચૂકી હતી.

હવે આજના "કર્મ ત્હારી કળા ન્યારી" એ વિષય પરના વ્યાખ્યાન સંબંધમાં:-

પવનજય કુમાર પોતાની પત્ની અંજનાસુંદરી સાથે બાવીશ બાવીશ વર્ષો બાદ એક જ રાત્રિ સુખ ભોગવી ચાલ્યો ગયો.

અત્યાર સુધી અંજનાસુંદરી પોતાના અશુભ કર્મના ઉદયે પતિ વિરહનું અસહ્ય દુઃખ બાવીશ વર્ષોથી સહન કરી રહી હતી. જ્યારે પતિનો સંયોગ થયો. બાવીસ વર્ષે એક દિવસ પતિનું સુખ મલ્યું, પણ તેનું પરિણામ પોતાના અશુભ કર્મના ઉદયે દુઃખના ડુંગર રૂપ બન્યું.

જે રાત્રિએ પવનજય કુમાર પોતાની પાસે આવેલ હતો. તે રાત્રીએ અંજના ઋતુસ્નાનવાળી હોવાથી તેમજ કર્મબળે તેજ વખતે ગર્ભ પણ રહ્યો.

ઋતુસ્નાનવાળી અંજનાને લાગ્યું કે આજના આ સંયોગથી કદાચિત મને ગર્ભ રહી જાય તો લોકોમાં હું નિંદિત ન થાઉં તે માટે બચાવ તરીકે પવનજય કુમાર પાસેથી સાક્ષી તરીકે મુદ્રિકા મેળવી લીધી હતી.

દીવસો વીતવા લાગ્યા, અને ગર્ભ પણ વધવા લાગ્યો. ગર્ભના કારણે અંજના વધુ સ્વરૂપવાન દેખાવા લાગી. અને શરીર અંગોપાંગમાં પરિવર્તન થવા લાગ્યું.

આ જોઇને અંજનાની સાસુ કેતુમતીને અંજના પ્રત્યે સંપૂર્ણ શંકા ઉભી થઈ. એને લાગ્યું કે મારો પુત્ર લગ્ન કર્યા પછી આજે બાવીશ વર્ષ થયા, એક દિવસ પણ તેને બોલાવી નથી કે તેની સાથે રહ્યો પણ નથી.– અને આજે ઘણા દિવસો થયા રણસંગ્રામમાં યુદ્ધ કરવા ગયો છે. તો આ કઈ રીતે તેનાદ્વારા ગર્ભ રહ્યો હશે.

આ સ્રીને છોડવાનું મારા પુત્રનું કારણ વ્યાજબી લાગે છે. આ સ્રી જરૂર કુલટા છે, ખરાબ ચાલની છે. અને એજ કારણે મારા પુત્રે આજ સુધી તેને બોલાવી નથી. અને અંજનાએ આવું અઘટિત કૃત્ય કરીને તેણે અમારા કુલને કલંક લગાડયું છે. એ રીતે કેતુમતીએ અઘટિત શબ્દો કહીને અંજનાનો તિરસ્કાર કર્યો.

સાસુના તિરસ્કાર ભરેલા શબ્દોનો માર સાંભળી અંજના સ્તબ્ધ બની ગઈ. આંખમાંથી ચોધાર આંસુઓ વહેવા લાગ્યા. પોતાનો બચાવ કરવા સારૂં તેણે પોતાના હાથની આંગળી પર પહેરેલી મુદ્રિકા (વીંટી) સાસુની સામે ધરી અને કહ્યું કેઃ

આપના પુત્ર યુદ્ધ માટે રણસંગ્રામ તરફ જતાં અધવચ્ચે એક ચક્રવાકીનું દુઃખ જોતાં તેમને મારા દુઃખનો સાચો ખ્યાલ આવતા તેઓ તેજ રાત્રીના અહિંઆ આવેલા, અને આખી રાત્રિ સુખમાં નિર્ગમન કરી, અને તેજ દિવસે હું ઋતુસ્નાનવાળી હોવાથી તુરત ગર્ભ રહી જવા પામ્યો. કોઈને મારી ઉપર શંકા આવશે તે સમજીને શંકાના નિવારણાર્થે તેમની પાસેથી અમારા મિલન તરીકેના ચિન્હ તરીકે આ સુવર્ણ મુદ્રિકા લઇ લીધી હતી. તે આપ જુઓ અને શંકા રહિત બનો, પણ આપ કૃપા કરીને કોપાયમાન ન થાઓ.

તુરત જ સાસુ કેતુમતીએ કહ્યુંઃ—હે પાપીણિ! એક માત્ર મુદ્રીકા બતાવીને જ તું અમને શા માટે ઠગે છે–તું આવી તરકીબથી અમને ઠગવા ઈચ્છે તો પણ અમે ઠગાવાના

નથી. કારણ કે વ્યભિચારિણી સ્ત્રીઓ ઠગવાના ઘણા પ્રકારો જાણે છે. એ હું સારી રીતે જાણું છું માટે હે સ્વચ્છંદા ચારિણી ! આજે જ અને અત્યારે મારા ઘરમાંથી નીકળી તને ફાવે ત્યાં તારૂં શ્યામ મુખડું લઈને ચાલી જા. આ સ્થાન તારા જેવી કુલટાઓ માટે નથી. એ પ્રમાણે તાડુકતી કેતુમતીએ પોતાના સેવકોને બોલાવી હુકમ કર્યો કેઃ–

આ અંજનાને તેના પિતાના ઘેર મૂકી આવો. કેતુમતી મહારાણીની આજ્ઞાથી સેવકો અંજનાને લઈને ચાલ્યા. તેની સખી વસંતતિલકાને પણ સાથે લીધી. સેવકો મહેન્દ્ર-નગર પાસે અંજના તથા વસંતતિલકાને મૂકીને દુઃખાતે દીલે વિદાય લઈને ચાલતા થયા.

પોતાની સખી વસંતતિલકા સાથે અંજના પિતાના દ્વારે ગઇ. આ રીતે એકલી અંજનાને આવેલી જોઇને દ્વાર-પાળે આશ્ચર્ય પામી તેણીને પૂછયું કે બ્હેન ! આમ કેવી રીતે બન્યું ?

અંજનાસુંદરી બીલકુલ મૌન ધરી ઉભી રહી. પણ તેણીની સાથે આવેલી સખી વસંતતિલકાએ આ હાલાકી શી રીતે થઇ તે સર્વે હકીકત કહી. દ્વારપાળે અંજનાને શાન્ત્વન્ આપ્યું. અને યોગ્ય આસન આપીને બેસવા જણાવ્યું. અને પોતે રાજા પાસે જઈને વસંતતિલકાએ કહેલી અંજ-નાની સર્વે હકીકત કહી.

દ્વારપાળના મૂખે અંજનાના અંગેની આ વાત સાંભળી એના અંગેઅંગમાં ક્રોધ વ્યાપી ગયો. આ વખતે રાજાની

બાજુમાં તેનો મોટો પુત્ર પ્રસન્નકીર્તિ બેઠેલો હતો. તે ઉતાવળથી તાડુકીને બોલી ઉઠ્યો કે:—

**"આપણા કુલને કલંકિત કરનારી એવી કલંકીત અંજનાને તુરત જ કાઢી મૂકો."**

બાજુમાં બેઠેલા બુદ્ધિશાળી ચતુર એવા **મહોત્સાહ** નામના મંત્રીએ રાજાને ઉદ્દેશીને જણાવ્યું કે:—

એકાએક કોપાયમાન થવું ઉચીત નથી. પુત્રીને આપણે ત્યાં રાખો અને પછી તપાસ કરો કારણ વ્યાજબી જણાય તો પછી યોગ્ય લાગે તે ખુશીથી કરજો. પણ કોઈપણ વસ્તુની તપાસ કર્યા વિના વાત સાચી માની લેવી એ શાણા માણસોનું કર્તવ્ય નથી.

મંત્રીની આ વાત અંજનાના ઘોર અશુભ કર્મના ઉદયે રાજાને ન રૂચી, મંત્રીની વાતનો ઈન્કાર કરીને દ્વારપાલને રાજાએ હુકમ કર્યો ને કહ્યું કે અંજનાને જઈને કહો કે તારા અઘટિત કૃત્યથી અમારાકુલને કલંક લાગ્યું છે, તેથી અમે તારૂં શ્યામ મૂખ જોવા પણ ઈચ્છા રાખતા નથી માટે હમણાં જ અમારા દ્વારને છોડીને તને યોગ્ય લાગે તે સ્થાને ચાલી જા.

દ્વારપાળે આવીને દુઃખીત હૈયે અંજનાને રાજાનો સંદેશો આપ્યો. પિતા તરફનો આવો ઉત્તર સાંભળી અંજના સ્તબ્ધ થઈ ગઈ–તેના દુઃખનો પાર ન રહ્યો. હવે જાવું ક્યાં ? પુત્રીને દુઃખમાં જો કોઈ એકમાત્ર આશરો હોય તો તે છે પિતાનું ઘર; જ્યારે ત્યાં આવકારને બદલે જાકારો મલે ત્યારે તેને માટે આ જગતમાં ક્યાંય ઉભા રહેવાનું સ્થાન રહેતું નથી.

ક્રોધી બનેલા પિતાએ પોતાને ત્યાંથી અંજનાને હાંકીને જ માત્ર સંતોષ ન માનતાં તેમણે પોતાના શહેર અને ગામોમાં ક્યાંય પણ અંજનાને આશરો ન આપવા માટે ફરમાન કાઢયું.

મહાન દુઃખોના ભારથી દબાયેલી અંજના કલ્પાન્તહૃદયે આંખમાંથી ચોધાર આંસુઓનો વરસાદ વરસાવતી, ભૂખ અને તરસથી વ્યાકુલ બનતી, નિસાસા નાખતી, પગમાંથી નીકળતા લોહીથી પૃથ્વીને પોતાના શોણીતથી કંપાવતી, નગરમાંથી જતી હતી. નગરજનો દુઃખીત અંજનાને જતી જોઈ રહ્યા હતા. જ્યાં રાજાની આજ્ઞા હોય ત્યાં કોણ અંજનાને સહારો પણ આપી શકે.

મહાવ્યથાને પામેલી અંજના પોતાની સખી વસંતતિલકાની સાથે મોટી અટવીમાં આવી પહોંચી. અને થાકેલા પગે, ભાંગેલા હૈયે, મોટા પહાડ ઉપર ચઢીને એક વૃક્ષની શીતલ છાયામાં બેસીને પહાડના પથ્થરો પણ તુટે તેવા મોટા આક્રંદથી વિલાપ કરવા લાગી. તેના વિલાપથી દશે દીશાઓ ચિત્કાર પાડી ઉઠી. પવન બંધ થઇ ગયો. પશુ પંખીઓ દીનવદને પોતાના માળામાં જવા લાગ્યા, દીવસનો નાથ જે સૂર્ય પણ સતી અંજનાના વિલાપથી ખીન્નવદને અસ્તાચલે જવાની તૈયારી કરી રહ્યો હતો.

કર્મના ભયંકર વિપાકમાં અટવાયેલી અંજનાને પોતાની સખી વસંતતિલકા શાન્ત્વન્ આપવા લાગી.

નોંધારાના આધાર સમી વસંતતિલકા અંજનાને સમ-

જાવીને ત્યાંથી આગળ લઈ ગઈ. આગળ જતાં એક ગુફા ઉપર નજર પડી. તેમાં ધ્યાન ધરી ઉભેલા એક મહામુનીશ્વરને દીઠા.

મહામુનિના દર્શન થતા અંજના પોતાનું તમામ દુઃખ ભૂલી ગઈ. અને પ્રસન્નવદને મુનિ મહાત્માના ચરણોમાં પ્રણામ કરી વંદન કર્યું.

ખરેખર! જગતમાં જેણે કર્મની લીલાને પીછાણી છે અને ધર્મને ઓળખ્યો છે તે આત્મા–દુઃખમાં પણ ત્યાગીઓ અને સંયમીઓને જોઈ પોતાનું દુઃખ ભૂલી જાય છે. પોતાના જીવનને ધન્ય માને છે.

મુનીશ્વરે પોતાનું ધ્યાન પુરૂ થતાં નિર્જન ભૂમિમાં આવેલી આ અબળાઓને ધર્મનો ઉપદેશ આપ્યો.

અબળાઓએ પોતાના વિતક દુઃખની કહાની કહી. અને પૂછ્યું કે હે મુનિશ્વર! મારા પર આ દુઃખો શાથી આવી પડયા, મેં પૂર્વભવે એવા કયા કર્મો કર્યાં હશે કે જેથી આ ભવે આ રીતે અમને ઉદયમાં આવ્યા.

મુનિમહાત્મા પરમજ્ઞાની હતા, અને લબ્ધિ સંપન્ન હતા, મુનિએ પોતાના જ્ઞાન વડે જાણી અંજનાને તેનો પૂર્વભવ કહ્યો.

પૂર્વભવમાં અરિહંત પ્રભુની પ્રતિમાની આશાતના કરવા વડે આ ભવમાં આ દુઃખો આવી પડયા વિગેરે વાત કરી ધર્મનું શરણું સ્વીકારવા ઉપદેશ આપી મુનિ લબ્ધિબળે આકાશ માર્ગે પોતાના સ્થાને ચાલ્યા ગયા.

હવે અહીં આ ગુફામાં બે સખીઓ એકલી ઉભી છે તે વારે મહાવિકાળ ભયાનક અવાજ કરતો સિંહ આવ્યો. સિંહને જોઇ બન્ને અબળાઓ ભયભીત બની ગુફામાં ચૌદીશાએ નાસવા લાગી. તે વખતે આ ગુફાનો અધિષ્ઠાયક દેવ મણિચુલ નામનો યક્ષ ત્યાં આવી પહોંચ્યો અને સિંહને મારી નાંખી બન્ને અબળાઓને બચાવી લીધી. પછી બન્નેને પોતાના સ્થાન પર લઈ ગયો અને સંભાળપૂર્વક રૂડી રીતે રાખી.

અંજના અને તેની સખી યક્ષના સ્થાનમાં મુનિવરે દર્શાવેલા ધર્મનું આરાધન કરતાં મુનિસુવ્રત સ્વામિની પ્રતિમાની પૂજા કરતા દિવસો વિતાવવા લાગી. દિવસો જતાં કોઈ એક દિવસે સિંહણ જેમ પરાક્રમી સિંહને જન્મ આપે તેમ ચરણમાં વજ્ર, અંકુશ, અને ચક્રના ચિન્હવાળા પરાક્રમી પુત્રને જન્મ આપ્યો. જેનું નામ હનુમાન તરીકે જગપ્રસિદ્ધ થયું.

પુત્રનો જન્મ થાય ત્યારે કેવો હર્ષ થાય છે પણ અહીંઆ વનમાં રહેલી અંજના પોતાના પુત્ર જન્મ પ્રસંગે જન્મોત્સવ શી રીતે ઉજવી શકે તેના દુઃખથી અંજના ચોધાર આંસુઓ આંખમાંથી વરસાવી રહી છે. અને જમીનને પોતાના આંસુઓના વરસાદથી ભીંજાવી રહી છે. અને અનેક પ્રકારના પોતાના આત્માને ઓલંભા આપે છે.

આ પ્રકારનું આક્રંદ સાંભળી પ્રતિસૂર્ય નામનો એક વિદ્યાધર અહિં આવી પહોંચ્યો અને આ અબળાઓને

પૂછવા લાગ્યો. કે તમોને આટલું શું દુઃખ છે કે જેથી આવું અતુલ આક્રંદપૂર્વક રૂદન કરવું પડે છે વસંતતિલકાએ દુઃખના કારણોને પ્રથમથી અત્યાર સુધીની સર્વ હકીકત કહી સંભળાવી.

અંજનાના દુઃખની કારમી કહાની સાંભળી પ્રતિસૂર્યની આંખમાંથી પણ આંસુ ઉભરાવા લાગ્યા અને ધ્રુસકે ધ્રુસકે તે પણ રડવા લાગ્યો.

પ્રતિસૂર્ય વિદ્યાધર થોડીવારે શાંતી પામીને બોલી ઉઠયો. હે બાળે ! હું હનુપુર નામના નગરનો રાજા છું મારા પિતાનું નામ ચિત્રભાનુ અને માતાનું નામ સુંદરીમાલા છે, તારી માતાનો સગો ભાઈ છું. સારા ભાગ્યે હું તને જીવતી જોઈ શકયો છું માટે હવે શાંત થા.

ત્યારપછી પ્રતિસૂર્યમામા, અંજના, તેની સખી વસંતતિલકા, તથા પુત્ર હનુમાનને વિમાનદ્વારા પોતાના નગરમાં લઈ જવા તૈયાર થયો અને સઘળાં વિમાનમાં બેઠા, અને વિમાન આકાશમાર્ગે ઉડયું.

રસ્તામાં વિમાનમાંથી પુત્ર હનુમાન ઉછળીને પડી જતાં પર્વતના શિખર ઉપર પડયો. અને તેના પડવાથી પર્વતના શિખરના ચુરેચુરા થઈ ગયા. પડતા બાળકને જોઈ અંજના એકદમ ગભરાઇને મોટી ચીસ પાડી ઉઠી અને અતિ આક્રંદ કરવા લાગી પણ પ્રતિસૂર્ય તે બાળકની પાછળ જ વિમાનમાંથી કુદીને પહાડ ઉપર પડેલા વજ્રઋષભનારાચ સંઘયણવાળા, અને અક્ષત અંગવાળા બાળકને લાવીને તેણીને સોંપ્યો.

અને અતિ હર્ષોલ્લાસ પામેલી અંજના હેતથી બાળકને પોતાની ગોદમાં રમાડવા લાગી. પ્રતિસૂર્યના આવાસમા આનંદથી અંજના વસંતતિલકા, હનુમાન આદિ દિવસો પસાર કરવા લાગ્યા, હનુમાન પણ રાત દિવસ પૂર્ણીમાના ચંદ્રમાની પેરે વધવા લાગ્યો.

રણસંગ્રામે ગયેલો પવનજયકુમાર જીત મેળવીને રાવણને ખુશ કરી, પોતાના સ્થાને પાછો ફર્યો. માતાપિતાને પ્રણામ કરી અંજનાના આવાસે આવ્યો. પણ જ્યારે અંજનાને તેણે જોઈ નહિ. ત્યારે તેના દુઃખનો પાર રહ્યો નહિ. માણસોદ્વારા તેણે બધી વાત જાણી ત્યારે અંજનાની શોધ કરવા માટે નીકળી પડયો. ગામ, નગર, નદી, નાળાં, વનેવન, જંગલે જંગલ, પહાડો, ગીરીકંદરાઓમાં અંજનાને શોધતો પવંનજય કુમાર પ્રતિસૂર્ય વિદ્યાધરના નગરમાં આવ્યો અને અંજનાનો ભેટો થયો, સૌ મલ્યા પરમ આલ્હાદ પામ્યા, અને પોતાની થયેલી વગર વિચારી ભૂલને સંભાળતા પશ્ચાત્તાપ પૂર્વક ક્ષમાપના કરી.

જુઓ ! અશુભકર્મનો ઉદય થવાથી અંજનાના માથે કેવા ભયંકર દુખો આવી પડયાં, પણ શાન્તિપૂર્વક આવેલા દુઃખોને સહન કરવાથી, આત્મા સુખોને પણ પ્રાપ્ત કરે છે.

આ છે કર્મની બલીહારી....કર્મ ત્હારી કલા ન્યારી.

કર્મોએ મહાન આત્માઓને પણ આ સંસારની રંગભૂમિ ઉપર અવનવા નાચ નચાવ્યા છે.

વિચારો ! ઓ મહાનુભાવો ! જે કર્મે અંજનાને પતિનો વિયોગ કરાવ્યો, સંયોગ થયો પણ તેજ કર્મે તેના

ઉપર કલંક મૂકાવ્યું, કર્મના ભયંકર વિપાકથી તેને સાસુથી, માતાથી, પિતાથી, ભાઈથી તિરસ્કાર પામી અનાદરપણે જંગલે જંગલ ભટકવું પડયું.

કર્મની ગહનતા સમજવી મુશ્કેલ છે.

રામચંદ્રજી જેવાને પણ કર્મેજ ચૌદ વર્ષ વનવાસ આપ્યો.

મહાસતી સીતા જેવી સતી ઉપર કલંક આવ્યું અને જંગલમાં વાસ કરવો પડયો. નળ દમયંતીને જંગલમાં ભટકવું પડયું. ભગવંત મહાવીર દેવને કાનમાં ખીલા ઠોકાયા એ બધોજ કર્મનો જ પ્રતાપ છે.

કર્મની સત્તા તોડવા માટે જ્ઞાની ભગવંતોએ ધર્મનો માર્ગ બતાવ્યો છે. આત્મા ઉપર જેટલું કર્મનું સામ્રાજ્ય રહેશે તેટલી જ આત્માની અધોગતિ થશે. આત્મા દુઃખી થશે.

કર્મનું સામ્રાજ્ય આત્મા ઉપરથી દૂર કરો. ધર્મનું શરણું સ્વીકારો. જીવનમાં ધર્મનું રૂડી રીતે સેવન કરો.

કર્મથી મુક્ત બનેલો આત્મા અજરામર સ્થાનને પામી પરમ શાશ્વત સુખ પામશે.

સૌ આત્મા કર્મથી મુક્ત બને અને શાશ્વત સુખનો ભોક્તા બને એ જ અભ્યર્થના. શુભંભવતુ.

## પ્રવચન ચોથું

# સંસારના રંગ

વિ. સં. ૨૦૧૧ શ્રાવણ વદ ૪ રવિવાર
તા. ૭–૮–૫૫ સવારે ૯ થી ૧૧
સ્થલ : જૈન ઉપાશ્રય મુલુંડ.

[ પૂ. પ્રવચનકાર પંન્યાસજી મહારાજશ્રીનું આજે ચોથું પ્રવચન હતું જેનો ટુંક હેવાલ મુંબઈ સમાચારના દૈનિકમાં પ્રગટ થયો હતો. આજે પણ જૈન જૈનેતરોની વિશાલ માનવ મેદનીથી વ્યાખ્યાન હોલ તથા ગેલેરીઓ ભરાયેલ હતાં. ઘણા ભાવુકો જગ્યાના અભાવે ઉભા ઉભા શ્રવણ કરતાં હતાં, તેમાં મુંબઈના ડેપ્યુટી પોલીસ કમીશ્નર શ્રી પરાંજપે તથા પરદેશની મુસાફરીએ જતાં કચ્છ કોંગ્રેસના મંત્રી, ભુજ કોંગ્રેસ સમિતીના પ્રમુખ અને નગરશેઠ, તથા કચ્છ રાજ્ય સલાહકાર બોર્ડના સભ્ય શ્રી. કુંદનલાલ ધોળકીઆની હાજરી તરી આવતી હતી. શ્રી. પરાંજપે, તથા શ્રી ધોળકીઆએ પૂ. પંન્યાસજી શ્રી યશોભદ્રવિજયજી મહારાજની સાથે ધર્મચર્ચા કર્યા બાદ વાસક્ષેપપૂર્વકના આર્શિવાદ લીધા હતા. ]

## પુણ્યશાળી મહાનુભાવો

ચાલી રહેલી પ્રવચનમાલાના આજના જાહેર વ્યાખ્યાનનો વિષય “ સંસારના રંગ ” રાખવામાં આવ્યો છે.

આજના વ્યાખ્યાનમાં સંસારનો રંગ એટલે કે સ્વરૂપ કેવા પ્રકારનું છે. તે સમજાવીને તમે માનેલા સોહામણા

સંસાર પ્રત્યે વૈરાગ્યભાવ પેદા કરાવવાનો, અને જ્યાંસુધી સંપૂર્ણ વૈરાગ્ય ન પ્રગટે ત્યાં સુધી નિર્વેદ ભાવ રહ્યા કરે, એટલે કે સંસારને કારાગાર માનતો તે આત્મા સંસારના પ્રત્યે તિરસ્કારની ભાવનાવાળો રહે તે માટે આજનો વિષય "સંસારના રંગ" રાખવામાં આવેલ છે.

તમે કહેશો કે સંસાર તો સોહામણો છે. અમે કહીશું કે બીહામણો છે. તમે સંસારને શીતળતાની છાંયડી કહો છો અમે તે જ સંસારને સળગતી સગડી કહીએ છીએ. તમે સંસારમાં સુખ વૈભવની છોળો ઉછળતી દેખો છો, અમે સંસારને આધિ, વ્યાધિ અને ઉપાધિથી ભરેલો સમુદ્ર માનીએ છીએ તમે સંસારને ફુલની માલા જેવો ગણો છો. જ્યારે અમે તેને ફાંસીનો માચડો માનીએ છીએ તમોને સંસાર સાકરના જેવો મીઠો લાગે છે. જ્યારે અમને તો સંસાર સમુદ્રના ખારા પાણી જેવો લાગે છે. એ જ કારણે અમે સંસારના રંગ છોડીને ત્યાગના રંગે રંગાયા છીએ.

હું બોલું તે પહેલા આજે સભામાંથી જ કોઈ ઉઠીને થોડીવાર સમજાવે કે સંસાર સોહામણો કઈ રીતે છે? સંસારમાં શીતળતાની છાંયડી ક્યાં રહેલી છે? સુખ અને વૈભવો સંસારના કયા ખુણે પડ્યાં છે?

બતાવો તો ખરા? કેટલાનો સંસાર સોહામણો છે? સુખ વૈભવોની છોળો કોને ત્યાં ઉછળે છે! શીતલતાના ઠંડા વાયરા કોની હવેલીઓમાં લહેરાઈ રહ્યા છે!

દશ દ્દષ્ટાંતે દુર્લભ એવા અને મહા મુશ્કેલીએ તથા અનંત પુણ્યોદયે પ્રાપ્ત થયેલા આ માનવ જીવનને શું સંસારની ગંધાતી ગટરમાં રગદોળી નાંખવા માટે છે?

કહો છો ને કે લાખોની સંપત્તિ પ્રાપ્ત શી રીતે થાય ? પગે પરસેવા ઉતારવા પડે. કંઈક માથાકુટો કરવી પડે. કંઈક માથાકુટો કરવી પડે, લોહીના પાણી થઇ જાય ત્યારે મુશ્કેલીએ લાખોની સંપત્તિ માંડમાંડ એકઠી થાય, અને તે એકઠો થયેલી સંપત્તિ જો કોઈ માનવી ખરાબ માર્ગે વેડફી નાખતો હોય તો તમે તેને કેવો કહેશો ? મૂર્ખ અક્કલ વગરનો.

તેમ તમે લાખોની સંપત્તિ કરતાં પણ અધિક કિંમતી એવા આ મહામુલા માનવ જીવનને વેડફી રહ્યા છોં કે સદુપયોગ કરી રહ્યા છો તે જરા વિચારજો.

અનંતા કાળથી આ આત્મા સંસારના ચોરાશી લાખ જીવાયોનીયોના રંગમાં રગદોળાતા, અનંત પુણ્યોદયે મનુષ્યયોનિના ઉત્તમ રંગના કુંડામાં આવી પહોંચ્યો છે. મનુષ્ય યોનીનો રંગ ઉત્તમ કોટિનો છે. જે રંગને દેવતા, નારકી, તિર્યંચ અને માનવીઓ પણ ફરી ફરીને ઈચ્છી રહ્યા છે. મનુષ્ય જીવનમાં પોતે નજર કરે તો પોતાના આત્માને ઘણી સહેલાઈથી ઓળખી શકે તેમ છે. પણ આપણે આ માનવજીવનમાં આપણા આત્માને ઓળખવા કશાય પ્રયત્નો કરી શકતા નથી.

આ આત્મા માનવી તરીકેનો જન્મ ધારણ કરતાં પહેલાં માતાના ગર્ભને વિષે એવા સંકલ્પો કરે છે કે હું મારા મનુષ્ય ભવમાં એવી ઉત્તમોત્તમ સાધના કરીશ કે જેથી મારે હવે પછી આજ સુધી સહન કરેલા એવા કારમા દુઃખો ફરીથી ભોગવવા ન પડે પણ! જ્યારે જન્મીને મોટો થાય છે ત્યારે આ વાત જ ભૂલી જઈને સંસારના રંગમાં રંગાય છે. મનુષ્યભવ એને શા માટે પ્રાપ્ત થયો છે ? એનું એ ભાન ભૂલી

જાય છે. અને ઉત્તમોત્તમ આરાધનાને વિસરી જઇ સંસારની આધિ, વ્યાધિ, અને ઉપાધિઓને પોતાની માની તેમાં મશગુલ બનવા માંડે છે.

રાજા જો કોઈ ગુન્હેગારને ગુન્હો કરવા બદલ પણ એક વખત સજા ન કરતા, સમજવાની અને વર્તન સુધારવાની તક આપે છે. તે તકનો ગુન્હેગાર લાભ ન લેતાં પોતાનું વર્તન ચાલુ રાખે તો ફરી પકડાતા રાજા તેને શું શિક્ષા કરે! કહેશો ને કે કડકમાં કડક.

તેમ તમને પણ જીવનની સુધારણા માટે મનુષ્યજીવન રૂપી તક આપવામાં આવી છે. અને એ તકનો સુયોગ્ય રીતે લાભ ન લેતા પૂર્વની માફક જ આચરણ કર્યા કરો તો પછી તમને પણ કેવી શિક્ષા થવાની! શું ફરી આ માનવજીવન મળવાનું છે ખરૂં?

આ માનવ જીવન શા માટે છે? સંસારને વધારવા કે ઘટાડવા. આ માનવ જીવનમાં એવી આરાધના કરો કે જેથી તમારો સંસાર ઘટે.

તમારે સંસાર વધારવો છે કે ઘટાડવો ?

તમને સંસાર પ્રિય છે કે અપ્રિય ?

જો તમને સંસાર અપ્રિય લાગતો હોય તો જ મારૂં કહેવાનું સાર્થક છે. નહિ તો મારા કહેવાની તમને કાંઈ જ અસર થવાની નથી.

**આ છે સંસાર અને માનવજીવન.**

આ માનવજીવનમાં સંસાર સામે સામનો કરવાનો છે. સંસારને ઘટાડવા માટે અને સંસારના કાળા રંગને નાબુદ

કરવા માટે કર્મોના વિરાટ સૈન્ય સામે તુમુલ યુદ્ધો કરવાના છે. અને સંસારરૂપી જેલમાંથી આપણા આત્માને મુક્ત કરવાનો છે અનાદિ કાળથી સંસાર જેલમાં આપણો આત્મા પરતંત્રતાની બેડીઓમાં જકડાઈ રહ્યો છે

ચોરને જેમ ખુલ્લી જેલમાં ફરવા દેવાની છૂટ આપવામાં આવે અને તે વખતે પોતાની શક્તિ ખીલવી જો પલાયન થઇ જાય તો મુક્ત થઈ જાય ને ?

તેમ તમે અત્યારસુધી બીજી બધી ગતિઓમાં, લોખંડી બેડીઓમાં, એવા બંધાયેલા હતા કે જ્યાં તમે તમારી શક્તિઓ જરા પણ ખીલવી શકતા નહોતા ત્યારે આ માનવ જીવનમાં તમારી બેડીઓ પણ ખુલી ગઈ છે. અને તાળા પણ ઉઘાડી નાંખવામાં આવ્યા છે. તમોને મુક્ત વિહારી બનાવ્યા છે. જો તમે આ વખતે તમારી શક્તિ ખીલવો અને થોડોક પ્રયત્ન કરો તો સહેલાઈથી જેલમાંથી મુક્ત થઈ શકો અને તમારો આત્મા સંપૂર્ણ સ્વતંત્ર એટલે કે મુક્તિ માર્ગી બની શકે. પણ તમે તો વર્ષોથી બેડીઓમાં અને તાળાચાવીમાંજ જકડાઇ રહેવા ટેવાયેલા છો તેથી તમને મુક્ત થવું કે સ્વતંત્ર થવું પસંદ પડતું નથી. કે ઇચ્છા પણ થતી નથી. તમે તમારાજ હાથે એ બેડીઓને પહેરીને બંધાઈ રહેવાનું પસંદ કરો છો ત્યાં કોઈ શું કરે ?

જ્ઞાની ભગવંતોએ એ બેડીઓમાંથી મુક્ત થવાના માર્ગો તો ઘણા બતાવ્યા છે. પણ અનુસરવું તો જોઇએ ને !

અનુસર્યા વિના મુક્ત થવાશે ખરૂં કે !

પણ તમારી કલ્પનાઓ તો જાણે વિશાલ ગગનમાં મહાલી રહી છે.

હું તમોને કહું છું કે તમારી દૃષ્ટિ ઉંધા પંથે દોડે છે. જો તે દ્રષ્ટિને ફેરવી સીધા માર્ગે દોરવામાં આવે તો જરૂર આપણે મુક્ત વિહારી બનીને મુક્તિમાં ચાલ્યા જઇએ પણ ?

બિહામણા સંસારને તમે સોહામણો માન્યો. આધિ, વ્યાથિ અને ઉપાધિથી ભરેલા સંસારને સુખ અને શાન્તિનું તમે ધામ માન્યું છે. સળગતા સંસારને શીતળતાની છાંયડી માનીને અત્યાર સુધી જીવનને બરબાદ કર્યું છે. ફરીથી કહું છું કે એ બધુ સમજાવો તો ખરા ! કે ક્યાં છે એ શીતળતાની છાંયડી અને ક્યાં છે એ તમારા માનેલાં સુખ અને શાંતિનાધામ.

તમારા દરેકના સંસારમાં જરાપણ ડોકીયું કરીએ તો શું દેખાશે ? સુખની મૃતપ્રાયઃ કર્ણિકાઓની સામે કલેશ-કંકાસ, કષાયોનો ઉદ્‌ભવ, રાગ-દ્વેષ અને વેર ઝેરની જ્વાળાઓ જલતી દેખાય છે. સત્તા, સંપત્તિ અને સુંદરીની પાછળ માનવી પાગલ બની દોડધામ કરી રહ્યો છે. સંપત્તિ મેળવવા માટે વલખા મારી રહ્યો છે. સુંદરી પાછળ આસક્ત બની ભાનભૂલો બની રહ્યો છે. અને સત્તા મેળવવા માટે કંઈક મનોવ્યથાના તુમુલયુદ્ધો કરી રહ્યો છે.

સત્તા, સંપત્તિ અને સુંદરીથી ઉત્પન્ન થયેલા જે આધિ, વ્યાધિ અને ઉપાધિવાળા સંસારના ત્રણ કુંડા તેમાં માનવી પોતાનું જીવન રગદોળી રહ્યો છે. રંગી રહ્યો છે. ઝબોળી રહ્યો છે. ઉત્તમ વર્ણના રંગથી રંગાયેલા માનવ જીવનને રક્તવર્ણી, શ્યામવર્ણી, અને નીલવર્ણી બનાવી રહ્યો છે.

તમે સંપત્તિમાં, સુંદરીમાં, અને સત્તામાં, સંસારનું સુખ માન્યું છે ખરૂંને ! તમારા અત્યારના જીવનમાં આ

ત્રણુ વસ્તુ પાછળના બધા પ્રયત્નો છે ને ! અને તે શા માટે ! સુખ મેળવવા માટે ખરૂં ને !

શું સંપત્તિમાં સજ્જનતા સમાયેલી છે !

શું સુંદરીના હાવભાવ અને ભોગાદિથી સુખ મળવાનું છે ?

શું સત્તાના સિંહાસને આરૂઢ થવાથી સુખના સામ્રાજ્ય પામવાના છો !

એ સંપત્તિના રંગમાં કંઇક આત્માએ હાથ પગ ઘસતા ગયા એ તો તમે જાણો છો ને ! એ સુંદરીના સૌદર્યમાં આસક્ત થતા કંઇકના જીવન ધુળધાણી થઈ ગયા તે તમોને બધાને બરાબર યાદ છે ને ? અને મહાભયંકર વૈભવના મોહ કહો કે સત્તાના શોખીનો કહો, જે કહેતા હો તે કહો, કે તેને પ્રાપ્ત કરવા માટે, ભોગવવા માટે, ટકાવી રાખવા માટે, કંઈક આત્માએ અધોગતિના માર્ગે પ્રયાણુ કરી ચુકયા અને જેઓના નામ નિશાન પણુ ભુલાઈ ગયા. એ પણુ તમે જાણો છો ને !

સંપત્તિના શેતાનથી, સુંદરીના સૌદર્યથી, અને સત્તાના શોખથી કોણુ સુખ પામ્યું ! કોણે સુખ મેળવ્યું ! સદાકાળ શાંતિથી કોણે જીવન પસાર કર્યું !

આપો જવાબ........આપો ? સંસારના ત્રણુ રંગે રંગાયેલા મહાનુભાવો ! ઝાંઝવાના જળસમાન સંસારના રંગો ને નાબુદ કરી. સુંદર અને તેજસ્વી જીવન જીવીને દર્શન, જ્ઞાન, અને ચારીત્રના અદ્ભુત રંગથી તેને રંગી નાખો કે કદાપી તે રંગો ફેરફાર થાય નહી.

કોઇ દિવસ જ્ઞાની ભગવંતના થોડાક શબ્દો ઉપર વિચાર કર્યો. અરે! વિચાર તો ઘડીભર બાજુએ રહ્યો. પણ! સાંભળવા માટે ઉત્સુક બન્યા કે તેમણે આપણને શું કહ્યું છે! યાદ રાખજો કે સંસારના રંગોમાં રંગાયેલો માનવી પોતાનું અધઃપતન નોતરી રહ્યો છે. જ્યારે જ્ઞાની ભગવંતોનો એક શબ્દ તમારા જીવનની થતી દુર્દશાને પલટાવી નાખી, સાચી દિશા બતાવશે. તમને સાચા સુખના માર્ગ બતાવશે

જેમ મેંદીના પાંદડે પાંદડે રંગ છે. તેમ જ્ઞાની ભગવંતોના શબ્દે શબ્દે અમુલ્ય તત્વરૂપી રંગો ભરેલા છે અને તમોને જો તે રંગો લેતા આવડે તો તે રંગ વડે તમારા આત્માને રંગો. અને સંપત્તિ, સુંદરી અને સત્તાના રંગો વડે મલીન થતા તમારા આત્માને બચાવી લો. આટલું કહેવા છતાં અને સમજાવવા છતાંય જો નહિ સમજો તો માની લેજો કે તમારે હજુય સંસારસમુદ્રમાં ઘણું ભટકવાનું છે. કીનારો નજીક છતાંય તમારી નાવડી સહીસલામત નથી

સઢ અને સુકાન વગરનું નાવ સમુદ્રના મધદરીએ ઝોલા ખાય છે, અને સમુદ્રમાંથી કિનારે આવવા માટેના તેના તમામ પ્રયાસો જેમ નિષ્ફલ જાય છે, તેમ સદ્‌વૃત્તિ વિનાનો માનવી સંસાર સમુદ્રમાં ઝોલા ખાઈ રહ્યો છે. અને તે ક્યારે ડુબી જશે તેની તેને ખબર પણ નહિ પડે.

માખીઓ ચાર પ્રકારની હોય છે.

સાકર ઉપર બેઠેલી માખી સાકરના સ્વાદને ગ્રહણ કરી ઉડી જાય છે. પત્થર ઉપર બેઠેલી માખી સ્વાદ લઈ શકતી નથી અને ઉડી જાય છે. મધ ઉપર બેઠેલી માખી. સ્વાદ

લઈ શકે છે જ્યારે તેમાં લેપાઈ જઈ ઉડી શકતી નથી. અને શ્લેષ્મ ઉપર બેઠેલી માખી નથી સ્વાદ લઈ શકતી કે નથી ઉડી શકતી પણ તેમાં જ ફસાઈ મૃત્યુંને શરણ થાય છે.

તેમ જગતમાં જીવો પણ ચાર પ્રકારના છે ઘણાએક આત્માઓ પૂર્વની પૂણ્ય સામગ્રીનાયોગે અર્થ અને કામને પામે છે. અને જ્યારે પોતાની ઈચ્છા થાય છે ત્યારે તેનો ત્યાગ કરી, સંયમ પંથે સંચરી, આકરા તપોને તપી, સિધિગતિને પ્રાપ્ત કરે છે.

જ્યારે કેટલાક આત્માઓ અર્થ અને કામ પામ્યા ન હોય પણ સંયમને શરણે જઈ કર્મ ખપાવી. મોક્ષમાર્ગને પ્રાપ્ત કરે છે.

ત્યારે કેટલાક આત્માઓ પૂર્વ પુણ્યના ઉદયે કરીને અર્થ કામને પામ્યા હોય, પણ સંસારના ત્રણ રંગો ( સંપત્તિ, સૌંદર્ય, સત્તા ) માં રાચ્યામાચ્યા રહી. નેજ તેના દુર્ધ્યાનમાં મરી દુર્ગતિને પામે છે. મોટા ભાગના આત્માઓ અર્થ કામને પામ્યા પણ ન હોય અને પોતાની અશુભ કરણીના વિપાકે કરીને દુર્ગતિના ભોક્તા બને છે.

" અર્થ અને કામ. છોડીને, વૈરાગ્યના રંગે રંગાઈ, સંયમના શરણે જાય છે. તે આત્મા ઉત્તમ છે.

અર્થ અને કામને નહી પામેલો આત્મા. મોક્ષનો અભિલાષી બની. ચારિત્રના પંથને સ્વીકારે છે. તે આત્મા મધ્યમ છે.

અર્થ અને કામની પ્રાપ્તી હોય અને સંસારમાં રમ્યા કરે તે આત્મા અધમ છે.

જ્યારે

અર્થ અને કામને નહિ પામેલો આત્મા સંસારમાં રમ્યા કરે તે આત્મા અધમાધમ છે.

સંસારના રંગમાં રાચવું એ ખરજવાની ખુજલીને ખણવા જેવું છે.

ખરજવું થયેલું હોય અને ખુજલી આવે છે ત્યારે ખણીએ છીએ પણ તેને જેમ જેમ ખણીએ તેમ તેમ વધારે ખુજલી આવે છે તેજ પ્રમાણે સંસારના રંગમાં રાચતો આત્મા, સંસારના રંગે જેમ જેમ રંગાતો જાય છે. તેમ તેમ તે વધારે સંસારમાં ખૂંચતો જાય છે પણ !

સંસારના રંગમાંથી. છૂટવા માટે દરેક આત્માઓએ વિતરાગ ભગવંતોએ બતાવેલા માર્ગે, અર્થ અને કામની જરા પણ ઇચ્છા રાખ્યા વગર આરાધના કરવી જોઇએ અને એવી જ આરાધના મોક્ષને આપનારી છે માટે તમે પણ પહેલા બે પ્રકારની માંખી જેવા બનજો.

માનવીના જીવનને જ્ઞાની ભગવંતોએ કલ્પવૃક્ષની ઉપમા આપી છે. કલ્પવૃક્ષ ઇચ્છેલી તમામ વસ્તુઓ આપે તેમ માનવજીવનમાં પણ ઈચ્છા કરેલી સારી નરસી બધી વસ્તુઓ મળે છે. પણ ખરાબ વસ્તુઓ મેળવવાથી જીવન બગડે અને સારી વસ્તુ મેળવીએ તો જીવન સુધરે. તે વસ્તુનો સમજ પૂર્વકનો ખ્યાલ રાખી માનવ જીવનમાં નરસી વસ્તુઓ કે અયોગ્ય ઈચ્છાઓ ન કરતાં અથવા તેને મેળવવા માટે ખોટા પ્રયત્નો ન કરતાં, સાચી વસ્તુ મેળવવા તરફ પ્રયત્ન કરવામાં જ શ્રેયઃ છે તે ધ્યાનમાં રાખી આત્માને હીતકર

ગ્રહણ કરવા માટે સભાન, સજાગ, રહેજો તો પણ કલ્યાણ થઈ શકશે.

મંગલનો કુંભ અમૃત ભરવા માટે છે. તેમાં કોઈ મૂર્ખાઈ કરી દારૂ અગર દુર્ગંધીવાળો પદાર્થ ભરી મહામૂલા કુંભનો દુરૂપયોગ કરી બેસે તેમ આ અમૃત સરખા માનવ જીવનના કુંભમાં દુરાચાર અત્યાચાર, અનીતિ, કે દુષ્ટ વૃત્તિઓ પોષીને દારૂની જેમ અયોગ્ય પદાર્થો ભરવાની ઘેલછા ન કરતાં ધર્મરૂપી અમૃત ભરજો.

અગરબત્તી બળીને સુવાસ અર્પે છે જ્યારે માનવી ક્રોધથી ધમધમી પોતે પોતાને અને બીજાને બાળી નાખવાની વૃત્તિવાળો થાય છે.

જેમ ખરાબ રંગને તમે પસંદ કરતા નથી તેમ તમારામાં ખરાબ આચરણ હશે તો તમે પણ કોઈ ને પસંદ નહિ પડો.

આંખ આખી દુનિયાને જુએ છે. પણ પોતાના જ મુખને જોતી જ નથી તેમ તમે આખી દુનિયાના દોષ જોવા તૈયાર થયા છો, પણ તમારા દોષ જોતા નથી. જગતની અંદર અવનવું સંશોધન કરવા માટેની કોલેજો ખોલવામાં આવી છે, પણ માનવીની વૃત્તિઓની સુધારણા કરવા માટે કોઈ રીચર્સ કોલેજ તમે ખોલી નથી તે જ સંસ્કૃતિવિહોણા માનવીઓની અધમતા દેખાય છે.

**“ સંપત્તિ એ શયતાન છે, અને તેનો પુજારી શેઠ ગણાય છે.”**

**“ સૌન્દર્ય એ દીપક છે, અને તેનો આસક્ત તે પતંગીઓ છે.”**

"સત્તા એ દારૂ છે. અને તેમાં અંધ બનેલ માનવી, પાગલ જેવો છે."

"સોયના નાકામાંથી કદાચ ઊંટ પસાર થશે પણ સંપત્તિ સૌન્દર્ય અને સત્તાના આસકત આત્માઓને કર્મરાજના દરબારના તોતીંગ દરવાજામાંથી છટકવું મુશ્કેલ છે." માટે સંપત્તિ સૌંદર્ય અને સત્તાને ત્વરાથી તિલાંજલી આપજો. અને આત્માને સદ્‌ગુણોરૂપી સાચા રંગો એટલે દર્શન, જ્ઞાન અને ચારિત્રના રંગે રંગજો. સંસાર શું છે? સંસારનું સ્વરૂપ કેવા પ્રકારનું છે? તેનો જરા ઊંડો વિચાર કરીએ તો સહજમાં સમજાઈ જાય તેમ છે.

પ્રાણી માત્ર સંસારમાં સુખ મેળવવા માટે વલખાં મારી રહ્યો છે. ચારે બાજુ દોડધામ કરી રહ્યો છે. પોતાના શરીરની પણ પરવા કર્યા વિના સંપત્તિ મેળવવા માટે ગાંડો ઘેલો બનેલો છે. પોતાંના કુટુંબની પરવા કર્યા વિના સુંદરીના સૌન્દર્યની પાછળ દીવાનો બની ભટકી રહ્યો છે. કષાયની સળગતી જ્વાળાઓમાં સળગી રહ્યો છે. લોભની લાલસામાં ઘમંડી બની સત્તા વધારવા કે મેળવવા પાછળ કાંઈક અમાનુષી કૃત્યો કરી રહ્યો છે.

કોઈ પણ માનવીના જીવનમાં ઉંડા ઉતરીને જોશો તો જણાશે કે તેનું જીવન, જુઠ, કુડકપટ, અને લુચ્ચાઇ તથા માત્ર સ્વાર્થની ભાવનાઓથી ભરેલું છે.

શું મહામુલા જીવનની આ દશા ?

કિંમતી રમકડાંને એક નાના બાળકના હાથમાં આપતા જે દશા થાય તેવી દશા આવા પ્રાણીઓના હાથમાં આવેલા માનવજીવનની થઈ રહી છે.

સુંદરીના સૌંદર્યની પાછળ ભાન ભૂલેલા આત્માઓ કેવા અઘટિત કૃત્યો કરી પોતાના જીવનને બરબાદ કરે છે તે વિષે થોડા ઉદાહરણો આપીશ.

" પદ્મિનીના રૂપમાં પાગલ બનેલા અલ્લાઉદ્દીન ખીલજીએ ચિત્તોડને ભસ્મીભૂત કરી નાંખ્યું. "

સંયુક્તાના સોંદર્યમાં લીન બનેલા પૃથ્વીરાજે ક્ષત્રીવટને સળગાવી મૂકી અને આર્યાવર્તની પવિત્ર ભૂમિમાં અનાર્યોનો વાસ થયો.

" માલવપતિ મૂંજે મૃણાલના મદભર્યા સૌંદર્યમાં પાગલ બની રાજ્ય ગુમાવ્યું અને જેલના સળીયા પાછલ વર્ષો સુધી રહ્યો ત્યાં પણ વિષયના ઘેરા નાદમાં નશાબાજ બન્યો અને તૈલપે મુંજના હાથમાં ધગધગતા સળીઆના ડામ દીધા. હાથીના પગે બાંધી આખા શહેરમાં મુંજરાજાને ફેરવી હાથીના પગ નીચે તૈલપે મારી નંખાવ્યો અને કાગડા તથા ગીધડાએ તેના શરીરની ઉજાણી કરી. "

" રૂપસુંદરીના રૂપમાં ભ્રમર બનેલ કરણઘેલાએ ગુજરાતને વેરાન બનાવ્યું અને રાજવૈભવો છોડીને જંગલેજંગલ ભટકવું પડયું."

" પરપુરૂષના પાશમાં જકડાયેલી ચુલણીએ પોતાના પુત્રને મારી નાખવા માટે અનેક ઉપાયો યોજયા."

વાસનાના વહેણમાં વહેતી સૂરીકંતાએ, સંયમના પંથે પગલાં માંડતા પોતાના પતિને, ગળે નખ દઈને મારી નાખ્યો.

**આ છે સૌન્દર્યની પાછળ આસકત થયેલા માનવીના સંસારના રંગ.**

વર્તમાનમાં પણ કંઈક સૌંદર્ય અને વિષયલાલચુ આત્મા-ઓ પતંગીઆની માફક પાગલ બનીને પોતાના મહામૂલા જીવનને વેડફી રહ્યા છે

માટે જ જ્ઞાની ભગવંતો કહે છે કે માનવજીવનની કિંમત સમજો. અને આચરવાયોગ્ય આચરણાઓ આચરી, જીવન શુદ્ધ બનાવો, અને અનાચારોનો ત્યાગ કરો.

પુરૂષોજ માત્ર કામાંધ અને વિષયલાલચુ હોય છે એટલું નથી પણ સ્ત્રીઓ એથી પણ વિશેષ હોય છે.

અને સ્ત્રીઓ તો કામાંધ દશામાં કેવા અઘટિત કૃત્યો કરે છે. તેની તો કલ્પના સુદ્ધાં પણ આવી શકે તેમ નથી.

એવી એક વાત વિષયાંધનારી " **કામલતા** " ની છે. કામલતા એક વિદ્વાન બ્રાહ્મણની પત્ની હતી. સંસાર માંડયાને એકાદ દશકો થયો હતો. અને એને પરિણામે એક પુત્ર પણ થયો હતો.

એક વખત નગર ઉપર એકાએક શત્રુરાજા ચઢી આવ્યો તે વખતે કામલતા પાણી ભરવા માટે નગરના દર-વાજા બહાર ગઈ હતી. શત્રુ રાજાના ચઢી આવવાથી નગરના દરવાજા તુરત જ બંધ કરવામાં આવ્યા અને કામલતા નગરની બહાર રહી ગઇ.

શત્રુ રાજાના સૈનિકોની નજર કામલતા પર પડી અને રૂપરૂપના અંબાર સરખી આ સ્ત્રીને જોઇ સૈનિકો તેને ઉપા-ડીને પોતાના " **મકરધ્વજ** " રાજા પાસે ગઈ ગયા.

રાજાએ કામલતાને પોતાની પટ્ટરાણી બનાવી અને તેની સાથે વિષયમાં આસક્ત બન્યો. છતાં કામલતાનું હૈયું રાજાને ચાહતું નથી. તેને પોતાના પૂર્વનાપતિ (બ્રાહ્મણ) તથા

પુત્રનું સ્મરણ ભાન ભૂલાવે છે. અને તેથી તેને મળવાની ઈચ્છાથી અને રાજાના અંતઃપુરમાંથી છૂટવા માટે રાણી કામલતાએ અનેક પ્રયાસો કર્યા, પણ તે સઘલા નિષ્ફળ જ નિવડયા.

છેવટે તેણે વિચાર કર્યો કે જો હું દાન આપવાની પ્રવૃત્તિ કરૂં તો અવશ્ય તેઓ લોભથી કયારેક પણ અહીં આવ્યા વિના નહીં રહે. રાજાની અનુમતી લઇને બીજા દિવસથી યાચકોને દાન આપવાનું શરૂ કર્યું; અનેક યાચકો દાન માટે આવવા લાગ્યા. મોં માગ્યું દાન મેળવી હર્ષિત થતા સૌ પોતાને સ્થાને જઇ બીજાઓને મોકલવા લાગ્યા. થોડા વખતમાં ચારે દિશામાં રાજા મકરધ્વજની અને રાણી કામલતાની દાનવીરતાના યશોગાન ગવાવા લાગ્યા દૂરદૂર દેશોમાંથી પણ યાચકો આવવા લાગ્યા.

આ વાતની ખબર જ્યારે **લક્ષ્મીતિલક** નામના નગરમાં રહેતા "**વેદસાગર**" બ્રાહ્મણને પડી, ત્યારે તે પણ પોતાની દ્રારિદ્રતાને દૂર કરવા માટે પોતાના પુત્ર સાથે આ નગરીમાં આવી, રાણી કામલતાના નિવાસસ્થાને વખત થતાં આવીને ઉભો, વેદસાગર બ્રાહ્મણ હાથ લાંબો કરી, પોતાની પત્નીની જ પાસે દાનની યાચના કરી રહ્યો છે.

"જુઓ મહાનુભાવો આ છે સંસારના રંગ."

રાણી કામલતા આ બ્રાહ્મણને જોતાંની સાથે જ ઓળખી ગઈ. અને વિચારવા લાગી કે "આ બીજો કોઇ નહિ પણ મારો પતિ જ લાગે છે અને સાથે છે તે મારો બાળક (પુત્ર) જ છે." તુરત જ પોતાના માણસોને આદેશ કરી આ બન્નેને પોતાના મુખ્ય ખંડમાં લઇ જવા માટે કહ્યું.

બાકી રહેલા યાચકોને માંગ્યા પ્રમાણે દાન આપી, રાણી કામલતા પોતાના મુખ્ય ખંડમાં જ્યાં પેલો બ્રાહ્મણ અને બાલક બેઠા હતા ત્યાં આવીને યોગ્ય આસને બેસી પૂછવા લાગીઃ—

અતિથિ દેવ ! આપ કોણ છો ? કયાંથી આવો છો ? અને આ તમારી સાથે છે તે કોણ છે ? તે જો આપને હરકત ન હોય તો કૃપા કરીને કહેશો ?

બ્રાહ્મણ આ સ્ત્રી કામલતાને ઓળખી શકયો નહોતો. તેને મનમાં થયું કે આ તો રાજમાતા છે. અને જેમની પાસે હું દાન લેવા આવ્યો છું તેને જો મારા જીવનની કથની કહું તો તેને મારા દુઃખની અસર થતાં કાયમનું મારૂં દારિદ્ર મટી જાય એટલું ધન મને દાનમાં આપે માટે મારે મારી કથની કહેવી જોઈએ તેમ વિચારી બ્રાહ્મણ પોતાના જીવનની આખીય કહાની કહી ચુકયો. અને અંતે આંખમાંથી ચોધાર આંસુઓએ રડવા લાગ્યો અને કરગરતો કહેવા લાગ્યો.

હે રાજમાતા ! તમને પુણ્યોદયે અઢળક લક્ષ્મી પ્રાપ્ત થઈ છે. તો મને દાન આપી મારી જીવનભરની દારિદ્રતા દૂર કરો. ચરણમાં માથું મૂકીને પડેલા બ્રાહ્મણને પોતાના હાથવડે ઊભો કરી આશ્વાસન આપતા કહ્યું કે હે પ્રિયે ! તમારે આંસુ પાડવાની જરૂર નથી હું બીજી કોઈ નહિ પણ તમારી સ્ત્રી કામલતા છું માટે તમે શાંત થાવ. આ દાન આપવાની પ્રવૃત્તિ માત્ર તમારો મેળાપ થાય તે માટે જ કરી હતી.

હું પાણી ભરવાં બહાર ગઈ હતી, ત્યારે દુશ્મન

રાજાના સૈનિકોએ મને જોઈ અને ઊપાડીને રાજા પાસે લઈ ગયા અને મને અહીં લાવવામાં આવી.

મારૂં દિલ હંમેશા તમને જ ચાહતું હતું. તમારૂં તથા આ બાલકનું હંમેશાં સ્મરણ કરતી ઝુરી ઝુરીને દિવસો વિતાવતી હતી.

અહિંથી નાસી છૂટી તમારી પાસે આવવા ઘણા પ્રયાસ કરી જોયા પણ તેમાં સફળતા જ્યારે ના મળી, ત્યારે આ દાન આપવાની પ્રવૃત્તિ શરૂ કરી. મને ખાત્રી હતી કે તમે અહીં દાન લેવા જરૂર આવશો અને આપણો મેળાપ થશે.

આજના આ સુભગ દિવસે આપણા ત્રણેનો મેળાપ થયો છે. તેથી હું મારા જીવનને ધન્ય માનું છું હવે અહીંથી નાસી છુટવા માટે તમે આ રત્નો લઈને પુત્ર સહિત ઇષ્ટ સ્થાનમાં (બીજા રાજ્યમાં) જાવ અને રત્નો તથા પુત્રને મુકી આવો. પછી આપણે ત્યાં જઈશું. આજથી સાતમે દિવસે મધ્ય રાત્રિએ આ નગરની બહાર સ્મશાનમાં આવેલા ચંડીગૃહમાં હું કોઇ પણ રીતે આવીશ માટે તે વખતે તમારે ત્યાં આવી જવું અને ત્યાંથી આપણે બંન્ને નાસી છૂટીશું.

આ પ્રમાણે સંકેત કરીને રત્નોની દક્ષિણા લઈ બ્રાહ્મણ પોતાના પુત્ર સહિત રાજભવનમાંથી નીકળી બીજા રાજ્યમાં ગયો, અને અહિં પોતાના પુત્રને કોઈ સારા સ્થળે રાખવાની ગોઠવણ કરી બ્રાહ્મણ પાછો ફર્યો અને સંકેત કરેલા સ્થળે વખતસર આવી પહોંચ્યો.

અહીં રાણી કામલતાએ પોતાના પતિ રાજા મકર-

ધ્વજને વિનવતા કહ્યું કે હે સ્વામિન્! અગાઉ આપને અસહ્ય શીરોવેદના થઈ હતી ત્યારે તેની શાન્તિ માટે મેં ચંડીદેવીની માનતા માની હતી કે-જો મારા પતિની આ પીડા શાંત થઈ જશે તો હું અને રાજા બન્ને અમુક દિવસે રાત્રે ત્યાં આવીને પૂજા કરી ભોગ ધરીશું. માટે હે રાજન્! તેને બહુ દિવસો થઈ ગયા છે. તો આજે જો આપને અનુકૂળતા હોય તો રાત્રિના જઈને માનતા પુરી કરી લઈએ. રાણીની આજ્ઞાને વશવર્તિ બનેલો રાજા, રાણીની ઇચ્છાને આધીન થઈ જવાને માટે તૈયાર થયો.

રાત્રિના સમયે ઘોર અંધકારમાં રાણી તથા રાજા બન્ને શ્મશાનમાં ચંડીદેવીની પૂજા કરવા ગયા.

રાજા પોતાના પાસેની તલવારને રાણીના હાથમાં આપી અને ચંડીદેવીની પૂજા કરવા લાગ્યો કે તુરત જ રાણીએ તલવારવડે રાજાનું મસ્તક ધડથી જુદું કરી નાંખ્યું. રાજા ધરતી ઉપર સર્વાંગથી દેવીને પ્રણામ કરતો હોય તેમ દેવીની આગળ કાયમને માટે લાંબો થઈ ને ઢળી પડ્યો.

જુઓ! મહાનુભાવો! મદનમાં મદમાતી બનેલી કામલતાએ રાજાનો શીરચ્છેદ કરી નાખ્યો; આ છે સ્ત્રી ચરિત્રની કામલીલાઓ, અને સંસારના રંગ.

સ્ત્રીઓને તમે ના હિંમત કહો છો પણ આ દ્રશ્ય જોઇને વિચાર કરો કે કામલતા સ્ત્રીની હીંમત કેટલી છે? પોતાના પતિને મારી નાખવા જેટલી ધૃષ્ટતા કરતા તેને જરા પણ આંચકો અનુભવ્યો નહી.

કામલતા પોતાના કાર્યથી હર્ષિત બનીને દેવીગૃહમાંથી બહાર નીકળી મંદિરના ઓટલે સુતેલા પોતાના બ્રાહ્મણ પતિને જગાડયો બ્રાહ્મણ ઉભો થઈને જ્યાં ઓટલા નીચે પગ મૂકે છે ત્યાં તેને નીચે પડેલા ભયંકર ઝેરી સાપે ડંસ દીધો અને ક્ષણવારમાં બ્રાહ્મણ પણ મરણ પામી પરલોકના પંથે ગયો.

રાણી કામલતા ન રહી રાજાની કે ન રહી બ્રાહ્મણની બન્નેથી વિહોણી ( ભ્રષ્ટ ) બનેલી બહુ ખેદ પામી.

હવે અહીંયા વધુ સમય રહેવું ઉચીત નથી તેમ સમજી અશ્વ ઉપર આરૂઢ થઈને ત્યાંથી ચાલી નીકળી. બાજુના કોઇ નગરમાં જઈને એક માળીના ઘેર આવી અશ્વ ઉપરથી ઉતરીને માળીના હાથમાં થોડીક મહોર મૂકી પોતાને કેવું દુઃખ આવી પડયું છે, તે વાત કરી આશરો આપવા માગણી કરી.

માળીએ પોતાના હાથમાં મહોરો પડેલી જોઈને હર્ષિત થઈને તેણીને કહ્યું કેઃ—ઘણી ખુશીથી આપ રહો. આપ જેવા સતી નારીના પગલાં મારે ત્યાં કયાંથી ?

દિવસ આખો વીતી ગયો.

રાત્રીના સમયે બાજુના કોઈ દેવમંદિરમાં સંગીત અને વાજીંત્રનો અવાજ સાંભળી ત્યાં જવાનું મન થયું.

ઘણા વરસોથી રાજમહેલ રૂપ કેદખાનામાંથી તે બહાર નીકળી શકી નહોતી. અને આજે આ રીતે સ્વેચ્છાએ ફરવાનું મળતાં પોતે પોતાના મનમાં ખુબ જ આનંદ પામવા લાગી.

સુંદર વસ્ત્રાલંકારો સજી કામલતા દેવમંદિરમાં આવી. અજાણી સ્ત્રીને આ રીતે આવેલી જોઈ મુખ્ય પણાંગનાની નજર તેના પર પડી. અને પૂછ્યું.

હે સુભગે! તું કોણ છે? ક્યાંથી આવેલ છે? અને કોના ઘેર અતિથી થઈ છે?

આ પ્રમાણે આદરપૂર્વક પૂછતાં તેણે પોતાના જીવનની આડી, અવળી અને ઉલ્ટી વાતો કહી નિરાધાર અને નિઃસહાય સ્થિતિમાં હું અહીં આવી છું તે પ્રમાણે કહ્યું.

પણાંગનાને લાગ્યું કે "આ સ્વામિ (ધણી) વિનાની છે. માટે મારા કામને ઉચિત છે." એમ સમજી મીઠા વચનોથી પ્રસન્ન (ખુશ) કરી, તેણીને પોતાના આવાસમાં લઈ ગઈ. અને પોતાના ત્યાં રહેલી તમામ સ્ત્રીઓમાં અતિ ઉત્તમ પ્રકારે પણાંગના તેણીને રાખવા લાગી અને ગીત, નૃત્ય, આદિની કળાઓ શીખવી પોતાના ધંધામાં પ્રવિણ બનાવી દીધી.

જુઓ! બ્રાહ્મણની પત્નિ, રાજાની પત્નિ બની, ત્યાંથી બ્રાહ્મણની સાથે જવા માટે રાજાને મારી નાખ્યો. દુર્દૈવે બ્રાહ્મણ પતિ પણ સર્પના ડંસથી મૃત્યુ પામ્યો.

અબળા બનેલી આ નારી ક્યાં જઈ પહોંચી!

છેવટે વેશ્યાગૃહે જઈને ગીત, નૃત્યાદિક શીખીને લોકોને રંજન કરવા લાગી.

હવે અહીંઆ શું બને છે એ જુઓ.

સંસારના આ કારમા રંગો નિહાળો અને એ કાજલઘેરા કારમા સંસાર પ્રત્યે અણગમો કે ઉદ્વેગભાવ પેદા કરો.

પણાંગના બનેલી કામલતાના અવાસે એક દિવસ એક પરદેશી યુવાન આવી ચઢયો.

કામલતા આ યુવાનની સાથે પ્રેમમાં પડી, ભોગ અને વિલાસમાં નિરંતર દિવસો વિતાવવા લાગી.

લાંબા વખત પછી યુવાનને પોતાના દેશ તરફ જવાનું બન્યું, તેથી તે યુવાન કામલતાની પાસે રજા લેવા આવ્યો.

ભોગ અને વિલાસમાં આસક્ત બનેલી નારીને આ વાત અસહ્ય બની. અને હૈયામાં ધ્રાસ્કો લાગ્યો. પણ યુવાનને રોકી રાખવા માટેનો કોઈ ઉપાય નહોતો.

છેવટે તેણે કહ્યું કેઃ–ભલે તમે જાઓ. પણ તમારા જીવનનો પરિચય આપતા જાવ, જેથી તમારૂં સ્મરણ કરી આનંદ માણીશ.

વર્ષોથી છુપાયેલો પોતાના જીવનનો પરિચય આજે યુવાને કામલતાને આપ્યો. અને એ પરિચયે તો બન્નેના જીવનનો પડદો ઉઘાડી નાંખ્યો.

યુવાને આપેલા પરિચયથી આ યુવાન પોતાનો પુત્ર જ છે. એવી પોતાને ખાત્રી થઇ ચૂકી. અહીં તેણે પોતાનો પરિચય ન આપતા તેને પ્રસન્ન કરી વિદાય આપી.

યુવાને પોતાના જીવનની કારમી કહાની કહીને વિદાય લીધી. ત્યારબાદ આ પણાંગનાનું હૈયું દબાવા લાગ્યું, હાથ પણ ધ્રુજવા લાગ્યા, આંખોમાંથી તેજ ઉડી ગયું, અને મુખ શ્યામવર્ણું થઈ ગયું. અને થોડીવારે તો ધ્રુસકે ધ્રુસકે રોવા લાગી અને પોતાના વિતકની દારૂણવ્યથા ઉપર પશ્ચાતાપ કરવા લાગી.

અરે ! મેં આ શું કર્યું, બીજા કોઈની સાથે નહિ પણ મારા સગા પુત્ર સાથે જ ભોગ ભોગવ્યા. વિલાસમાં હું ડુબી, મેં મારા જીવનનું અધઃપતન કર્યું, હવે હું આ ભયંકર પાપોમાંથી કેવી રીતે ઉગરીશ, મારા જીવનનો નિસ્તાર કેવી રીતે થશે. આ જગતમાં મારે માટે જીવવું હવે કોઈ રીતે યોગ્ય નથી. માટે ચિતામાં પડી બળી મરવું. તેમાં જ મારૂં શ્રેયઃ છે. એ રીતે પ્રશ્ચાતાપ કરતી કામલતાએ બળી મરવાનો સંકલ્પ કર્યો.

સાત દિવસની લાંઘણ કરી, રાજા વિગેરેની સમ્મતિં મેળવી, સારા દિવસે ગામની બહાર, નદીના કીનારે ચિતા સળગાવી બળી મળવા આ નારી તૈયાર થઈ. દૈવયોગે તેજ વખતે મુસળધાર વરસાદ થયો. અને નદીના પુરમાં ચિતા તણાઇ, અને તેની સાથે આ સ્ત્રી પણ તણાતી તણાતી દૈવયોગે નદીકાંઠે કયાંક અટકી પડી.

ઢોર ચારવા માટે આવેલા ગોવાળીઆની નજર આ મૃતઃપ્રાય દેહ ઉપર પડી. રબારીને દયા આવવાથી સાહસ કરી નદીના કાંઠેથી ઉપાડીને ઘેર લઈ ગયો, ઔષધોપચાર કરીને તેને સ્વસ્થ બનાવી.

કામલતાના અંગમાં રૂપતો હતું જ, તેથી સ્વસ્થ અને નિરોગી બનેલી કામલતાનું અંગ જોઈ ગોવાળીયાના શરીરમાં વિકાર પેદા થયો. અને તેણીને પોતાની સ્ત્રી બનાવવાનો વિચાર ગોવાળીઆએ કામલતાને કહ્યો.

હજુ જુવાનીના મદમાં ઘેલી બનેલી કામલતાના અંગેઅંગમાં વિકાર અને વિલાસની ભાવનાઓ ભરી પડી હતી.

તેથી તે ગોવાળીયાની ઈચ્છાને આધિન થઈ. અને તેની પત્નિ બનીને ગોવાળીયાના ઘરમાં રહી.

પણાંગનાના ઘેર ગીત નૃત્ય અને વાજીંત્રો શીખી આવેલી આ નારી અહિં ગોવાળીઆના ઘરમાં પશુનો વાડો સાફ કરવો. પશુઓને ઘાસચારો નાંખવો. વખતસર ગાયો દોહવી. ઢોરને ચારવા ગામના ગોંદરે લઈ જવા, દુધ અને દહીં વેચવા માટે બાજુના શહેરમાં જવું. આ બધું કામ કામલતા શીખવા લાગી, ચાલાક રહેલી આ નારી આ બધું કામ ઝડપથી શીખીને તેમાં ... રથી બની ગઈ.

એક વખત ગોવાલણ કામલતા બાજુના શહેરમાં દુધ અને દહીં વેચવા ગઈ. શહેરના ચૌટામાંથી પસાર થતા, પાછળથી રાજાનો હાથી ગાંડો થઈ દોડતો દોડતો આવવાથી લોકો તેનાથી પોતાનો જીવ બચાવવા માટે નાસભાગ કરવા લાગ્યા. આ ગોવાલણ પણ લોકોની સાથે નાસતા, એક પનીહારી સાથે અથડાઇ ગઈ, અને બન્નેજણ જમીન ઉપર પડી ગયા, અને બંન્નેના મસ્તક ઉપર રહેલા ઘડાઓ નીચે પડયા અને ફૂટી ગયા. ઘડાના પદાર્થો ઢળી ગયા.

આથી પનીહારી આખોમાંથી આંસુ પાડી રહી હતી. ત્યારે આ ગોવાલણ મોઢું મલકાવી હસી રહી હતી.

આ દ્રષ્ય તેજ વખતે રસ્તા ઉપરથી પસાર થતા રાજ્યના પુરોહિત વેદવિચક્ષણે નજરે જોયું, અને તેને આશ્ચર્ય ઉપજ્યું કે "બન્નેના ઘડા પડયા, તુટી ગયા, છતાં એક રડે છે અને બીજી હસે છે શા માટે ?" વિચારે પડેલો પુરોહિત બંન્ને સ્ત્રીઓ પાસે જઇ શાન્તવન્ આપવા પૂર્વક પૂછવા લાગ્યા કે હે બહેન! તમે રડો છો કેમ !

રડતી સ્ત્રીએ તરત જવાબ આપ્યો કે મારી સાસુનો સ્વભાવ બહુજ ખરાબ છે. તેથી તે મારા પર બહુ ગુસ્સે થશે અને મને ઘરમાં પગ મુકવા નહિ દે. અને ખાવા પણ આપશે નહિ. તેથી મને દુઃખ થાય છે અને રડવું આવે છે.

પુરોહીતે દયા લાવીને તુરત તેણીને બે ઘડાની કિંમતના પૈસા તે સ્ત્રીને આપી દીધા. ત્યાર પછી પેલી ગોવાલણને પૂછયું કે—બહેન તારૂં આટલું બધું નુકશાન થયું છે. છતાં તું તો કંઈ રડતી નથી. અને ઉપરથી મ્હોં મલકાવી હસી રહી છે તેનું શું કારણ છે?

ગોવાલણ કામલતાએ જવાબ આપ્યો કે હે ભાઈ! સાંભળો. "જેમ બહુ ઋણ છે તે ઋણ નથી" તેમ અતિ દુઃખ છે તે દુઃખ નથી. તેથી મારૂં હૃદય વજ્રના જેવું કઠોર થઇ ગયું છે માટે હું રડતી નથી.

પુરોહીતે કહ્યું કે હે બ્હેન! તારા ઉપર એવા કયા દુઃખો પડયા કે તેથી તું આવા શબ્દો બોલી રહી છે; જો તને કોઈ હરકત ન હોય તો કહે જેથી તને કંઇ ઉપયોગી થઇ પડું.

પુરોહિતના અતિશય લાગણી ભર્યા આગ્રહથી ગોવાલણે પોતાના જીવનની બનેલી સઘળી હકીકત કહી સંભળાવી.

ગોવાલણની વાત સાંભળી તેને ખાત્રી થઈ ચૂકી કે આજ મારી માતા છે. તે તો તુરત જ પગમાં પડયો.

સ્ત્રીએ કહ્યું કે અરે પુરોહીત આ શું કરો છો!

માતા આ પુરોહીત નથી પણ તમારો પુત્ર વેદવિચક્ષણ પોતે જ છે.

જ્યારે માતાએ પુત્રને જોયો અને પુત્રે માતાને ઓળખી ત્યારે બંન્નેના હૈયાં ભારે થઈ ગયા. અવાજ રૂંધાઇ ગયો, અને બંન્ને જમીનની સામે મ્હોં નીચું રાખી કેટલીએ ક્ષણો સુધી મૌનપણે ઉભા રહ્યા.

એક બીજા અરસ પરસ પશ્ચાતાપ કરવા લાગ્યા અને આ પાપમાંથી કેમ ઉગરી શકાય તે માટે પોતાના સ્થાન ઉપર જઈ ઉંડો વિચાર કરવા લાગ્યા.

પછી શહેરના ઉદ્યાનમાં રહેલા જૈન આચાર્યશ્રી પાસે જઈને પોતાના પાપ કૃત્યોની કહાની કહી પશ્ચાતાપ પૂર્વક ઉદ્ધાર કરવા ગુરૂને વિનવ્યા.

ગુરૂએ ધર્મોપદેશ આપી યોગ્ય માર્ગ બતાવ્યો. અને કરેલા કર્મોને નાશ કરવા માટે આકરા તપ કરો. "કઠીન **કર્મોના નાશ માટે કઠીત તપ એ રામબાણ ઉપાય છે."**

ત્યાર પછી તે બન્નેએ ચારિત્રધર્મ અંગીકાર કરી તપ તપતા કર્મો ખપાવી આયૂષ્ય પૂર્ણ કરી પરમપદને પામી ગયા.

આ રીતે ભોગવિલાસમાં પોતાના જીવનને રગદોળી રહેલી એક નારીના જીવનની કથા તમારી સમક્ષ કહી, તેથી તમને વિલાસ અને સૌંદર્યની ભયંકરતાનો ખ્યાલ આવશે. જુઓ વિચારો મહાનુભાવો ! સંસારના રંગ કાજળ કરતાં અનેક ઘણા ઘેરા છે. તે ઘેરા રંગે રંગાયેલી કામલતાએ પોતાના જીવની બરબાદી કેટલી બધી કરી જે તમોને ઉપરના દ્રષ્ટાંતથી સમજણ પડશે કે સંસારના રંગ કેટલા ભયંકર છે શાસ્ત્રકાર ભગવંતો તો પોકારી પોકારીને કહે છે કે આ

નાતરીઆ સંસારમાં કંઈક પ્રાણીઓ એકભવમાં પણ અનેક-ભવો કરે છે. તે જુઓ કામલતાના દ્રષ્ટાંતથી પ્રત્યક્ષ છે. વળી માતા મરી સ્ત્રી થાય. સ્ત્રી મરી માતા બને, માતા મરી પિતા થાય, પિતા પુત્રપણે જન્મે, એમ આ નાતરીઆ સંસારમાં અનાદી કાળથી ચાલતું આવે છે આવા દ્રષ્ટાંતો તો ઘણા ઉપલબ્ધ છે પણ તે બધા કહેવાનો પણ અહીં સમય નથી.

હવે તો આપણે રામાયણના ચાલુ પ્રસંગોમાં પ્રવેશ કરવાનો છે સંસારના રંગમાં રંગાયેલો, અને લગ્નનું મીંઢોળ બાંધી પરણવા નીકળેલો યુવાન લગ્ન કરીને પોતાની પ્રાણ-પ્રિયા સહ પોતાના ઘર તરફ પાછા ફરતા વચ્ચે મુનિનો મેળાપ થતાં એ સંસારના રંગે રંગાયેલો આત્મા વૈરાગ્યના રંગે કેવી રીતે રંગાય છે તે આજના વ્યાખ્યાનમાં આપણે ખાસ કહેવાનું છે.

ઈક્ષ્વાકુવંશના અને અયોધ્યાનગરીના વિજયરાજાનો લાડકવાયો પુત્ર વજ્રબાહુ, તેનો વિવાહ નાગપુરના ઈભવાહન રાજાની પુત્રી મનોરમા સાથે થયો હતો. વજ્રબાહુ અને મનોરમા બન્ને યોગ્ય ઉમરના થતા બન્નેના માતા પિતા લગ્નની તૈયારી કરવા લાગ્યા. શુભ મુહૂર્તે વજ્રબાહુ પોતાના સ્વજન પરિવાર સાથે મનોરમાને પરણવા નાગપુરમાં આવ્યા.

રાજા ઈભવાહને જમાઈ તથા જાનૈયાઓનું રૂડી રીતે સ્વાગત્ કર્યું. લગ્નોત્સવ ધામધુમથી ઉજવાયો. રાજાએ પોતાની પુત્રીને સારા પ્રમાણમાં કરીઆવર ( પહેરામણી ) આપી. પુત્રી જમાઇને વિદાયગીરી આપી.

વજ્રબાહૂ મનોરમાની સાથે લગ્ન કરી પોતાના સ્વજન પરિવાર સાથે પોતાના નગર તરફ પાછા જઈ રહ્યા હતા. મનોરમાને મુકવા માટે તેનો ભાઇ ઉદયસુંદર પણ સાથે જ છે.

નાગપુરથી નીકળીને જાન અયોધ્યાના પંથે પ્રયાણ કરી રહી છે, રસ્તા પરની ગીચ ઝાડીઓ અતિ રમણીયતાથી શોભી રહી છે. જોનારના ચક્ષુઓ હર્ષથી નાચી રહ્યા હતા.

રથમાં બેઠેલા વજ્રબાહુ, મનોરમા, અને ઉદયસુંદર કુદરતની અપૂર્વ લીલા નિહાળી રહ્યા છે. એવામાં વજ્રબાહુની નજર સામેની એક ટેકરી ઉપર પડી. અને તરત જ વજ્રબાહુની નજર સ્થિર થઈ ગઇ. અને વિચારમાં પડયા.

ઓહો....હો....જ્યાં નિરંતર જંગલી પ્રાણીઓની ગર્જના, ઘટાટોપ અંધકાર સદૃશ્ય દેખાતી ઘોર ઝાડી, અને નિર્જન અટવી અને તેમાં આ મહામુનિ ! કેવા સ્થિર ઉભા છે ! કેવી સૌમ્ય મુદ્રા છે . ખરેખર ! આત્મચિંતવના તો આવા અરણ્ય અને એકાંત સ્થાનમાં જ થઈ શકે છે. કયાં ! શીયાળાની કડકડતી ઠંડી અને ઉનાળાનો અંગાર વરસાવતો તાપ, અને અનેક ઉપસર્ગોને, તથા પરિસહોને સહન કરીને આત્મકલ્યાણ સાધતા આ મહામુનીશ્વર ? અને કયાં હું ! કે જે આ સંસારના ક્ષણિક અને અનિત્ય સુખોની ખાતર જીંદગીને બરબાદ કરનાર અધમ પામર માનવી.

આવી મહાભયાનક અટવીમાં મહામુનિનો મેલાપ અને દર્શન જરૂર ! કોઈ પ્રબળ પુણ્યોદયે જ થઈ શકે છે તો જરૂર મારે પણ તેઓશ્રીના દર્શન, વંદન કરી જીવનનું સાર્થક કરવું જોઇએ જ.

તરત જ વજ્રબાહુકુમારે સારથીને રથ ઉભો રાખવાની આજ્ઞા કરી અને રથ ઉભો રહ્યો; તરત જ વજ્રબાહુ રથમાંથી નીચે ઉતર્યા, ઉદયસુંદરે પૂછ્યું કે અરે આ શું? કુમાર ક્યાં જાવ છો? રથમાંથી નીચે ઉતરવાનું કારણ શું છે? વજ્રબાહુએ કહ્યું કે સામે ટેકરી ઉપર સૌમ્ય મુદ્રાએ કાઉસ્સગ્ગ ધ્યાને ઉભેલા આત્મકલ્યાણના સાધક મહામુનિના દર્શન કરી જીવનને કૃતાર્થ કરવા.

ઉદયસુંદર આ સાંભળી આશ્ચર્ય પામ્યો. અને તેના મનમાં વિચારવા લાગ્યો કે આ કેવી ધર્મ ઘેલછા, ગઈ કાલે તો પરણીને નીકળ્યા છે. યુવાનીને ઉંબરે હજુ તો પગ મૂકે છે. રથમાં એકાન્ત છે. બંન્ને વર-વધુ વચ્ચે પ્રેમની અને કુતુહલની વાતો કરવાનો આ અવસર છે. એ મુકીને સાધુના દર્શન કરવાની આ ભાઈસાહેબ વાત કરે છે. ખરેખર! આ માનવી કોઇ અજબ દેખાય છે.

ઉદયસુંદરે હસતાં હસતાં બનેવીને પુછયું કે સાધુ તો નથી થઇ જવું ને? દીક્ષા લેવી છે કે શું?

ઉદયસુંદરે મશ્કરીમાં વજ્રબાહુને કહ્યું તો ખરૂં, પણ તરત જવાબ મળ્યો કે હા, જિનેશ્વરદેવના પવિત્ર ત્યાગ માર્ગ પ્રત્યે કોનું મન ન હોય? દીક્ષાની ભાવના તો છે પણ?

પણ બણ શું કરો છો? જો ભાવના છે તો થઇ જાઓ તૈયાર, હું તમને સહાય કરીશ.

ઉદયસુંદર હજુ મશ્કરી માની વાત લંબાયે જાય છે. પણ સાળાની હાંસીને સાકરનો ગાંગડો માનીને જવાબ આપે છે કે હું તૈયાર છું એમાં બીજી તૈયારી શી જોઇએ? માટે

બોલ્યા છો તો પાળજો. એમ કહીને વજ્રબાહુ તરત જ રથ પરથી નીચે ઉતરી ટેકરી તરફ ચાલવા લાગ્યા.

ઉદયસુંદર ચમકયો. આ તો હસવામાંથી ખસવા જેવું થયું. આમ એકાએક ચાલી જ નીકળશે તેવી કલ્પના પણ નહોતી.

'અરે! કુમાર ઉભા રહો, હું તો આ મશ્કરીમાં કહું છું, આવી નાની વાતને આટલું બધું મોટું રૂપ આપી દેવું એ તમારા જેવાને માટે યોગ્ય નથી. મશ્કરીમાં કાંઈ સાચુ-ખોટું જોવાતું નથી.

પણ વજ્રબાહુનો આત્મા હવે સંસાર ઉપરથી ઉઠી ગયો હતો. નિમિત્તની જરૂર હતી. એ નિમિત્ત મળી ગયું એટલે ઉદયસુંદરને કહ્યું.

" તમારે એમાં કાંઇ વિચાર કરવાનો છે જ નહિ. સમુદ્ર જેમ મર્યાદા ન તજે તેમ ક્ષત્રિય પુરૂષો બોલેલા વચનને કદાપી ઉત્થાપતા નથી. "

સંયમનો પુણ્યપંથ એ તો આપણા પૂર્વજોએ માથા-પર ધોળા વાળ આવ્યા પહેલાં જ આચરેલો છે. એ માર્ગે જવામાં સાચી સફળતા છે."

ઉદયસુંદરે કહ્યું-હે કુમાર! જેના હાથમાં હજુ તો વિવાહના ચિન્હરૂપ મીંઢળ બાંધેલા છે, એ મનોરમાના સંસારનું શું ?

જેને સંસારમાં કેટકેટલી આશાઓ, મનોરથો, તથા સ્વપ્નાઓ સાથે પગ મૂકયો છે, એ મનોરમાનું સૌભાગ્ય આમ અકાળે કરમાઇ જતું જોઇ ઉદયસુંદરનું હૃદય દ્રવી ઉઠયું.

અરે વજ્રબાહુ કુમાર! આમ એકદમ સાહસ કરવા તૈયાર થયા છો, પણ આજુબાજુનો વિચાર તો કરો. આ મારી નાની ગભરૂ અને જેના હાથમાંથી હજી લગ્નના મીંઢોળ પણ છૂટયા નથી, પગમાંથી મેંદીનો રંગ પણ જરા સરખોય ઉતર્યો પણ નથી, એવી મારી બ્હેન મનોરમાનું શું? એના સુખી જીવનના સ્વપ્નો ને એની આશારૂપ વેલડીઓને આમ કચરીને ચાલ્યા જવું એ તમને શું ઉચિત છે? તમે સંસાર છોડીને જશો પછી એ તમારા વિના કઈ રીતે જીવશે?

ખુબજ સ્વસ્થતાથી વજ્રબાહુએ કહ્યું: 'એમાં ખોટું શું છે? માનવરૂપ વૃક્ષનું સુંદર કોઇ પણ ફળ હોય તો તે ચારિત્ર ધર્મની આરાધના છે. તમારી બેન મનોરમા માટે આ પવિત્ર માર્ગ ખુલ્લો છે. સતી–સ્ત્રીઓ પતિના આત્મ-કલ્યાણ માર્ગે પતિની પાછળ જનારી હોય છે. એટલે મારી પાછળ સંયમના પુનિત પંથે તેને પણ જવાનું છે. કુલીન અને સતી સ્ત્રી તરીકે પતિની છાયા બનીને રહેવું એ તેનો ધર્મ છે. માટે હવે આ પવિત્ર ત્યાગમાર્ગ સ્વીકારવામાં નિષેધ કરવાનો હોય જ નહિ. વળી તમારા જેવાએ પણ આજ માર્ગે આવવાનું હોય.

વજ્રબાહુ જેવા પુણ્યવાનના દ્રઢ મનોબળની સૌ કોઈ ઉપર તરત જ અજબ અસર થઈ.

મનોરમા પણ તરત જ વજ્રબાહુની સાથે રથમાંથી ઉતરી પડી. ઊદયસુંદરનો આત્મા પણ લઘુકર્મી હતો. એ પણ વૈરાગ્ય વાસીત બન્યો. સાથે આવેલાઓમાંથી બીજાઓ પણ સંસારથી વિરકત બની ત્યાગ માર્ગના ચાહક બન્યા.

આ બધા સૌ સાથે ટેકરી ઉપર આવ્યા ગુણરત્નના સાગરસમા શ્રી ગુણસાગર મુનિની પાસે સૌએ સંયમમાર્ગ અંગીકાર કર્યો,

લગ્ન કરવા ગયેલો કુમાર પરણીને પાછા વળતા મુનિના દર્શન માત્રથી વૈરાગ્ય પામી સંસારના રંગમાં આસક્ત ન બનતા હસતા મુખે વૈરાગ્યના રંગમાં રંગાઇ આત્મકલ્યાણ કર પરમ પવિત્ર ભાગવતિ પ્રવજ્યા અંગીકાર કરી. સાથે મનોરમા અને ઉદયસુંદર આદિ અનેક જણુ પણ તે માર્ગે સંચર્યા.

આ સમાચાર વજ્રબાહુના પિતા વિજય રાજાએ જ્યારે સાંભળ્યા ત્યારે એના મુખમાંથી શબ્દો નીકળી પડયા કે–

"આ બાલક સારો પણ હું સારો નહિ"

હું વૃદ્ધ થયો છું છતાં હજુ તે માર્ગ અંગીકાર કરી શકયો નહિ. એ કુમારે સંસારમાં આસક્ત ન બનતાં ભોગો અને વૈભવોને તિલાંજલી આપી. આત્મકલ્યાણની સાધના માટે અને મુક્તિ સુખની પ્રાપ્તિ માટે સંયમનો પુનિત માર્ગ સ્વીકારી લીધો.

હવે મારે પણ સંસારમાં એક ક્ષણ પણ રહેવું ઉચિત નથી તુરત રાજમુગટ મસ્તક પરથી ઉતારીને પોતાના પુરંદર નામના પુત્રના મસ્તક પર મૂકીને રાજ્યની ધુરા સુપ્રત કરીને પોતે "નિર્વાણમોહ" નામના મુનીશ્વર પાસે દીક્ષા અંગીકાર કરી.

સૌ આત્મસાધનમાં લીન બનતાં કર્મો ખપાવીને મુકિત સુખને પામ્યા.

વજ્રબાહુનો આત્મા સંસારના રંગે ન રંગાતા એક મુનિના દર્શન માત્રથી આત્માના રંગે રંગાઈ ગયો. આત્મ-કલ્યાણકારી સંયમ ધર્મની આરાધના કરી પોતે અને પોતાની સાથેના બધા મુનિઓ મુક્તિ સુખને પામ્યા.

માટે જ આજના જાહેર પ્રવચનમાં સંસારના રંગ એ વિષય પર બોલતા કહેવું પડે છે કે તમો જેને સોહામણો સંસાર કહો છો. જે સંસારને તમે શીતળતાની છાંયડી કહો છો! તે આ સંસારમાં ક્યાં છે? જો સંસારમાં જ સુખ હોય તો આવા રાજવૈભવોમાં ઉછરેલા અને મનોરમા જેવી નારીને પામેલા આત્માઓ એને તિલાંજલી આપી ઠોકરે મારી શા માટે નીકળી ગયા! જો એનો આત્મા સંસારના રંગમાં રંગાઈ ગયો હોત તો તે શું શાશ્વત સુખને પામ્યો હોત ખરો કે? ના શાશ્વત સુખ પામી ન શકત માટે સાચુ સુખ પામવા ચાહતા હો, સાચો વૈભવ માણવા ભાવના રાખતા હો, અને શીવસુંદરી સાથે લગ્ન કરી પ્રેમ કરવા ચાહતા હો તો, સંસારના રંગે આત્માને ન રંગતા, સંયમના રંગે, ચારિત્રના રંગે આત્માને રંગજો.

સંયમના રંગે રંગાયેલા આત્માઓ સાચું સુખ, સાચી સંપત્તિ અને સાચી શાન્તિસમા એવા પવિત્રધામને જરૂર પામશે,

કદાચિત કર્મના પ્રબળયોગે સંસારમાં રહેવું પડે તો પણ " જલકમલવત્ " ન્યાયે રહો. ધાવમાતા રાજાના બાલકને ધવરાવે છે છતાં આ બાલક પોતાનો માનતી નથી, પણ પોતાની ફરજ બજાવે છે, પણ તે બાળકને ધાવમાતા ખરા

અંતઃકરણપૂર્વક ચાહતી નથી. તેમ સંસારમાં ફરજ પુરતી જો ફરજ બજાવી અલિપ્તપણે રહેવામાં આવે તો નવા કર્મો બાંધતાં અટકી જવાય. અને એવી આરાધના કરો કે જેથી પુણ્યના દળીઆ વધુ પ્રમાણે સંચિત થતા એક કાળે એવા માનવ જન્મની પ્રાપ્તિ થાય કે જે વખતે સંયમ માર્ગ ઝડપી ઉદયમાં આવે અને શાશ્વત ધામની પ્રાપ્તિ થાય. અને અનંતા ભવના જન્મ મરણરૂપી મહાવ્યાધિમાંથી છૂટકારો થાય.

"સાચા માર્ગનો સૌ પ્રયત્ન કરો"
"ઉન્માર્ગનો ત્યાગ કરો"
સંસારના રંગને બદલી સંયમના રંગે
જીવનને રંગી નાખો.
શુભંભવતુ.

પ્રવચન પાંચમું

# "સંસ્કારધન"

વિ. સં. ૨૦૧૧ શ્રાવણ વ. ૮ ગુરૂવાર
તા. ૧૧-૮-૫૫ સવારે ૯ થી ૧૧
સ્થળ-જૈન ઉપાશ્રય મુંલુંડ

[ પૂ. પ્રવચનકાર પંન્યાસ પ્રવરશ્રીની સળંગ પ્રવચનમાલાનું આજે પાંચમું પ્રવચન હતું જેનો ટુંક હેવાલ સુપ્રસિદ્ધ વર્તમાન પત્રો "મુંબઇ સમાચાર" તથા "પ્રજાતંત્ર" દૈનીકમાં પ્રસિદ્ધ થયો હતો આજે મુંબઇ અને ઉપનગરથી મોટી માનવ મેદની શ્રવણ માટે આવેલ હતી. જૈન જૈનેતર શ્રોતાઓથી વ્યાખ્યાન હોલ શરૂઆતથી ચિક્કાર ભરાયેલો હતો. ગેલેરીઓમાં પણ શ્રોતાઓની ઠઠ જામેલી હતી. ઘણા ભાવુકોને જગ્યાના અભાવે પાછા જવું પડ્યું હતું. પાંચમા પ્રવચનનું લગભગ સારભૂત સંપૂર્ણ અવતરણ નીચે કરવામાં આવ્યું છે. ]

## પુણ્યશાલી મહાનુભાવો !

ગયા રવિવારના, "સંસારના રંગ" એ વિષય ઉપર ઘણું કહેવામાં આવ્યું હતું સંસારના રંગે રંગાતો આત્મા ક્ષણિક સુખ ભોગવી અનંત દુઃખમાં ગબડી પડે છે જયારે વૈરાગ્યના રંગે રંગાયેલો આત્મા, ક્ષણિક કષ્ટ સહન કરી અનંત સુખને પ્રાપ્ત કરે છે તેના જ અનુસંધાનમાં આજના પ્રવચનનો વિષય "સંસ્કારધન" રાખવામાં આવેલ છે.

શાસ્ત્રકાર મહારાજા ભવ્યજીવોને ઉદ્દેશી ફરમાવે છે કે અનાદિ કાળથી આ આત્મા સંસારસાગરમાં અજ્ઞાન દશાને લીધે અંધળનીને જ ભમી રહ્યો છે.

જેમ કોઈપણ પ્રવાસી સાગરનો છેડો શોધી શકતો નથી તેમ આ સંસારનો પણ છેડો નથી. તેથી તેને સાગરની ઉપમા આપવામાં આવી છે. જેમ સાગરમાં મોટા મગરમચ્છ, જલચર જીવો, કાળમીંઢ પથ્થરોથી ખડકાયેલા ખડકો રહેલા છે. તેમ સંસારમાં કષાયોરૂપી મોટા મગરમચ્છો રહેલા છે. અને આશારૂપી ખડકોની સાથે વણથંભ્યા અહર્નિશ રાગદ્વેષ રૂપી મોજાઓ ઉછળી રહેલા છે. આ આત્મા અનાદિ કાળથી આ સંસારસાગરના તળીએ (નીગોદમાં) પડયો હતો. ત્યાં તેની સ્થિતિ અતિ ખરાબ હતી. એક શરીરમાં અનંતા આત્માઓની ભાગીદારી હતી. શ્વાસોશ્વાસની ક્રીયા, આહારની ક્રીયાઓ સાથે જ થતી એવી ભયંકર દશા આ આત્માની હતી. ત્યાંથી ભવિતવ્યતાના યોગે કરીને આ આત્મા એકેન્દ્રીયપણાને પામ્યો. બાદ ઉત્તરોત્તર પુણ્યની વૃદ્ધિ કરતો, અનુક્રમે બેઈન્દ્રીય, તેઈન્દ્રીય, ચૌરેન્દ્રીય, અસંજ્ઞી પંચેન્દ્રીય, સંજ્ઞીતિર્યંચપંચેન્દ્રીયપણું પામ્યો. પુણ્યરૂપી ખજાનો વેચી, આ આત્મા આર્યભૂમિમાં માનવી તરીકે ઉત્પન્ન થયો. જ્યાં સંસ્કારીક અને શ્રાવક કુળની પ્રાપ્તિ થઇ. કર્મની ભયંકર બેડીઓથી બંધાયેલા આ આત્માને, કર્મની બેડીઓ તોડવા માટેના સાધન તરીકે નિરંજન, નિરાગી, નિર્મોહી એવા વિતરાગ દેવની, પંચ મહાવ્રતના પાલન કરવામાં તત્પર, સ્વ અને પરનું એકાંતે

હીત ચાહનારા ગુરૂની અને અહીંસા, સંયમ, અને તપ યુક્ત, વીતરાગ પ્રભુએ પ્રરૂપેલો જે ધર્મ તે ધર્મની પ્રાપ્તિ થઈ, છતાં અજ્ઞાનતાના અંધકારમાં અથડાઈને માનવી ન આદરવા યોગ્ય આચરણ કરીને નવા કર્મોને બાંધી રહ્યો છે.

વર્તમાન યુગમાં વિચાર કરીએ તો જણાશે કે માનવી ન કરવા લાયક અને ન આચરવા લાયક કાર્યોને આચરી પોતાનું તથા બીજાનું અધઃપતન કરી રહ્યો છે.

આર્યાવર્તની આર્ય સંસ્કૃતિનું દફન કરી રહેલો માનવી, પશ્ચિમનું આંધળું અનુકરણ કરી પોતે સુધારાના પવનમાં રાચી રહ્યો છે અને સુધારકમાં ખપી રહ્યો છે. પણ ! તેને સમજણ નથી કે હું સુધારામાં છું કે કુધારામાં છું.

આર્યાવર્તમાં તો ઘણા આત્માઓ ઉત્પન્ન થાય છે. પણ ! આર્યકુલમાં ઉત્પન્ન થવું એ અતિપુણ્ય જયારે હોય છે ત્યારે બને છે. આર્યકુલમાં ઉત્પન્ન થયા બાદ, માર્ગાનુસારી પણાની પ્રાપ્તિ, આત્માને મુક્ત કરાવનારી વિદ્યા, દાનગુણ. નિર્મલતપ, અને નિષ્કલંક શીયલનું પાલન વિગેરે પણ તેથી વધારે પુણ્ય હોય ત્યારે જ પ્રાપ્ત થાય છે.

સર્વે પ્રકારની સામગ્રી મલ્યા છતાં જે માનવીના જીવનમાં સુસંસ્કારની સુગંધ નથી, અને ઉપર કહ્યા મુજબના ગુણો નથી. તે માનવી મૃગલાં કરતાં પણ હલકી કોટીનો છે.

વિચાર કરો ઓ મહાનુભાવો ! મૃગલાં તિર્યંચ છે. તરણાંનો ચારો ચરે છે. ઝરણાંના પાણી પીવે છે. કોઈનું

અહીત કર્યા વિના પોતાનું જીવન વ્યતિત કરે છે. જ્યારે વર્તમાન સમયમાં જણાય છે કે માનવી ધનના ઢગલા ખડકવા અને વિવેકને નેવે મુકી વિલાસો ભોગવવા જ જાણે જનમ્યો હોય તેવી તેની કાર્યવાહી દેખાય છે. એટલે જ અમારે તેવા આત્માની દયા ચિંતવતા કહેવું પડે છે કે આવું જીવન જીવનારા માનવો કરતાં મૃગલાઓનું જીવન અતી ઉત્તમ છે. જે માનવીઓનું જીવન અનીતિ, જુઠ, દગાબાજી, સ્વચ્છંદતા, કષાય, અને રાગદ્વેષની જવાળાઓથી ભરેલું છે તે માનવીઓ ખરેખર જમીન ઉપર ભાર કરનારા છે પણ! તેઓનું આવું જીવન બન્યું કેમ? તો તેનો એક જ જવાબ છે કે શરૂઆતથી જ જે સુસંસ્કારનું સીંચન થવું જોઈએ તે ન થતાં કુસંસ્કારોથી જકડાઇ ગયો છે.

જેની પાસે સુસંસ્કાર રૂપી ધનનો ઢગલો છે તે માનવી આ તિર્ચ્છાલોકમાં પણ દેવનીજેમ પૂજાય છે. અને જેની પાસે કુસંસ્કાર રૂપ વિષ્ટાનો ઢગલો છે. તે આત્માપતનને પંથે પડી દુઃખોની પરંપરાને વધારી હડધૂત થઈને અધઃપતનની ઉંડી ખાઇમાં પડી રહ્યો છે.

વર્તમાનમાં આર્યાવર્તની આદર્શ સંસ્કૃતિએ પશ્ચિમના માર્ગે વળાંક લીધો છે જ્યારે પશ્ચિમની સંસ્કૃતિએ આર્યાવર્તના માનવીઓ ઉપર હુમલો કરી પોતાની પકડ જમાવી છે. અંતરના ઉંડાણુમાં વિચાર કરશો તો તમને જણાશે કે આર્યાવર્તની આદર્શ સંસ્કૃતિ કયાં જઈને ઉભી છે. કેટલું અધઃપતન થયું છે.

આજે તમારૂં બોલવું, ચાલવું, ખાવું પીવું, રહેણીકરણી વગેરે ભેળસેળ વાળું દેખાય છે. હું તમોને એક જ પ્રશ્ન પૂછું છું કે તમોએ ત્યાંના વસ્ત્રોની ફેશન અપનાવી, જ્યારે તમારી વેશભૂષા તે લોકોએ કેટલી અપનાવી ? ત્યાં જઈને તમે સ્ટેજ ઉપર અથવા હોટલમાં નાચવાનું શીખીને આવ્યા. એક સમયે આ આર્યાવર્તમાં ભકતજનો પ્રભુભકિતમાં એટલા બધા લયલીન બની જતા હતા કે તેમને જગતમાં પ્રભુમય જીવન સિવાય કાંઈ જ દેખાતું નહોતું. ત્યારે પણુ ઘણા આત્માઓ ભકત આત્માઓને " **નાચણીઆ** " કહેતા જરા પણુ અચકાતા નહોતા.

પણુ જ્યારે આજે તેવા જ આત્માઓ સ્ટેજ અને હોટલોમાં નાચી જગતને કહી રહ્યા છે કે અમે સંસ્કૃતિનું ઉત્થાન કરીએ છીએ. પણુ જરા વિચારશો તો જરૂર જણાશે કે આજનો સંસ્કૃતિનો ઉત્થાનક તે સંસ્કૃતિનો ઉત્થાનક નથી પણુ સંસ્કૃતિનો ઉત્થાપક છે. વિઘાતક છે. આજે એટલે સુધી સાંભળવા કે વાંચવા મળે છે કે વીસ વર્ષની છોકરીને " બેબી " કહેવામાં તેમના માતા પિતા જરા પણુ અચકાતા નથી વળી આગળ વધીને કહીએ તો તે કહેવાતી બેબીને ફ્રોકસ, ચડ્ડી અને પુરૂષ બનવા મથી રહેલી એ યુવતિના માથાના વાળ. વિગેરે અશ્લિષ વેશભૂષાથી સજાવટ કરતાં તેના માતા પિતા જરાય સંકોચ અનુભવતા નથી આ છે તમારી સંસ્કૃતિની વિકૃતિ.

વળી કલાની ધૂનમાં ઘેલી બનેલીઅને વિલાસોની ઘેલછામાં મસ્ત બનેલી વીસ વરસની બેબીને હજારો માનવીઓની વચ્ચે, સ્ટેજ ઉપર નાચતી જોઇને તેજ

બેબીના કહેવાતા બા અને બાપા, હાથની તાલીઓ પાડે અને કહે કે અમારા સંતાનો કેવી સુંદર કલા શીખ્યા છે.

અરે! દુનિયાને ઉંધાં ચશ્મા ચઢાવનાર અને સંસ્કૃતિના મૂળ છેદનારા તે માબાપને ખબર નથી કે આ કલા છે કે વિલાસ! પૂર્વની આર્ય મહીલાઓનો ઈતિહાસ તપાસીએ તો જણાય છે કે જેણે આપણને સંસ્કૃતિના પાન પાયાં છે અને આપણા માટે આદર્શના ધોધ વહેતા મૂકયા છે. તે સંસ્કૃતિને આજના સુધરેલા માબાપના સુધરેલા સંતાનો સળગાવીરહ્યા છે.

તમોને સંસ્કારી સંતાનો જોઇએ છે પણ સારા સંસ્કારો તમે તમારા સંતાનોને આપવા તૈયાર નથી. આજે તમારા ત્યાં સંતાનનો જન્મ થશે કે તરત જ તમો શેઠ હશો તો આયાને સોંપવા તૈયાર થશો. રાજા હશો તો કોઇ દાસીને સોંપવા તૈયાર થશો. અને મધ્યમ વર્ગનો માનવી પોતાના સંતાનને રામા ઘાટીને સુપ્રત કરવા તૈયાર થાય છે. તમે જ વિચારો કે તમારા રામા ઘાટી, આયા કે દાસી તમારા સંતાનને કેવા સંસ્કાર પાડશે! કહેવું જ પડશે કે "સોબતની અસર" થયા વિના રહે જ નહિ. તેમના ઉપર કુસંસ્કારોનો વજ્રલેપ થશે. ખરાબ માર્ગે જશે. પછી તમે જ તમારા સંતાનો ઉપર તમારો રોષ વધારશો. જો પહેલેથી જ તમે તેને યોગ્ય શિક્ષણદ્વારા સિંચન કર્યું હોતે તો જરૂર આજની આર્યાવર્તની પ્રજા જે કુમાર્ગે દોડી રહી છે, તે દોડત નહિ.

આજે પણ એવી ઘણી આર્યમહીલાઓ છે કે જે પોતાના સંતાનોને બચપણથી જ સુસંસ્કારોનું સિંચન કરીને આર્ય સંસ્કૃતિના, માતાપિતાના, સત્યના, ધર્મના, અને સંય-

ત્રીઓના તથા સંયમના પુજકો બનાવે છે. જ્યારે મોટા-ભાગની માતાઓ પોતાના સંતાનોને બચપણથી એવા કુસંસ્કારો નાખે છે કે સંતાનોનું જીવન બરબાદ થઇ જાય છે. અને માતા પિતાને અતિશય સહન કરવું પડે છે. એક માતાનું દ્રષ્ટાંત છે,

એક માતા હતી, તેને એક પુત્ર હતો. એકનો એક પુત્ર એટલે માતાને ખુબ જ પ્રિય હતો. તે પુત્ર નાનપણથી જ કુસંસ્કારવાસીત બન્યો. અને નાના પ્રકારની હંમેશા ચોરીઓ કરવા લાગ્યો. જેમ જેમ મોટો થવા લાગ્યો, તેમ તેમ ચોરીનું પ્રમાણ વધારતો ગયો. પણ તેની માતાએ તેને ઠપકો આપવાના બદલે, પ્રોત્સાહન આપ્યું છેવટે તે મોટી મોટી ચોરીઓની સાથે ભયંકર લૂંટારો અને ખૂની પણ બની ચૂકયો. ખૂની બની ચૂકેલો અને કર્તવ્યની પગથારને ભૂલી ગયેલો તે લૂંટારો એક વખત પકડાયો અને ન્યાયા-ધિશે તેને ફાંસીની સજા કરી. જે વખતે ફાંસીના માંચડે તેને ચઢાવવામાં આવ્યો તે વખતે ત્યાં ઉભેલા શહેરના કોટવાલે, અને ન્યાયાધિશે તેની અંતિમ ઈચ્છા શું છે? તે માટે તેને પૂછયું ત્યારે તેને કહ્યું કે મારે મારી માતાના અંતિમ દર્શન કરવા છે. તે વારે તેની માતાને બોલાવવામાં આવી, પુત્રે માને જોઈ કે તરત જ નીચે ઉતરીને માનું નાક કરડી ખાધું, માતા કહેવા લાગી.......હેં.......હેં........ તું આ શું કરે છે. લોકો ઉપરના પ્રસંગને જોતાં જ રહ્યા ને છોકરો બોલી ઉઠયો. કે મા! તું મારી મા નથી પણ ભયંકર રાક્ષસી છે. તેં મને નાનપણથી ચોરી કરતાં ન અટ-

કાઢ્યો સુસંસ્કારો ન નાખ્યાં અને કુસંસ્કારો ના મને ફાંસીને માંચડે ચઢાવી મારી નંખાવનારી મા! તું માતા નથી પણ મહા અધમ અને ખુની છે. તેં મને નાનપણથી જ ચોરી કરતાં અટકાવ્યો હોત તો જરૂર મને આજે ફાંસીના માચડે ન ચડવું પડત, માટે મેં જે કાંઈ કર્યું છે તે ઠીક જ કર્યું છે. અને તને તારી કરણીનું ફલ પણ મલી ચુકયું છે.

ઉપરના દૃષ્ટાંતથી તમોને જણાશે કે માતા પિતાના નાખેલા સારા કે નરસા સંસ્કારો સંતાનમાં આવ્યા વિના રહેતા જ નથી.

આજે તો એવી માતાઓની જરૂર છે કે જે માતા પોતાના બાળકને પારણામાં ઝુલાવતી વખતે પણ એવા સુંદર હાલરડાં ગાય કેઃ—

હે મારા વ્હાલા બાળક! તું કોઈ પણ જીવની હિંસા કરીશ નહીં. કોઇને પણ દુઃખ થાય તેવું તારૂં વર્તન રાખીશ નહિં. જુઠું બોલીશ નહી. ચોરી કરીશ નહી. બ્રહ્મચર્યનું પાલન કરજે, સદાચારી બનજે. આદર્શવાદી બનજે, આર્ય સંસ્કૃતિનો પૂજક બનજે. લોભાંધ બનીશ નહી. વીરનો સંતાન છે તો અનાદિકાળના કર્મોની સત્તાને તોડવા માટે શૂરવીર બનજે. દેવ, ગુરૂ, અને ધર્મની આરાધના એવી સુંદર કરજે કે ફરીથી તારે નવ માસ સુધીના ગર્ભાવાસના દુઃખો જોવા ન પડે, અને જન કુલને, આર્યવર્તની પૂણ્યભૂમીને, અને મારી કુક્ષિને

ઉજ્જવલ બનાવજે. આવા સુંદર વાકયો આજની માતાઓએ હૈયામાં જડી રાખવા જોઇએ. અને ઘરની ભીંત ઉપર અશ્લિષ કે સીનેમાની નટ નટીઓના ફોટાઓ ન રાખતા ઉપરની સુંદર પંકતીઓથી મકાનની ભીંતોને પણ શણગારજો. આવી રીતે શણગારેલા મકાનમાં પણ કોઈ અજાણ્યો માણસ આવશે તો પણ તેની ઉપર તમારી ગેર હાજરીમાં તમારા સુસંસ્કારની સુંદર અસર પડશે.

આજની મોટા ભાગની આર્ય સન્નારીઓએ સંસ્કૃતિને વિકૃતિનું સ્વરૂપ આપ્યું છે તેના દ્ષ્ટાંતો આજે સમાજમાં ઠેરઠેર જોવા મળે છે. નાનપણુથી જ પોતાના સંતાનોને વિવેક અને સદ્બુદ્ધિના પાઠ ભણાવવાને બદલે ડરપોક પણાના, કાયરતાના, સ્વચ્છંદતાના કે વિલાસોના જ પાઠ ભણાવાતા હોય છે.

જયારે બાળક રડતું હોય છે ત્યારે તેને છાનું રાખવાની કોશીષ કરતી માતા પ્રસંગ આવે ત્યારે બાવો આવ્યો ! તને પકડી જશે ! તને બાવાને આપી દઇશ ! ઇત્યાદિ પ્રકારનું સંબોધન કરીને તેના જીવનને કાયરતામાં પલ્ટાવી નાખે છે. કદાચ કોઈક માતાઓ એવી પણ દેખાય છે કે પોતાના નાના પુત્રને ઢીંગલી બતાવીને કહેશે કે ભાઈ ! તું મોટો થઇશ ત્યારે તને આવી ગોરીગોરી વહુ લાવી આપીશ. જુઓ મહાનુભાવો ! એક તો તમારા ત્યાં જન્મનારો

આત્મા–મૈથુન સંજ્ઞા સાથે લઈને જ જન્મ્યો છે. અને વળી તમો તેને તે બાબતનું પ્રોત્સાહન આપતા શબ્દોનો ગુંજારવ કરી રહ્યા છો.

જ્યાં પારણામાંથી આવા કુસંસ્કારો પડે ત્યાં તે સંતાનો મોટા થશે ત્યારે શું ધાડ મારશે !

## " આ છે આર્યસંસ્કૃતિની અવદશા "

આજે દરરોજ તમે બોલો છો કે " સમરો મંત્ર ભલો નવકાર એ છે ચૌદ પૂર્વનો સાર, " તમે જ કેટલી વખત નવકાર મહામંત્રને બોલો છો કે તમારા નાના બાળકોને સંભળાવો છો ! જ્યાં સંભળાવવાની તમને ફૂરસદ નથી ત્યાં તમને શીખડાવવાની ફુરસદ ક્યાંથી હોય ?

આજે તમારા બાળકને પૂછો તો ખરા કે ભાઈ ! તને વર્તમાન ચોવિસીના તીર્થંકર ભગવંતના નામ આવડે છે ? તેમના માતા પિતાના નામ આવડે છે ? અરે ! ગામનાં જિનાલયમાં બીરાજમાન દેવનું નામ આવડે છે ? ચૈત્યવંદન આવડે છે ? અરે ! તેથી આગળ વધીને તમે પૂછો કે ભાઈ તને એકેય સ્તવન આવડે છે ? તો તેના જવાબમાં મોટા ભાગના તમારા સંતાનોના મૂખમાંથી એકજ જવાબ નીકળશે કે " ના. "

હવે તેને તમે એમ પૂછો કે તને સીનેમાની નટ નટીઓના નામો આવડે છે ? સીનેમાના ગીતો આવડે છે ? અરે ! આગળ વધીને પૂછો કે સીનેમાના થીએટરો ક્યાં

આવ્યા છે ? તો આજનો પાંચ કે સાત વર્ષનો તમારો બાબો કે બેબી તરત જ જવાબ આપશે કે "હા." પપ્પા મને બધી જ ખબર છે.

## " આ છે તમારા સંતાનોનું સંસ્કારધન "

એક પિતાને છ પુત્રો હતા, લાખોની મિલ્કત હતી. વૃદ્ધાવસ્થાએ પહોંચેલા પિતાએ તમામ મિલ્કત છ એ પુત્રોને સરખા હીસ્સે વહેંચી આપી, પિતાના પૈસે તાગડ ધીન્ના કરતા છોકરાઓ પિતાને એક એક પૈસા માટે કકળાવવા લાગ્યા, આગળ વધીને તે પુત્રોએ પિતાને જમવા માટે બે બે માસના વારા નક્કી કર્યા, વિચારો મહાનુભાવો ! લાખોની મિલ્કતનો માલીક સંસ્કાર વિહિન પુત્રોના પનારે પડીને બે બે માસ જુદા જુદા ભોજનાલયોમાં જાણે ન જમતો હોય તેવી પરિસ્થિતીમાં આવી પડયો આજે પણ આ આર્યાવર્તમાં એવા ઘણા પિતાઓ અને માતાઓ છે કે, છ, છ, કે આઠ આઠ, પુત્રો હોવા છતાં એક એક પૈસા માટે તેઓને પુત્રો પાસે કરગરવું પડે છે. વિશેષમાં જે માતાપિતાએ અનેક દુઃખો વેઠીને મોટા કર્યા તે જ માતા-પિતાને એક એક કે બબે મહીના જમવા માટેના વારા બાંધે છે. કે જાણે ભોજનાલયના ભાડુતી જમનારા. હોય તેવી પણ વર્તણુંક આ સંસારમાં ઘણી જગામાં જોવામાં આવે છે.

જુઓ અને વિચારો આ આર્યાવર્તની આર્ય પ્રજાની આર્ય સંસ્કૃતિનું મુળમાંથી જ થતું ઉલ્લંઘન, છતાં તેઓ કહેશે કે અમે આર્ય છીએ. ભલે જગતને આર્ય તરીકે

તેવા પુત્રો પોતાની જાતને ઓળખાવે. પણ તેમનું વર્તન, જીવન, અનાર્યની વૃત્તિઓને પણ ભૂલાવે તેવું હોય છે.

મને એજ નથી સમજાતું કેઃ—જે માતાએ નવ માસ સુધી. ઉદરમાં જતન કર્યું, તેના જન્મ સમયે મરણાંતકષ્ઠ વેઠયું, જેને મોટા કરવામાં ઘણા પ્રકારની યાતનાઓ વેઠી, છેવટે મોટો થતાં તેને પરણાવ્યો....પરણ્યો એટલે....ખેલ ....ખલાસ....માતાનો મટી ગયો. માતા પિતાની. વીસ વીસ વર્ષની મહેનત ઉપર વીસ નખનું ઝેર ચઢતાં જ, વીસ મીનીટમાં જ સંતાન માબાપને ભૂલીને પરણેતરનો બની જાય તો તે સંતાનો કેવા? તે સંતાનોને શું ઉપમા આપવી ! આ બધા અનીષ્ઠોનું જો કોઇપણ કારણ હોય તો, તે છે. બાળપણમાં બાળકોને સુસંસ્કારથી વંછિત રાખી, તેના પ્રત્યેની માતા પિતાની બે કાળજી.

જેમ ખીલતુ ફૂલ, સૂર્યના પ્રકાશ વિના કરમાઈ જાય છે તેમ આવા સંસ્કારથી બાળકનું સમગ્ર જીવન કરમાઈને કાયમને માટે બરબાદ થઈ જાય છે. તે સંતાન જીવનભર માતા પિતાને ધીક્કારે છે.

યાદ રાખજો કે તમારા ત્યાં જન્મ લેનાર આત્મા, અત્યાર સુધી સંસ્કાર ભૂખ્યો હતો. તે પોતાનો પુણ્યરૂપી ખજાનો વેચીને તમારા ત્યાં જન્મ્યો છે. તો તે બાળકમાં જૈનત્વનાં, સંયમના. આર્ય સંસ્કૃતિના એવા સુંદર સંસ્કાર નાખો કે પોતાના જીવનના અંત સુધી તમારો ઉપકાર ન ભૂલે. જો તમે તમારા સંતાનના હીતેચ્છુ હો, તેનું ભલું ઈચ્છનારા હો, તો તેને સુંદર જૈનત્વના, ત્યાગના,

અને વિવેકના, તથા આદર્શ સંસ્કૃતિના સંસ્કાર નાખશો તો તમે તમારા સંતાનના વિશ્વાસુ ગણાશો પણ ! તેને કુસંસ્કારથી નવપલ્લવિત બનાવી. ઉન્માર્ગે જવાના સહાયભૂત, અવિવેકી પણાના, ભોગના, અને સ્વચ્છંદતાના માર્ગે લઇ જનારા કુસંસ્કારોનું સીંચન કરશો તો તમારા જેવા કોઇ તેના ભયંકર વિશ્વાસઘાતી નથી. માટે તમારે તેના હીતેચ્છુ થવું છે ! કે વિશ્વાસઘાતી ! તેજ તમો તમારા અંતરમાં વિચારશો.

માનો કે તમો કોઈ સંસ્થાના ટ્રસ્ટી છો. જો તમે તે સંસ્થાનો વહીવટ અંધેર કરશો તો તમને ફરીથી ટ્રસ્ટીપદ મલશે. ખરૂં કે ? ના....નહિ જ મલે ! તેમ તમે પણ તમારા સંતાનના ટ્રસ્ટી છો. તેના માલીક નથી. માટે તમે પણ તમારા સંતાનનો સુયોગ્ય વહીવટ કરો.

યાદ રાખજો કે "કુમળું ઝાડ જેમ વાળશો તેમ વળશે" તેમ તમારા બાળકો જ્યાં સુધી બાલ્યાવસ્થામાં છે ત્યાં સુધી તમે તેને જેવા સંસ્કારો નાખશો તેવો તે થશે.

માતા પિતાને સૂર્ય ચંદ્રની ઉપમા આપતા નીતિકારો જણાવે છે કે, જેમ સૂર્યનાઉદયથી ઘુવડો નાસી જાય અને તેના તાપથી ગંદકીના ઢગલાઓ નષ્ટ પ્રાયઃ થઈ જાય છે. (ગંદકી દૂર થાય છે) ચંદ્રમાની શીતળતા જગતના માનવીઓને તાઝગી બક્ષે છે. તેમ માતાપિતા સંતાનોમાં રહેલા કુસંસ્કારો રૂપી ઘુવડને નસાડી મૂકી. અજ્ઞાનતાના કચરાને દૂર કરે છે. અને સંતાનોમાં સુસંસ્કારોનું સિંચન કરી, તેને

તાઝગી બક્ષે છે. પણ ! આ બધું બને ક્યારે કે માતા પિતા સૂર્ય અને ચંદ્ર જેવા બને ત્યારે

જેમ સોનાર સોનાનો ઘાટ ઘડીને અનેક પ્રકારના સુંદર આભૂષણ બનાવે છે. તેમ ચોરાશી લાખ જીવા યોનીમાં ભ્રમતો અને અનેક પ્રકારના ઘડાયેલા બેહુદા ઘાટવાળો, આત્મા તમારા ત્યાં આવ્યો છે. તો તેના જીવનમાં સયમના સુસંસ્કારો સીચીને તેનો સુંદર ઘાટ ઘડનાર તમે સોનાર બનો. **સારા સંસ્કાર વાળો માનવી રત્નોની ખાણ છે. કુસંસ્કારોના બંધનોથી જકડાએલો માનવી કાળમીંઢ પત્થર જેવો છે.**

"એક પુત્રે નાહીને સ્નાનાગારમાંથી બહાર નીકળતી વખતે જમીન ઉપર ધૂળ અને કચરો પડયો હોવાથી પોતાની માતાને કહ્યું કે માતાજી ! આ જમીન ઉપર કચરો પડેલો છે. તેનાથી મારા ચોકખા પગને રજ લાગવાની ભીતી છે તો તમે તમારૂં વસ્ત્ર અહીં પાથરો કે હું સહી સલામત ચોકખા ઓરડામાં જાઉં માતાએ વસ્ત્ર પાથરીને કહ્યું કે ભાઇ ! તારા પગને કચરો ચોંટશે. તેવી તને બીક લાગે છે. તેમ તારા આત્માને કર્મોનો કચરો ન ચોંટે તેવી પણ તું કાળજી વાળો બનજે.

જેમ આ માતાએ પોતાના પુત્રને શીખામણ આપી તેમ તમે પણ તમારા સંતાનને કહેજો અને સદ્‌માર્ગે વાળજો.

ઉઘાડું આસમાન જેવી છત્રછાયા છે. પથરાની પગથાર જેની પથારી છે. શ્રીમંતોની ઠોકરો જેને અન્નને બદલે ખાવા મળે. આપત્તિના આંસુઓ જેના જીવનમાં રાત દિવસ

વહી રહ્યા છે. એવા એક ગરીબ છોકરાએ ભૂખના દુઃખ-માંથી બચવા, ગરીબી અને કંગાલીયતના દાવાનળમાંથી છૂટવા, પોતાના ગામના સ્ટેશન ઉપર રેલ્વેમાં મુસાફરી કરતાં મુસાફરોને પાણી પીવડાવવાનો ધંધો કરવા માંડયો. ત્રણ વખત આવતી જતીગાડી ઉપર, આભમાંથી અંગારા વરસાવતા સૂર્યની તીખી લ્હાયમાં ઠંડા પાણીનો ઘડો ભરીને ઉઘાડે પગે જતો, એક આનો દોઢ આનો જે મલે તેમાં પોતાનું જીવન વિતાવતો, માબાપ વિહોણા છોકરાને એક આનો એટલે તેના મનમાં તેને હજારોની કમાણી કરી હોય, તેવો આનંદ થતો. એકદા તેના જીવનમાં એક અતિ શોચનીય પ્રસંગ બન્યો.

આધુનીક સંસ્કૃતિના રંગે રંગાયેલો અને પોતાની જાતને શીક્ષિત અને સંસ્કારીક માનતો એક કોલેજીઅન નવયુવાન, આંખે રીમલેશ ચશ્મા, કોટ, પાટલુન, ટાઇમાં સજ્જ થઇને રેલ્વેના બીજા વર્ગના ડબામાં મુસાફરી કરી રહ્યો હતો. ટ્રેઈન ઉપડવાની વ્હિસલ વાગી. તે વેળાએ પેલા ગરીબ છોકરા પાસે પાણી માંગ્યું. તે છોકરાએ પોતાના નિયમ મુજબ એક પૈસાના બે પ્યાલા પાણી આપ્યું બીજો પ્યાલો પાણી જ્યાં પેલા કોલેજીઅનના હાથમાં મૂકે છે ત્યાં ગાડી ઉપડી અને કોલેજીઅન જાણે તેના ઉપર ઉપકાર કરતો હોય તેમ તેના હાથમાં એક આની મૂકી, છોકરો ખૂશી થયો, તેના મનમાં આજે આનંદની અવધી નહોતી, પણ! જ્યારે હાથની મૂઠી ખોલી હથેલીમાં નજર કરે છે તો એક આની ખોટી અને કલાઈની નીકળી, પાણી

પાનાર છોકરાંનો ક્ષણીક આનંદ ઓસરી ગયો. અને તેનો આત્મા આ સુધરેલા માનવીની વૃત્તિ ઉપર કકળી ઉઠયો. ગાડીએ હજુ સ્ટેશનમાંથી ઉપડીને સ્ટેશનની હદ છોડી નહોતી, છોકરો ગાડીની સાથે દોડતો દોડતો બોલવા લાગ્યો કે હે શહેરી શેઠના વરણાગીઆ છોકરા ! તમે મને એક આની ખોટી આપી છે વારંવાર બુમો મારતો છોકરો ગાડીની સાથે દોડતો મરણીયો જંગ ખેલવા લાગ્યો. પેલો નવયુવાન તેની ગરીબાઈ ઉપર હસતો પોતાની કાર્યવાહી ઉપર આનંદ માનતો, ડબ્બાની બારી ઉપર ઉભો ઉભો હાથનો અંગુઠો બતાવતો હતો. ડબ્બાના બીજા ઉતારૂઓનું આ દ્રશ્ય જોઈને અંતર કકળી ઉઠયું અને એક સજ્જન માનવીએ ડબ્બામાંથી તે છોકરા ઉપર બે આની નાખી. છોકરો તો ઘેર ગયો. પણ ! પેલા કોલેજીઅન ભાઈની કાર્યવાહી તરફ નજર કરીએ તો શીક્ષણના અને સંસ્કારના ઓછાયા નીચે ભયંકર કૃત્ય કર્યું.

યાદ રાખજો આદર્શ સંસ્કૃતિના કહેવાતા ઘડવૈયા જે આજના યુવાનો અને યુવતિઓ, આવા અતિશોચનીય કુકૃત્યો કરીને પોતાની જાતને અને જગતને છેતરી રહ્યા છે.

આજે આર્યાવર્તની આર્ય પ્રજાના સુસંસ્કારના ઝાડ ઉપર ઉગેલા કુસંસ્કારના પુષ્પોએ સમાજમાં દુર્ગંધ ફેલાવી છે. આજના યુવાનો અને યુવતિઓ પોતાની જાતને શિક્ષિત અને સંસ્કારીક કહેવડાવતાં પહેલાં તેઓ વિચારે કે આપણે કેટલા શિક્ષિત અને સંસ્કારી છીએ.

શું તમે કોલેજોની કે પરદેશની ઉપાધિઓ મેળવી ( બી. એ. એમ. એ. કે કોઈ સર્જન થયા ) એટલે સંસ્કા-

રીક અને શિક્ષિત થઈ ગયા ! ના........ના........જેના હૈયે માનવતા વસી હોય, જેનું હૃદય દયાથી ભરપુર હોય, જેના અંતરના ઉંડાણમાં જરા સરખી પણ સમાજ વિરોધી કાર્યવાહી કરવાની ભાવના ન હોય તે આત્મા જ સંસ્કારી અને શિક્ષિત કહેવાય છે બાકી આજે તો

**ભણેલાના ભવાડા દરરોજ થાય છે. અને ગણેલાના ગુણુગાન ઘેર ઘેર ગવાય છે,**

આજે સમાનતાના હકે, સમુહ શિક્ષણે, અને વિદેશી ચલચિત્રોએ, અને પશ્ચિમના આંધળા અનુકરણની ફેશને, આર્યાવર્તની આદર્શ સંસ્કૃતીની હોળી સળગાવી છે અને આજનો યુવાન વર્ગ કેવળઅભિમાન અને અહંકારની સળગેલી ચીતામાં સુસંસ્કારના સુગંધીદાર પુષ્પોને સળગાવી રહ્યો છે.

**ફેશન એ તો રીબાવી રીબાવીને મારનારૂં ઝેર છે તે ફેશનને જ્યારે તમો તિલાંજલી આપશો ત્યારે તમારૂં જીવન અતિ સમૃદ્ધ હશે.**

ફેશને સર્જેલી શિક્ષણ અને સંસ્કારની, હોલીની જ્વાળાઓ આજે તમોને સમાજમાં ઘેર ઘેર જોવા મલશે.

આદર્શ જીવન જીવવાની વાતો કરનારાઓ જુઓ તો ખરા કે ભારતભૂમિનું આદર્શ સંસ્કારધન કેવું હતું, તેને માટે રામાયણમાં આવતાં સંસ્કૃતિના ખજાના રૂપ કિર્તીધર રાજા, અને કેતુમતી રાણી તથા સુકોશલનું ચરિત્ર આજના નવીનતાના યુગમાં જીવનારા માનવીઓને વધારે બોધદાયક થઇ પડશે.

ગયા રવિવારના "સંસારના રંગ" ઉપરના પ્રવચનમાં તમોને વજ્રબાહુ કુમાર, મનોરમાની સાથે લગ્ન કરીને પોતાના નગરમાં જવા માટે રસ્તો ઉલંઘન કરી રહ્યા હતા. ઉદયસુંદરે પોતાના બનેવીની મશ્કરી કરી અને વજ્રબાહુ કુમારને નિમિત્ત મલી ગયું મીંઢળબંધા વજ્રબાહુકુમારે સંયમ અંગીકાર કર્યો, સાથે જ મનોરમા, ઉદયસુંદર આદિ ઘણાઓએ પણ ચારીત્ર અંગીકાર કર્યું. વજ્રબાહુ કુમારના સંયમના સમાચાર તેઓના પિતા વિજયરાજાને મલ્યા, ત્યારે તેઓ એકાએક બોલી ઉઠયા કે "**મારા કરતાં મારો પુત્ર અનેક રીતે સારો છે**" પણ "**હું સારો નથી.**" વિચારો મહાનુભાવ! કેટલા સુંદર સંસ્કારનો ખજાનો વિજયરાજા પાસે ભરેલો હશે કે સંયમી પુત્રને માટે આટલા સુંદર શબ્દો કાઢી શકયા. વિજય રાજાના બદલે તમને તમારા પુત્રનાજ આવા સમાચાર મલ્યા હોય તો તમે શું કરો ! બોલો જવાબ આપો ! ધમાલ કરો, તેમાં તમે ન ફાવો તો જેને તમે પૂજનીય, વંદનીય, સેવનીય માનો છો તેમને પોલીસ કોર્ટના પગથીઆ બતાવવા પણ પાછી પાની ન કરો ! અને છાપામાં તો તમો આપ્યા વિના રહો જ નહિ. અરે ! એટલેથી નહિ અટકતાં પ્રસંગ આવે તો મહારાજનું માથું ફોડી નાખવા માટે તૈયાર થઇ જાવ કેમ ! સાચી વાત છે ને !

પણ મહાનુભાવ ! મૂળમાં જ સંસ્કારની ખામી છે. ત્યાં તમારી અજ્ઞાનદશાજ તમોને સ્વકર્તવ્યનું ભાન ભૂલાવી ઉંધા માર્ગે ચઢાવે છે. પણ પિતા તો વિજય રાજા જેવા જ જોઈએ.

જો વજાબાહુ કુમારે સંયમ અંગીકાર ન કર્યો હોત તો શ્રીમતી મનોરમા, ઉદયસુંદર અને બીજા રાજકુમારો કઈ રીતે સંયમના પંથે જાત ? અરે! વિજય રાજાને પણ સંસારના ક્ષણીક સુખોનો ત્યાગ કરવાને માટેનું જો ભાન કરાવ્યું હોય તો તેજ વજાબાહુકુમારે જ.

" તમે પણ એવા પુત્રના પિતા થવામાં જ ગૌરવ માનજો "

" પુત્રો હોય તો વજાબાહુકુમાર જેવા જ હો. "

" પિતા હો તો વિજયરાજા જેવા જ હો. "

અહીં વિજય રાજાએ પોતાના બીજા પુત્ર પુરંધરને ગાદી ઉપર બેસાડી તરત જ જલકાંતમણીમાં જેમ પાણીને છૂટા પાડવાનો ગુણ રહેલો છે તેમ કર્મબંધના કારણથી મુક્ત બનાવનારી, અને પૂર્વસંચિત કર્મોને આત્માથી છૂટા પાડનારી પરમ પવિત્ર ભાગવતિ પ્રવજ્યા " શ્રી નિર્વાણમોહ" નામના મુનીશ્વર પાસે ગ્રહણ કરી. હવે પુરંધર રાજવી રાજ્યધૂરાને વહન કરવા લાગ્યા. તેમને " પૃથિવી " નામની રાણી હતી. તેની કુક્ષીને વિષે ઉત્પન્ન થયેલા કીર્તિધર નામના પુત્રને પોતાનું રાજ્ય સુપ્રત કરી પુરંધરરાજા " શ્રી ક્ષેમંકર" નામના મુનિની પાસે સંયમ લઈને મહામુનિશ્વર થયા.

મહાનુભાવો ! વિચારો કે રામાયણમાં ડગલે અને પગલે અરે ! શબ્દે શબ્દમાં દીક્ષા, સંસ્કૃતિ, અને આદર્શ-ભાવનાઓજ ભરેલી છે. તેમાંથી તમને તત્ત્વ લેતા આવડે તો તત્ત્વને ખેંચી જીવનને સમૃદ્ધ બનાવવાના ઉપાયો યોજો.

નાનું બાળક હોય તેને આપણે કડવી દવા પીવડાવતી વખતે સાકરનું મીશ્રણ કરીને પીવડાવવાની કોશિષ કરીએ છીએ. કારણ કે નાનું બાળક એકલી કડવી દવા નહી પી શકે, માટે તેમાં સાકરનું મિશ્રણ કરવું પડે છે. કદાચ જો સાકરનું મિશ્રણ ન કરીએ તો કડવી દવા બાળક ઉલ્ટીદ્વારા બહાર કાઢી નાખશે. તેજ રીતે પૂર્વના આપણા પૂજ્ય મહર્ષિઓએ આજના બાલજીવોને માટે આવા કથાનુયોગની રચના કીધી છે. તેમાં તેઓશ્રીનો એકજ ઉદ્દેશ છે કે આવા આત્માઓ આ પ્રમાણે કથાઓ સાંભળીને પણ તેમાંથી તત્ત્વ શું છે? તે સમજી શકશે. અને તે દ્વારા પોતાના જીવનને સુધારી શકશે. તમોને તત્ત્વમાં રસ આવે છે. કે કથામાં! જવાબ આપો.

તત્ત્વની વાત આવે ત્યારે તમોને ઝોકાં આવે છે, અને કાન બંધ કરીને બેઠેલા હોય તેમ દેખાય છે. પણ જ્યાં કથા આવે ત્યારે તમારી ઉંઘ ઉડી જાય, કાન ખુલ્લા થઇ જાય, કેમ વાત સાચી છે ને! તેનું કારણ તમે શોધી કાઢયું? કહેવું પડશે કે તમને કથાઓ વધારે પ્રીય છે. હું તમોને એટલું જ કહેવા માગું છું કે તમે કથાઓ સાંભળો, અને તેમાં રહેલા તત્ત્વને બરાબર સમજો.

“ તત્ત્વ એટલે રસાયણ ”

“ કથા એટલે સાકર ”

અહી પણ રામાયણના પાત્રો તરફ દ્રષ્ટી કરો તો તેમાં પિતાના અમુલ્ય વારસાનો કેટલો સુંદર સદુપયોગ, આખા-

રામાયણમાં કોઈ પણ રાજવી એવા નથી કે જેણે ચારિત્ર ગ્રહણ ન કર્યું હોય.

અહીં પણ આપણે કીર્તિધર રાજાનો પ્રસંગ ખૂબ જ વિચારવા જેવો છે.

કીર્તિધર રાજવી પણ કોઈ સામાન્ય કોટીના માનવી નહોતા પણ શ્રી વજ્રબાહુ જેવા પુણ્યવંત આત્માના જ વંશજ હતા.

જેના પૂર્વના વંશજો વૈરાગ્યવાસિત હોય તેના સંતાનો પણ વૈરાગ્યવાસિત હોય છે તેમાં કોઈ નવાઇ નથી.

કીર્તિધર રાજા દોગંદુક દેવની પેઠે ભોગ સુખો પોતાની પત્નિ સહદેવીની સાથે ભોગવી રહ્યા છે. કીર્તિધર રાજા પોતાના પૂર્વજોના સંસ્કારના ખજાનાને સાચવતા એક દિવસ વૈરાગ્યવાસિત થયા, ત્યારે મંત્રીઓએ કહ્યું સ્વામિન્ ! આપને અત્યારે સંયમ લેવો ઉચીત નથી. કારણ કે આપને પુત્ર નહી હોવાથી આટલા મોટા રાજ્યની ધૂરાને વહન કરશે કોણ ! માટે અમે આપને વિનંતી કરીએ છીએ કે આપ જ્યાં સુધી પુત્ર રત્નની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સંયમગ્રહણ કરશો નહી.

મહારાજા કિર્તિધર વૈરાગ્યવાસિત દશામાં જ મંત્રીઓની વિનંતીને માન્ય કરી. ગૃહવાસમાં રહ્યા. કેટલોક કાળ વ્યતિત થયા બાદ “સહદેવી રાણીએ” સુકોશલ નામના પુત્રને જન્મ આપ્યો. પણ રાણી સહદેવીએ પોતાના પતિ “પુત્ર જન્મના સમાચાર જાણશે તો સંયમી બનશે.” તે ભયથી પોતાના પુત્ર સુકોશલને જન્મ આપતાંની સાથે જ ગુપ્ત કરી દીધો.

વૈરાગ્ય વાસિત રાજા કીર્તિધરને આ પ્રમાણે અટકાવનારી રાણી "સહદેવી" પોતાના ક્ષણીક સ્વાર્થની આંધીમાં પટકાઈને પતિની સાથે વિશ્વાસઘાત કરવા તૈયાર થઇ.

આ રીતે "વિશ્વાસઘાત કરવો તેના જેવું કોઇ મહાન પાપ નથી" પૌદ્‌ગલીક સુખમાં આનંદ માનનારી રાણી સહદેવીએ પુત્રને છૂપાવ્યો છતાં આત્મિકસુખના અભિલાષી કીર્તિધર રાજવીને પુત્ર સુકોશલના જન્મની ખબર પડી. અને આત્મિક સ્વાર્થમાં રમતા અને સ્વ અને પરનું કલ્યાણ ઈચ્છનાર કીર્તિધર રાજાએ જે અવસ્થામાં સુકોશલ હતો. તેજ અવસ્થામાં તેને રાજગાદી ઉપર સ્થાપન કરી "શ્રી વિજયસેનસૂરીશ્વરજી" મહારાજ પાસે સંયમ ગ્રહણ કર્યું.

રાણી સહદેવી પરપરીણતીમાં રાચતી હતી. પોતાના પતિને સંયમ લેતા અટકાવવાને માટે પુત્રને ગુપ્ત રાખ્યો. પણ સ્વપરીણતીમાં રાચતા કીર્તિધર રાજવીને પુત્ર જન્મના સમાચાર કોઇ ગુપ્તચર પાસેથી મલતા તેઓ તરત જ સંસારની માયા છોડીને આત્મસાધનાના પંથે ગયા. આનું જો કોઇ કારણ હોય તો તે એક જ છે કે પૂર્વ પરંપરાથી ચારિત્રના સંસ્કાર અને એજ સંસ્કારના ખજાનાએ કીર્તિધર મુનિને લોકોત્તર સુખના ભોક્તા બનાવ્યા. આકરાં તપને તથા બાવીસ પરિસહોને સહન કરતા કીર્તિધર રાજર્ષિ પોતાના ગુરૂદેવની આજ્ઞા લઇને એકાકી અન્યત્ર વિહાર કરી ગયા.

આજ્ઞાથી એકાકી વિહાર કરતા, અને કર્મક્ષય કરવામાં

શૂરવીર બનેલા કીર્તિધર મહર્ષિ માસક્ષમણને પારણે માસ-ક્ષમણ કરવા લાગ્યા, એકદા માસ ક્ષમણના પારણાના માટે તેઓ "સાંકેત નગર" કે જેઓ ગૃહસ્થાવાસમાં જે નગ-રના રાજવી હતા. ત્યાં મધ્યાન્હકાળે ભીક્ષા માટે ભ્રમણ કરવા લાગ્યા.

સુકોશલ રાજાની માતા સહદેવી પોતાના મહેલના ઝરૂખામાં ઉભી હતી. તેને દૂરથી તપસ્વી કીર્તિધરને જોયા. અને તરત જ સહદેવીના અંતરમાં સ્વાર્થ દશાએ ઉછાળો માર્યો અને રાણી વિચારવા લાગી કે.

હું જીવનભર પતિ વિહોણી બની છું કદાચ મારો પુત્ર સુકોશલ આ મહામુનિને વળી જયાં જોશે અને વૈરાગ્યવંત બનશે તો હું જીવનભર પુત્ર વિહોણી પણ બનીશ.

સ્વાર્થાંધ માતાને આવો વિચાર કેમ આવ્યો ?

તેનું કારણ સ્પષ્ટ દેખાય છે કે પિતાના વૈરાગ્યવાસિત સંસ્કારો પુત્રમાં આવ્યા વિના રહેશે જ નહિ ફક્ત નિમિ-ત્તની જ જરૂર છે.

રાણી સહદેવીની વિચારધારાએ જોર પકડયું અને આત્મ નિર્ણય કર્યો કે ભલે આ મુનિ નિરાપરાધી છે પણ કદાચ મારા પુત્ર સુકોશલને વૈરાગ્ય ઉત્પન્ન થવામાં મુનિ નિમિત્ત ન બને એટલા માટે મારે આ મુનિને નગરની બહાર કાઢી મૂકાવવા જોઈએ તેમાં જ મારૂં અને મારા પુત્રનું તથા મારા રાજ્યનું શ્રેય છે.

સહદેવીએ મહા અનર્થકારી વિચાર કર્યો, મોહદશામાં ભમતી સહદેવી પોતાના પતિ પ્રત્યે આવો ક્રુર વિચાર કરી

ચુકી, ખરેખર! મોહના કારમાકતલખાનામાં પડેલા આત્માઓ કાંઈ પણ સારા કે નરસાનો વિચાર કરતા નથી અને કેવલ પોતાની સ્વાર્થ વૃત્તિને જ જોવે છે.

મોહદશામાં પડેલા આત્માઓ એટલા બધા ક્રુર બને છે કે તેઓ વિવેક કે વિચાર કરવામાં પણ અંધ બનીને ન કરવાનું કાર્ય પોતે કરી નાખે છે.

એવી રીતે પુત્રની ઉપર મોહાંધ બનેલી અને મુનિ ઉપર દ્વેષી બનેલી સહદેવીએ પોતાને મળેલી સત્તાનો સદુ-પયોગ કરવાના બદલે દુરૂપયોગ કર્યો અને રાણીએ સેવકો દ્વારા રાજર્ષિ બનેલા પોતાના પતિને નગર બહાર કઢાવ્યા.

લોભાંધ સહદેવીએ પોતાના પતિને સંયમ માર્ગે જતા અટકાવ્યા. વળી માસક્ષમણના પારણે ભીક્ષાર્થે ભ્રમણ કરતા મહામુનિને નગરીની બહાર કઢાવ્યા, છતાં તેનું ક્રુર અને નિષ્ઠુર અંતર જરાપણ દયાવંત ન બન્યું.

જ્યારે સુકોશલની ધાવમાતાના જાણવામાં આ વાત આવી ત્યારે રાણી સહદેવીના દુષ્ટ કાર્યથી તેનું અંતર ચીરાઈ ગયું અને અતિશય રૂદન કરવા લાગી. પોતાની ધાવમાતાનું આક્રંદ જોઈને સુકોશલ રાજાએ પૂછ્યું કે તું કેમ રડે છે?

ત્યારે ધોધમાર આંસુઓને વહાવતી ધાવમાતાએ કહ્યું કે હે રાજવી! તારા પિતા કીર્તિધર મહારાજા જ્યારે તું બાલ્યાવસ્થામાં હતો, ત્યારે તને રાજ્ય ઉપર બેસાડીને તેઓએ સંયમ ગ્રહણ કર્યું હતું, તે મુનીશ્વર આજે વર્ષો બાદ નગરમાં માસક્ષમણને પારણે ભિક્ષા માટે પધારતા

હતા. પણ તારી માતાએ તેમને નગરની બહાર કાઢી મૂકયા. કારણ કે તે મુનિને જોઈ કદાચ તું સાધુ થઇ જાય તેમ તારી માતાને બીક લાગવાથી તેમને સેવકો દ્વારા નગર બહાર કાઢી મૂકાવ્યા. તે દુઃખથી મને રૂદન આવે છે.

આ વાત સાંભળી જાણે માથા ઉપર વિજળી તૂટી પડી હોય તેમ સુકોશલ રાજા સ્તબ્ધ બની ગયા. માતાના ભયંકર કૃત્યે સુકોશલના હૈયામાં આગ લગાડી. અને સંસારની વિચીત્રતા તથા સ્વાર્થભરી વૃત્તિઓનું પ્રતિબિંબ સુકોશલના અંતરમાં પડયું અને સંસાર ભયંકર લાગ્યો. તેજ સમયે રાજા સુકોશલે આત્માની સાથે નિર્ણય કરી નાખ્યો કે પિતાના માર્ગે જવું.

સુકોશલ રાજવી પિતાના પાસે જવા માટે ચાલી નીકળ્યા. અને કીર્તિધર મુનીશ્વરની પાસે જઈને ચારિત્ર લક્ષ્મીની માગણી કરી.

વિચારો મહાનુભાવો! મોક્ષના સાધક કીર્તિધર મહર્ષિને નગરમાંથી બહાર કઢાવી, વૈભવ વિલાસોમાં રાચતી, પોતાના જીવનને આબાદ બનાવવાની ભાવનામાં ભટકતી "સહદેવી" ના મુખનું દર્શન કર્યા વિના સુકોશલ રાજવી આત્મ કલ્યાણના માર્ગે નીકળી પડયા.

"સહદેવીએ રમણીના સ્વાંગમાં ભયંકર રાક્ષસીનું કાર્ય કર્યું."

આજના તમારા સંસારમાં આવી માતાઓ થોકબંધ દેખાશે પણ આવા પુત્રો જવલ્લે જ જોવા મળશે.

“ આ છે આર્યાવર્તની આર્ય સંસ્કૃતિની જડ. ”

સંસારના રસીઆ બન્યા કરતાં, વૈરાગ્યના રસીઆ બનો સદ્‌ગુરૂઓના શરણે જઈને આત્માનો ઉદ્ધાર કરો. હવે સુકોશલ મહારાજાની “ ચિત્રમાલા ” નામની પત્નિ ગર્ભવતી હતી. તે ચિત્રમાલા. મંત્રીઓ સહિત કીર્તિધર મુનિ પાસે બેઠેલા સુકોશલ રાજાને –કહેવા લાગી. હે સ્વામિનાથ! આપના વિના રાજ્ય કોણ ભોગવશે ? માટે આપને અત્યારે રાજ્યનો ત્યાગ કરીને સંયમ લેવો ઠીક નથી. પોતાના સંયમી પિતાના પ્રત્યેનો, પોતાની માતા સહદેવીનો વર્તાવ જોઈને સંસારની ભયંકરતા સમજેલા સુકોશલ રાજા ચિત્રમાલા પ્રત્યે કહેવા લાગ્યા કે ગર્ભમાં રહેલા તારા પુત્રને હું રાજ્ય ઉપર સ્થાપું છું; ગર્ભમાં રહેવા છતાં તારો પુત્ર રાજા તરીકે ઓળખાશે.

આ પ્રમાણે પોતાની પત્ની ચિત્રમાલાને તથા મંત્રીઓને કહી. શ્રી સુકોશલ રાજાએ પિતા પાસે દીક્ષા લીધી અને અતી આકરાં તપને તપવા લાગ્યા. તથા મોક્ષના ફલને પ્રાપ્ત કરવામાં ઉદ્યમી બન્યા. નિર્મળ અને નિષ્કષાય એવા બંન્ને મહામુનિઓ ભૂમિતલ ઉપર વિચરવા લાગ્યા.

ત્યારે રાજરાણી અને રાજ્ય માતાના બીરૂદને ટકાવી રાખવાના કોડમાં અનેક કર્મોના નવા બંધને બાંધતી “ સહદેવી ” પુત્રના વિયોગમાં ખેદ કરતી. આર્તધ્યાનમાં લીપ્ત બનેલી મરીને વાઘણ તરીકે ઉત્પન્ન થઈ.

પિતા પુત્રમાંથી ગુરૂશિષ્ય બનેલા મહામુનીશ્વરો શ્રી કીર્તિધર મુનિ અને સુકોશલ મુનિ ચાતુર્માસ માટે એક

નિર્જન પહાડની ગિરિ કંદરામાં, પોતાના શરીરની મમતા તજીને, આત્મિક સુખની પ્રાપ્તિ માટે મનના અશુભ વ્યાપારોનો ત્યાગ કરીને, આત્મધ્યાનમાં આરૂઢ થયા.

ચાતુર્માસ પૂરૂ થયું, બંન્ને રાજર્ષિ મુનીશ્વરો પારણા માટે ગુફામાંથી બહાર નીકળી નગરમાં જવાના માર્ગે જઈ રહ્યા છે ત્યાં જ રસ્તામાં પુત્રના મોહમાં, આર્તધ્યાનમાં લયલીન બનેલી સહદેવી મરીને વાઘણ થયેલી હતી. તે મહા ભયંકર વાઘણે બન્ને મુનીશ્વરોને જોયા. વેરની આગમાં ક્રોધિત થયેલી વાઘણ પોતાનું મુખ પહોળું કરીને ભયંકર ત્રાડ નાખી દશે દિશાઓને ગજાવતી મુનીશ્વરો તરફ દોડી. બંન્ને મહામુનિઓ અરિહંતનું શરણું, સ્વીકારીને ધર્મધ્યાનમાં આરૂઢ થયા. કાયાને વોસરાવી દઈ સ્થિર થઈને કાઉસ્સગ્ગ ધ્યાનમાં લીન બન્યા.

માતા મરીને બનેલી મહાવિકાળ વાઘણ વૈરના ઉદયથી સુકોશલ મુનિ ઉપર તૂટી પડી. અને મુનીશ્વરને જમીન ઉપર પછાડી નાખ્યા.

જમીન ઉપર પછડાયેલા. મુનીશ્વરની ચામડી જેમ કપડું ફાટે તેમ ભયંકર વાઘણે ફાડવા માંડી, મુનીશ્વર પોતાના ઉપર થયેલા મહા ઉપસર્ગને સહન કરતાં વીશેષ ધ્યાન મગ્ન બન્યા.

વાઘણે મુનીશ્વરના શરીરમાંથી માંસના ટૂકડા કાપીને ખાવા માંડયા. તરસ્યો માનવી નદીને દેખી તરસ છીપાવવા પાણી પીવે. તેમ લોહી તરસી વાઘણ મુનિની નસેનસનું લોહી પીવા લાગી.

માતા મરીને બનેલી વાઘણે હાહાકાર વર્તાવી દીધો.

પણ મુનીશ્વર કર્મનો દોષ કાઢતાં પોતાના ધ્યાનમાંથી જરાપણ ચલાયમાન ન બનતાં વધારે પ્રમાણે ધ્યાન મગ્ન બનતાં ગયા.

મુનીશ્વરના શરીરનાં હાડકાંને વાઘણે દાંતથી તોડીને ખાવા માંડયા. આટલો બધો ઉત્કૃષ્ટ પ્રકારનો ઉપસર્ગ થયો. છતાં મહામુનિ સુકોશલ તે વાઘણને "કર્મક્ષયમાં સહાયકારી માને છે" અને વખાણે છે. વાઘણના પ્રલયકારી ઉપસર્ગોથી મહામુનિના કર્મો પણ ચાલી ગયા અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી મહામુનિ મોક્ષે સિધાવ્યા.

શ્રી કીર્તિધર મહર્ષિ પણ ધર્મધ્યાન અને શુકલધ્યાનને ધ્યાવતા કેવલજ્ઞાનને પ્રાપ્ત કરી, અનુક્રમે મુક્તિપદને પામ્યા.

અંગે અંગને ફાડી ખાનારી અને પાણીની માફક લોહીને પીનારી વાઘણને પોતાના પૂર્વભવના પુત્ર મુનિશ્રી સુકોશલના દાંત જોઈને જાતિસ્મરણ જ્ઞાન થયું અને પોતાનો પૂર્વભવ જોયો. અને પોતાના આત્માને ધિક્કારતી પશ્ચાતાપના પવિત્ર વહેણમાં, ગરકાવ થતી, વાઘણ ત્રણ દિવસનું અનશન કરી સૌધર્મ નામના પહેલા દેવલોકમાં ઉત્પન્ન થઈ.

અહીં માતા પુત્રની વાત થઈ.

વિચાર કરજો આત્મ કલ્યાણના માર્ગે જવામાં વિઘ્ન કરનારી સહદેવી જેવી માતાનો, આત્મ કલ્યાણના માર્ગે જવા માટે ત્યાગ કરવો પડે, તેના સ્વાર્થિ સ્નેહને વિસારવો પડે, તો વિસરીજજો પણ! સ્વાર્થિ સ્નેહમાં ફસાઈ તમારી

આત્મિક શક્તિ અને આ મહામુલા માનવ જીવનને રગદોળી નાંખી ઉત્તમ જીવનને હારી ન જશો. માતાના દુષ્ટ કાર્ય ઉપર સુકોશલ મુનિએ ઉત્તમ સંસ્કારોથી વિજય મેળવ્યો. માટે તમે પણ સુસંસ્કારોનું બીજ વાવજો પણ સહદેવીના જેવા અકાર્ય કાર્યો કરવાને તૈયાર થતા નહિ. પોતાના સંતાનને સારા સંસ્કારો જે માતા પિતા નાખતા નથી તે પિતા, પિતા થવાને માટે લાયક નથી. તે માતા, સાચી માતા નથી.

તમારા જીવનમાંથી ખરાબ સંસ્કારોને કાઢી સારા સંસ્કારનો ખજાનો ભેગો કરો અને કુસંસ્કારોને ઉખાડી ફેંકી દો. અને તમારૂં જીવન સુસંસ્કાર વડે સુગંધિદાર બનાવી સંસ્કાર જ્યોતને પ્રગટાવો શુભંભવતુ.

## પ્રવચન છઠ્ઠું

# સર્વોદય

તા. ૧૪-૮-૫૫ રવિવાર
સં. ૨૦૧૧ ના પ્ર. ભાદરવા વદ ૧૧
સ્થળ:- મુલુંડ જૈન ઉપાશ્રય
ટાઇમ:- ૯-૦૦ થી ૧૧-૦૦

[ પ. પૂ. પ્રવચનકાર પંન્યાસ પ્રવર શ્રી યશોભદ્રવિજયજી ગણી-વર્યશ્રીનું માનવીના સમગ્ર જીવનને આવરી લેતી અને આદર્શના અમૃત પાન કરાવતી સળંગ પ્રવચનમાળાનું આજે છઠ્ઠું પ્રવચન હતું તેનું સારભૂત સંપૂર્ણ અવતરણ નીચે પ્રમાણે છે.

વહેલી સવારથી જ મુંબઈ તેમજ ઉપનગરમાંથી જૈન જૈનેતર શ્રોતાઓથી ઉપાશ્રયનો વિશાલ હોલ ખીચોખીચ ભરાઇ ગયો હતો બહારની વિશાલ ગેલેરીઓમાં પણ શ્રોતાજનોની અપૂર્વ મેદની ભરાઈ હતી.

આજના પ્રવચનમાં મુંબઈ પ્રાંતના ડેપ્યુટી ઇન્સ્પેકટર જનરલ **ઓફ પોલીસ કુમાર શ્રી પ્રવિણસિંહજીની** હાજરી ખાસ તરી આવતી હતી તેઓએ પ્રવચનના શ્રવણબાદ પૂ. પંન્યાસજી મહારાજ-શ્રીની સાથે ઘણા પ્રકારની જૈનદર્શન પ્રત્યેની ધર્મચર્ચા કરીને વાસ-ક્ષેપપૂર્વક આશિર્વાદ લઇને આનંદ અનુભવ્યો હતો. ]

શાસનરસીક મહાનુભાવો.

આજના જાહેર પ્રવચનનો વિષય **સર્વોદય** રાખવામાં આવ્યો છે. ' સર્વોદય ' એટલે સર્વ પ્રાણી માત્રનો ઉદય સર્વ આત્માનો ક્રમિક વિકાસ, આધ્યાત્મિક જીવનની પ્રગતિ.

પ્રાણી માત્રમાં માનવ કે કેવળ ઉપયોગી પશુ પંખીઓ નહિ પણ નિગોદના જીવોથી માંડીને ચોરાશી લાખ જીવાયોનીમાં ઉત્પન્ન થતા એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, અને પંચેન્દ્રિયજીવો અને પંચેન્દ્રિયજીવોમાં મનુષ્યો, તિર્યંચો, નારકી અને દેવો વિ. સર્વ પ્રકારના જીવ માત્રનો સમાવેશ થાય છે. અને તેનો ઉદય એટલે અધ્યાત્મિક પ્રગતિ કે વિકાસ કઈ રીતે થઈ શકે તે આજના વિષયમાં આપણે વિચારવાનું છે.

આજે સહુ કોઇ સર્વોદયની વાતો કરે છે. સર્વોદયના માર્ગો બતાવે છે. સર્વનો ઉદય થાય તેવી ચાહના રાખે છે પણ તેમની દ્રષ્ટિ માનવના ઉદયથી આગળ વધતી નથી અને તેમાં ઉપયોગી હોય તેવી માનવ પ્રજાના ઉદયની જ ચાહના હોય છે.

આધ્યાત્મિક જીવન જીવનારા અને ભારતદેશ–આર્યદેશની આધ્યાત્મિક સંસ્કૃતિનો પ્રચાર કરનારા સાધુ સંતો કે મહંત પુરૂષો પ્રાણી માત્રના ઉદયનો–પ્રગતિનો કે વિકાસનો માર્ગ આધ્યાત્મિક દ્રષ્ટિ દ્વારા બતાવશે. જ્યારે પૌદ્ગલીક સંસ્કૃતિના ચાહકો સર્વોદયનો માર્ગ પૌદ્ગલીક સુખ સાધનો દ્વારાજ બતાવશે.

પણ ! એટલું યાદ રાખવું જરૂરી છે કે આપણો આર્યાવર્ત દેશ આધ્યાત્મિકતાનો ખજાનો છે. અને આ દેશનો પ્રત્યેક માનવી આધ્યાત્મિકતાનો અખંડ પૂજારી છે. આ દેશની સમગ્ર પ્રજાનું સાંસ્કૃતિક ઘડતર આધ્યાત્મિકતાના પાયા ઉપર જ ઘડાયેલું છે.

" ભારતીય સંસ્કૃતિના મૂળમાં આધ્યાત્મિક તત્ત્વોનું રસાયણ ભરવામાં આવ્યું છે. "

સંયમ, સદાચાર, અને સાદાઈયુક્ત જીવન, પ્રેમ, સહિષ્ણુતા, ગાંભિર્યતા આદિ સદ્‌ગુણોનો વાસ, અહિંસા સત્ય અચૌર્ય, બ્રહ્મચર્ય, અને પરિગ્રહના વ્રતોનું જીવના જોખમે પણ અખંડ પાલન, ક્ષમા, શાન્તિ, સરલતા, તપ આદિ અનેક સદ્‌ગુણોથી ભરપુર જીવન તેજ આધ્યાત્મિકતાના મૂળ પાયા છે. આ તત્ત્વો અને તેના રસાયણો દ્વારા આજે હજારો વર્ષથી આર્યાવર્તની પ્રજાનો સર્વોદય થતો જ રહ્યો છે.

આર્યાવર્તના કોઈ પણ ખુણામાં આ તત્ત્વોનું પ્રમાણ જ્યારે જ્યારે ઘટયું અથવા સદંતર નાશ થયું ત્યારે ત્યાં વસતી પ્રજાનો અને નંદનવન સરખા ગ્રામ્ય–શહેરોનો નાશ થઈ ચૂકયો છે એ ઇતિહાસ પ્રસિદ્ધ વાત છે.

આર્યાવર્તના તમામ સંતો અને મહંતો, ત્યાગીઓ, ચક્રવર્તિઓ કે રાજા મહારાજાઓ અને શેઠ શાહુકારો સૌ કોઇ સ્વ અને પરના ઉદયની હંમેશા જીવનભર ચાહના કરતા હતા.

ખુદ તીર્થંકર પરમાત્માના જીવનની અહર્નિશ એક જ મનોભાવના હતી કે અને હોય છે કે " **સવી જીવ કરૂ શાસન રસી** " એટલે સર્વે જીવોને શાસનના રસીઆ એટલે સત્ય ધર્મના રસીઆ બનાવી દઉ અને એ રીતે સર્વે આત્માનો ઉદય કરૂં.

આ મનોભાવનાને પરિપૂર્ણ કરવા માટે તેઓ પોતે રાજકુલમાં અવતરવા છતાં તેઓ રાજ્યના સુખ-વૈભવોનો ત્યાગ કરી, આત્મોદયનું અપૂર્વ સાધન જે દીક્ષા તે દીક્ષાને અંગીકાર કરી પ્રથમ તો પોતાના આત્માનો ઉદય કરવા અવિરત પરિશ્રમો વેઠયા, ઉપસર્ગો અને પરિસહો સહન કર્યાં, ઘોર તપસ્યાઓ દ્વારા કર્મોનો ભાંગીને ભૂકો કરી નાંખ્યો કોઈનું પણ જાણે અજાણે અહિત ન થઈ જાય કે કોઈને ધર્મના નામે ઉલટો માર્ગ ન બતાવી દેવાય તે માટે મૌન ધારણ કર્યું. જીવનના અનેક વર્ષો સુધી આવી ઘોર સાધના કરી. અને તેને પરિણામે પ્રથમ સ્વ આત્માનો– પોતાના આત્માનો સંપૂર્ણ રીતે ઉદય કર્યો. મધ્યાહ્ને નભ મંડળમાં આવેલા સૂર્યની માફક સ્વોદયનો સાધક તેમનો આત્મા, સર્વ રીતે ખીલી ઉઠયો. પોતાના આત્માનો સપૂર્ણ રીતે ઉદય કર્યા પછી સર્વોદયનો સાચો માર્ગ કયો છે તે પરમકૃપાળુ તીર્થંકર પરમાત્માએ જગતને બતાવ્યો છે.

એ સ્વોદયના સાધક અને સર્વોદયના માર્ગદર્શક આજ સુધી થઈ ગયેલા અને ભવિષ્યમાં થનારા પરમોપકારી તીર્થંકર પરમાત્માઓ છે. અને તેમણે બતાવેલા માર્ગનો સ્વીકાર કરી હાલમાં સર્વોદયનો માર્ગ બતાવનારા આપણી સમક્ષ પ્રત્યક્ષ રહેલા પૂ. સાધુ ભગવંતો છે.

વિશ્વના પ્રાણી માત્રના ઉદયનો માર્ગ સર્વ પ્રાણી માત્રને મન વચન અને કાયાથી સંપૂર્ણ રીતે અભયદાન આપતા અને નિસ્વાર્થ જીવન જીવતા એવા સાધુ ભગવંતો સિવાય આ કાળમાં અન્ય કોઇ બતાવી શકશે નહિ. અને તે ત્યાગી

સાધુ ભગવંતો પાસેથી પૌદ્ગલીક જીવન જીવવા માટેના માર્ગદર્શનની આશા રાખવી પણ નકામી છે.

એટલું યાદ રાખી લેજો કે પૌદ્ગલીક સુખ સામગ્રીઓ કે સાધનો દ્વારા પ્રાણીમાત્રનો કોઇ રીતે ઉદય કે પ્રગતિ અથવા વિકાસ થઈ શકવાનો નથી પણ તમારી માન્યતા આજે પૌદ્ગલીક ભોગ સામગ્રી તરફ વળી રહી છે. એ સામગ્રીઓ મેળવવા માટે તમો રાત દહાડો તનતોડ પ્રયાસો કરી રહ્યા છો. અને તે સામગ્રીઓ મેળવી આપનાર કે તેના શોધકો તમને વિશ્વના મહાન ગુરૂઓ લાગે છે.

ભૂમિદાન અને ભૂમિની વહેંચણી દ્વારા સર્વોદયનો માર્ગ બતાવનારા આજના યુગના સર્જક ગરીબો અને પતિતોના ઉદ્ધારક મનાય છે. પણ ! આધ્યાત્મિક વિહોણા પૌદ્ગલીક સુખના માર્ગે કોઇ પણ આત્માનો કોઇરીતે ઉદય થવાનો નથી. અને કેવળ ભૌદ્ગલિક સુખ સાધનો મેળવવા પાછળ આસક્ત બનનાર આત્મા અધઃપતનની ઉંડી ખાઈમાં ઘસડાઈ જશે.

શ્રમણ ભગવંત મહાવીર પરમાત્માના સમયમાં વિશ્વનો મોટો ભાગ યજ્ઞ યાગમાં અને શુષ્ક ક્રિયામાં જ પ્રાણી માત્રનો ઉદય માર્ગ માનતા અને તે રીતે યજ્ઞ યાગમાં ઘોર હીંસાઓ થવા લાગી. કેવળ પોતાના સુખ–ભોગ ખાતર અન્યના પ્રાણોનો સંહાર કરવો એમાં કાંઈ ખોટું કામ નથી પણ અમે ધર્મ કરીએ છીએ એમ જગતને કહેવામાં આવતું.

આવા સમયે જગત્ પ્રકાશક સત્ય માર્ગના બતાવ-

નારા ત્રિજગત પૂજ્ય મહાવીર પરમાત્માને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઇ અને તરત જ દેવો અને દેવેન્દ્રો સૌ ભક્તિ ભાવે એકઠા મલ્યા, સમવસરણની રચના કરી, પરમાત્માએ તેમાં બીરાજી સર્વોદયનો માર્ગ ઉપદેશ્યો. એ માર્ગની દેશના સાંભળી દેવેન્દ્રોના મસ્તકો ભક્તિપૂર્વક નમી પડયા.

વેદ પારંગામી ઈન્દ્રભૂતિ આદિ અનેક વિદ્વાનો એકઠા મલીને જગતના માનવ માત્ર સુખ શાન્તિપૂર્વક જીવી શકે તેવા ધ્યેયથી યજ્ઞો સર્જી રહ્યા હતા. એવા સમયે પ્રભુ મહાવીર પરમાત્મા પધાર્યા અને તે તરફ જતાં દેવેન્દ્રોના સમૂહોથી આશ્ચર્ય પામેલા વિદ્વાનો ઘડીભર વિચારમાં પડી ગયા અરે આ શું? આવો પવિત્રયજ્ઞાદિ કર્મ મૂકીને આ સૂરેન્દ્રો કયાં જઈ રહેલા છે. અરે! આતો દેવતાઓ જાય છે. માનવો જાય છે. પશુપંખીઓ પણ એ દીશામાં વળે છે. કોણ એવો મહા પુરૂષ છે કે જેની પાછળ સૌ પ્રાણી માત્ર આમ ઘેલા બનીને જઈ રહ્યા છે. આ મહા પુરૂષને પરાસ્ત કરવા અનેપોતાની વિદ્યાનો પ્રભાવ બતાવવા તેઓ (ઈન્દ્રભૂતિ) પણ પોતાના શિષ્ય પરિવાર સાથે જે ઉદ્યાનમાં શ્રો મહાવીર પરમાત્મા પધાર્યા છે ત્યાં આવી પહોંચ્યા.

સમવસરણની રચના, અલૌકિક અદ્‌ભૂત શરીરની કાન્તિ, શાન્ત અને સૌમ્ય મુખાકૃતિ, ચારે બાજુની જુદી જુદી પર્ષદાઓ, આ બધુ દશ્ય જોઇને પલવારમાં જ તેનું અભિમાન ઓસરી ગયું અને તેમાંય વળી જ્યારે શ્રી મહાવીર પ્રભુએ પોતે પ્રેમ ભરેલી વાણીમાં હે ઈન્દ્રભૂતિ ગૌતમ! કહીને સંબોધ્યા ત્યાં તો ઈન્દ્રભૂતિના આત્માનો

રંગ બદલાયો જ્યારે તેના મનની શંકાનું સમાધાન વીના પૂછે શ્રી મહાવીર પ્રભુએ પોતાના જ્ઞાન વડે કર્યું ત્યાં તો ઇન્દ્રભૂતિને લાગ્યું કે આ મહા પુરૂષની પાસે મારૂં જ્ઞાન કાંઇ જ નથી. આ મહાપુરૂષનું જ્ઞાન સાગર જેવડું છે જ્યારે મારૂં જ્ઞાન તેમની અપેક્ષાએ એક બિંદુ જેટલું પણ નથી. આ મહાપુરૂષની સામે હું વાદ કરી શકીશ નહિ. વાદ કરવાનો કોઈ અર્થ જ નથી તેઓ જે કાંઈ કહે છે તે સ્પષ્ટ ત્રણે કાળમાં સત્ય જ છે તેજ કહે છે. તેમાં શંકાકુશંકાને સ્થાન આપવું તે નિરર્થક છે અને જ્યાં શંકા નથી ત્યાં પ્રશ્ન કરવા કે વાદ કરવાનો કોઈ અર્થ નથી. મારે તો આ મહાપુરૂષ પાસેથી ઘણું મેળવવા જેવું છે સત્ય ધર્મ તો આ મહા પુરૂષના જીવનમાં છે તેમની વાણીમાં છે. હું તો સત્ય ધર્મનો શોધક છું. સત્ય ધર્મની શોધ માટે મેં આટલા વરસો મહેનત કરી પણ કયાંયે જે ન સાંપડયું તે મને આજે મળી ગયું છે અને વધુ તો હવે તેમના સંપર્કમાં રહુ તો જ મેળવી શકું અને તે મેળવવા માટે લેશમાત્ર બીજો વિચાર કે ચિંતન કર્યા વિના તુરત જ પોતાનું પિતામ્બરીય વસ્ત્ર અને દુપટ્ટો ઉતારી પ્રભુ મહાવીરના સંયમનો ભેખ સ્વીકારી લીધો. તેની સાથોસાથ તેના તમામ શિષ્યો અને એ પછી બીજા બધા વિદ્વાન પંડિતો અને શિષ્યોએ પ્રભુ મહાવીર પરમાત્માના સમવસરણમાં પધારી પોતાના મનની શંકાનું સમાધાન થતાં સંયમ માર્ગનો સ્વીકાર કર્યો.

આનુ નામ તે સર્વોદય

એકી સાથે પાંચ પચીશ નહિ સો બસો નહિ પણ ૪૪૦૦ ની સંખ્યામાં અને તે પણ અણુસમજુ કે મૂર્ખ અજ્ઞાન માનવીઓ નહી પણ મહાન વિદ્વાન પંડિતો પોતાના આત્માનો ઉદય કરવા કુળધર્મનો ત્યાગ કર્યો, તો કોઈએ પોતાના રાજ્ય વૈભવોને ઠોકરે માર્યા તો કોઈ પોતાની નવોઢા લલનાઓને હસતે મુખડે ત્યાગી ચાલ્યા આવ્યા.

શ્રમણ ભગવંત મહાવીરદેવની એ સર્વોદયની બંસરીના નાદો દશે દિશામાં અને ત્રણે લોકમાં ગુંજવા લાગ્યા અને સહુ કોઇને પોતાના આત્મિક ઉદયનો માર્ગ પ્રભુ મહાવીર પરમાત્માના ઉપદેશ અને આચરણમાં લાગવા માંડયો.

આ "સર્વોદય" ના માર્ગમાં માત્ર માનવો જ આવ્યા એટલું જ નહિ પણ દેવો અને દેવેન્દ્રો પ્રભુ પાસે આવી ભક્તિ દ્વારા પોતાનાં આત્માનો ઉદય સાધી ગયા. આ મહાપુરૂષના હાથે તિર્યંચ પ્રાણીઓમાં પણ અનેકોનો ઉદય–આબાદી પ્રગતિ થયેલ છે.

છદ્મસ્થ અવસ્થામાં પ્રભુ મહાવીર પરમાત્મા જ્યારે ભૂમંડલ ઉપર વિચરતા હતા ત્યારે તેઓ એક વખત ઘોર ભયાનક જંગલના માર્ગે જઈ રહ્યા હતા. તે વખતે જંગલના સીમાડા પાસે આવેલા ગામડાના લોકોએ હાથ જોડીને પ્રભુને એ જંગલમાં ન જવા માટે ખુબ વિનવ્યા અને કહ્યું કે–આ જંગલમાં એક ભયાનક દ્રષ્ટિવિષ સર્પ રહે છે કે જે માનવ માત્રને એક (નજર) દ્રષ્ટિ ફેંકીને નિષ્પ્રાણ કરી નાખે છે તેથી કરીને આપ તે માર્ગે ન જશો.

લોકોએ વિનવ્યા. આજીજી કર્યાં છતાં તે પ્રત્યે લક્ષ ન આપતા પોતાના પર કેમ વધારે ઉપસર્ગો આવે અને એ રીતે કર્મો ખપી જાય, એ ઈચ્છાથી તેમજ એ ભયંકર ઝેરી સાપને પણ સત્ય ધર્મ સમજાવવા ખાતર તેઓ જંગલમાં ગયા. જે દરમાં (રાફડામાં) રહેતો હતો તેની બરોબર સામે જ પ્રભુ ધ્યાનસ્થ દશામાં ખડા રહ્યા. વખત થતાં પેલો સાપ રાફડામાંથી બહાર નિકળ્યો. ત્યાં તરત જ એને મનુષ્યની ગંધ આવી. જ્યાં નજર કરે છે ત્યાં તો એણે પોતાની સામે જ એક માનવને શાંત પણે ઉભેલો જોયો કે તુરત જ તે સર્પ પોતાના સ્વભાવ ઉપર ગયો. ધ્યાનસ્થ દશામાં ઉભેલા માનવ પ્રત્યે દ્રષ્ટિ કરી, નીરખી નીરખીને જોઈ રહ્યો છતાં આ મહાપુરૂષને તેની દ્રષ્ટિનું કશું ય ઝેર ચઢતું નથી.

સાપની દ્રષ્ટિમાં જેટલું ઝેર ભરેલું છે તેટલું જ અમૃત આ મહામુરૂષની દ્રષ્ટિમાં રહેલું છે. તેથી આ મહાપુરૂષના અમૃત પર કાતિલ ઝેરની પણ કશીય અસર થતી નથી.

સાપ ઘડીભર વિચારમાં પડી ગયો કે અરે! આશું! આજ સુધી મારી દ્રષ્ટિ જેના ઉપર પડી તે માનવ, પશુ કે પંખી કદી જીવી શકતું જ નથી તત્કાળ મૃત્યુને પામ્યા છે. છતાં આ માનવ પ્રત્યે હું ઘણા વખતથી એકીટશે દ્રષ્ટિ ફેંકી રહ્યો છું છતાં તેને મારૂં ઝેર કેમ ચડતું નથી અને ધરતી પર કેમ ઢળી પડતો નથી અરે! તે મારી સામું પણ જોતો નથી અરે! મને મારવા માટે તે તો કશો ય પ્રયત્ન પણ કરતો નથી. આ માનવ અહીં આવ્યો છે શા માટે!

જ્યારે પોતાની દ્રષ્ટિની કંઈ પણ અસર ન થઇ ત્યારે વધુ રોષે ભરાયો અને તેણે પ્રભુ સામે ધસી જઈ જોરથી પ્રભુના ચરણના અંગુઠે ડંસ દીધો. ડંસ દઇને તે તુરત પાછો ફર્યો અને તેને પોતાને લાગ્યું કે જરૂર હવે તો તેને ઝેર ચડવાનુંજ અને હુમણાં જ ધરતી ઉપર ઢળી પડશે. પણ જ્યાં પાછો ફરી નજર કરે છે તો આ માનવ એટલી જ સૌમ્ય–પ્રશાન્ત મુદ્રામાં ઉભો છે કે જાણે તેમને ડંખની કશી ય અસર થઇ નથી. માત્ર પગના અંગુઠામાંથી લાલ લોહી નહિ પણ સફેદ અમૃત જેવા દુધની ધારા વ્હેવા લાગી. સાપને દુધ અત્યંત પ્રિય હોય છે. એ દુધ જોતા તુરત જ વિચારવા લાગ્યો કે–મારા ઝેરની આને કશી અસર થઈ નથી તો માનવ છે કે દેવ છે? આ માનવ હોઈ શકે જ નહિ. જો માનવ હોય તો તેને મારા ઝેરની અસર થયા વિના રહે જ નહિ, મારી દ્રષ્ટિ પડયા પછી એક પળ પણ જીવી શકે નહિ ત્યાં આ તો મેં ડંખ માર્યો છતાં લેશમાત્ર તેને અસર થઇ હોય તેવું દેખાતું નથી વળી ડંખ આપનારની સામે તે વ્યક્તિ ધસી આવવો જોઈએ પણ! આ માનવી કોઇ અજબ દેખાય છે. તો આ છે કોણ?

સાપ ઘણા ઉંડા વિચારમાં ઉતરી જાય છે તેજ ક્ષણે ક્ષમાના સાગર પ્રભુ મહાવીરે પોતાની દ્રષ્ટિ ખુલ્લી કરી સાપ પ્રત્યે નજર કરી પ્રભુએ આંખમાંથી અમીના ધોધ વહેવડાવ્યા.

પ્રભુપ્રાયે મૌન જ રહેતા છતાં પણ અહિં સાપનો ઉદ્ધાર કરવા માટે પલવાર મૌન છોડીને માત્ર આટલું જ

બોલ્યા કે:–' રે ! ચંડકૌશિક ! બુઝ, બુઝ. "તારા સુતેલા આત્માને જગાડ" આ મહા માનવના મુખમાંથી નીકળેલા પવિત્ર શબ્દોનું રહસ્ય સાપ જે તિર્યંચ પ્રાણી પોતાની ભાષામાં તત્કાળ સમજી ગયો અને તે ઉંડા વિચારમાં ગરકાવ થઈ ગયો. મહાવીર પ્રભુની વાણીએ સાપ ઉપર જાદુઈ અસર કરી.

જે બંસરીના મધુરા સૂરોએ ન આકર્ષાયો. કે ન કોઈના હાથમાં ફસાયો તે આજે મહાપુરૂષના અલ્પ પણ મંગલ શબ્દોથી અને શાન્ત મુખમુદ્રાથી થંભી ગયો. લાંબો વિચાર પણ તેને ન કરવો પડયો. પલવારમાં તે પોતાનો ધર્મ-કર્તવ્ય સમજયો, અને ડંખ આપીને કે દ્રષ્ટિ ફેંકીને આજ સુધી. ઘણા પ્રાણીઓનો સંહાર કરતા પોતે મહા ભયંકર હિંસા કરી છે તેનો તેને પ્રશ્ચાતાપ થવા લાગ્યો. હવે પછીથી કોઈના પ્રત્યે પણ ઝેરીલી દ્રષ્ટિ ફેંકવી નહિ કે ડંખ આપવો નહિ એવી દઢ પ્રતિજ્ઞા પોતાના અંતરમાં પ્રભુના ચરણે નમી પડીને લઈ લીધી.

સાપની દ્રષ્ટિમાં હલાહલ ઝેર ભર્યું હતું અને તેણે એ ઝેરથી અનેક માનવ અને પશુ પંખીઓનો સંહાર કરી નાંખ્યો. નંદનવન ને વેરાન જંગલ બનાવી દીધું.

જ્યારે મહાવીર પ્રભુએ પોતાની શાંત અને સૌમ્ય દ્રષ્ટિએ ક્ષમાની સરિતા વહેવડાવી ઘોર ભયંકર ઝેરીલા સર્પને પણ ઉગારી લઇ તેને આત્મિક ઉદયનો સરળ માર્ગ બતાવ્યો અને તેજ માર્ગનો સ્વીકાર કરતો આ સાપ મરીને સ્વર્ગમાં દેવતા બન્યો.

આ દ્રષ્ટાંત પરથી સ્પષ્ટ સમજાશે કે સર્વોદયનો માર્ગ જગતના પ્રાણી માત્ર પ્રત્યે પ્રભુ મહાવીર પરમાત્માની માફક શાન્ત, સામ્ય અને ક્ષમાયુક્ત દ્રષ્ટિ કરવામાં જ છે.

ચંડકૌશિક સર્પની માફક દ્રષ્ટિ ફેંકીને કે ડંખ આપીને કદાપિ આપણે આપણો પોતાનો કે બીજાનો ઉદય કરી શકવાના નથી. ક્રોધાદિ કષાયના માર્ગે હંમેશા આત્માનું અધઃપતન જ થયેલું છે અને ક્ષમાદિ સદ્‌ગુણોના માર્ગે હંમેશા સર્વ આત્માનો અભ્યુદય થયો છે.

## "જગતના પ્રાણીમાત્રને પ્રેમ ભરેલી દ્રષ્ટિએ નીરખો."

વર્તમાન સંસારમાં સાચા પ્રેમનું તત્ત્વ કેટલું છે. પ્રેમ એટલે વાસના નહિ પણ અંતરની શુભ લાગણી આજે વાસના યુક્ત પ્રેમ વધ્યો છે જ્યારે શુભ લાગણી યુક્ત પ્રેમ ભાવના ઘટી છે.

વાસનામય પ્રેમ એ સૌને અધઃપતનની ઉંડીખાઈમાં ફેંકનાર છે જ્યારે નિઃસ્વાર્થ શુદ્ધ પવિત્ર અંતરની શુભ લાગણી એ સૌને માટે સર્વોદયનો માર્ગ છે. પ્રેમને પારિભાષિક શબ્દોમાં વાત્સલ્ય કહેવાય છે.

## "ક્ષમા અને વાત્સલ્ય એજ સર્વોદયનો મૂખ્ય માર્ગ છે"

સર્વોદયમાં સૌ પ્રથમ પોતાના આત્માનો ઉદય કરો. પોતાના આત્માનો ઉદય કર્યા વિના અન્યનો ઉદય કરી શકાશે નહિ. સાગરને પાર કરવા માટે તરવાની ક્રિયા ન જાણનાર, અન્યને તારી શકતો નથી તેમ સંસારમાં, સ્વાર્થમાં ડુબેલા આત્માઓ અન્યને સંસારસાગરથી પાર

કરી શકવાના નથી અને પોતે પાર ઉતરવાના પણ નથી, પોતાના આત્માનો ઉદય કરવા માટે ક્ષમા, સરળતા, નિર્ભિ-માનતા, નિર્લોભ, તપ, સંયમ, સત્ય, શૌચ–પવિત્રતા, બ્રહ્મ-ચર્ય, અકિંચનતા, આદિનું સંપૂર્ણપણે પાલન કરવું તેમજ અહિંસા આદિ વ્રતો અંગીકાર કરવા.

આજના માનવીના જીવનમાં ક્ષમાનું તત્ત્વ મુદ્દલ રહ્યું નથી, વાતવાતમાં દ્વેષ અને ક્રોધ કરી બેસે છે. ગમે તેની સાથે ચીડાય છે. કોઇ થોડું પણ અપમાન કરે કે, તેને માન આપવામાં થોડી ઘણી પણ ખામી રહી જાય તો સહન થતું નથી અને તરત જ રોષ ઉભરાય છે. અને સરળતાનો લોપ થાય છે. કપટ યુક્ત આખુય જીવન, લુચ્ચાઈ ભરેલા તેના તમામ કાર્યો માયાવી વાણી અને વર્તન, આ યુગમાં વસ-નારા લગભગ માનવીઓમાં દેખાય છે. કોઇપણ માનવીના જીવનમાં સરળતાના દર્શન દુર્લભ બન્યા છે. વળી અભિ-માનનો પાર નથી આખા વિશ્વનો જાણે તંત્ર વાહક હોય એટલો મદમાં ઘેરાયેલો માનવી પોતે ડુબી રહ્યો છે અને બીજાને ડુબાડી રહ્યો છે.

માનવીના જીવનમાં લોભ પ્રકૃતિએ પ્રવેશ કરીને એવો તો અડ્ડો જમાવ્યો છે કે જે દ્વારા આત્માનો સર્વનાશ થઈ ચુકયો છે લોભ પ્રકૃતિના પરિણામે ઉદારવૃત્તિ ટળી ગઈ છે, ધર્મભાવના નાશ પામી છે. પૈસોજ માત્ર સર્વસ્વ મનાયો છે. આજે એ લોભ પ્રકૃતિના કારણે સર્વનો નાશ કરવા તે હંમેશા તત્પર રહે છે. આત્માની મલિન પ્રવૃતિઓનો નાશ કરનાર "તપ" તો ત્યાગી સંતોનેજ કરવાનો હોય અને

માનવીને પોતાના જીવનમાં કશીય મહત્વની વસ્તુ લાગતી ન હોય આવી પરિસ્થિતી છે.

માનવીના જીવનમાંથી તપનું સ્થાન અળગું થયું છે અને વ્યસનોથી માનવી એવો ઘેરાઈ ગયો છે કે જે દ્વારા તેનું જીવન તદ્દન પરવશ બની ગયું છે. અને તેથી તેની સ્વતંત્ર ભાવનાઓનો ભાંગીને ભુક્કો થઇ ગયો છે.

સત્ય તો યુધિષ્ઠિર અને હરિશ્ચંદ્રની સાથે આ દુનિયામાંથી ચાલી ગયું આજની દુનીયાનો વહેવાર સત્યના માર્ગે ચાલી જ નહિ શકે એવી માન્યતાઓ આજે માનવીના અંતરમાં ઘર કરી ગઈ છે.

વળી આજના માનવીના જીવનમાં પવિત્રતા તો ક્યાંય દેખાતી જ નથી અને પવિત્રતાની કિંમત માનવીને કોડીની પણ જણાતી નથી. મોટા ભાગના માનવીઓના જીવન ઉંડાણુથી તપાસીએ છે તો જણાય છે કે કેવળ અપવિત્રતાની ગટરના કાદવથી ખરડાયેલાં જ દેખાય છે.

અ પરિગ્રહી જીવન કે અલ્પ પરિગ્રહી જીવન એક કાલે આદર્શજીવન મનાતું ત્યારે અત્યારે અપરિગ્રહી જીવન એ કંગાલીયત જીવન, ગરીબીમય જીવન લાગે છે. સૌને શ્રીમંત બનવાના કોડ જાગે છે. પરિગ્રહ ખુબ વધારવામાટે રાત દિવસ સતત્ પ્રયત્નો કરે છે. તેમાં રાચ્યો માચ્યો રહે છે વળી તેના પ્રત્યે એટલો મમત્વભાવ જાગે છે કે તેમાંથી જો કોઇ નાની સરખી પણ વસ્તુ પોતાનો સ્નેહી કે સંબંધી લે તે તેને પસંદ નથી. બ્રહ્મચર્યનું પાલન તો આજે અમારે માત્ર સાધુ પુરૂષોને જ જાણે કરવાનું હોય તેમ આજનો

માનવી માની બેઠો છે. વિષયભોગમાં આજની દુનિયા એટલી બધી આસક્ત બનતી જાય છે કે જેનું પરિણામ શું આવી રહ્યું છે તેનાથી કોઈ અજાણ નથી.

હદ બહારના વિષયભોગના પરિણામે પ્રજા વધી રહી છે, અને તે પ્રજા નિર્માલ્ય અને શક્તિહીન પેદા થઇ રહી છે. જીવનની મહામુલ્યવાન ચીજ જે બ્રહ્મચર્ય કે જેનું આજે વિષયભોગ દ્વારા છડેચોક લીલામ થઈ રહ્યું છે. આ હદ બહાર જતી કામ વાસનાઓને કાબુમાં લાવો નહિ તો આજની માનવ પ્રજાનું કેટલું અધઃપતન થશે તે આજના જ્ઞાની પુરૂષો કે વિચારકો પણ કલ્પના કરી શકતા નથી.

આ દુર્ગુણોએ માનવના જીવનનું સંપૂર્ણ રીતે અધઃપતન કર્યું છે. અને હજુ કરી રહ્યો છે.

એનાથી આજની માનવ પ્રજાને બચાવી લેવી એજ સાધુ–સંતોનું પરમ કર્તવ્ય છે.

આજની માનવપ્રજાના ઉદય કે ઉન્નતી ઉપર દર્શાવેલા સદ્ગુણોદ્વારા જ થઈ શકે છે.

આપણી ભારતીય સંસ્કૃતિના ખજાનામાં આવા સદ્ગુણો રૂપી રત્નો હતા. તે રત્નોને આજે આપણે વેડફી રહ્યા છીએ અને પત્થરના ટુકડાઓ હાથમાં લઇ ઉન્નતિના માર્ગની શોધ કરવા નીકળ્યા છીએ. તો એ પ્રમાણે આપણો સર્વોદય શી રીતે થશે તેનો સહુ કોઈ વિચાર કરે.

રામાયણનો કાળ સર્વોદયનો કાળ હતો જે કાળે અનેક પુણ્યવાન આત્માઓનો સર્વોદય થતો.

સંયમ જીવન અંગીકાર કર્યા વિના માનવીનો સર્વોદય કોઇ રીતે શકય નથી. સંસારિક ભોગ વિલાસોને ભોગવતા આત્માની નિશ્ચયથી અધોગતિ જ થવાની છે. એવું તે વખતના રાજાઓ અને બીજા લોકો દ્રઢતા એને શ્રદ્ધાપૂર્વક માનતા હતા. અને તેજ કારણે મસ્તક ઉપર એકપણ સફેદ-વાળ દેખાય ત્યાં તો યમનો દૂત આવી પહોંચ્યો છે એમ સમજીને ચેતી જતા અને રાજાઓ રાજ્ય ધૂરાનો તત્કાળ ત્યાગ કરી સંયમનો પુનિત પંથ અંગીકાર કરતા હતા.

આજે પરિસ્થિતી ઉલ્ટી છે. માથામાં સફેદવાળનું આગમન થાય, શરીરના અંગ-ઉપાંગો ઢીલા થતા જાય, આખાય ઘરમાં અને કુટુંબમાં અળખામણો થતો હોય, તો પણ તેને જો ચારિત્રની વાત કરવામાં આવે તો પણ તેને પસંદ પડતી નથી.

રામ રાજ્યમાં રાજગાદી ઉપર આવતા દરેક રાજાઓ પોતાનો પુત્ર યોગ્ય ઉમરનો થતા તરત જ રાજ્યનીધૂરા તેને સોપતા અને પોતે તત્કાલ ચારિત્રના પંથે પ્રયાણ કરતા.

કીર્તિધર અને સુકોશલ મુનિના જીવનની વાત આપણે અગાઉના પ્રવચનોમાં કરી ચુકયા છીએ. એ સુકોશલનો પુત્ર મહારાજા હિરણ્યગર્ભ પણ એકમાત્ર મસ્તક ઉપર સફેદ-વાળનું દર્શન થતાની સાથે વૈરાગ્યપામી પોતાના પુત્ર નધુષને રાજ સોંપી, પોતાના પિતાના પંથે પ્રયાણ કરે છે એટલે સંયમ માર્ગને સ્વીકારે છે.

નધુષ મહારાજા રાજ્યનું તંત્ર સારી રીતે સંભાળી રહ્યા છે. તેવામાં એક વખત ઉત્તરાપથના રાજવીઓને જીતવા માટે રાજા પોતે ગયા. રાજાની ગેરહાજરીનો લાભ લઇને દક્ષિણપંથના રાજવીએ અયોધ્યા નગરીને ઘેરી લીધી.

અયોધ્યા નગરી પર આ રીતે અણધારી આફત ઉતરી પડી નધુષરાજાની ગેરહાજરીથી મંત્રીઓ તથા સામંતો ઉંડા વિચારમાં પડયા કે યુદ્ધ શી રીતે કરવું ? મંત્રીઓ તથા સામંતોની મુંઝવણો વધતી ગઈ તે વખતે મહારાજા નધુષની પટરાણી સિહિંકા નામની મહાદેવીએ શૌર્યતા પૂર્વક કહ્યું કે ચિંતા ન કરો સૌ યુદ્ધને માટે તૈયાર થઓ સૈન્યની (યુદ્ધની) સરદારી હું લઇશ.

વીર ક્ષત્રિયાણીના આ શૌર્યયુક્ત શબ્દોથી સૌની ઉદાસીનતા ટળી ગઈ અને અનોખુ જોમ આવ્યું.

યુદ્ધ માટે સૌ કોઈ તૈયાર થયા, વીર ક્ષત્રીયાણીએ સૈન્યની આગેવાની લીધી, શત્રુ રાજાની સામે શૌર્યતા અને વીરતાપુર્વક યુદ્ધ કરી તેનો પરાજય કર્યો. અને વિજય મેળવી રાજ્યને મોટી આફતમાંથી ઉગારી લીધું.

ત્યારે બીજી બાજુથી નધુષ મહરાજા પણ ઉત્તરાપથથી વિજય મેળવીને હર્ષભેર પોતાની રાજધાનીમાં પધાર્યો.

રાજ્યમાં આવતાની સાથે જ એમની ગેરહાજરીમાં રાજ્ય પર આવેલી અણધારી આફતની હકીકત સાંભળી અને એમાં રાણી સિંહીકાએ સૈનિકોને સજ્જ કરી. અતુલવીરતા પૂર્વક લડી. શત્રુ રાજાઓનો પરાજય કરીને વિજયનો વાવટો ફરકાવ્યો. એથી રાજાને આનંદ થવો જોઈએ તેના બદલે ઉલટું થયું.

રાજાને લાગ્યું કે આતો ખોટું થયું ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયેલી સ્ત્રીઓ માટે આ જાતિનું કાર્ય ઉચિત નથી.

તેણે રાણીને શાબાશી ન આપતા કે પ્રોત્સાહનના બે સુંદર શબ્દ પણ ન કહેતા તરત જ રાજાએ રાણીનો ત્યાગ કરી દીધો.

વિચારો મહાનુભાવો ! અહિં તો રાણીએ કોઈ અઘટિત કાર્ય કર્યું નથી છતાં રાજાએ રાણીનો ત્યાગ કર્યો છતાં રાણી પોતાના કર્મને દોષ દેવા સિવાય અન્ય કોઈને દોષિત ગણતી નથી.

સતિઓનું જીવન શીયલના પ્રતાપે જ વિશ્વમાં વંદનીય અને પ્રશંસનીય બન્યું છે, એ કદીય ભુલવા જેવું નથી. શીયલના જ પ્રતાપે જ આત્મા આલોક અને પરલોકને સુધારી પરંપરાએ સિદ્ધિપદનો ભોકતા બની શકે છે.

શિવપદની આકાંક્ષાવાળા આત્માઓ માટે સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કદાચિત ન બની શકે તેમ હોય તો "શીયલ પાલન" અથવા "સદાચાર" થી ભરપુર જીવન જીવવું એ વધારે આવશ્યક છે. સર્વથા શીલહીન આત્માઓ માટે ધર્મનું આચરણ કે પાલન પણ મુશ્કેલ છે. માટે જીવનનું સાચું સૌદર્ય શીયલનું પાલન છે. "**આ વાત આજના યુવાનો અને યુવતિઓએ હૈયામાં કોતરી રાખવા જેવી છે.**"

નઘુષ રાજા પણ વિચારે છે કે સતિ સ્ત્રીઓએ પોતાના પતિની સેવા કરવા સિવાય અન્ય કશુય કરવાનું હોતું નથી. સિંહીકાદેવીનું પ્રજાના રક્ષણ માટેનું પણ આ કૃત્ય તેને

બીલકુલ પસંદ ન પડયું એથી તેણે રાણીનો તરત જ ત્યાગ કર્યો સંસ્કાર અને સદ્‌ગુણોની ખાણુસમી આ મહાસતીએ આ સ્પષ્ટપણે દેખાતા દુઃખ સામે એક શબ્દ માત્ર પણ ઉચ્ચાર્યો નહિ પણ! પોતાના પુર્વકૃત કર્મોનોજ દોષ છે એમ ચિંતવી આત્મધ્યાનમાં જ દિવસો પસાર કરવા લાગી.

એક વખત નઘુષરાજાને દાહજ્વર ઉત્પન્ન થયો. અનેક પ્રકારના ઉપચાર કરવા છતાંય કોઈ રીતે તે શાંત ન પડયો.

નઘુષરાજાને દાહ ઉત્પન્ન થયાના સમાચાર ત્યજાએલી રાણી સિંહિકાદેવીને મલ્યા કે તુરત જ પતિની પીડા દૂર કરવા અને સતીપણાનો સાક્ષાત્કાર કરાવવા રાણી હાથમાં પાણીનો પ્યાલો લઈને રાજાના (પતિના) શયનખંડમાં આવી અને સ્પષ્ટપણે બોલી ઉઠી કે હે પ્રભુ! હે શીયલના રખેવાળ! જો મેં મારા શીયલ વ્રતનું પાલન અખંડ અને કલંક રહીત પણે કર્યું હોય તો તેના પ્રભાવે આ અંજ-લીમાં રહેલા જલના બીંદુ મારા પતિના શરીર ઉપર પડતાં-જ તેમનો રોગ તુરત જ શાંત થઇ જાવ.

સતીની અંજલીમાંથી જલબિંદુઓ રાજાના દાહ જ્વરથી પીડાતા શરીર ઉપર પડયા અને તેની ચમત્કારીક અસર થઈ.

જે અનેક ઔષધીઓના ઉપચારોથી જેનો દાહજ્વર ન શમ્યો. તે જે પોતાની ત્યાગ કરેલી સ્રીના પવિત્ર શીયલના પ્રભાવથી પલવારમાં દાહજ્વર શાંત થયો.

અગ્નિના તાપ જેવી અસહ્ય વેદનાથી બળતું શરીર

હાશ હવે ઠંડક વળી એમ પુકારી ઉઠયું અને પોતાની સ્ત્રી અસતી નહિ પણ કલંક રહિત પણે સતી છે તેની ખાત્રી રાજાને આ પ્રસંગથી સ્પષ્ટપણે થઈ. અને પોતાની સ્ત્રી પ્રત્યે અસ્થિર બનેલું મન સ્થિર બન્યું અને રાજાએ સતી પ્રત્યે દાખવેલા અયોગ્ય વર્તાવ બદ્દલ ક્ષમા માંગી અને ત્યારપછી સુખપૂર્વક સાથે રહેવા લાગ્યા. કેટલોક કાળ વિત્યા પછી સિંહિકાની કુક્ષીને વિષે પુત્રનો જન્મ થયો અને તેનું નામ **સૌદાસ** પાડયું.

પુત્રનો જન્મ થયા બાદ નઘુષ રાજાએ સંસારમાં જરા પણ વિલંબ ન કરતાં તુરત જ સિદ્ધિપદની સાધના માટે ભાગવતી દીક્ષા અંગીકાર કરી.

પૂર્વકાળના આત્માઓ ગૃહસ્થપણામાં પોતાના ઉપરની જ્યાં સુધી જવાબદારી હોય ત્યાં સુધી તેને અનુસરતા. અને જ્યાં જવાબદારી સંભાળનાર મલી જાય કે તરત જ ગૃહસ્થપણાનો ત્યાગ કરી સંયમના પંથે પ્રયાણ કરતા.

જ્યારે આજે તો છોકરાને ઘેર છોકરા હોય, છોકરાની પાસે બાપની કશીએ કિંમત ન હોય, રોજ ઘરમાં હડધૂત થતો હોય, તોય મારૂં મારૂં કરીને માથું ફોડતો હોય છતાંય સંયમનો માર્ગ સ્વીકારવાની ભાવના પણ ન થાય ત્યારે કહેવું પડશે કે આત્માની હજુ પણ અધોગતિ છે. તે વખતના રાજાઓ પણ સમજતા કે જો હું દીક્ષા અંગીકાર નહિ કરૂં તો જરૂર મારા માટે નરકના અપાર દુઃખોનો ડુંગર ખડકાશે, અને અનેક પ્રકારની વેદનાઓ ભોગવવી

પડશે. ભલે રાજ્યના પાલનમાં અનેક પ્રકારના કે લોકહિતના કાર્યો થતા હોય પણ હિંસાદિ ભયંકર કૃત્યો એટલા અનહદ થતા હોય છે કે જેથી થોડા સત્કાર્યોનું પુન્ય તેને બચાવી શકતું નથી.

આ માનવ જન્મ રાજસુખો ભોગવવા માટે નથી કે મોજશોખ કરવાને માટે નથી પરંતુ જીવનની સાચી સાધના જે આત્મ સાધના છે તેની સાધના માટે મલ્યો છે અને તે સાધના સંયમ અંગીકાર કરવાથી જ થઈ શકે તેમ છે. આ બધું સારી રીતે સમજતા અને તે સમજથી વખત આવે થોડી વાર પણ થોભ્યા વિના હસતે મુખડે રાજસુખ અને કુટુંબ પરિવારનો ત્યાગ કરીને સાધુ થતા, અને એ વખતના રાજ્યમાં એવો નિયમ હતો કે રાજના સિંહાસન ઉપર આવનાર રાજવીએ પોતાની ઉત્તરા અવસ્થામાં સંયમનો અગીકાર કરવો જ. આજે એવો નિયમ છે ખરો કે?

અરે! કુટુંબમાંથી પણ એક જણ સંયમ માર્ગે નીકળે એવો ય નીયમ છે? જો એક કુટુંબમાંથી એક પણ આત્મા આ માર્ગને ગ્રહણ કરે તો આખાય કુંટુંબનો ઉદ્ધાર કરે ને? તમારા કુટુબનો સર્વોદય કરવા ઇચ્છા થતી હોય તો કુટુંબના એકાદ સુપુતને આ માર્ગે મોકલો તો તમારા આખા કુટુંબનું ધર્મમાર્ગે પ્રયાણ થશે કે જેથી ઉત્તરોત્તર વૃદ્ધિ થતાં એક દિવસે આ સંસાર સાગરમાંથી નીકળી મોક્ષમાર્ગે પહોંચાશે. નઘુષરાજાએ પોતાના પુત્ર સૌદાસને રાજગાદી સોપીને દીક્ષા અંગીકાર કરી. અનશન સ્વીકારી કર્મ ખપાવી મુક્તિ સુખને પામ્યા.

પોતાના પૂર્વજો કરતાં સૌદાસનું જીવન કંઈક જુદી રીતે બન્યું એણે પોતાના જીવનમાં કેટલુંક ખરાબ આચરણ આચર્યું કે જેથી તેના મહાન કુલને લાંછન લાગ્યું.

એ યુગમાં એક એવો નિયમ હતો કે નગરમાં જ્યારે અટ્ઠાઈ મહોત્સવ થાય ત્યારે અમારી પડહની ઉદ્‌ઘોષણા કરવામાં આવતી અને શહેરના તમામ પ્રકારના નાના મોટા કતલખાના બંધ રહેતા, અને તેથી માંસાહારનું ભક્ષણ કોઈ પણ વ્યક્તિ કરી શકતી નહિ.

એક વખત નગરમાં જિનમંદિરમાં અટ્ઠાઇ મહોત્સવ આરંભાયો, અને મંત્રીઓએ અમારિપડહ વગડાવ્યો. કે કોઈ પણ માનવીએ કોઈ પણ નાના કે મોટા જીવની હિંસા કરવી નહિ તેવો આદેશ કર્યો.

રાજાને પણ મંત્રીઓએ વિનંતિ કરીને કહ્યું કે હે રાજન્ ! અષ્ટાન્હિકાઉત્સવમાં આપના પૂર્વજો કદી માંસ ભક્ષણ કરતા નહોતા તો આપ પણ આ ઉત્સવમાં માંસ ભક્ષણ કરશો નહિ. પણ ! આ સૌદાસ રાજા રસનો લોલુપી હતો. પોતે મંત્રીઓ દ્વારા અમારિપડહ વગડાવવા છતાં પોતે અમારિનું પાલન ન કરી શકયો આ કૃત્યથી મહા-ભયંકર કલંક તેણે પોતાના કુલને લગાડયું.

અતિ ઉત્તમ જીવનમાં પણ હોળી સળગાવનાર આગ લગાડનાર ક્રોધાદિ કષાયો છે. તેમ રસ લોલુપતા પણ છે. બીજી ઇન્દ્રિયો ઉપર કાબુ મેળવવો સહેલ છે. પણ રસના વૃત્તિ ઉપર કાબુ ધરાવવો અતિ મુશ્કેલ છે. રસનાવૃત્તિને

પોષવા માટે માનવી ન કરવાના કૃત્યો કરી રહ્યો છે. એ આ પ્રસંગ ઉપરથી જણાશે.

સાદાસે પોતાના રસોઇઆને બોલાવીને કહ્યું કેઃ— મને માંસ ભક્ષણ વિના નહિ ચાલે માટે કોઈપણ પ્રયત્ને ગુપ્ત રીતે માંસ લાવજે અને મારા માટે પકાવજે.

રાજાની આજ્ઞાને આધીન રસોઈઓ રાજાને ખાતર માંસની શોધ કરવા માટે નગરમાં નિકળ્યો. ગુપ્ત પણે ચારે તરફ તપાસ કરી પણ કયાંયે માંસ મલ્યું નહિ.

શું જવાબ રાજાને આપવો તેની મુઝવણમાં રસોઇઓ મુંઝાયો તપાસ કરતાં એક ખંડેરના ખુણામાં નાના બાળકનો મૃતદેહ નજરે પડ્યો.

બીજું તો કાંઇ મળતું નથી તો લાવ આને તો લઈ જાઉં તેણે મૃતદેહને ઉચકી લીધો કપડામાં છૂપાવી રાજભવનમાં ચાલ્યો ગયો અને બાળકના મૃતદેહને સંસ્કારીત કરી રસોઈઆએ ભોજન તૈયાર કર્યું અને વખત થતાં ભોજનનો થાળ રાજાની સામે ધર્યો. રાજા ભોજન કરવા લાગ્યો, પણ આજના ભોજનનો સ્વાદ તેને કોઈ અનેરો લાગ્યો. અને તરત જ રસોઈઆને પૂછવા લાગ્યો કેઃ—

આવા પ્રકારનું માંસ મેં મારી આખી જીંદગીમાં કદીય ખાધું નથી, આ માંસમાંથી અપૂર્વ સ્વાદ આવે છે તો કહે કે આ કયા પ્રાણીનું માંસ છે.

રસોઇઆએ કહ્યું કેઃ—હે રાજન્ ! આ માંસ નાના બાળકનું છે. રાજાએ સાંભળીને તરત જ આદેશ કર્યો કે

મને આ ભોજન બહુ ગમ્યું છે. માટે તારે દરરોજ આજની માફક બાળકનું (નરનું) માંસ પકાવીને મને આપવું.

રસનાનો લોલુપી રાજા પોતાની જીભના સ્વાદની ખાતર નરભક્ષક બન્યો. પોતાની રસ લોલુપતાને પોષવા ખાતર રાજાએ રસોઇઆને પોતાની જ પ્રજાના સંતાનોને ચોરી છૂપીથી પકડી લાવવા આદેશ કર્યો અને તેના બદલામાં તેને મનમાગ્યું ધન આપવાની લાગણી દર્શાવી. **ધનની લાલસાએ રસોઇઆએ અને રસની લાલસાએ રાજાએ પોતાના જીવનનો લેશ માત્ર પણ વિચાર કર્યો નહિ.** અને આત્માને કલકિત કર્યો.

છતાં પણ આ રાજા અને રસોઈઆનું મહાપાપ છુપું ન રહી શકયું. થોડા દિવસો વિત્યા ત્યાં શહેરમાં હાહાકાર મચ્યો. રોજ બાળકો ગુમ થવા લાગ્યા. મા–બાપોની ફરીયાદો રોજ રાજદરબારમાં મંત્રીઓ પાસે આવવા લાગી.

ચોકસાઈ પૂર્વક તપાસ કરતાં ગુપ્ત વેશમાં આવીને ઉપાડી જતો રસોઇઓ ઝડપાઈ ગયો અને તેના મુખેથી સત્યવાત પ્રગટ થઇ ગઈ. રાજાના પાપ કૃત્યો ઉપરનો પડદો ખુલ્લો થઈ ગયો.

તે વખતના મંત્રીઓ રાજવીઓની દુષ્ટ મનોવૃત્તિઓ કે આચરણોને પોષણ આપતા નહિ કે ચલાવી પણ લેતા નહિ પણ તેની સામે ઝુંબેશ ઉઠાવી રાજાને પદભ્રષ્ટ કરી નાખતા.

મંત્રીઓએ રાજાના આ આચરણને વખોડી કાઢયું જે

રાજા પોતાની જ પ્રજાના સંતાનોને પકડી કાચા શેકીને આરોગી જાય તે પ્રજાનું શું ભલું કરી શકવાનો હતો. આવા રાજાઓને પદભ્રષ્ટ કરવામાં જ મંત્રીઓ પોતાની ફરજ (કર્તવ્યધર્મ) સમજતા.

રાજાના આ કૃત્યોની ખબર પડતાં મંત્રીઓએ રાજાને પદભ્રષ્ટ કરી શહેરમાંથી ભુંડે હાલે કાઢી મૂકયો. અને તેના પુત્ર સિંહરથ રાજાને ગાદીએ બેસાડ્યો. અને રાજ્યનું તંત્ર કુશળતા પૂર્વક મંત્રીઓ ચલાવવા લાગ્યા.

સૌદાસ રાજવી જંગલમાં ભટકવા લાગ્યો અને જે કાંઇ માંસ ભક્ષણ મલે છે. તે આરોગીને દિવસો પસાર કરવા લાગ્યો આ રીતની તેની સ્થિતિ અત્યંત દયાજનક બની હતી.

માંસ ખાવા (ભક્ષણ)ની ઈચ્છાએ શિકારને શોધવા માટે જંગલમાં ઘૂમતા સૌદાસની નજરે એક વૃક્ષની છાયા તળે કાઉસ્સગ્ગ ધ્યાનમાં લીન બનેલા મહામુનિ પર પડી.

ઘોર ભયાનક જંગલ અને તેમાં આ રીતે ઉભેલા મહા મુનિને જોતા તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ.

જીવનભર માનવના સહવાસમાં રહેનારો આજે માનવ વિહોણો બની જંગલમાં ઘુમતા સૌદાસને મહામાનવ સમા મુનિના દર્શન માત્રથી પરમ આલ્હાદ–આનંદ પેદા થયો.

સૌદાસને મુનિની પાસે જઇને પોતાના જીવનની કથની કહી હૈયાનો ભાર હળવો કરવાની ઈચ્છા થઈ. સૌદાસ સંસ્કારી હતો. ધર્મનો વારસો એને પૂર્વ પરંપરાથી

પ્રાપ્ત થયો હતો. માત્ર રસ લોલુપતા એ જ બધી વસ્તુનું ભાન ભુલાવ્યું હતું અને આજે જંગલમાં ભટકતા રખડુ હિંસક માણસ જેવી હાલત કરી હતી.

સૌદાસ મુનિના ચરણુમાં પડ્યો. મુનિએ પોતાનું ધ્યાન પુરૂ થતાં સૌદાસને અમી ભરી નજરે નીહાળ્યો.

મહા મુનિની માત્ર અમીની નજર પડતા સૌદાસના હ્રદયનો પલ્ટો પલવારમાં થવા લાગ્યો. સૌદાસ મહામુનિને વિનંતી કરી કહેવા લાગ્યો કે હે પતિતોદ્ધારક મહા મુનીશ્વર ! ધર્મનો બોધ આપી આ પાપીને કલ્યાણનો માર્ગ બતાવો.

મહામુનીશ્વરના મુખમાંથી અમૃતના ઝરણાં વહેવા લાગ્યા. માનવ જીવનની શી મહત્તા છે. કેટલી મુશ્કેલીએ માનવજીવન મળે છે અને તે મળેલા જીવનને કંઈક અજ્ઞાન આત્માઓ અજ્ઞાનતાથી કેવી રીતે વેડફી નાખે છે. માનવજીવનની સાધના શું છે ? માનવનો સર્વોદય શી રીતે થઇ શકે ? માનવના જીવનનું અધઃપતન કરનાર કયા તત્ત્વો છે ? અને તેનો કેવી રીતે ત્યાગ કરવો જોઈએ વિ. બાબતો પર ઉપદેશનો ધોધ વહેવડાવ્યો.

મહામુનીશ્વરની કલ્યાણકારી વાણી સાંભળી સૌદાસનો આત્મા પીગળ્યો. એને પોતાના કર્તવ્યનું ભાન થયું અને આચરી રહેલા દુષ્ટ આચરણો અંગે અત્યંત પશ્ચાતાપ થયો. બધુંય ત્યાગ કરવાની ઇચ્છા દર્શાવી પરંતુ માંસ પોતાનાથી નહિ છુટી શકે તેવી અશક્તિ પણ પ્રગટ કરી.

મહામુનિએ લાગણી ભર્યા શબ્દોમાં માંસ ભક્ષણથી પશ્ચાદ્ જીવનમાં ભોગવવાં પડતા દુઃખોનો કરૂણ ચિતાર વિસ્તારથી સમજાવ્યો અને તે અંગેના કેટલાક ઉદાહરણો મહામુનીશ્વરે આપ્યા. મહામુનિના શબ્દે શબ્દની અસર સૌદાસના આત્માને તત્કાળ થતી હતી. તુરત જ સૌદાસે પોતાની કાયરતા છોડી વીરતા દાખવી અને **જીવનમાં કદી પણ માંસ ભક્ષણ નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી.**

અધઃપતનની ઉંડી ખાઈમાં ગરકાવ થયેલા સૌદાસના જીવનમાં ઉદય કેવી રીતે થયો અને કોણે કર્યો આ હકીકત પરથી સ્પષ્ટ સમજાય છે.

મુનિના સમાગમથી પોતાના જીવનને ઉજ્વલ કરી જંગલની પૂર્વ દિશા તરફ પ્રયાણ કરતા સૌદાસને સુવર્ણ કલશ લઈને આવતો હાથી સામે દેખાયો થોડીવારમાં હાથી સૌદાસ પાસે આવ્યો અને તેની સુંઢમાં રહેલો કલશ ઢોળ્યો અને ફુલની માળા આરોપણ કરી.

જંગલની બાજુના પ્રદેશમાં જ આવેલા મહાપુર નગરનો રાજા અપુત્રપણે મરણ પામ્યો હતો અને તેથી હાથી જે પુરૂષ ઉપર કળશ ઢોળે તે પુરૂષને રાજ્ય સિંહાસન ઉપર આરૂઢ કરવો અને તેને આપણે રાજા તરીકે માન્ય કરવો એવો નિશ્ચય મહાપુર નગરના મહામંત્રીઓ અને નગરજનોએ નક્કી કર્યું હતું.

હાથીએ સૌદાસ ઉપર કળશાભિષેક કર્યો કે તરત જ નગરજનો તથા મંત્રીઓએ સૌદાસને રાજસિંહાસન ઉપર આરૂઢ થઈને રાજ્યશાસન ચલાવવા માટે વિનંતિ કરી.

માંસ ભક્ષણના ત્યાગનું તાત્કાલિક ફળ મલ્યું છે એમ સમજી સૌદાસે પ્રજાની તથા મંત્રીઓની વિનંતીનો સ્વીકાર કરી રાજ્યસિંહાસન પર આરૂઢ થઈને રાજ્ય ભોગવવા લાગ્યો.

માંસ ભક્ષણની લોલુપતાથી સૌદાસને રાજ્યનો ત્યાગ કરવો પડ્યો અને જંગલમાં રખડવું પઢ્યું. અને તેજ માંસ ભક્ષણના ત્યાગથીજ જંગલમાં પણ સામે પગલે રાજ્ય સિંહાસન ઉપર બેસી રાજ્ય ચલાવવાની વિનંતી કરતા લોકો આવ્યા.

શુદ્ધ–પવિત્ર અને સદાચરણીય જીવનથી આ પ્રત્યક્ષ લાભ અને અશુદ્ધ–અપવિત્ર અને દુરાચરણીય તથા વ્યસની જીવનથી જીવનનું સંપૂર્ણ રીતે અધઃપતન થાય છે તે આ દૃષ્ટાંતથી આપણે જોયું.

છેવટે સૌદાસે પોતાના મૂલ રાજ્ય ઉપર ચઢાઈ કરી પુત્ર સિંહરથને પરાજય પમાડયો. છતાં બંન્ને રાજ્યોને નહિ ભોગવતાં તે બંન્ને રાજ્યો પોતાના પુત્ર સિંહરથને સોંપી મહારાજા સૌદાસે સંયમ જીવન ( મુનિપણું ) અંગીકાર કર્યું અને પોતાના આત્માને ઉર્ધ્વગામી બનાવ્યો.

સૌદાસના પૂર્વ જીવન જેવું આજે દુનિયાના અનેક માનવીનું જીવન છે દરેકના જીવનમાં ઉંડા ઉતરીને તપાસ કરશો તો કંઈક ખરાબ વ્યસનો તથા દુષ્ટ આચરણોથી ભરેલું જીવન દેખાશે. પોતાના ઉદયની આશા રાખનાર આત્માએ ઉદયના ઉપાયોને સમજવા જરૂર છે. વ્યસનો કે બુરીટેવોનો ત્યાગ કર્યા સિવાય કોઇ રીતે આત્માનો સર્વોદય થઈ શકે તેમ નથી. અને પોતાના ઉદયનું ભાન કર્યા બાદ

જગતના ઉદયનું કે સર્વોદયનું ભાન કરાવનાર સાધુ–સંતો સિવાય દુનિયામાં કોઇ વ્યક્તિ મળશે નહિ અને તે કેવા સાધુ–સંતો સ્વઉદય કે સર્વોદયનો મંત્ર અપનાવશે કે આપશે કે જેઓ કંચન અને કામિનીના ત્યાગીઓ છે રત્નત્રયીના આરાધકો છે. તેવા સાધુ-સંતો જગતને સર્વોદયનો માર્ગ નિસ્વાર્થ ભાવે બતાવી રહ્યા છે. માર્ગ ભૂલેલાને સાચો માર્ગ બતાવનાર અને પતનના પંથે વળી ચુકેલાને સીધા રાહ ઉપર લાવનાર પણ જો કોઇ પણ વ્યક્તિ જગતમાં દ્રષ્ટિગોચર થતી હોય તો તે ઉપર કહેલા ગુણોથી યુકત સાધુ સંતો છે.

ભર દરીઆમાં ખડક સાથેની અથડામણુમાંથી ઉગારનાર દીવાદાંડી જેમ અતિ ઉત્તમ સાધન છે તેમ પતિતોને પાપના ખડકોમાંથી બચાવનાર દીવાદાંડી સમાન સાધુ પુરૂષો જ છે આ વાત દરેક વ્યક્તિએ સમજવાની જરૂર છે. માનવાની જરૂર છે.

અમને જો કોઈ પૂછતા હોય તો અમે તો તમને સર્વોદયનો માર્ગ બતાવતા કહીશું કે પ્રાણી માત્રનો સર્વોદય વ્રતો અને આચારોના પાલનમાં તથા ક્ષમાદિ દશ ગુણોને જીવનમાં ઉતારવામાં અને વ્યસનો તથા બુરી કુટેવોને ત્યાગવામાં જ રહેલો છે. તમોને જેટલો જીવનનો અધિકાર છે તેટલો જ સૌ પ્રાણી માત્રનો અધિકાર છે. દરેકને જીવવું પસંદ છે. કોઇને મૃત્યુના પડછાયે પણ જવું ગમતું નથી.

કોઈના જીવને દુઃખ કે ત્રાસ આપવાનો આપણો અધિકાર નથી જો કોઈને દુઃખ આપશો તો બીજાઓ તરફથી આપણને પણ દુઃખ અને ત્રાસ જરૂર મલશે સત્ય

ધર્મના આચરણમાં, સત્ય વ્રતના પાલનમાં જીવનની આબાદી છે તેથી વિરૂદ્ધ આચરણા આચરનારના જીવનની બરબાદી છે તેમાં કોઈ જ શંકા નથી બ્રહ્મપદની-મોક્ષની પ્રાપ્તિ જોઈતી હોય તો બ્રહ્મચર્યનું પાલન કરો. અંતરની કુટીલતાનો ત્યાગ કરો, અઢારે પાપસ્થાનકોનો ત્યાગ કરો, તમને જેટલી જરૂર હોય તેટલી વસ્તુની અપેક્ષા રાખો અને તેટલું જ મેળવવા માટે પ્રયત્ન કરો. વધારે મેળવવાની મમતા કે પ્રયત્ન ન કરો. **જેની તમને જરૂર છે તેની જગતને જરૂર છે** " આ મંત્ર અંતરમાં કોતરી રાખજો પરિગ્રહ એ મહા ભયંકર પાપ છે જેને પરિગ્રહનું પાપ લાગ્યું તેનું જીવન બરબાદ થઈ ગયું અને અનંત યાતનાઓથી ભરેલું જીવન ભોગવવાનો પ્રસંગ ન આવે તે માટે પરિગ્રહના પાપથી દૂર હટો જ્યારે તમો પરિગ્રહથી દૂર ભાગશો ત્યારે જ સર્વોદય થશે સારી વસ્તુને ગ્રહણ કરો અને બુરી વસ્તુનો ત્યાગ કરો સત્યને સમજો અને અસત્યને છોડો એવો અમારો ક્ષણે ક્ષણે જગતના તમામ જીવો પ્રત્યે ઉપદેશ છે.

"સર્વોદય વિષે આજે ખુબ કહેવાયું છે હવે વિશેષ ન કહેતાં ટુંકમાં જ કહીશ કેઃ-'**સર્વ પ્રાણી માત્રનો ઉદય થાઓ**" "**સવિ જીવ કરૂં શાસન રસી**" નો મહા મંત્ર ગોખજો સર્વે વિતરાગ ભગવંતના શાસનના રસીઆ બનજો તેમને બતાવેલા માર્ગે ગમન કરજો કે જેથી આત્મ કલ્યાણ સાધી મુક્તિના મોંઘેરા મહેલમાં પહોંચી શકાય શુભંભવતુ.

卐

પ્રવચન સાતમું

# ખોવાયેલાં હૈયા

તા. ૪-૯-૫૫

સ્ટા. ટા. ૯-૦૦ થી ૧૧-૧૫

સ્થળ:—મુલુંડ જૈન ઉપાશ્રય

[ પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી. યશોભદ્રવિજયજી ગણીવર્યનું અત્રે ચાલતી જાહેર પ્રવચન માળાનું આજે સાતમું પ્રવચન હતું આજના પ્રવચનમાં મુંબઈ અને ઉપનગરથી ઘણા જ પ્રમાણમાં આવેલી માનવમેદની દ્રષ્ટિગોચર થતી હતી. જેમાં મુંબઈ રાજ્યના ડેપ્યુટી ઇન્સપેકટર જનરલ ઓફ પોલીસ કુમાર શ્રી. પ્રવિણકુમાર-સિંહજી તથા ડેપ્યુટી પોલીસ કમિશ્નર મી. ખાન, થાણા જીલ્લાના પોલીસ સુપ્રીટેન્ડન્ટ શ્રી રાયસીંઘાણી વિગેરેની હાજરી ખાસ તરી આવતી હતી. પ્રસ્તુત પ્રવચનનું અંશતઃ અવતરણ નીચે પ્રમાણે કરવામાં આવેલું છે ]

**શ્રોતાજનો !**

બે મહીનાથી દર રવિવારની આ જાહેર પ્રવચન માળા ચાલી રહી છે. દર રવિવારે જુદા જુદા વિષયો ઉપર વર્તમાન યુગના સમગ્રમાનવ જીવનને સ્પર્શતી વાતો વિસ્તારથી કહેવામા આવે છે. મોટી સંખ્યામાં તમો એકઠા થાવ છો તેથી મને સંતોષ ન થાય, પણ સાથોસાથ તમારા જીવનનું પરિવર્તન પ્રત્યક્ષ જોઈએ ત્યારે જ સાચો સંતોષ અને આનંદ થાય.

આજના જાહેર પ્રવચનનો વિષય " ખોવાયેલાં હૈયાં " પસંદ કર્યો છે. ખોવાયેલા હૈયા કહો કે ખવાયેલાં હૈયા કહો. આજે આપણે મનની નિર્મળતા, નિર્મળ મનની કિંમત, હૃદય શુદ્ધિની આવશ્યકતા વિષે કહેવાનું છે.

શરીરને તંદુરસ્ત રાખવા માટે બાહ્ય દ્રષ્ટિએ શુદ્ધ હવા અને ખોરાકની જેટલી આવશ્યકતા છે એથી વધુ આવશ્યકતા આપણા આચરણોને માટે તથા શરીરની અંદર રહેલા આત્માને તંદુરસ્ત રાખવા માટે મનની શુધ્ધિ તથા હૈયાની શુધ્ધિની આવશ્યકતા છે.

આજે માનવી પોતાની સાધારણ તંદુરસ્તી જોખમાતા (અનેક) કંઇક ઔષધોના ઉપચારો કરવા લાગી જાય છે. ગુમાઈ ગયેલી તંદુરસ્તીને મેળવવા શુદ્ધ હવા માનના સ્થળો જેવાં કે માથેરાન કે મહાબલેશ્વર જઈ પહોંચે છે. અને ઔષધો તથા બીજા ઉપચારોમાં પોતાની સારી એવી સંપત્તિનો વ્યય કરે છે. છતાંય તેને સંપૂર્ણ તંદુરસ્તી પુનઃ પ્રાપ્ત થતી નથી તેનું કારણ શું છે? તે સૌ કોઇએ વિચારવું જરૂરી છે.

શરીરના ઉપચારો જેટલા કરવામાં આવે છે તેટલા માનસિક શુધ્ધિના અને મનોબળના ઉપચારો થતા નથી.

શારીરિક તંદુરસ્તી જોખમાવાનું-કોઇ પણ કારણ હોય તો માનસિક વ્યથા માત્ર છે. અને એ કારણે જ આપણે આજે આપણું હૈયું-મન ગુમાવી બેઠા છીએ. અને મન વિનાના કાર્યો કરી રહ્યા છીએ.

આખાય શરીરના તમામ અંગોમાં "મન" હૈયું એક મહત્વનું સ્થાન ધરાવે છે. કે, જે, મન આખાય શરીરનો રાજા છે. અને તે મનના હુકમ મુજબ જ આપણા આખાય શરીરના તમામ અંગો અને અવયવો કામ કરી રહ્યા છે.

જે કાંઈ દુષ્ટ આવરણો આ જીવ કરે છે તે મન-

વચન અને શરીર દ્વારા જ કરે છે અને જે કંઇ દુષ્ટ આચરણ કરે છે તે પણ મન–વચન અને શરીર દ્વારા જ થઈ શકે છે.

ધર્મ કરણીના ઉત્તમ સાધનોમાં "શુદ્ધમન" એક ઉપયોગી સાધન છે. આજના યુગનો માનવી હૈયું ખોઇ બેઠો છે. મન ઉપરનો કાબુ ગુમાવી બેઠો છે. અને તેજ કારણે તેની ઇન્દ્રિયો બેલગામ ઘોડાની માફક આજે બેકાબુ બની અનેક જાતના અનર્થો કરી રહી છે.

માનવીનું હૈયું કેટલું અપવિત્ર અને અશુદ્ધ બન્યું છે તેની કલ્પના સુદ્ધાં પણ આજે થઈ શકે તેમ નથી. દુનિયામાં તમામ પ્રકારના યંત્રો શોધાયાં છે પરંતુ હૈયું તપાસવાનું યંત્ર શોધાયું નથી છતાં પણ આચરણો અને વિચારણ દ્વારા માનવીનું હૈયું જોઇ શકાય છે. તે કેવા પ્રકારના વિચારો કરે છે અને કેવું આચરણ આચરે છે તે નિહાળવાથી તેના મનની શુદ્ધતા કે અશુદ્ધતાનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે.

એક ભક્તજન પોતાના ગુરૂની અખંડ ઉપાસના કરતો હતો.

ભક્તની અનહદ કોટીની ઉપાસના ભક્તિ જોઈ ગુરૂએ પ્રસન્ન થઈ તેને એક દર્પણ આપ્યું, તે દર્પણ એવા પ્રકારનું હતું કે તે દર્પણ જેની સામે ધરે તેના હૈયામાં રહેલા દુષણોના ડાઘ સ્પષ્ટ પણે દેખાય.

આ ભકતજન તો બધાની સામે દર્પણ ધરી તેના

હૈયામાં કેટલા દૂષણો ભરેલા છે. તે જોવા લાગ્યો અને દૂષણો જોઇ જોઇને તેની નિંદા કરવા લાગ્યો અને તેના હૈયામાં તિરસ્કારની વૃત્તિ વધવા લાગી. છેવટે તેણે આ દર્પણ આપનાર ગુરૂના સામે ધાર્યું તો ત્યાં પણ દૂષણોના ડાઘા પડેલા દેખ્યા. તુરત ગુરૂએ કહ્યું કે–આ દર્પણ અન્યના દૂષણો જોવા તને નથી આપ્યું પરંતુ તારા જ દૂષણોને જોવા માટે તને આપ્યું છે. આ દર્પણ તારી છાતી સામે રાખ, અન્યના દૂષણો જોવાથી તારો આત્મા દુષણ રહિત નહિ બની શકે. માનવી માત્ર દૂષણો અને દુર્ગુણોથી ભરેલો છે. છતાં પણ દરેકમાં થોડો પણ સદ્‌ગુણનો અંશ રહેલો હોય છે. અન્યના દુર્ગુણો ન જોતા સદ્‌ગુણો જોવા જરૂર છે. તો જ આપણો ઉદય છે. અને આપણા સદ્‌ગુણો જોવા કરતાં તથા તેની પ્રસંસા કર્યા કરતાં. આપણામાં રહેલાં દુર્ગુણો તપાસવામાં જ અને તપાસીને છોડવામાં જ આપણા આત્માની પ્રગતિ છે.

ગુરૂના આ કથનથી પેલાએ દર્પણ પોતાની છાતી સામે ધર્યું તો પોતાના હૈયામાં તો મોટા મોટા દૂષણોના ડાઘાઓ દેખાવા લાગ્યા. તેણે જેનું હૈયું જોયું હતું તેના કરતાં પોતાનું હૈયું વધારે ખવાઈ ગયેલું માલમ પડ્યું. તેજ દિવસથી તેને બીજાના હૈયા જોવાનું છોડી દીધું અને માત્ર આ ગુરૂએ અર્પણ કરેલા દર્પણથી રોજ પોતાનું હૈયું જોવા લાગ્યો અને તે બગડેલા હૈયાને સાફ કરવા માટે નિશદિન પ્રયત્ન કરવા લાગ્યો.

જે ક્ષણે થોડો પણ ડાઘ પડે કે તરત જ કાળજી રાખીને સાફ કરી નાંખે ત્યારે જ તે જંપતો, હૈયામાં નાનું

પણ દૂષણ કે દુર્ગુણ તેને કાંટાની માફક દુઃખ આપતુ હતું તેના આ હંમેશના પ્રયાસથી તેનું હૈયું સદાના માટે નિર્મળ બન્યું અને નિર્મળ હૈયાએ કરી પોતાનો આત્મા સંપૂર્ણ શુદ્ધ બની શકયો. આજના માનવીની પણ આજ દશા છે તે પોતાનું હૈયુ ન તપાસતાં બીજાના હૈયા જ નીહાળી રહ્યો છે. પોતાના દુર્ગુણોને ન જોતાં બીજાના દુર્ગુણોને જોઈ નિંદા કરી રહ્યો છે. આથી પોતાના હૈયાને નિર્મળ કે હળવું ન બનાવતાં ભારે અને અપવિત્ર બનાવી રહ્યો છે અને સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો પોતાના હૈયાને ગુમાવી રહ્યો છે.

શરીરના તમામ અંગો કરતાં મનની મહાન કિંમત છે. કોઈપણ એક અંગ કે બે અંગ કદાચ શક્તિહીન થઈ ગયા હશે તો ચાલશે. નાક કે આંખ વગર પણ માનવી જીવન વિતાવી શકે છે. પણ મન ઉપરનો કાબુ ગુમાવેલો માનવી સુખપૂર્વક જીવન જીવી શકશે નહી.

મન પરનો કાબુ ગુમાવી બેઠેલો માનવી ગાંડામાં ખપશે અને તે ડાહ્યા શાણા–સમજુ અને વિચારક વર્ગમાં કદી પણ રહી શકશે નહિ તેને માટે કયાં સ્થાન છે તે તમો જાણો છો ને ? ગાંડાનું દવાખાનું, જ્યાં બધા ગાંડાઓનું જુથ એકઠું થયેલું છે ત્યાં બધાએ જ પોતાના મનનો કાબુ ગુમાવી દીધેલો હોય છે.

આ ગાંડા માનવીની હૃદયવ્યથા જયારે નજરે જોઇએ છીએ, જાણીએ છીએ, ત્યારે આપણને દુ.ખનો પાર રહેતો નથી.

મનુષ્ય જીવનની મહત્તા પણ મનનેજ આભારી છે. શુદ્ધ મન દ્વારાજ માનવી મહાન છે. બાકી તે પાગલ અને પશુ કરતાં પણ હિન કોટીમાં ખપે છે.

આત્મા સાથે સીધો સબંધ જો કોઇ પણ વસ્તુ હોય તો તે મન છે. આખા શરીરનું મુખ્ય યંત્ર મન છે. મન દ્વારા જ બધા જ વ્યવહારો ચાલે છે. મુખ્યયંત્ર બગડી જાય ત્યારે તમામ વ્યવહારો અટકી પડે છે.

શહેરનું મુખ્ય પાવર હાઉસ બગડી જતાં ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં પણ જો કામ કરતું ન થાય તો એક પણ વીજળીનો દીવો થઈ શકતો નથી તે સહુ કોઈના અનુભવની વાત છે. એટલી જ સ્પષ્ટ હકીકત આ છે. મનનું-યંત્ર બગડી ગયા પછી જો તેને સુધારવાની દિશામાં પ્રયત્નો ન થાય તો શરીરનું એક પણ અવયવ વ્યવસ્થિત કામ આપતું નથી.

મનને શુદ્ધ પવિત્ર અને તંદુરસ્ત રાખવું જરૂરી છે. એ તંદુરસ્ત અને શુદ્ધ કેમ રહી શકે તે સમજાવવા માટે-જ આજનો વિષય રાખ્યો છે પણ તે પહેલા આપણું મન કઈ રીતે ખોવાઈ ગયું છે કે ખવાઇ ગયું છે તે સંબંધી વિચાર કરવો જરૂરી છે.

બાળક જન્મે છે, ત્યારે તેનું મન દર્પણ જેવું ચોકખું હોય છે પછી જેમ જેમ મોટો થતો જાય છે તેમ તેમ તેનું મન અશુદ્ધ અને દુર્ગુણોના ડાઘાથી મેલું બનતું જાય છે.

માનવીના મનને મેલું અપવિત્ર બનાવનાર કોઈપણ પદાર્થ હોય તો તેની દુષ્ટ વાસનાઓ યુક્ત અનીતિમય જીવન છે.

આજના માનવીનું જીવન અનીતિ અને દુષ્ટ વાસનાઓના તત્વો વડે ચારે તરફથી ઘેરાયેલું છે ઇંદ્રિયોપરના બેકાબુએ તેને પરવશ બનાવી દીધો છે. દુષ્ટ વાસનાઓએ માનવીને ગુલામ બનાવ્યો છે. અને અનીતિમય જીવનવડે જીવતો માનવી રાક્ષસ જેવો નરાધમ બની રહ્યો છે.

ઇંદ્રિયોના બુરા વિષયોને પોષણ આપી રહ્યો છે. સુંદરીના સ્પર્શમાં, સુગંધીદાર પદાર્થોની આસક્તિમાં, રસની લોલુપતામાં, આંખો દ્વારા નયન મનોહર દશ્યો જોવામાં કાનદ્વારા પોતાની પ્રશંસા અને પરની નિંદા સાંભળવામાં, જે આનંદ આવે છે તેજ આનંદ માણવામાં પોતે પોતાના જીવનની સફળતા જે માનવી માની રહ્યો છે તે માનવી પોતેજ પોતાના જ હાથે અધઃપતનની ઉંડી ખાઈમાં પડી રહ્યો છે અને પરમાધામીને નોતરી રહ્યો છે માનવી પોતે આજે ચાર પ્રકારના કષાયો જે ક્રોધ, માન, માયા, લોભને પ્રધાનપદ આપી પોતાના જીવનને પોષી રહ્યો છે. દિવસમાં વખતો વખત નાની નાની વાતોમાં ક્રોધ કરી અભિમાનમાં મસ્ત બની, માયાવી વૃત્તિ કેળવી અને લોભી જીવન જીવી પોતાના મનરૂપી નિર્મળ અરીસાને અનેક પ્રકારના દુષણોથી કલંકીત કરી રહ્યો છે ક્રોધ દ્વારા પોતાના સહનશિલતાના આત્મિક ગુણોને ગુમાવી બેઠો છે. માન દ્વારા પોતાના સરળતા ગુણને ભુલી ગયો છે. માયા સેવીને પોતાની સરળતા

ખાઇ બેઠો છે. અને લોભી વૃત્તિએ ઉદાર ભાવનાને મારી નાંખી છે. અને અનીતિમય જીવનથી પોતાના મહામુલા જીવનને કહોવડાવી નાંખ્યું છે. શુદ્ધ સદાચરણ ને તિલાંજલી આપી દુરાચારની ઉંડી ખાઇમાં ડુબી ગયો છે આ છે માનવીના મનને ખરાબ કરી નાખનારા સાધનો, મનની શાન ગુમાવી નાખનારાં મહાભયંકર પદાર્થો.

આજે પરિગ્રહની–સંગ્રહખોરીની મનોવૃત્તિથી જ માનવી પોતાના મનની શાંતિ ગુમાવી બેઠો છે અને અશાંતિની હોળીમાં પોતાનું જીવન હોમી રહ્યો છે.

જો માનવી પોતાના પેટ પુરતું કમાવાનું (મેળવવાનું) રાખે તો તેને રોજની રોજી સહેલાઇથી મળી શકે છે અને ગુજરાન પણ ચલાવી શકે છે. પણ આજે માનવીની મનો-વૃત્તિએ માઝા મૂકી છે. સહુ કોઇને રાજાશાહી વૈભવો જોઇએ છે. બધાંને બંગલામાં મહાલવાના મનોરથો છે. હું કયારે મોટરમાં ફરતો થાઉં એ જ વિચારોના વમળમાં રાત દિવસ અટવાય છે અને પોતાના હૈયાની શાંતિને ગુમાવી નાખે છે. અને અનીતિમય જીવન જીવવાને માટે તૈયાર થતો માનવી પૈસાના ઢગ ખડકવા માટે પોતાના શરીરના ભોગે પણ તરફડીઆ મારતો જોવામાં આવે છે.

“ જર અને જોબનના કેફ ચઢે છે જયાં
સુખ અને શાંતિ સહુ સળગે છે પણ ત્યાં ”

સહુ કોઈને એવી કલ્પના હોય છે કે જેની પાસે વધારે પરિગ્રહ છે તે વધારે સુખી છે. ધનદોલતવાળો માનવી

ધારે ત્યારે ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરી શકે છે અને પોતાના મનના મનોરથોના મહેલમાં સહેલાઇથી મ્હાલી શકે છે પણ! તે કલ્પના પાયા વિનાની ઇમારત જેવી છે. બુદ્ધિ· વિનાની છે. એક ત્યાગી સંતને ધનની થેલી પ્રાપ્ત થતાં તેની કેવી દશા થઈ તે સાંભળશો એટલે ધનથી કઈ પરિ· સ્થિતી નિર્માણ થાય છે. તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકશે.

કોઈ એક પુરૂષ સંસારની મોહ માયાનો ત્યાગ કરીને સંન્યાસી બની ગામ બહારના ઉપવનમાં ઝુંપડી બાંધી રહ્યો અને પ્રભુભક્તિ કરવા લાગ્યો.

એક દિવસ બાજુના ગામડાના કોઈ એક શ્રીમંત ભક્તજને સન્યાસી પાસે આવી પ્રણામ કરી રૂા. ૧૦૦)ની થેલી ભક્તિ રૂપે ચરણોમાં ધરી સન્યાસી પણ ભક્તજનની લાગણી ભરી ભક્તિ પાસે કશો ય ઇન્કાર કરી શકયા નહી અને સંમતિ પણ દર્શાવી નહિ છેવટે પેલો ભક્ત રૂા. ૧૦૦) ની થેલી ઝુંપડીના ખુણામાં મુકીને ચાલ્યો ગયો. સંન્યાસી બહાર જતી વખતે કોઈ દિવસ પોતાની ઝુંપડીને તાળું મારતાં નહી પણ! આજે સંન્યાસીને ભારે ચિંતા થવા લાગી બીજા દિવસથી પ્રભુભક્તિમાં તલ્લીન રહેલું મન ડામા- ડોળ થવા લાગ્યું વચનથી રામની માળા ગણાતી જયારે મન સો રૂપીઆની થેલી તરફ જ નજર નાંખતું હતું. સંન્યાસીએ પોતાના મનની શાંતિ ગુમાવી.

એક વખત બાજુના ગામમાં ગયા. ત્યાં ભક્તજનોએ ઉપદેશ આપવા માટે રોકવાને ખુબ આગ્રહ કર્યો. પણ સપત્તિના રક્ષણને ખાતર રોકાવાના માટે દીલ માન્યું નહિ.

રખેને કોઈ રૂપીઆની થેલી ઉપાડી જશે તો ? આ ચિંતાએ એનું મન ચારે તરફથી વિહ્વળ બની ગયું અને બેચેની અનુભવવા લાગ્યું. રાત પડતાં પહેલાં પોતાની ઝુંપડીએ પાછા ફર્યા. વળી કોઈ એક દિવસે ભક્તજનોને ઉપદેશ આપી રહ્યા હતા. તેમાં ધનની અસ્થિરતા સમજાવતા પોતાના કર્તવ્યનું ભાન થયું તેને લાગ્યું કે આ ધનથી જ હું મારી શાન્તિ ગુમાવી બેઠો છું મારે એવા ધનની શું જરૂર છે, તરત જ પેલા ખુણામાં પડેલી રૂપીઆની થેલી ઉપાડી બહાર જઈ જેને જરૂર હતી તેવા દીન દુઃખીઆને વ્હેંચી આપી તેઓ સ્વસ્થ અને શાંત થયા અને તે દીવસથી તેમનું મન પ્રભુભક્તિમાં અગાઉની માફક તલ્લીન બન્યું.

આ દૃષ્ટાંત ઉપરથી સહુ કોઇ સમજી શકશો કે ધનનો ખજાનો ભરી રાખવામાં મન આનંદીત રહે છે એ કલ્પના ખોટી છે.

મનને અશાન્તિમાં મુકનાર ધન એક પ્રબળ સાધના છે. માનવી પાસે ધન આવે છે એટલે તરત જ દુષ્ટ મનો-વૃત્તિઓ પેદા થાય છે. અને તે મનોવૃત્તિઓને પોષવા માનવી ચોતરફ વલખા મારે છે.

માનવીના મનની નિર્મળતા ટકાવી રાખવા નીતિમય જીવનની આવશ્યકતા છે અન્યાય અને અનીતિથી એક પણ પાઈ પોતાના ખજાનામાં ન આવે તેની હરપળે ચિંતા સેવવી ઘણી જરૂરી છે. છતાં તે આજે જોવા મુદ્દલ મળતું નથી અને તે જ કારણે આજે કોઈ પણ માનવીનું મન ઠેકાણે નથી અન્યાય અને અનીતિ વધી છે વ્યવહાર તદ્દન

જુઠ્ઠો બન્યો છે સત્ય અને સદાચારને તિલાંજલી અપાઈ રહી છે. અને કેટલાકો સ્પષ્ટપણે એમ પણ કહે છે કે આ દુનિયામાં નીતિમય જીવન જીવવા જઈએ તો ભૂખે મરવું પડે તેમ છે. પણ આ કલ્પના ખોટી છે.

અનીતિ દ્વારા પૈસો એકઠો કરનાર જેટલા સંતોષથી ભોજન જમી શકતો નથી તેટલા સંતોષથી નીતિપૂર્વક કમાનાર માનવી ભોજન કરી શકે છે.

નીતિમય જીવન એ જ શાંતિનો માર્ગ છે.

અનીતીમય જીવન એ જ અશાંતિનો માર્ગ છે.

ભારત એક વખતે નીતિપ્રધાન દેશ હતો. અહીંની હલકી પ્રજામાં પણ નીતિના સંસ્કાર ભરપુર હતા ત્યારે આજના ભારતની પરિસ્થિતિ ઉલ્ટી છે.

અન્ય દેશોમાં નીતિનું ધોરણ બહુ વધી રહ્યું છે. ત્યાં સૌ કોઈ પ્રમાણિકપણે જીવન જીવવા પ્રયત્નો કરે છે. ત્યાં છાપાઓ વેચનાર ફેરીઓ પોતાના સ્થાન પર છાપાઓ મૂકી બાજુમાં એક ખોખું મૂકી પોતાના સ્થાનમાં ચાલ્યો જાય છે. જેને છાપાની જરૂરત હોય છે તે આ જગ્યા ઉપર આવી છાપાની કીંમતના પૈસા ખોખામાં પહેલા નાખી પછી જ છાપું ઉપાડે છે. ત્યાં કોઈ પણ માનવી ફોગટ છાપુ વાંચવાની મનોવૃત્તિ રાખતું નથી ત્યારે આજે આપણે ત્યાં શું પરિસ્થિતિ છે તે તો સૌ કોઈ તમો જાણો છો કે છાપું અને પૈસા નાખવાની પેટી ઉપાડીને ચાલતા જ થાય.

દુનિયાના તમામ ધર્મોએ અને તેના ધર્મગુરૂઓએ અનીતિમય જીવન જીવવાની સાફ શબ્દોમાં ના કહી છે. જે

દેશમાં રાજા યુધિષ્ઠિર અને હરિશ્ચંદ્ર જેવા રાજવી થયા તે પવિત્ર આર્યાવર્તના માનવીઓ આજે અનીતિમય જીવન જીવીને પોતાનું આયુષ્ય પૂર્ણ કરી રહ્યા છે અને કર્મ તોડવાના બદલે નવા કર્મોના ગાંસડા બાંધતા જાય છે. અનીતિમય જીવન જીવવાના કારણે જ આપણું હૈયું ખોવાઇ ગયું છે યાને ખવાઈ ગયું છે તેથી જ આજના મૃત્યુઓ મોટા ભાગે હાર્ટફેઇલથી જ થાય છે હૈયું એકાએક દબાઈ જાય છે અને જીંદગી જીવવાની આશાઓ અધુરી રહી જાય છે પોતાની ખરાબ વૃત્તિઓને પોષવા માટે માનવી અનેક પ્રકારના અવનવા પ્રપંચો ખેલે છે. જ્યારે તેમાં ફાવતા નથી ત્યારે તેવાઓમાંના થોડાઘણા આત્માઓ ગાંડા પણ બની જાય છે.

અનીતિદ્વારા એકઠા કરેલા ધનથી શુદ્ધ મનોવૃત્તિ ટકતી નથી પણ અનીતિનું ધન અનીતિના માર્ગે માનવીને ખેંચી જાય છે, અનીતિના માર્ગે ગયેલા માનવીના જીવનમાં કેવળ જગતના માનવીઓની હાય-અને નિસાસાના ડાઘ જ હોય છે. અને અનીતિના માર્ગે ગયેલો માનવી જગતના એક પણ ખરાબ સ્થાનને છોડી શકતો નથી દુનિયાની દશે દિશામાં જ્યાં જ્યાં પાપના સ્થાનો છે ત્યાં ત્યાં જઇને યથેચ્છ પણે પાપો આચરી ધન-શરીર-અને મનની પાયમાલી કરે છે આ છે મન ઉપરના કાબુ ગુમાવી બેઠેલા માનવીની દુર્દશા.

આજ સુધી દુનિયામાં જે કાંઈ અનાચારો કે અત્યાચારો થયા છે. તે બધા મન ઉપરનો કાબુ ગુમાવવાના જ કારણે

ખોવાઈ કે ખવાઇ ગયેલા હૈયાને કારણે મહાભયંકર યુદ્ધો થયા તે શા માટે તો કહેવું જ પડશે કે મનોવૃત્તિઓ ઉપરનો કાબુ જ્યારે ગુમાવ્યો ત્યારે જ. સત્તા—સૌંદર્ય—સુવર્ણમાં આશક્ત બની મન ઉપરનો કાબુ ગુમાવી આ જગત ઉપર ઘણા રાજવીઓએ અને શાહુકારોએ પોતાના જીવન બરબાદ કર્યાં અને તેના છાંટા ઘણાને ઉરાડતા પણ ગયા.

જ્ઞાની ભગવંતો કહે છે કે મન એજ કર્મબંધ અને મોક્ષનું કારણ છે મન દ્વારા જ પ્રાણી પાપો આચરે છે અને મન દ્વારા જ મોક્ષ મેળવાય છે.

**“ સ્વ પરિણુતિમાં મનને લીન બનાવવાથી જ મોક્ષ મળે છે ”**

**“ પર પરિણતિમાં મનને લીન બનાવવાથી જ ભયંકર દુઃખોની પ્રાપ્ત થાય છે ”**

વિષ્ટામાં કે બીજા કોઈ ખરાબ કે ગંદા પદાર્થથી માનવી હાથ ધોતો નથી તેમ માનવી ગંદા કે અપવિત્ર મન દ્વારા કોઈ શુભ આચરણા કરી શકતો પણ નથી.

મન અપવિત્ર હશે અને દરેક તીર્થોની યાત્રા કરશો, કે માળા લઈને તેના નાકાં ઘસાઈ જાય ત્યાં સુધી જાપ કરશો, કે કોઈ પણ અશુભ ભાવનાથી દાન આપશો, પણ તે યથેચ્છ ફલને કદી પણ આપનારૂં બનશે નહિ.

“મન યોગ, વચન યોગ, અને કાય યોગની શુભ પ્રવૃત્તિ આત્માને શાશ્વત સ્થાને લઈ જશે.”

"તેજ યોગો જ્યારે અશુભ પ્રવૃત્તિમાં રાચ્યામાચ્યા રહેશે તો આત્માને અધોગતીમાં લઈ જશે."

"મનને જીત્યું તેને સઘળું જીત્યું."

"જ્યાં મનને જીતાયું નથી ત્યાં જગતમાં જ્યાં જશો ત્યાં હાર થયેલી જ જાણજો."

બગલો ભલે શરીરે સફેદ દૂધ જેવો હોય પણ તેનું હૈયું કાળું જ હોય છે તે કોણ નથી જાણતું.

બગલાનું ધ્યાન પણ ઘણી વખત કોઈ સંત કે તપસ્વી કરતાં પણ ચઢીઆતું હોય છે પણ તેનો મનોયોગ-મનોવૃત્તિ હિંસાને માર્ગે કે માછલા મારવાના માર્ગે વળેલ હોય છે.

સરલ મનના માનવીઓ આજે જગતમાં શોધ્યા પણ જડતા નથી જગતને સરલ જોવા ઈચ્છતો માનવી પોતે સરલ બનવા ઈચ્છા પણ રાખતો નથી.

જ્યાં સુધી પોતે મનથી નિર્મળ ન બને ત્યાંસુધી બીજાઓની પાસે નિર્મળ મનની આશા રાખવી એ નકામું છે.

સહુ કોઈ નિર્મળ બનો, હૈયું નિર્મળ બનાવો, મનને પવિત્ર રાખો અને તે મનને પવિત્ર બનાવવા માટે જ્ઞાની પુરૂષોએ બતાવેલા માર્ગને અનુસરો.

મનને નિર્મળ શુદ્ધ અને પવિત્ર રાખવા માટે શુદ્ધ વિચારો, શુદ્ધ આલંબન, સત્યધર્મની આચરણાની જરૂર છે. સારા સંત ત્યાગી પુરૂષોનો સમાગમ જરૂરી છે.

સાદુ અને અપરિગ્રહી જીવન જીવવું આવશ્યક છે. સારા પુસ્તકોનું વાચન, અભ્યાસ, મનન, સદ્‌ગુરૂઓદ્વારા ઉપદેશોનું શ્રવણ, વિગેરેની ખાસ જરૂરીઆત છે. જેનું મન નિર્મળ હશે તે આત્મા કાર્ય સિદ્ધિ તરત જ કરી શકશે. જગતમાં વિશ્વાસનીય બનશે અને પ્રાણી માત્રને પૂજવા યોગ્ય પણ બની શકશે પણ ક્યારે? જ્યારે મન પવિત્ર હશે ત્યારે.

હૈયાનું હેત ખોઈ બેઠેલા માનવીઓ કેટલીહદે જઇ પહોંચે છે. તે વિષે એક ડૉકટરના જીવનનો પ્રસંગ છે. તે બહુ સમજવા જેવો છે.

અતિ નાનું નહિ તેમ અતિ મોટું નહિ તેવા મધ્યમ વસ્તીવાળા એક ગામમાં એક ડૉકટરે દવાખાનું શરૂ કર્યું હતું.

ડૉકટરનો અભ્યાસ કાળ બહુ ગરીબીમાં વીતેલો. નાનકડા ગામમાં ગરીબ કુટુંબમાં જન્મ થયેલો પોતાની નાની ઉંમરમાં જ પિતા ગુજરી ગયા માતાએ તેમનું પાલન પોષણ કર્યું. ગરીબી હાલતમાં પણ અનેક પ્રકારના દુઃખો વેઠી પોતાના બાળકને ભણાવવાની કાળજી રાખી.

માતાના મનનાં મનોરથો હતા કે મારો બાળક ભણી ગણીને મોટો થશે એટલે હું સુખના દીવસો જોઈશ. સુખના સ્વપ્નાઓની આશા એ માતાએ પુત્રના ભણતરની ખાતર ઘણા દુઃખો સહન કર્યા અનેક પ્રકારના કષ્ટદાયક કાર્ય કરીને પોતે પોતાનું શરીર શોષવી નાખ્યું. બાળક પણ પ્રથમથી જ અભ્યાસમાં ખુબજ ચીવટ–કાળજી રાખતો એને પોતાની સ્થિતિનો સંપૂર્ણ ખ્યાલ હતો કે હું ભણીને મારી માતાના સુખના સ્વપ્નોને સિદ્ધ કરીશ એવા મનોરથોમાં મ્હાલતો

પુત્ર કોઇ વખત માતાનું દુઃખ જોઈ તેમજ પોતાના પ્રત્યેની અપાર મમતા જોઇ એનું હૈયું ઘણી વખત રડી ઉઠતું. "ગરીબી" એ કેવું અસહ્ય દુઃખ છે કે તેને અનુભવનાર જ જાણી શકે છે કે આ પુત્ર પણ ગરીબીને સાક્ષાત્ અનુભવી રહ્યો હતો. આવેલી ગરીબીએ તેના હૈયાને કોતરી નાખ્યું હતું. મેટ્રીક સુધી તો માતાએ દળણા દળીને, લોકોના પાણી ભરીને, અને બીજા એવા નિર્દોષ કાર્યો કરીને પુત્રને ભણાવ્યો.

પુત્રની ઇચ્છા હતી કે "હું ડૉકટર થાઉં" પણ ડૉકટર થવાય શી રીતે?

મેટ્રીક સુધીના અભ્યાસમાં થોડા ખર્ચથી ચાલતું પણ ડૉકટરીના માટે કોલેજમાં ભણવાની ફી, પુસ્તકો તથા હૉસ્ટેલમાં રહેવાનું વિ. મોટો ખર્ચ થાય, તે માતા ક્યાંથી કરી શકે?

પછી પોતે કોઇ સારા સજ્જન વેપારીને ત્યાં એકાઉન્ટ તથા ટાઈપનું કામ કરવા પાર્ટ ટાઈમ નોકરી રહ્યો. નોકરીનો મળતો પગાર કોલેજ ખર્ચમાં વાપરીને ભણવાનું ચાલુ કર્યું સંસ્થાઓ તથા ઉદાર ધર્મીજનો પાસેથી સહાયતા-પણ મળવા લાગી.

આવી પરિસ્થીતીમાં પણ મહેનત કરીને તેમજ સ્કોલરશીપ મેળવીને ડૉકટર બનવા માટેની છેલ્લી પરિક્ષા આપી અને સંતોષકારક પરીણામ આવ્યું. પોતાનો ડૉકટર થવા માટેનો મનોરથ પૂર્ણ થયો.

સામાન્ય કુટુંબમાંથી ડૉકટર થનાર પોતે પ્રથમ જ હતો. પોતે દવાખાનું શરૂ કરે. તેટલામાં સુખના દહાડા જોવાની રાહ જોતી માતા અતિશય પરિશ્રમથી શ્રમીત બનીને માંદગીના બીછાને પડી બે દિવસના તાવમાં માતાનું પ્રાણ પંખેરૂં ઉડી ગયું. ડોકટર બનવાનો પુત્રનો મનોરથ પૂર્ણ થયો, પણ ડોકટર બની માતાને સુખી કરીશ એ મનોરથ અધુરો જ રહ્યો. ડૉકટરના દુઃખનો પાર ન રહ્યો.

અત્યાર સુધી એના જીવનનો બધો જ આધાર તે માતા ઉપર હતો હવે જગતમાં પોતે એકલો પડી ગયો. તેને હિંમત આપનાર કોઈ નહોતું, પણ! "દુઃખનું ઓસડ દીવસ" તે કહેવત અનુસાર દિવસો વીતવા લાગ્યા અને દુઃખનો ભાર ઓછો થયો કોઈ સારા ગામમાં દવાખાનું શરૂ કરવાનું નક્કી કર્યું.

પણ! દવાખાનું શરૂ કરવા જેટલા પણ પૈસા પોતાની પાસે ન્હોતા. પૈસા વિના દવાખાનું શી રીતે શરૂ થાય! તેની મુંઝવણમાં મન મુઝાવા લાગ્યું.

પણ! તે વખતે ગામડાઓમાં કોઈ ડૉકટર મલતા જ નહિ. તેમાં આ ડૉકટર નવા થયા છે. તેની સૌ કોઇને જાણ હતી. ગામના ભલા માણસોએ જોઇતી રકમની સહાયતા કરી પોતાના ગામમાં દવાખાનું શરૂ કરાવ્યું.

ડૉકટરની માયાળુ પ્રકૃતિથી અને ખંતીલા સ્વભાવથી બીમાર આત્માઓને ઘણી શાંતિ મળતી અને લગભગ બધા જ દરદીઓને થોડા ખર્ચે જલ્દીથી આરામ થતો જેથી

ડૅાકટરને ખૂબ જ યશ પ્રાપ્તિ થવા લાગી. અને આજુબાજુના ગામડામાંથી લોકો દવા લેવા માટે આ ગામમાં ડૅાકટર પાસે આવવા લાગ્યા. ડૅાકટરને કીર્તિ અને કલદાર બંન્નેની પ્રાપ્તિ થવા લાગી અને ધીમે ધીમે ડૅાકટરે પણ સમાજ ક્ષેત્રમાં કાર્ય કરવા માંડયું.

ડૅાકટરની વાણીમાં મીઠાશ હતી, વકતૃત્વ શકિત પણ ખુબ જ સારી હતી, ગામમાં કે આજુબાજુના ગામડાઓમાં જયાં કોઈ સારો પ્રસંગ આવતો ત્યાં ડૅાકટરને ખાસ આમંત્રણ મલતું ડૅાકટર પણ લોકલાગણીથી ત્યાં જતા અને પોતાની વાગ્છટા વડે સૌને આંજી દેતા, એક બીજાના કજીઆ કંકાસો મીટાવવા માટે અથાગ પ્રયત્નો કરતા અને તેમાં તેઓને અસાધારણ સફળતા પ્રાપ્ત થતી. સામાજીક પ્રવૃત્તિઓમાં પોતાનો આર્થિક ફાળો પણ યથાશક્તિ જરૂર આપતા છતાં રોજીંદા વ્યવહારમાં તે ઘણી કરકસર રાખતા. તેમના દવાખાનામાં પૈસા હોય તેને જ આશ્રય મળતો પૈસા ન હોય તો તેને તે ઉભો પણ રહેવા દેતા નહિ. કોઇપણ ગરીબને પૈસા વગર દવા કે સલાહ સુદ્ધાપણ એકેય દિવસ આપી હોય તેવું બન્યું ન્હોતું.

દાન આપવામાં તેઓ પાછું વાળી જોતા નહિ પણ કોઈને મફત દવા આપવી પડતી તો તેમને ઘણું દુઃખ થતું આ તેમની વિચિત્ર પણ પરસ્પર વિરોધાભાસ વાળી વૃત્તિને લીધે પૈસાદાર લોકોને તો વાંધો નહિ પણ તેમની કુદરતી શક્તિઓનો લાભ ગરીબ લોકોને કદાપિ મળતો નહિ. ડૅાકટર થયા પછી પોતાની પાછલી સ્થિતિ તદ્દન ભૂલી ગયા

હતા. ગરીબાઈ એ એમને સ્વપ્નની માફક બની ગયું હોય તેમ લાગતું હતું. પોતે બીજાઓના પૈસા લઈ સંસ્થાઓની સ્કોલરશીપો મેળવી ભણ્યા હતા. ડોકટર થયા હતા. આ બધું સુખના ઘેનમાં ભૂલાઈ ગયું હતું ખરેખર! ડૉકટરે પોતાની માણુસાઈ સાવ વિસારી દીધી હતી.

એક દિવસ એક બાજુના ગામડામાંથી એક ગરીબ ખેડુત બે માઈલ પગે ચાલી હાંફતા હાંફતા આ ડૅાકટરના દવાખાને આવી પહોંચ્યો આ ગરીબ ખેડુતનો એકનો એક દીકરો છેલ્લા થોડા દિવસથી ભયંકર બિમારીમાં પડચો હતો. ઘરગથ્થુ ઘણા ઉપચારો કર્યા છતાં કાંઈ વળ્યું નહિ તાવ રાત્રિ દિવસ રહેવા લાગ્યો. શરીરના ગાત્રો ઢીલા પડી ગયા હતા. શ્વાસ રૂંધાતો હતો ઘડી બેઘડી પછી આ બિમાર વ્યક્તિનું શું થશે તે પણ અકલ્પનીય અને અકથનીય વસ્તુ હતી.

ગામના એક ભાઈની સલાહથી આ ગરીબ ખેડુત આ ડૅાકટરના દવાખાને દવા લેવા આવ્યો. ડૅાકટરને ખેડુતે બધી વાત કરી, ડૅાકટરે કેસ તૈયાર કર્યો, કમ્પાઉન્ડરે દવાની બાટલી ભરી આપી અને પડીકા આપ્યા. દવાની બાટલી અને પડીકા લઈને ચાલતી પકડી. ત્યાં ડોકટરે તેને બુમ પાડીને ઉભો રાખ્યો. એય! દવાના પૈસા તો આપતો જા. આ કોઈ ધર્માદા દવાખાનું નથી. દવાના બાર આના મુકતો જા. ખેડુતે કહ્યું કે ડૉકટર સાબ! મારી પાસે બાર આના નથી આ ચાર આના છે તે લો. બાકીના આઠ આના આવતી કાલે આવીને જરૂર આપી જઇશ.

ખેડુતે નિખાલસતાથી પોતાની પરિસ્થિતી રજુ કરી અને પોતાની પાસે જે કાંઈ હતું તે ધરી દીધું પણ! ડૉકટરે ઓછા પૈસા લેવાનો સ્પષ્ટ શબ્દોમાં ઈન્કાર કર્યો, અને પુરા પૈસા આપીશ તો જ દવા મળશે, પૈસા ન હોય તો દવાના પડીકા મુકીને રસ્તો પકડ. અહિં એવો ધર્માદો કરવા બેઠા નથી એમ બધાને જો આપ્યા કરીએ તો દેવાળું કાઢવું પડે. ખેડુત કરગરીને આંખમાં આંસુ લાવી ડૉકટરને પગે પડી કહેવા લાગ્યો કે હે ડાકટરસાબ ? આ ગરીબ માણુસ ઉપર તો દયા કરો. બિમાર પડેલો મારો એકનો એક દિકરો છે ઘરના ઘણા ઓસડ કર્યા પણ જ્યારે તાવ બીલકુલ ન ઉતર્યો ત્યારે બાજુના પાડોશીની સલાહથી તમારી પાસે દવા લેવા આવ્યો છું.

લોકો કહે છે તમે ખુબ જ દયાળું છો અને ગરીબના બેલી છો સમાજના ભલા માટે ખુબદાન કરો છો. તો શું તમે આટલી મારા પ્રત્યે લાગણી નહી દર્શાવો! દાન તરીકે દવા પણ નહિ આપો.

તમારી દવાના દાનથી મારા એકના એક પુત્રને જીવીત દાન મલશે. પ્રભુ તમારૂં ભલુ કરશે. વારંવાર કરગરતો ખેડુત ડૉકટરને વિનવવા લાગ્યો. છતાં માણુસાઇ પરવારી ચુકેલા, પોતાની પૂર્વ અવસ્થાને ભુલી ગયેલા આ ડૉકટરને હૈયામાં ગરીબ ખેડુત પ્રત્યે અંશમાત્ર પણ લાગણી પેદા થતી નથી છેવટે ડૉકટરે આઠ આના ઓછા લઈને પણ દવા નજ આપી. આંસુના ધોધ વહાવતો ગરીબ ખેડુત દવા લીધા વિના ભાંગેલા હૈયે પોતાના ગામ ભણી પાછો ફર્યો.

રસ્તામાં એક પંદર વર્ષની ઉંમરનો યુવાન બાળક સાયકલ ઉપર ફરી રહ્યો હતો તેમાં મોટરની હડફેટ લાગતાં ઘાયલ થઈ જમીન ઉપર પડયો હતો. ડ્રાઈવર મોટરને પુર વેગમાં હંકારી નાશી છૂટયો હતો. બાળક બૂમો મારતો જમીન ઉપર પડયો છે પણ તેની નજરે કોઈ પડતું નથી. આ ગરીબ ખેડુતની નજર તે બાળક ઉપર પડતાં જ તેનું હયું હાથ ન રહ્યું ને બાળક ઘાયલ થઈને પડયો હતો તે તરફ બાળકની ચીસો સાંભળીને દોડયો. તુરત જ બાળકને પોતાની કાંધ ઉપર લઇ પોતાની ઝુંપડીમાં લાવ્યો.

એક બાજુ પોતાનો જ બાળક ભયંકર માંદગીમાં પડયો છે. જીવવાની પણ આશા નથી. ડૉકટરે આઠ આના ઓછા હોવાના કારણે દવા પણ ન આપી. હતાશ થઈને ઘેર આવ્યો છે છતાં રસ્તામાંથી લઈ આવેલા કોઇ અજાણ્યા બાળકની તુરત સારવાર કરવા લાગ્યો.

લોહી વહી રહ્યું છે. તેને રોકવા માટે રૂ બાળીને લગાડવું હતું પણ રૂ ઘરમાં હતું નહિ. એક જુનું ગાભા જેવું એકનું એક ઓશીકું પોતાના બાળકના માથા નીચે રાખેલું હતું તે લઇને તેમાંથી રૂ કાઢીને સળગાવી ઘા ઉપર લગાવી, પાટો બાંધી આરામથી સુવાડયો.

આ છોકરો ડૉકટરનો પોતાનો હતો. સાંજ થવા આવી છતાં છોકરો ઘેર આવેલો નહિ હોવાથી ડૉકટરે ચારે તરફ તપાસ કરવા માટે માણસોને મોકલ્યા.

પુત્રના ખોવાયાથી ડૉકટરનો જીવ ઉંચે ચડી ગયો. ડૉકટરની શાંતિ ખોવાઈ ગઈ. મન બેચેન બની ગયું.

વિચારમાં અને પુત્રની રાહ જોતાં, રાતના અગીયાર વાગ્યા જેમ જેમ ઘડીઆળના કાંટા ફરતા જાય. તેમ તેમ ડૉકટરની બેચેની વધતી જતી હતી. તેવામાં એક માણસે આવીને ખબર આપી કે તમારો છોકરો મોટરના અકસ્માતથી ઘાયલ થયો છે. અને બાજુના ગામમાં એક ગરીબની ઝુંપડીમાં સારવાર પૂર્વક આરામ કરી રહ્યો છે.

ડૉકટર તરત જ ગરીબની ઝુંપડી પાસે આવી પહોંચ્યા, લોકોએ ડૉકટરને આવકાર આપ્યો. અને બાળકની સુખ શાંતિના સમાચાર આપ્યા.

પેલા ગરીબ ખેડુતના ઘરમાં બે માંદગીની પથારી સાથે રાખવી તે ઠીક નહિ લાગવાથી પડોશીઓની સલાહથી ડૉકટરના છોકરાની પથારી પડોશીની ઓસરીમાં કરવામાં આવી હતી. ડૉકટરે બાળકની પથારી પાસે જઈને તરત જ ઉપચારો કરવા માંડયા. અને બાળકને શાંતિવળી બેભાન બનેલા પુત્રે ભાનમાં આવી પિતાના સામે દ્રષ્ટિ નાખી પિતાને જોઇને પુત્રે આછુ સ્મિત કર્યું. ત્યાં તો તરત જ બાજુમાંથી મોટેથી રડારોળનો અવાજ આવ્યો. ત્યાં ડાકટરે બાજુમાં બેઠેલા બીજા માનવીને પૂછયું કે બાજુની ઝુંપડીમાં શું છે ?

ત્યાં તરત જ જવાબ મળ્યો કેઃ-બાજુના ગરીબ ખેડુતનો એકનો એક દીકરો મરણ પામ્યો. જેના પિતાએ તમારા બાળકને મોટરના અકસ્માતમાંથી ઉગારી લીધો. અને પોતાના પુત્રની પણ દરકાર નહી કરતાં તમારા પુત્રને બચાવવા માટે અને વહેતા લોહીને બંધ કરવા માટે ઘરમાં

રહેલું એકનું એક ઓશીકું ફાડી રૂ કાઢી બાળીને લગાડયું. તેનો જ બાળક આજે વખતસર દવા ન મલવાના કારણે મૃત્યુ પામ્યો.

આ વાત સાંભળતાં જ ડૉકટરને બહુ આઘાત લાગ્યો, અને પોતે કરેલા અપકારનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. તેણે તુરત જ પોતાના બાળકની પથારી પાસેથી ઉઠીને ગરીબની ઝુંપડીમાં જઈ ગરીબના પગમાં પડી પોતાના અમાનુષી અને તુમાખી ભર્યા વર્તાવ બદ્દલ માફી માંગી.

પણ હવે માફી માંગે વળે શું. માફી માંગવાથી મરેલો બાળક પાછો આવનાર નહોતો. છતાં ય ડૉકટર પ્રત્યે જરાએ ગરીબ ખેડુતને રોષની લાગણી પેદા થતી નથી. અને ડૉકટરનો દોષ ન દેતાં પોતાના ભાગ્યને જ દોષ દેવા લાગ્યો. **આ છે ગરીબ ખેડુતના હૈયામાં વસેલી માનવતા.**

હૈયું ખોઇ બેઠેલા અને માણસાઇ ગુમાવી બેઠેલા ડૉકટરનું આ આખા ય પ્રસંગથી જીવનનું મૂળપાયામાંથી પરિવર્તન થઈ ચુકયું. તે દિવસથી ડૉકટર બીજા બધા કામો અને લાભો પડતા મૂકીને લોકોના દુઃખો દૂર કરવા તુરત જઈ પહોંચતો.

તમે પણ કદાપી હૈયુ ગુમાવી ન બેસશો ગરીબો પ્રત્યે હમદર્દી ભરેલું હૈયું રાખી ભલાઈના કામો કરી માણસાઈ ટકાવી રાખજો. હૈયું ઠેકાણે રાખો એ આજના પ્રવચનનો સાર છે. મન, વચન અને કાયા એ ત્રણે યોગ ઉપર બને એટલો સંયમ રાખો મનગુપ્તિ–વચનગુપ્તિ–કાયગુપ્તિનું કડક

રીતે પાલન કરશો તો ઘોર ભયાનક પાપોમાંથી તમારો આત્મા સહેલાઈથી બચી જશે. જ્યારે મન-વચન અને કાયા ઉપર સંયમ આવશે ત્યારે જ આત્મા ઉર્ધ્વગતિ તરફ પ્રયાણ કરશે.

મનને માંકડાની ઉપમા આપેલ છે. માંકડું જેમ મનમાં આવે તેમ કુદાકુદ કર્યા કરે છે તેમ મન પણ શીઘ્ર ગતિએ દોડાદોડ કરે છે જેમકે ઘડીકમાં લંડન તો ઘડીકમાં ઓફીસે ઘડીકમાં લંકા તો ઘડીકમાં પેરીસ માટે જ કહેવું પડે છે આ માંકડા જેવા મનને સ્થિર બનાવજો અને ભુલાઈ ગયેલી માનવતાની સરીતાને ફરીથી અંતરમાં વહેતી કરવા માટે પ્રયાસો કરશો તો જરૂર એક દિવસ એવો આવશે કે જન્મ અને મરણના ફેરાથી મુક્ત બની શાશ્વત સુખને પ્રાપ્ત કરશો. શુભંભવતુ.


सम्यग् दर्शन ज्ञा
જૈનધર્મના
સંસ્કૃત, પ્રાકૃત
હિંદી, ગુજરાતી
તમામ જાતના
પુસ્તકો અમારે
પુછાવો
જયંતીલાલ ઝવેરી
જસવંતલાલ
૨૨૩૯, રૂપાસુરચંદ



मोक्ष मार्गः
સ્વચ્છ છપાઇ
ટકાઉ બાઇન્ડીંગ
સસ્તુ પ્રકાશન.
Copy Right
અમદાવાદ.

अमारां नवां प्रकाशनो

સતી સન્નારીની અમરકથા

# મહાસતી નર્મદાસુંદરી

લેખક : મુનિ ભાનુચંદ્રવિજય

આમુખ : ગુણવંતરાય આચાર્ય

કીંમત : ૨-૮-૦

# સંસ્કાર જ્યોત ભાગ ૧-૨

જેમાં પૂ. પંન્યાસ પ્રવરના યાદગાર વ્યાખ્યાનોનો સંગ્રહ કરવામાં આવેલ છે.

અવતરણકાર

મુનિ ભાનુચંદ્રવિજય

શા. ચીમનલાલ પાલીતાણાકર

કીંમત : ૧-૧૨-૦

છપાય છે  છપાય છે

# બાર પર્વની કથા (ભાષાંતર)

પ્રતાકાર

અનુવાદક : મુનિ ભાનુચંદ્રવિજય

પ્રાપ્તિસ્થાન

(૧) જસવંતલાલ ગીરધરલાલ શાહ
૧૨૩૮, રૂપાસુરચંદની પોળ—અમદાવાદ.

(૨) મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
ઠે. ગોડીજીની ચાલ—કીકાસ્ટ્રીટ, મુંબઈ-૨